chapter 3

# પ્રકરણ : ૩

## ગુજરાતી દલિત વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

૩.૧ ગાંધીયુગની વાર્તાઓમાં દલિતચેતના

૩.૨ દલિત સર્જકોની વાર્તાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

૩.૩ દલિતેતર સર્જકોની વાર્તાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

# પ્રકરણ : ૩ ગુજરાતી દલિત વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ

## ૩.૧ઃ ગાંધીયુગની વાર્તાઓમાં દલિતચેતના

ગુજરાતી ટૂંકીવાર્તાનો મલયાનિલથી મોહન પરમાર સુધીનો પ્રલંબ ઈતિહાસ છે. ટૂંકી વાર્તાનું સાહિત્ય સ્વરૂપ જ સ્વાભાવિકપણે દુણાયેલા, દુભાયેલા, વંચિત, એકાકી અવાજને વાચા આપવા મથે છે. કેવળ ગુજરાતી નહીં પણ વિશ્વસાહિત્યની ટૂંકીવાર્તાઓમાં પણ આજ વાત કેન્દ્રમાં રહી છે. એ કારણસર જ ટૂંકીવાર્તા કરુણરસ પ્રધાન જ રહી છે. ફ્રેન્ક ઓ'કોનરે ટૂંકી વાર્તાના અભ્યાસનું જે પુસ્તક કર્યું છે તેનું નામ 'ધ લોનલી વોઈસ' આપ્યું છે તે આ અર્થમાં છે. તેથી ટૂંકીવાર્તાનું સ્વરૂપ વ્યાપકપણે જ બહિષ્કૃતને આલેખે છે. જેમકે મોપાસા કે ચેખોવ જેવા વિશ્વના પ્રારંભકાલીન વાર્તાકારોમાં બાળપણ વંચિત બાળકો, પરિવાર વંચિત વેશ્યાઓ કેન્દ્રમાં રહી છે તો ભારતીય સાહિત્યમાં ટાગોરની વાર્તાઓમાં પણ આ વંચિત માનવસમૂહ નિરૂપાયો છે.

ગુજરાતી ટૂંકીવાર્તામાં ૫૦૦ વાર્તા લઈને આવનાર ધૂમકેતુએ જે સૃષ્ટિ ગુજરાતી વાચક સામે મૂકી તેમાં પણ આપણે જાણીએ છીએ કે અલીડોસો, ગોવિંદ, વાઘજી મોચી કે ભૈયાદાદા વંચિતો જ છે. એમાંય વળી ગુજરાતીના ટૂંકીવાર્તાના ઉદ્‌ગમકાળે ગાંધી પ્રભાવ વ્યાપક હતો. તેથી ગાંધીજીની દલિતોદ્ધારની, અસ્પૃશ્યતા નિવારણની અસર પણ ટૂંકીવાર્તાના સ્વરૂપ પર ખાસ્સી ઊંડી પડી છે. વળી તેજ ગાળામાં એક તરફ રશિયન ક્રાંતિના કારણે તો બીજી તરફ ડૉ.આંબેડકરના કારણે જે દલિતો વાસ્તવિક જીવનમાં ગામની બહાર વસતા હતા તેમ તે સાહિત્યમાં પણ અળખામણા રહ્યા હતા, જે ધીમે-ધીમે કેન્દ્રમાં આવવા માંડ્યા. એમા વળી દ્વિરેફ, મેઘાણી, સુંદરમ્ કે ઈશ્વર પેટલીકર કેવળ સર્જન સાથે જોડાયેલા નથી પણ પત્રકાર, સ્વાતંત્ર્ય સંગ્રામી, કેળવણીકાર જેવી ભૂમિકાઓમાં પણ હતા, જેના કારણે એમનું આ કચડાયેલા વર્ગ તરફ ધ્યાન જાય તે સ્વાભાવિક છે. બંગાળી સાહિત્યમાં ૧૯મી સદીના અંતે રવીન્દ્રનાથ ટાગોરે 'સંસ્કાર' જેવી વાર્તા કે 'ચાંડાલિકા' જેવું નાટક આપ્યું હતું એનો પણ પ્રભાવ પડે છે. આ બધા કારણોસર ભલે ગાંધીયુગનો લેખક જન્મે દલિત નહોતો પણ દલિત સાથેની એની સહાનુકંપા પ્રબળ રહી હતી. એના કારણે જ આપણે જોઈ શકીએ છીએ કે ટાગોર હોય કે ઉમાશંકર જોશી 'કર્ણ' વિશે સુદીર્ઘ કાવ્યો આપે છે. 'કર્ણ'ને સમજવાનો આ પ્રયાસ હકીકતે તો દલિત સંવેદનાને સમજવાનો પ્રયાસ જ છે. 'મહાપ્રસ્થાન' પદ્યનાટકનો અંત કે જેમાં ઉમાશંકરના યુધિષ્ઠિર સદેહે સ્વર્ગ જવા તૈયાર છે પણ સાથે આવેલા શ્વાનને લઈને જ. જો સંઘર્ષમાં સાથે રહેલો શ્વાન સ્વર્ગ સુખથી વંચિત રહી જાય તો એ સુખ યુધિષ્ઠિરને પણ જોઈતું નથી. ભેદભાવો જો પૃથ્વી ઉપર હોય અને સ્વર્ગમાં પણ હોય તો સ્વર્ગ સ્વર્ગ નથી. આમ, અસમાનતાનો વિરોધ અને આઝાદીની સવલતો છેવાડાના માણસને મળવી જોઈએ તેનો સૂર આ ગાંધીયુગીન કવિતામાં જોવા મળે છે. આ રીતે એક તરફ કવિતા પૌરાણિક કથાનકો તરફ ગઈ તો વાર્તામાં દલિત સંવેદના સીધેસીધી સામાજિક વાસ્તવને આલેખતી થાય છે. ક્યાંક ઝવેરચંદ મેઘાણીની જેમ લોકકથાના સહારે પણ ચાલે છે.

તેથી આ પ્રકરણના પહેલા ખંડમા આપણે ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર, પન્નાલાલ અને પેટલીકરની કેટલીક વાર્તાઓ પ્રતિનિધિરૂપે લઈને આ ગાંધીયુગના વાર્તાકારોએ દલિત સંવેદનાનાં કયાં પરિમાણો ઉપસાવ્યાં છે તે જોવાનો પ્રયત્ન કરીએ.

ધૂમકેતુની મોટા ભાગની વાર્તાઓમાં માનવજીવનનાં વિવિધ સંવેદનો, ભાવો, પ્રશ્નો વિષયરૂપે નિરૂપાયા છે. તેમની *'લખમી'* વાર્તામાં પણ દલિત શ્રમજીવી વર્ગમાં પડેલા ઉમદા ભાવો અને લાગણીઓને વાચા આપી છે. બે ખંડમાં વહેંચાયેલી આ વાર્તા પૂંજા દ્વારા સ્મરણરૂપે કહેવાઈ છે. ગામડેથી અમદાવાદના માણેકચોકમાં લોટ-દાળ વગેરેનું હટાણું કરવા જતાં અને ત્યાંથી પાછા ફરતાં જલેબી ખાતાં-ખાતાં પૂંજો પત્ની લખમીની ચતુરાઈ, સૂઝ-સમજ, હોશિયારી, ચાલાકી, એમની લાગણીશીલતા, પતિ, પુત્રી તેમજ અન્ય વ્યક્તિઓ પ્રત્યેનો સ્નેહભાવ, વ્યવહારકુશળતા વગેરે સદ્‌ગુણોના એક-એક સ્મૃતિ પ્રસંગો જમાઈ કાનાને કહે છે. લખમીના મરણને પાંચ વર્ષ થયા હોવા છતાં પણ તે જાણે જીવંત જ હોય તે રીતે સ્મરણકથા કહેવાઈ છે પણ લખમીના મૃત્યુ પછી પૂંજો શામડીના રૂપથી આકર્ષાય છે અને તેને પોતાની હાંસડી પહેરાવવા તૈયાર થાય છે. મહેનત કરીને શામડી માટે હાથના ચાર બલોયા અને સાડલો તો ખરીદે છે પરંતુ ખૂબ જ પરિશ્રમને કારણે તે માંદગીમાં પડકાય છે. દીકરી કડવી તેની દવાદારૂ કરે છે અને અંતે કડવી પોતાની માએ મરતી વખતે દાટેલા પૈસાની વાત બાપને કરે છે. માએ દાટેલા રૂપિયા દોઢસો કડવી કાઢી આપે છે અને એ પૈસાથી પૂંજાની દવા કરે છે ને માંદો પૂંજો સાજો થાય છે. આ વાર્તાની કેન્દ્રિય ઘટના છે, જેનાથી વાર્તાને એક નવો વળાંક મળે છે કારણકે આ ઘટનાથી જ પૂંજાનું હૃદયપરિવર્તન થાય છે. પૂંજો કહે છે કે, ''લખમી તો સુખડના લાકડા જેવી હતી. એની કાયા હાલી ત્યાં સુધી અમને સૌને પાળ્યાં અને કાયા ગઈ ત્યારે પણ મીઠી માયા ભૂલી નહિ !''[1] આમ, સુખડની સુવાસ જેવી લખમી મૃત્યુ પછી પણ પોતાનું (પૂંજાનું) ધ્યાન રાખવાનું ભૂલતી નથી એ બાબતની પ્રતીતિ થતાં જ પૂંજો શામડી સાથે લગ્ન કરવાનો વિચાર માંડી વાળે છે, તેને મનમાં થાય છે કે, ''હે જીવન, જેણે જિંદગીભર કશું વરતાવા ના દીધું એનું આટલું સંભારણું ન રાખું તો પછી આ મનખા દેહ મળ્યો ન મળ્યો.''[2] અંતે પૂંજો લખમીમય બની જાય છે. વાર્તાનો અંત ભાવનાવાદી છે.

લખમી જીવંત નથી છતાં પણ આખીયે વાર્તામાં છવાયેલી રહે છે. આર્થિક રીતે પતિને ક્યારેય મૂંઝાવાં ન દેતી અને હૈયાનાં હેતની વાંસળી વગાડતી લખમી સાચા અર્થમાં પૂંજાની લક્ષ્મી બની રહે છે. ટૂંકમાં લખમીનું પાત્ર તેના હૈયાના ઉમદાભાવો ને આત્મબળને કારણે ચિરસ્મરણીય બની રહે છે. પૂંજાનો પણ દામ્પત્ય જીવનને મહેકાવવામાં એવો જ અગત્યનો ફાળો છે. 'લખમી' પ્રસન્ન દામ્પત્ય જીવનની વાર્તા છે.

'લખમી'માં તત્કાલીન દલિત સમાજનું આલેખન છે. દલિત સમાજના રીત-રિવાજ, અંધશ્રદ્ધા, માન્યતાઓ, રહેણી-કરણી વગેરે આ વાર્તામાં સહજતાથી જ ગૂંથાતા આવ્યા છે. પુત્રીના

૧. તળખા મંડળ ત્રીજું, ધૂમકેતુ, પૃ.૨૦
૨. એજન, પૃ.૨૦

પૈસા ઉપજાવાય... લગ્ન કરતી વખતે જો જમાઈ અમુક પૈસા આપે તો જ દીકરી સાસરે જાય એ રિવાજનો પરિચય આપણને અહીં થાય છે. આ વાર્તામાં હલકી જાતિને કારણે સામાજિક વિષમતાનો ભોગ બનવાનું આવ્યું હોય એવા કોઈ સંકેત મળતા નથી. ભાષાકર્મની દષ્ટિએ પણ વાર્તા ધ્યાનપાત્ર બની રહે છે. એકાદ અલંકારનું દષ્ટાંત જોઈએ. :

"ઉપર ધોળી દૂધ જેવી ચાંદની વરસતી હતી; નીચે રેતીની સફેદ ચાદર આકર્ષક ને મોહક બની રહી હતી; અને ચાંદનીમાં પસાર થતી આછી વાદળીની છાયા જેવી સ્મરણકથા પણ સુંદર હતી."[3]

"લખમી તો સુખડના લાકડા જેવી હતી."[4]

ધૂમકેતુની 'લખમી'ની જેમ રામનારાયણ વિ.પાઠક 'દ્વિરેફ'ની *'ખેમી'* વાર્તામાં પણ સમાજમાં અસ્પૃશ્ય ગણાતા ભંગી કોમના ધનિયા અને ખેમીના પ્રસન્ન દામ્પત્ય જીવનનું આલેખન છે. ધનિયો અને નાયિકા ખેમી બાળપણથી જ એકબીજાને પ્રેમ કરે છે. ખેમી ધનિયો દારૂ ન પીએ, ગાળુ ન બોલે ને હાથ ન ઉપાડેની શરતે પરણે છે. લગ્ન પછી બંને ખુશીથી લગ્નજીવન ગાળે છે પણ એકવાર સારું જમવાનું મળશે એ વિચારે બેઉ જણ વાણિયાને ત્યાં જાય છે. ત્યાં શેઠના"...... પોતે મોટો ગવંડર થઈને બેઠા છે, હાથમાં બીડી લઈને ! અને કૂતરાં હંકાતાં નથી, ઊઠો અહીંથી હરામજાદીનાં......"[5] આ અપશબ્દોથી ધનિયો ખિન્નતા અનુભવે છે. અપમાનિત થયેલો ધનિયો ખેમીને કહે છે, "બીજું કાંઈ નહિ, તારા દેખતાં એ એવું બોલી ગયો એ મારાથી નથી ખમાતું"[6] ઉદાસ થઈ ગયેલા ધનિયાની ચિંતા દૂર કરવા માટે ખેમી પોતે જ તેને પૈસા આપીને દારૂ પીવાનું જણાવે છે કારણકે ખેમી જાણે છે કે ધનિયાની દારૂ પીવાથી ચિંતા દૂર થઈ જાય છે. ખેમી પરિસ્થિતિ પ્રમાણે ચાલનારી સ્ત્રી છે પણ જ્યારે બીજીવાર ધનિયો શરતભંગ કરીને દારૂ પીવે છે ત્યારે ખેમી ધનિયાને છોડીને પિયર જતી રહે છે. નડિયાદ જઈ ભંગીઓના ઉપરી પરસોત્તમને લાંચ આપવાનું ઠરાવી નોકરી તો મેળવી લે છે પણ તેને પતિ પ્રત્યે પ્રેમ તો છે જ. પતિ પોતાને જલ્દી લેવા આવે એ માટે માનતા કરે છે. અંતે એક દિવસ ધનિયાની મા તેને લઈ જાય છે. ધનિયો અને ખેમી ફરી પાછા આનંદ અનુભવતાં દિવસો પસાર કરે છે પણ બન્નેએ ઘણી બધી માનતાઓ માની છે ઉપરાંત પંચનો દંડ ભરવાનો છે. ખેમી પોતાના ઘરેણાં વેચીને દેવું ભરવાની વાત કરે છે પણ આર્થિક સ્થિતિ નબળી થતાં ધનિયો હતાશ થઈ જાય છે. વધારામાં ધનિયાની માનું મરણ, ખેમીની સુવાવડ વગેરેને કારણે દેવું વધતું જાય છે. સુવાવડમાંથી મુક્ત થયેલી ખેમીને જાણવા મળ્યું કે ધનિયો ફરી દારૂની લતે ચઢયો છે. એ વખતે ખેમીને ધનિયા પર દયા આવે છે. તેને પ્રેમથી સમજાવે છે પણ અંતે ધનિયો ન્યુમોનાગ્રસ્ત થતાં મૃત્યું પામે છે. વૈધવ્યનો શોક પાળતી ખેમી ધનિયો માનતાસોતો ગયો એ વિચારથી દુઃખી થાય છે. જ્યોતિષ પણ એ માનતા પૂરી કરવાની સલાહ આપે છે. આથી ખેમી મહેનત-મજૂરી કરીને સાતમાં વર્ષે માનતા પૂરી કરે છે. મૃત્યુ પામેલા

૩. એજન, પૃ.૧૩

૪. એજન, પૃ.૨૦

૫. દ્વિરેફની ઉત્તમ વાર્તાઓ, સંપાદક, રમણ સોની, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ.૧૯૯૯, પૃ.૩૯

૬. એજન, પૃ.૩૯

પતિને અપાર પ્રેમ કરતી હોવાને લીધે જ તે ઘણાએ નાતરું કરવા કહેરાવતા છતાં ને તે પોતાના સમાજના રીત-રિવાજોની પણ અવગણના કરીને નાતરે જતી નથી અને કહે છે : "ના, ના, આટલે વરસે મારે જીવતર પર થીંગડું નથી દેવું !"[૭] અહીં ખેમીના પવિત્ર પ્રેમની ઝાંખી વાચકને થાય છે. પોતાના જીવતરને બીજું થીંગડું મારવાની ઈચ્છા ન રાખતી ખેમી ઉજળિયાતોની આ સંદર્ભે ચાલી આવતી નારી આદર્શોની મોનોપોલીને તોડે છે. માત્ર નિઃસ્વાર્થ પ્રેમથી જીવનને ધન્ય બનાવી દેતું દંપતિ ખેમી-ધનિયો સમગ્ર દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. ધનિયો, ખેમી, લખમી વગેરે સ્વમાની, સ્વતંત્ર મિજાજી ને કોઈનીય શેહ-શરમ ન રાખનારા પાત્રો છે.

વાર્તામાં પ્રસન્ન દામ્પત્યજીવનના કલાત્મક આલેખનની સાથે-સાથે સમાજના ઉજળિયાત લોકો હલકી વરણના લોકોને અસ્પૃશ્ય ગણીને તેની ઉપેક્ષા કરે છે તેની ઝાંખી પણ એકાદ-બે પ્રસંગોમાં થાય છે. જેમકે, જયારે દલિત ખેમી બ્રાહ્મણ પાસે ધનિયાની માનતા અંગે પૂછપરછ કરવા ગઈ ત્યારે તેને આવતી જોઈને મહારાજે સનાતન તિરસ્કારથી તેને દૂર રહેવા કહ્યું.

ખેમીએ કહ્યું : 'મહારાજ મારે સવાલ પૂછવો છે, તો ચાર આના નીચે પગથિયાં પર મૂક.' મહારાજને ખેમીનો પડછાયો અપવિત્ર હતો તેના પૈસા અપવિત્ર નહોતા. ખેમીએ પાવલી મૂકી, મહારાજે છાંટ નાખી લઈ લીધી'[૮] પણ અહીં માત્ર સવર્ણ-અવર્ણ વચ્ચે વિષમતા છે એવું નથી, દલિત સમાજમાં પણ ઊંચનીચના ભેદભાવ રહેલા છે. લેખક નોંધે છે, "અમદાવાદના ભંગી કાઠિયાવાડથી આવેલાં ભંગીને હલકા ગણતાં"[૯]

ખેમી-ધનિયાના જીવનની કેટલીક વિગતોના આલેખન દ્વારા દ્વિરેફે હલકી વરણના મનુષ્યોનાં રીત-રિવાજો, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ અને એ દ્વારા અનુભવાતી વેદનાને વ્યકત કરી છે.

'ખેમી' પાત્રપ્રધાન વાર્તા છે. પાત્ર અને પ્રસંગને ઉચિત પરિવેશ લેખકે નિરૂપ્યો છે. કથનાત્મક શૈલીને કારણે ભાષાનું રૂપ ઘણે ઠેકાણે વાતચીતની સાહજિકતાવાળું બન્યું છે. પાત્રોની ભાષામાં વાતચીતના અનેક લ્હેકા અને શૈલી છટાઓ ઝિલાયા છે. આ સંદર્ભે ખેમી અને ધનિયાનો સંવાદ જોઈએ.

"ધનિયો બીડીની એક ફૂંક લઈ બોલ્યો, 'ખેમી તારી માએ ગમે તે માંગ્યું હોત તો એ આપીને પણ હું તને પરણત'

'પણ મારી માએ કેદાડે તારી પાસેથી પાઈએ લીધી છે ? હું તો ઊલટી તારા ઘરમાં લેતી આવી છું. મારી માએ તો બ્રાહ્મણ જેવો વીવા કર્યો છે.'

'તારી મા તો બહુ ભલું માણસ, પણ તું કોણ જાણે કયાંથી આટલી ભૂંડી નીકળી.'

'લે વળી, મેં તારું શું બગાડયું છે ?'[૧૦]

૭. એજન, પૃ.૪૫
૮. એજન, પૃ.૪૫
૯. એજન, પૃ.૪૪
૧૦. એજન, પૃ.૩૮

વાર્તામાં સંવાદો પ્રચુર માત્રામાં છે. ગદ્યશૈલી સાદી, સરળ પણ માર્મિક ચિત્રોથી સભર છે. વાર્તાના આરંભે ખેમી-ધનિયાના પ્રસન્ન દામ્પત્ય જીવનનું, પ્રણય ગોષ્ઠિનું અને અંતમાં ધનિયાનું મૃત્યું થતાં વિધવા ખેમીનું ચિત્ર છે. વાર્તાની શૃંગાર રસમાંથી કરુણરસમાં સંક્રાંતિ થઈ છે. વાર્તાનો અંત અણધાર્યો પણ સ્વાભાવિક છે. દ્વિરેફ કલા અને પ્રતિબદ્ધતાનો સંયોગ 'ખેમી' માં કરી શક્યા છે. રસિકલાલ છો. પરીખને 'ખેમી'ના વિષયવસ્તુ સંદર્ભે પ્રશ્ન છે છતાં તેને બિરદાવે છે. તે નોંધે છે કે, ''પણ હું પૂછું છું તેમ ઘણા વાચકો દ્વિરેફને પૂછશે કે 'ભલા પ્રેમની કથા લખવા તમારે ઢેઢવાડે કેમ જવું પડ્યું ? શું ગુજરાતની બીજી કોમોમાં, તમને બધું હસવા જેવું લાગે છે અને ઢેડવાડામાં જ સાચો પ્રેમ દેખાયો કે ઠેઠ એટલે જવું પડ્યું ?' આ પ્રશ્નનો ગમે તે ઉત્તર મળે પણ એટલું તો ચોક્કસ છે કે આ સંગ્રહની બીજી ઉત્તમ વાર્તા 'ખેમી' છે, તેનું કારણ તેનું સવિધાન અને સાચા પ્રેમજીવનનું આલેખન છે. ગુજરાતી સાહિત્યની નાયિકાઓમાં ખેમીનું સ્થાન પહેલી હારમાં છે તે વિશે મને શંકા નથી.''[૧૧] 'ખેમી' કલાત્મકતા અને પ્રતિબદ્ધતાના સંયોગને કારણે માત્ર દ્વિરેફની જ નહીં પણ સમગ્ર ગુજરાતી સાહિત્યની સિમાચિહ્નરૂપ વાર્તા છે.

દ્વિરેફે *'રેકડીમાં'* વાર્તામાં પણ દલિત સમાજના બે મુગ્ધ પ્રણયીઓની નિર્દોષ પ્રણય ચેષ્ટાને આલેખી છે. અહીં વાસ્તવ છે પણ કલાતત્ત્વ જોવા મળતું નથી ! પણ દ્વિરેફની ''સૌભાગ્યવતી' ઉત્તમકૃતિ છે. તેમાં સર્જકે દામ્પત્ય જીવનને અસહ્ય કરી મૂકતી કામવૃત્તિનું આલેખન કર્યું છે. સ્ત્રી-પુરુષ વચ્ચેની વિજાતીય સંબંધની એક ' વિલક્ષણ પરિસ્થિતિને બે સ્ત્રીઓ, હલકી વરણની જીવી અને ભદ્ર વર્ગની મલ્લિકાના જીવન સંદર્ભની સહઉપસ્થિતિમાં નિરૂપે છે. આધેડવયે પણ પતિની શારીરિક ભૂખ યુવાન જેટલી જ સતેજ છે. જેનાથી જીવી ત્રાસી જાય છે અને અંતે ઘર છોડીને પતિથી જુદી રહે છે પરંતુ શિક્ષિત ભદ્ર વર્ગની મલ્લિકા પોતાના પતિ વિનોદરાયના એ પ્રકારના જ ત્રાસમાંથી છૂટી શકતી નથી ને મૃત્યુને ભેટે છે. જીવનની ક્રૂર વક્રતા તો લેખકે વાર્તાના અંત ભાગે દર્શાવી છે. બદલી પછી એકાદ વર્ષમાં મલ્લિકા પોતાના જીવનનો અંત આણે છે. ઓળખીતા ખરખરો કરવા લાગ્યા : ''કેવી રૂપાળી !'' '' કેવી નમણી !'' ''કેવી ભાગ્યશાળી !'' એને જોઈએ ને સૌભાગ્યવતી સ્ત્રીનો ખ્યાલ આવે!,'' ''ને સૌભાગ્યવતી જ મરી ગઈ !''[૧૨] 'સૌભાગ્યવતી' શબ્દ પરની વક્રતા ધ્યાન ખેંચે છે. ટૂંકમાં અહીં ભદ્રવર્ગની સરખામણીમાં હલકી વરણની નારી વધુ વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ખુમારી ભોગવી શકે છે તેનું નિરૂપણ થયું છે. ડોકટર પત્નીને મુખેં આ વાર્તા કહેવાયેલી છે જેમાં ઔચિત્ય છે. કથનાત્મક શૈલીને કારણે ભાષાનું રૂપ વાતચીતની સાહજિકતાવાળું બન્યું છે પણ વાસ્તવિકતાના આગ્રહી દ્વિરેફ વાર્તાનો અંત આવો ભાવનાવાદી લાવે તે થોડું અસ્વાભાવિક લાગે છે.

ઝવેરચંદ મેઘાણીની *'કાનિયો ઝાંપડો'*, *'ચમારના બોલે'*, *'ભાઈ'* અને *'ઢેઢ કન્યાની દુવા'*માં અનુક્રમે કાનિયો ઢોલી, ચમાર, જોગડો, ઢેઢ કન્યા વગેરે હલકી વરણના પાત્રો છે. ઉપેક્ષિત વર્ગનાં આ પાત્રોની ઉદારતા, માનવતા, શૌર્ય, સાહસ, આત્મવિશ્વાસ વગેરેનું આલેખન મેઘાણીએ

૧૧. રા.વિ.પાઠક પરિશીલન ગ્રંથ, સંપાદક રમેશ ર. દવે, રઘુવીર ચૌધરી, પૃ.૫૯૧

૧૨. દ્વિરેફની ઉત્તમ વાર્તાઓ, સંપાદક, રમણ સોની, પૃ.૯૦

કર્યુ છે. નગરજીવનની સ્વાર્થી સમાજની સામે છેડે ગ્રામ્ય સમાજના હલકા ગણાતા ખૂણાના માણસો કેવા દિલવારા હતા તે મેઘાણીની ઘણી વાર્તાઓમાં સ્પર્શી જાય એવી રીતે આલેખન પામ્યા છે.

*'કાનિયો ઝાંપડો'* વાર્તામાં સુદામડામાં ઢોલી કાનિયો ઝાંપડો રહે છે. સુદામડા ગામ ભાંગવા માળિયાના મિયાણાનું કટક આવ્યું. આથી સુદામડાનો ધણી દરબાર શાદુળ ખાવડ મૂંઝાય છે કારણ કે ગામના જુવાનો ગામતરે ગયા છે. ગામમાં ઘરડા-બુઢ્ઢા ને છોકરા સિવાય કોઈ લડનારો નથી, હથિયાર પણ નથી ને હથિયાર બાંધી જાણે તેવી વસ્તીયે નહોતી પણ સંવત ૧૮૦૬માં આખુ ગામ એક શત્રુ સામે લડ્યું હતું ; તે દિવસથી જ 'સમે માથે સુદામડા' ના કરાર થયેલા. ત્યારથી ગામની આખી વસ્તીને ગામની જમીન સરખે ભાગે વહેંચી દેવામાં આવી હતી. આ પ્રસંગે ગામમાં હાજર તમામ લોકોએ સુદામડાને પોતાનું જ ગણીને શૌર્ય દાખવ્યું, એમાં કાનિયા ઝાંપડાએ તો રંગ રાખી દીધો. લોકોએ મિયાણાને તો ભગાડ્યા પણ ગઢની દીવાલમાં એક નાનકડું બાકોરું હતું, તેમાંથી મિયાણા પાછા ઘૂસતા હતા. એ જ વખતે શાદુળ ખાવડ ત્યાંથી નીકળ્યા. એક મિયાણાએ શાદુળ ખાવડને મારીને બેભાન કરી દીધો પણ એ જ વખતે કાનિયો ઝાંપડો બાપુને શોધતો ત્યાંથી પસાર થયો. બેભાન પડેલા બાપુની કમરમાંથી તલવાર ખેંચીને કાનિયાએ મિયાણાને પડકાર્યો. કેટલાય મિયાણાના ત્યાં ને ત્યાં રામ રમાડી દીધા. અહીં કાનિયાની શૂરવીરતા પ્રગટ થાય છે પણ અંતે તો કાનિયો ઘાયલ થયો અને મૃત્યુ પામ્યો. શાદુળ ખુમાર ભાનમાં આવ્યા. બીજે દિવસે ગામમાં મોટો ડાયરો ભરાણો. ગઢવીએ માણસોને ઉદાસીનતામાંથી બહાર લાવવા પોરસના વેણ કાઢ્યા. ગઢવી દરબાર શાદુળ ખુમારના પરાક્રમના ગીત ગાય છે. તે સાંભળીને શાદુળ જે કહે છે તે નોંધપાત્ર છે. :

''ગઢવા ! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે?''[13] આ પ્રતીકાત્મક વાત છે. વધેરાઈ ગયેલા અનેક કાનિયાઓ ઈતિહાસકારની યશોગાથાથી વંચિત છે. શાદુળ ખુમારને જવાબ આપતા ગઢવી કહે છે,

''કાંઈ સમજાણું નહિ, આપા શાદુળ !'' ત્યારે શાદુળ કહે છે,

''ગઢવા ! તમારા ગીતમાં મારો કાનિયો કયાં ? કાનિયાના નામ વિનાની કવિતાને હું શું કરુ ?''[14]

અંતે ગઢવીએ કાનિયા ઝાંપડાની વીરતાનું ગીત ગાયું.

''વીભડા તણાં દળ કરમડે વાઢિયાં,
સભાસર આટકે લોહી સૂકાં,
અપસરા કારણે ઝાટકે આટકી
ઝાંપડો પોળ વચ થિયો ઝૂકા.''[15]

---

૧૩. સૌરાષ્ટ્રની રસધાર, ઝવેરચંદ મેઘાણી, પુર્નમુદ્રણ, ૨૦૦૧, પૃ.૫૪
૧૪. એજન, પૃ.૫૪
૧૫. એજન, પૃ.૫૪

આ ચરિત્રકેન્દ્રી વાર્તા છે. કાનિયાની જેમ તેની વહુ-પણ હિંમતવાળી છે. તે પતિ કાનિયાને પોરસ ચડાવે છે ને ખરે ટાણે ગામ માટે તેને મરી ફીટવાનું કહે છે. ગરાસ જીતવો એ ફક્ત દરબાર અને રજપૂતોનો જ અધિકાર નથી, માત્ર એ જ પરાક્રમો કરી શકે એવું યે નથી. જો કાનિયા જેવા ઢોલી અને સુતાર જેવા કારીગર ઈચ્છે તો શત્રુ સામે ઢાલ બની શકે છે. કાઠિયાવાડી પ્રજાના હીર અને ખમીરને વ્યક્ત કરતી મેઘાણીનો બોલીપ્રયોગ સમગ્ર કૃતિને બળકટ બનાવે છે. આંતર ખમીરનો જોસ્સો એની અભિવ્યક્તિના શબ્દો દ્વારા રચાતા સાહિત્યવિશ્વને વધુ સ્પર્શક્ષમ બનાવે છે. વાર્તા બંધાતી નથી માત્ર કિસ્સો બનીને રહી જાય છે.'કાનિયો ઝાંપડો' કલાકૃતિ તરીકે નબળી છે છતાં શૌર્યકથા લેખે યાદ કરવી જ પડે.

*'ચમારના બોલે'*માં વાંકાનેરના રાજાના દીકરાના લગ્ન છે. મામેરાનો સમય છે. ગાંફના દરબાર પોતાના ભાણેજના લગ્નમાં મોસાળું લઈને આવવાનું જ ભૂલી ગયા છે. આથી દરબારગઢમાં બધા રાણીની મશ્કરી કરે છે. રાજા પણ મે'ણા મારતા-''કાં ! કહેતાં'તાં ને કુંવરના મામા મોટું મોસાળું કરવા આવશે! કાં,.ગાંફથી પહેરામણીનું ગાડું આવી પહોંચ્યું ને? તમારાં પિયરિયાંએ તો તમારા બધાય કોડ પૂર્યા ને શું !''[૧૬] આ વેણ સાંભળીને રાણી દુ:ખી થઈ જાય છે. તે વાંકાનેરના દરબારગઢમાં કાગને ડોળે રાહ જોઈ રહી છે ત્યાં તો ચામડાં વેચવા આવેલો એમના ગામનો ચમાર તેને મળવા આવે છે. મુંઝાયેલી,દુભાયેલી રાણી બધી વાત ચમારને જણાવે છે. આમ તો મામેરું ન આવવાથી સાસરા પક્ષના લોકોને રાણી મોં બતાવી શકે તેમ નથી પણ ચમાર રંગ રાખી દે છે. તે રાજા પાસે જઈને કહે છે કે, ગાંફના દરબારે મને મોકલ્યો છે અને ભાણેજને મોસાળામાં ખસતા ગામ આપવાનું કહેવડાવ્યું છે. આથી દરબારગઢમાં આનંદ છવાઈ ગયો. રાણીને માથે મે'ણાંના ઘા પડતા હતા તે થંભી ગયા અને બીજી બાજુએ ચમારે ગાંફનો કેડો પકડયો.કારણ કે એને બીક હતી કે જો કદાચ વાંકાનેરથી કોઈ ગાફ જઈ ખબર કાઢશે તો ગાંફનું ને મારું નાક કપાશે. એટલે તે દોડતો-દોડતો ગાંફના દરબાર પાસે જાય છે ને કહે છે કે મામેરામાં ખસતા ગામ દઈને આવ્યો છું. હવે તમારે મને જે સજા કરવી હોય તે કરજો. ચમારની વાત સાંભળતા જ દરબારનું હૈયું ભરાઈ આવ્યું અને ચમારને કહ્યું-''ભાઈ! ખસતા ગામ તે તારા બોલ ઉપર દીધું એ મારે અને મારી સો પેઢીને કબૂલ, મંજૂર છે. આજ તારે મરવાનું હોય? તારા વિના તો મારે મરવું પડત!''[૧૭] પોતાની ભૂલ બદલ દરબારને પસ્તાવો થાય છે ને પોતાનો વટ રાખનાર, આબરૂ બચાવનાર ચમારને પાઘડી બંધાવી સન્માન કરે છે. ભૂતકાળમાં આવા દરબાર પણ હતા જે ચમારના બોલ પર લૂટાવા તૈયાર થઈ જતાં. ચમારના બોલ પર પોતાની બેનની ભલાઈ હતી એ વાત પર નહીં પણ પોતાના ગામની સમસ્ત પ્રજાને પોતાના ઉપર કેટલો વિશ્વાસ છે, પોતાની આબરૂની કેટલી ચિંતા છે! આ વાત પર ગાંફના ધણી ખુશ થયેલા. રાજા અને પ્રજા બંનેને એકબીજા ઉપર વિશ્વાસ હોય તો જ બરાબરા રાજ થાય. આ વાર્તા તેનું ઉત્તમ દષ્ટાંત છે. ચમાર ભલે હલકી વરણનો હોય પણ તેનામાં આત્મવિશ્વાસ, સાહસ, નિસબત્ત, ઉદારતા કંઈ ઓછાં નથી. ચમારને પોતાના ગામ ધણી ઉપર પૂરો

---

૧૬. એજન, પૃ.૨૭૦

૧૭. એજન, પૃ.૨૭૨

ભરોસો છે ને પોતાના ગામની દીકરીની લાજ રાખે છે. ગાંફના ધણીનું હેઠું પડવા દેતો નથી. વાંકાનેરના દરબારની પત્ની અને ચમાર વચ્ચેનો સંવાદ વાર્તાને નવો વળાંક આપે છે.

મેઘાણીની *'ભાઈ'* ભાઈ-બહેનના પવિત્ર સંબંધની વાર્તા છે. ખાંભા ગામની વિધવા આયરાણી પોતાના ગામમાં દુકાળ પડતાં મિતિયાળામાં રહેતા પોતાના સગા ભાઈને ત્યાં સહાય માંગવા ગઈ, બહેનને જોતાં જ ભાઈ "આ લેણિયાત ક્યાંથી આવી?"[૧૮] એટલું બોલીને ઘરના પાછલા બારણેથી નાસી ગયો. ભાભીને ભાઈ વિશે પૂછ્યું તો ભાભીએ 'ભાઈ નથી' કહીને એને વિદાય કરી! ભાઈને એણે પાછલે બારણેથી ભાગતો જોયો ને દુ:ખી થઈને બોર-બોર જેવાં આંસુંડા પાડતી તે ચાલી જાય છે. ઝાંપા બહાર ઢેઢવાડો છે ત્યાં જોગડો ઢેઢ બેઠો-બેઠો હોકો પીએ છે. તે બાઈને નાની હતી ત્યારથી ઓળખે છે. આંસુંડા સારતી બહેનને જોતાં જ તેને રોકીને પૂછ્યું, "કાં, બાપ, આમ રોતી કાં જા ?"

"જોગડા ભાઈ! મારે માથે દુ:ખના ડુંગરા થયા છે; પણ દુ:ખ મને રોવરાવતું નથી, મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે છે, ઈ વાતનું મને રોવું આવે છે."[૧૯] જોગડાએ બાઈની આપવીતી સાંભળીને તેને જીભની બહેન કહી, પછી એણે દાણા ભરેલું ગાડું છોકરા સાથે ખાંભા પહોંચાડ્યું. અહીં જોગડાની ઉચ્ચ ભાવના પ્રગટ થાય છે. આ ઉપરાંત જોગડો મિતિયાળાને બચાવવા દુશ્મનો સામે જંગે ચડ્યો ને ખપી ગયો. જોગડાનો પરોપકારી સ્વભાવ પ્રગટ થાય છે. વાર્તામાં સગાભાઈ અને માનેલાભાઈમાં વિરોધાભાસ જોવા મળે છે. બંનેના વ્યવહારમાં સગોભાઈ સ્વાર્થી, જવાબદારીમાંથી છટકવા માગે છે, બહેનના દુ:ખને અવગણે છે, જૂઠું બોલે છે, મોં સંતાડે છે. જેને કંઈ લાગતું વળગતું નથી એવા જોગડાભાઈનું માનવતાભર્યું વર્તન ગરીબ હોવા છતાં ગામની બહેનના દુ:ખ ન જોઈ શકતો, મદદ કરવાની અને એનાં મહેણાં ભાંગવાની ઈચ્છાવાળો, બહેનના સંકટ સમયે પોતાની પરિસ્થિતિનો વિચાર ન કરતો એવો ગરીબ છતાં નિ:સ્વાર્થી વાર્તાનાયક છે. તેનું આ વ્યવહાર વર્તન દ્વારા ઉમદા વ્યક્તિત્વ ઉપસી આવે છે. બહેનની વેદનાને પણ અહીં વાચા મળી છે. 'જોગડો મરાયો' એવો સંદેશો મળતા જ બાઈ ગાર્ય કરતી હતી ત્યાંથી પડતું મૂક્યું અને મરશિયા ગાવા માંડ્યા :

'વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,
(પણ) ગણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું, જોગડા !'[૨૦]

અહીં મરસિયાઓમાં કરુણ અને વીરરસની મિશ્રધારાઓ વહે છે. વાર્તાનો અંત મુખર બન્યો છે. આયરાણીનો ધરમનો ભાઈ જોગડો મરવાથી એના પર શું વીતી ને શું થયું? એ ખુલ્લાસો કરવાની જરૂર ન હતી. આયરાણીના મુખમાં મુકાયેલા મરસિયા જ એની હાલતનો નિર્દેશ કરવા અને એના ધરમના ભાઈ જોગડા પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે શું પૂરતા નથી લાગતા ?

*'ઢેઢ કન્યાની દુવા'*માં નેસડા ગામની એક ઢેઢ કન્યાને ઘેલાશાના બરવાળે પરણાવેલી છે. પતિ ખૂબ જ ત્રાસ આપતો હોવાથી તે પિયર આવતી રહી. ઢેઢ કન્યાના પતિના કહેવાથી ઘેલાશાના

૧૮. એજન, પૃ.૪૩૯
૧૯. એજન, પૃ.૪૩૯
૨૦. એજન, પૃ.૪૪૧

બે કાઠીઓ એને ઉઠાવી જાય છે. કન્યાનો બાપ અને એના બાળબચ્ચાં રોતાં-રોતાં સિહોર ગામના દરબારગઢમાં જાય છે ને રાજાના સોળ વરસના કુવર આતાભાઈને કહે છે, ''બાપુ મારી દીકરીને બરવાળે ઉપાડી ગયા. મારી પારેવડી જેવી દીકરીનું શું થાશે? અમારા ઢેઢનું કોઈ ધણી ન મળે ?''[૨૧] અહી દલિતોની અસહાયતાની ઝાંખી સહેજે થાય છે પણ બુઢ્ઢાનું વેણ જુવાન આતાભાઈના કલેજા સોંસરુ પેસી ગયું ને બુઢ્ઢાને કહ્યું, ''તારા ધણી બાપુ છે, રોમા''[૨૨] આતાભાઈ એકલો જ ઢેઢ કન્યાને કાઠીઓ પાસેથી છોડાવવા જાય છે ત્યારે તેના પિતા તેને રોકે છે ત્યારે આતાભાઈ પિતાને સ્પષ્ટ કહી દે છે, ''ખસી જા ભગતડા ! એમ રાજ ન થાય!''[૨૩] અંતે આતોભાઈ એકલો જ ઢેઢ કન્યાને કાઠીઓ પાસેથી છોડાવીને પોતાની ઘોડી પર બેસાડીને હેમખેમ દરબારમાં લાવે છે ને તેના પિતાને સુપરત કરે છે. ઢેઢ કન્યા તેને આર્શીવાદ આપે છે. આ શૌર્યકથા છે. વાર્તામાં આતાભાઈની રાજ્યપ્રીતિ, પ્રજાપ્રીતિ, નીડરતા અને સાહસ પ્રગટે છે. સાથે સાથે તત્કાલીન સમયના સવર્ણ-અવર્ણના સંબંધો, પતિ-પત્ની વચ્ચેનો કલહ, નાયિકાના બાપના જીવનની લાચારી વગેરે જોવા મળે છે. અસ્પૃશ્યતાના પ્રશ્નને અહીં ઓગાળીને મૂકવામાં સર્જક સફળ રહ્યા છે. મેઘાણીની આ ચારે વાર્તાઓ વાર્તાકલાની દૃષ્ટિએ નબળી છે પણ સમાજજીવનની તાસીર અહીં ઝિલાઈ છે. આ વાર્તાઓ કરતા લોકકથા, દંતકથા વિશેષ લાગે છે.

સુંદરમ્ પાસેથી *'પેકાર્ડનો પ્રવાસ'*, *'ગોપી'* અને *'માજા વેલાનું મૃત્યું'* વાર્તાઓ મળે છે. જેમાં 'પેકાર્ડનો પ્રવાસ'માં સમાજના બે ભિન્ન વર્ગોની વાત છે, એક શ્રીમંત વર્ગ અને બીજો સામાજિક અને આર્થિક અસમાનતા અને સંકડામણમાં જીવતી નીચલી કોમ. વાર્તા 'એક મોટર' અને 'એક ગટર' આ બે પ્રતીકોને કેન્દ્રમાં રાખીને આરંભથી અંત સુધી હળવી શૈલીમાં ગતિ કરે છે. શ્રીમંત વર્ગના પ્રતિનિધિરૂપ દસેક સભ્યો વિપુલ નામના એક ભાવનાશાળી યુવકનો સાથ માણવા પેકાર્ડમાં ઠસોઠસ ભરાઈને ઉજાણીએ નીકળ્યા છે. વિપુલ આ શ્રીમંત નબીરાઓને ચાલીઓ, ગટર અને ગંદી વસ્તીમાંથી થઈને શાહે મહેરાબ લઈ જાય છે અને જીવનની કઠોર વાસ્તવિકતાનો પરિચય આપે છે. અહીં એક તરફ શ્રીમંતો જ વસાવી શકે એવું વાહન 'પેકાર્ડ' છે. પેકાર્ડ મોટરની અંદર જાતભાતના પરફ્યુમ અને સેન્ટનો મઘમઘાટ છે તો બહાર માથાફાડ દુર્ગંધ છે. તે ગંદી ગટરની હૂંફમાં પથરાયો છે. શ્રીમંત નબીરાઓ ગંદા વસવાટમાં વસતા લોકોને 'ભયાનક માણસો'કહીને એમના પ્રત્યે ઘૃણા પ્રગટ કરે છે. રક્તપિતિયાને જોઈને 'How Horrid !'બોલી ઊઠે છે. શ્રમજીવી મહિલાઓને 'ગમાર' શબ્દથી નવાજે છે. લારીની દિશા બદલવામાં તંગ થઈ જતાં તેના શરીર આ નબીરાઓને મન માત્ર દશ્ય ચીજ બની રહે છે. જોતાં જ ઊબકા આવે એવી વસ્તુ આ લોકો ખાય છે ! અને જ્યાં ઊભા પણ ન રહી શકાય ત્યાં આ લોકો 'લહેર' થી રહે છે, નાના છોકરાઓ પેલી ગટરમાં નહાય છે અને પાણી ઉછાળે છે એ જાણીને તેઓને પારાવાર નવાઈ લાગે છે ને ઊબકા આવે છે. વિપુલ સિવાય બધાને ગળાની તકલીફ થઈ જાય છે. વિપુલ આ બે વર્ગ વચ્ચે સેતુરૂપ બની રહે છે. તેને આ પીડિતો, ગરીબો પ્રત્યે સહાનુભૂતિ હોય એવું એમની વાતચીત

૨૧. એજન, પૃ.૨૯
૨૨. એજન, પૃ.૨૯
૨૩. એજન, પૃ.૩૦

પરથી જણાય આવે છે. જેમકે, ગટરમાં નહાતાં બાળકોની ઈમ્યુનિટી વિશે કોઈકે વાત કરી ત્યારે વિપુલે એવું કહેનારાના કાનમાં મરણ પ્રમાણના આંકડા મેળવી જોવાનું સૂચવ્યું. સામાજિક, આર્થિક અસમાનતા વેધકતાથી આલેખાઈ છે. મનુષ્યમાત્ર પર આ વાર્તા કેન્દ્રિત છે. વાર્તામાં શ્રીમંત અને ગરીબ વર્ગ વચ્ચે ક્યાંય સીધો સંઘર્ષ નથી. વાર્તાકાર ગરીબોની વકીલાત કરતા નથી લાગતા પણ પ્રસંગોને વિરોધાભાસે મૂકી આપીને આ બે વર્ગો વચ્ચેના હળવા સંઘર્ષને વર્ણવ્યો છે.

*'ગોપી'* વાર્તામાં મોતી રાવળિયો, તેનો દીકરો ગોપાળિયો-'ગોપી' અને ગામના જમીનદાર ચતુરભાઈ કેન્દ્રમાં છે. વાર્તાનો આરંભ એક જમાનામાં ગામડામાં લગ્નપ્રસંગે યોજાતા રાવળિયા કોમના ગીત-નૃત્ય, ભવાઈના કાર્યક્રમથી થાય છે. ગામના જમીનદાર ચતુરભાઈના દીકરાના લગ્ન છે ને તેમાં લગ્ન પ્રસંગે લોકોનું રંજન કરવામાં જાણીતી ગોપીની ટુકડી આવે છે. લગ્નમાં એક તરફ ધન લાલચુ ગોપીનો બાપ મોતી રાવળ છે અને બીજી તરફ વટ પાડવા ઈચ્છતો વરનો બાપ ચતુરભાઈ છે પણ ખરા અર્થમાં 'ગોપી' બનીને નાચતો ગોપાલ પિતા મોતી અને શેઠ ચતુરભાઈની માનસિકતામાંથી મુક્ત થઈને કોઈ કલાસમાધિની સ્થિતિમાં જઈ પડે છે. કલા પ્રત્યેનો એનો અનુરાગ એને તલ્લીન બનાવી દે છે. ગોપાલ દેહભાન ભૂલી ગોપીભાવ અનુભવતો ડોલી ઊઠે છે ને તેની ભાવતન્મયતાની પરાકાષ્ઠા આવતા વાર્તાને અંતે 'નાચવાનાં કૂંડાળાની વચ્ચે ગોપી ઢગલો થઈને' પડે છે પણ મોતી રાવળ અને ચતુરભાઈ જેવા પાર્થિવોને મન એ આઘાતજનક પતન છે. અહીં ગોપાલની ભાવમયતા અને તેના પિતા મોતીની સ્થૂળ ધનલોલુપતાનું સંનિધિકરણ અને વૈષમ્ય કરુણાપ્રેરક છે. સુંદરમે ગોપીની ભાવદશા પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તે જ વખતે ચતુરભાઈ અને મોતી રાવળના મનમાં ચાલતા વિચારોની અધમતાને સરખાવી વિરોધાભાસની પ્રયુક્તિથી કથનકલામાં વેધકરીતે પ્રાણ પૂર્યો છે. જુઓ :''વરના બાપ મનમાં રાજી થતા હતાં. વેવાઈને માંડવે વટ પડ્યો પણ આ છોકરો દાઢીમાં હાથ નાખશે ત્યારે શું આપવું પડશે અને પોતે આપે તે પ્રમાણે વેવાઈઓને પણ આપવું પડે અને એમ વેવાઈ પક્ષના લોકોને કેમ ખાલી કરાય, એ વિચારોમાં અભિમાન અને કૃપણતા તેમના મનમાં ઘડભંગ મચાવી રહ્યા હતા.''[૨૪]

મોતી રાવળ પણ કેવા હીન કક્ષાનાં સ્વપ્ન જૂએ છે તે જોઈએ : ''જાણે ત્યાં રૂપિયાની વાડી ન ઊગી હોય અને હમણાં દીકરો એને વેડી આવશે અને મોટો ખોબો ભરી દેશે.''[૨૫]

ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી 'માજા વેલાનું મૃત્યું' ઘટનાપ્રધાન વાર્તા છે. કુટુંબના વડલા જેવો ઉપેક્ષિત વર્ગનો માજો વેલો પોતાના સંતાનો સાથે કેવી માયા, મમતા અને વાત્સલ્યભાવથી જોડાયેલા છે એનું વાસ્તવની ભોંય પર નિરૂપણ થયું છે. પછાત જ્ઞાતિમાં ગામડામાં જન્મેલા અને અમદાવાદ જેવા શહેરમાં આવી વસેલા પણ લૂટ અને ધાડની પ્રવૃત્તિમાં સંડોવાયેલા વૃધ્ધ માજાવેલાને પોતે કરેલા દુષ્કૃત્યોનો કોઈ રંજ નથી. તે પોતાના પરાક્રમોની કથા ગર્વથી પોતાના પુત્રો ને પૌત્રોને કહે છે. ઘાંચણના હજારેક જેટલાના દાગીના લુટયાની વાત, રૂપિયા બનાવવાની વાત વગેરે... માજાને નવી પેઢીની પ્રજા પામર લાગે છે! પોતાના નાના બાળકોને સૂતરફેણી ને સૂકો મેવો

૨૪. સુંદરમ્‌ની વાર્તા, પૃ.૧૦
૨૫. એજન, પૃ.૧૧

ખવડાવ્યો તો શું બતાવ્યો પણ નથી એમાં કુટુંબના મોભી તરીકે પોતાની ને પોતાના પુત્રોની જવાબદારીની ઊણપ એને લાગે છે. આ બાબતે માજાને અફસોસ પણ થાય છે અને એનો વસવસો જીવનોન્મુખ માજાના ચિત્તમાં એક આવેશ જગાડાવે છે. તેને કોક ગાંધીની દુકાન ફોડીને બધો સૂકો મેવો છોકરાઓ માટે લઈ આવવાનું મન થાય છે. તે બોલી ઊઠે છે. : ''કોક દી દેખાડીશ, બેટા જીવતો રહ્યો તો ?''[૨૬] ને માજાની આ અંતરની ઈચ્છાને એનો ભત્રીજો વનો પૂરી કરવાનો સંકલ્પ કરે છે ને તે સૂતરફેણી લઈ આપવાના સંકલ્પ સાથે ઉપડી પડે છે. બીજી તરફ માજો પણ પોતાના રોમાંચક જીવનની ખેવના ને ખમીરનું સાતત્ય વનામાં જૂએ છે. માજાને થાય છે કે, 'હા, વનો એક હતો. ખરો ભરાડી કંઈક મારું નામ રાખે એવો!' [૨૭] કુટુંબીજનોને અપાર વહાલ કરતો માજો મરણ પથારીએ પડ્યો છે ત્યારે પૌત્રી ખુડીના વિવાહની ચિંતા વ્યકત કરે છે! 'વના, મારી ખુડીને સારો વર પરણાવજે હોં કે!' અને ખોડિયારમાનું નામ સ્મરણ કરતો તે વનાના ખોળામાં પોતાનો શ્વાસ મૂકે છે. માજા વેલાના મૃત્યુથી કુટુંબિજનો દુઃખી થઈ જાય છે. ત્યારે વનો દૃઢતાથી બોલે છે,''કાંઈ નથી થયું! કોઈએ રડવાનું નથી. ખબરદાર ડોસા સુખી થઈને ગયા છે!''[૨૮] વનાનો આ ઉદ્ગાર મૃત્યુની ઘટનાને માંગલ્યનું પરિમાણ બક્ષે છે. સમાજની દૃષ્ટિએ હલકાં કાર્યો કરતા કુટુંબોની સમજણની પ્રતીતિ વાચકને અહીં થયા વિના રહેતી નથી.

વાર્તાના અંતે 'માજો વેલો બહુ સારું મોત પામ્યા. બહુ સુખી મોત. બહુ સારું મોત!'[૨૯] જેવી ઉક્તિ ટાળી હોત તો વાર્તા વધુ ચુસ્ત બની શકી હોત એવું મને લાગે છે કારણકે, વનાનું ,''ડોસા સુખી થઈને ગયા છે!''[૩૦] એ વિધાન જ વેધક છે પણ માજા વેલાના ભીતરના આલેખનમાં સર્જકની સંવેદનશીલતા ને સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિની અનુભૂતિ થાય છે. જીવનની ક્ષણેક્ષણને પૂરા ઉલ્લાસથી જીવતો માજો વેલો અહીં આલેખાયેલો છે. માજા વેલાની બહાદુરી, અડગતા, ખમીર અંતકાળે પણ જેવાને તેવા રહે છે. 'અરે બરાગતનીમાં પરણે !'માં તેની ખુમારી પ્રગટ થાય છે. ટૂંકમાં સર્જકના ચિત્તમાં આકારાયેલો કચડાયેલો સમાજ અને ના'તવરા પૂર્ણ થયા બાદ વીણીને ખાતાં કુટુંબોની પોતાની લીલીવાડી સાથેનો વ્યવહાર કેમેરાની પટ્ટી પર જાણે સુન્દરમ્ સર્જી બતાવ્યો છે. શબ્દચિત્રોના માધ્યમથી આ વાર્તામાં કલા પરિણામો ઊંડા વમળો વાચક ચિત્તમાં સર્જવામાં સફળ રહ્યા છે. વાર્તાનું ગદ્ય પણ સ્પર્શી જાય છે. એકાદ દૃષ્ટાંત જોઈએ. :

''પ્રાચીન કાળના કોઈ કુલપિતાની અદાથી માજો વેલો બેઠો હતો. તેના માથે આકાશમાં અદૃશ્ય થતી ડાળીઓવાળા, કોઈ એક તપોવનના વૃક્ષ જેવા ઊંચા-ઊંચા ટાવરની છાયા ઢળી રહી હતી. તેની આસપાસ તેનો ત્રણ-ત્રણ, ચાર-ચાર પેઢી સુધીનો પરિવાર ફેલાઈને પડ્યો હતો ... અને તપોવનના યજ્ઞના ધુમાડાની પેઠે કારખાનાનો ધુમાડો સર્વત્ર વ્યાપેલો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તે

૨૬. સુંદરમ્‌ની વાર્તા, પૃ.૫૫
૨૭. એજન, પૃ.૬૦
૨૮. એજન, પૃ.૬૨
૨૯. એજન, પૃ.૧૧
૩૦. એજન, પૃ.૧૧

પણ આંખોને બાળતો હતો. તેનામાં પણ ગંધ હતી પણ તે માત્ર ગટરની, સુગંધિત હવિની નહિ, શહેરના કોટ બહાર મોટરોના એક અડ્ડા પાસે એક ઊંચા ટાવરની પડખે ફૂટપાથ ઉપર રોજની પેઠે આજે પણ માજા વેલાની સંતતિ ભેગી થયેલી હતી...''[31] અહીં તપોવનનાં સંદર્ભમાં માજા વેલાના મૃત્યુનો સંકેત છે. માજા વેલાનું મૃત્યું મોટા શહેરના તોતિંગ ટાવરની છાયામાં થાય છે. યજ્ઞનો ધુમાડો ને કારખાનાનો ધુમાડો અને હવિની વા અને ગટરની દુર્ગંધ. આમ આ બે સ્થળકાળને Juxtrapose કર્યા છે. ખુડીએ લાવેલ આઈસ્ક્રીમ માજા વેલો ખાવાને બદલે પીએ છે એ સૂચક છે. સાથે-સાથે એંઠમાં આવેલા આઈસ્ક્રીમનો સંદર્ભ વર્ગભેદ અને દરિદ્રતાના નિર્દેશ સાથે વક્રતા રચી આપે છે. અહીં સામાજિક વિષમતા કરતા આર્થિક વિષમતા સઘનરૂપે આલેખાઈ છે. પ્રમોદકુમાર પટેલ નોંધે છે કે, ''માજા વેલાનું મૃત્યું'' તેમાં આલેખાયેલા એક વિલક્ષણ સમાજજીવનના ખંડને કારણે, તેમ તેમની વિલક્ષણ કળાત્મક માવજતને કારણે અને એથીય વધુ તો સર્જક સુંદરમ્‌ની કરુણાસભર, અનુકંપાસભર, માનવ્યદષ્ટિને કારણે અનોખું મહત્ત્વ ધરાવે છે.''[૩૨]

'માજા વેલાના મૃત્યુ'નો અંત કરુણ છે પરંતુ વાર્તામાં વર્ણવાયેલા કુટુંબના વ્યવહારમાં દર્શાવાયેલી આત્મીયતા વધુ સ્પર્શી જાય છે અને એટલે જ વડલા જેવા માજા વેલાની છત્રછાયા હેઠળ તાલીમ પામી રહેલા અને એ જ કાર્યમાં લાગી રહેવામાં પોતાના જીવનની ધન્યતા માનતાં નાનાં બાળકો જાણે એમના ધંધાની કુશળતા પ્રાપ્ત કરવા મથતા હોય એ ખૂબ જ સ્વાભાવિકતાથી સુન્દરમ્ આલેખીને વાર્તાને કલાઘાટ બક્ષ્યો છે. આ પછડાયેલા વર્ગના સુખી કુટુંબજીવનનો જાણે લેખક ચિતાર આપે છે અને વાચક વાર્તાન્તે દુઃખી થવાને બદલે અસામાજિક કાર્યો કરતા માજા વેલાની ઊજળી બાજુ વધારે focus કરે છે. કહેવાતા શ્રીમંતોમાં સ્વાર્થનું પ્રભુત્વ અને રખડતાં, ઉકરડે વસતાં કુટુંબોની નિઃસ્વાર્થતા જાણે આ વાર્તામાં હૃદયસ્પર્શી આગવા પરિમાણોનું વિશ્વ ખડુ કરે છે. લોકોએ છાંડેલી અને પોતે જેમને મહામહેનતે મેળવેલી સૂતરફેણી વહેંચીને ખાવામાં આનંદ છે એમના તરફ વાચક સહાનુભૂતિ નહિ પણ આદરથી જોવા લાગે એ દષ્ટિકોણ સર્જક આપે છે.

ઉમાશંકર જોશીની *'ઝાકળિયું'* વાર્તાની માંડણી વાસ્તવજીવનની ભોંય પર થઈ છે. 'ઝાકળિયું'માં વર્ગભેદ કેન્દ્રમાં છે. શામળના મુખે વાર્તા કહેવાઈ છે. તે ભણે છે. તેને ભણતો જોઈ તેના જ ખેતરમાં મજૂરી કરતાં ગોવંદાને પોતાના નાનાભાઈ હાથીડાને ભણાવવાનું મન થાય છે. ગોવંદો કાળી મજૂરી કરીને ખેતરને શેઢે ઝાકળિયું(ઝૂંપડી) બાંધીને હાથીડાને સાથે રાખીને ભણાવે છે, હાથીડાને ભણાવવામાં શામળની મદદ પણ મળી રહે છે. નિશાળમાં પહેલો નંબર આવે છે પણ શામળના જ ભત્રીજા દુરગાને આંક ન આવડતા માસ્તરના કહેવાથી હાથીડો તમાચો મારે છે. શામળ હાથીડાને મદદ કરે એ દુરગાની માથી સહન થતું નથી ને કહે છે, 'મને તો થાય છે કે ક્યાં આ 'ઊઠ પાણા, પગ ઉપર પડ'એવું શામળે કરી આપ્યું છે ! એને શું ? [૩૩] શામળ આ સંઘર્ષ રોકવા મથે છે પણ અંતે દુરગા-

૩૧. સુંદરમ્‌ની વાર્તા, પૃ.૪૯
૩૨. પ્રતીતિ, પ્રમોદકુમાર પટેલ, પૃ.૧૬૪, ૧૬૫
૩૩. શ્રાવળી મેળો, ઉમાશંકર જોશી, પુનર્મુદ્રણ, ૧૯૯૪, પૃ.૧૦૭

હાથીડાની છોકરા રમતમાં ખળામાંના ઘઉં અને ઝાકળિયું સળગી જાય છે. આ ઘટનાથી શામળ ડઘાઈ જાય છે. વાર્તાકથક નોંધે છે કે, ''હોળી પછીનું ગોવિંદાનું પંદરમું વરસ, એની આખા આદમીનો પગાર, ચારપાંચ વરસની કમાણીના પાંચવીસો રૂપિયા, રૂપાળી કન્યા, ઘર-ખોરડાં એ બધું ઘઉંના ખળામાં ભડભડ બળતું હતું ... અને કોઈ પણ ભોગે હાથીડાનું ભણતર, ભવિષ્યની બાલેસ્ટણની પદવી, મામલતદારી સ્મારક તરીકે ઝાકળિયાને ઠેકાણે હવેલીનું ચણતર એ બધી સ્વપ્ન પરંપરા ઝાકળિયાની બળતી ઝાળોની પડખે ચડીને ઊડી રહી હતી...''[૩૪] ખરામાના ઘઉં અને ઝાકળિયાની હોળીની સાથે-સાથે ત્રીજી હોળી ગોવંદાના હૃદયમાં સળગી ઊઠી હતી. તે નિસાસો રૂંધીને બોલ્યો, ''હાથીડા, તું બાલેસ્ટણ થાય તો આટલું ખળાનું નુકસાન તો એક પલકમાં વાળી આપે ને ?''[૩૫] વાર્તાન્તે કદાચ બમણા વેગથી હાથીડાને ભણાવવાનું ઝાંઝવા જેવું શમણું ગોવંદો જૂએ છે ! અહીં ઝાકળિયું પ્રતીકરૂપે ગૂંથાયું છે. આમ તો 'ઝાકળિયા'નો અર્થ 'ઝાકળથી બચવા કરેલું ઝૂંપડું'. ગોવંદાનું શમણું પણ શું ઝાકળ જેવું નથી લાગતું ? ટૂંકમાં અનેક મુશ્કેલીઓ વેઠીને પોતાના નાનાભાઈને મોટો ઓફિસર બનાવવાનું ને ઝાકળિયામાંથી હવેલી બનાવવાનું શમણું સેવતો ગોવંદો પોતાના જ શેઠનાં પત્ની ને પુત્ર દુરગાની ઈર્ષ્યાનો ભોગ બની કેવો વિષમ સ્થિતિમાં મુકાઈ જાય છે એનું હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. સભ્ય સમાજનાં પાત્રોનું કલુષિત થઈ ગયેલું મન મહામહેનતે ધ્યેય હાંસલ કરવા સર્વસ્વ હોડમાં મૂકીને મથતા ઉપેક્ષિત વર્ગના પાત્રને કેટલી હદે ત્રાસ આપી શકે છે, વિઘ્નો ઊભા કરી શકે છે અને અંતે પ્રતિકાર કરવા જતાં ગોવંદાને કેવાં પરિણામ ભોગવવાનું ભાગ્યમાં રહે છે એ કમભાગી જીવનની આ કથા કરુણ છે. એક ઉલ્લેખનીય બાબત તો એ છે કે સવર્ણ વાર્તાકથક શામળને ગોવંદાના પરિવાર પ્રત્યે સહાનુકંપા છે. શામળના કથનકેન્દ્ર દ્વારા દલિતસંવેદના અભિવ્યક્ત થઈ હોવાને કારણે વાર્તા ગમે છે.

પાત્રોના આલેખનમાં પણ વાર્તાકારની સર્જકત્વની ઝાંખી થાય છે. વાર્તામાં વીરચંદ શેઠની શોષણખોર વૃત્તિ મેળામાં પહેલીવાર મળેલાં ને ચગડોળે ચઢેલા ગરીબ દેવા-અંબીને એક થવા દેતા નથી ! વાર્તાના અંતે દેવો વીરચંદ શેઠની હત્યા કરે છે. દેવાની મનોગતિ અહિ આબાદ રીતે કંડારાઈ છે.

પન્નાલાલ પટેલની ઘણી વાર્તાઓમાં ગામડાના છેવાડામાં વસતા આર્થિક સંકડામણમાં સપડાયેલા વર્ગની વેદના-સંવેદનાનું ભાવકના હૃદયને સ્પર્શી જાય એવું વિશ્વ આકારિત થયું છે. એમની *'નેશનલ સેવિંગ'*માં ગામડામાં રહેતા ભીલ સમાજની આર્થિક દરિદ્રતાનું આલેખન જોવા મળે છે. યુધ્ધના અસહ્ય બોજાને પહોંચી વળવા સરકારે બહાર પાડેલા 'નેશનલ સેવિંગ'ના સર્ટિફિકેટ જેને ખાવાના પણ સાંસા છે એવા ભીલ લોકોને પરાણે, જોહુકમીથી વેચવામાં આવે છે પણ મુશ્કેલી તો એ છે કે આ સર્ટિફિકેટ ખરીદ્યા પછી આ લોકો સામે અનેક પ્રશ્નો ઊભા થાય છે. જેમ કે, ''બાર વરસ સુધી સાચવવા માટે કોઈના ઘરમાં પેટી કે પટારો જ ક્યાં હતા?''[૩૬] રાવજી પણ કહે છે, ''બીજું બધુ તો

૩૪. એજન, પૃ.૧૦૯

૩૫. એજન, પૃ.૧૦૯

૩૬. પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ, પન્નાલાલ પટેલ, ચોથી આવૃત્તિ, ૧૯૭૪, પૃ.૧૮૭

ઠીક પણ આને સંઘરવું ક્યાં ?''[૩૭] આ માત્ર રાવજીનો પ્રશ્ન નથી પણ આખા ભીલ સમાજનો છે. ખાવાના સાંસા હોવાને કારણે બાર કલાક પૂરા થાય એ પહેલાં જ ચોથા ભાગની કિંમતે સર્ટિફિકેટો ભીલ લોકો ગામના શાહુકારો, વહેપારીઓને આપી દે છે ! અહીં આર્થિક શોષણ, દાદાગીરી, ઊંચા સમાજના હોવાનું અભિમાન અને એ કારણે મનમાં ઘર કરી ગયેલી તોછડાઈ છે. સરકારની જોહુકમીથી અબુધ, અભણ ભીલો પર જે વીતી એનું કલાત્મક બયાન છે. જાણીતા ગુજરાતી વિવેચક ડૉ.ચન્દ્રકાંત ટોપીવાળાએ વાર્તા સંદર્ભે ઉચિત જ નોંધ્યું છે, ''ગ્રામીણ પ્રજાનાં ભોળપણ અને દારિદ્રયને એક સાથે વ્યંજિત કરાયો છે. હળવો મર્મનો દોર કસબી તારની માફક એમાં ગૂંથાયેલો છે.''[૩૮]

ગાંધીયુગમાં ભીલી બોલીનો પ્રથમવાર સફળ વિનિયોગ પન્નાલાલે આ વાર્તામાં કર્યો છે. એમણે પ્રયોજેલી બોલીમાંથી જ એ લોકો કેટલા પછાત અને શોષિત હશે એ તો પ્રગટે જ છે પણ તેની સાથે-સાથે એ લોકોની રહેણી-કરણી, જીવન વ્યવહાર, આર્થિક સંકડામણ વગેરે ઉપસી આવે છે.

પન્નાલાલ પટેલની *'સાચી ગજિયાણીનું કાપડું'* સવર્ણ પુરુષ અને દલિત સ્ત્રીના અવૈધ સંબંધ અને એને પરિણામે જન્મેલા અનૌરસ સંતાનની વાર્તા છે. વિધવા જમની શિવલાલ શેઠની વાસનાનો ભોગ બનીને મા બને છે પણ જમની પોતાના સંતાનને માટે જવાબદાર પુરુષનું નામ દેતી નથી! પૈસો ન હોવા છતાં પોતાના વાસની એક માવતર વિહોણી છોકરીના આણા પ્રસંગે શિવલાલ શેઠની દુકાને સાચી ગજિયાણીનું કાપડું ખરીદવા જાય છે. શિવલાલ શેઠ છોકરીની મા જમની સાથે સંબંધ હોવાને કારણે લખુડાને કાપડું ઉધાર આપવા તૈયાર થાય છે. સંકુલ વાર્તા છે. લખુડો શા માટે ફળિયાની છોકરી માટે સાચી ગજિયાણીનું કાપડું લે છે તે વાત સ્પષ્ટ થતી નથી. શેઠ અને જમની વચ્ચેનો સંબંધ પણ સ્પષ્ટ રીતે આલેખાયેલો નથી પણ શેઠની ઘોડી માટે એ છોકરીની મા જમની ચોમાસામાં વાસ વાઢી લાવતી હતી એથી શેઠ ચોંકી ઊઠ્યા. એ બાબતથી સુજ્ઞ વાચકને એમના સંબંધનો અણસાર મળી રહે છે છતાં વાર્તાની ચોટમાં ફરક પડતો નથી. લખુડાના પ્રેમની ભીતર શિવલાલ જમની સાથેના અવૈધ સંબંધના ભાવતંતુને વ્યંજનાથી આલેખવામાં આવ્યો છે. પન્નાલાલની 'કંકુ' વાર્તાની વિધવા કંકુ પણ શેઠની વાસનાનો ભોગ બને છે. આ બંને વાર્તાઓમાં સ્ત્રી શોષણ પર પ્રકાશ પાડ્યો છે.

ઈશ્વર પેટલીકરને દલિતો-પીડિતોની પીડા, વેદના પરત્વે નિસબત્ત છે. તેમણે વાસ્તવવાદી દષ્ટિકોણથી ઘણી વાર્તાઓ લખી છે. તેમની *'હવાડીનું પાણી'*, *'વટ'*, *'રુદિયાનું દરદ'*, *'હલકી વરણ'*, *'દુ:ખના પોટલા'*, *'માનતા'*, *'પારસમણિ'*, *'મોટી બહેન'*, *'આખરી ફેંસલો'* વગેરે વાર્તાઓમાં દલિતોની વેદના, વિટંબણા, સહનશીલતા, નિખાલસતા, અંધશ્રધ્ધા, સવર્ણોની જડ ધાર્મિકતા,દલિત સ્ત્રીઓની વ્યવહાર કુશળતા, વટ, અહમ, દ્વૈષ, સવર્ણોની દલિતો પ્રત્યેની અનુકંપા અને દલિતોમાં રહેલી લઘુતાગ્રંથિનું આલેખન જોવા મળે છે.

---

૩૭. એજન, પૃ.૨૧૧
૩૮. ગુજરાતી ટૂંકી વાર્તા કોશ, સંપાદક, ડૉ. ચન્દ્રકાંત ટોપીવાળા, ડૉ. રમેશ ર. દવે, પ્ર.આ. ૧૯૯૦, પૃ.૪૫

*'હવાડીનું પાણી'*માં ઉપેક્ષિત વર્ગની હાલાકી દર્શાવી છે. સેનવા કોમના લોકોને કૂવાના પાણીને બદલે ઢોર પીએ તે હવાડીનું પાણી પીવું પડે છે પણ જ્યારે સરકાર અસ્પૃશ્યતાને દૂર કરવાના હેતુસર સાર્વજનિક કૂવામાંથી બધાને પાણી ભરવાની છૂટનો કાયદો પસાર કરે ત્યારે તેમાંથી કેવાં પ્રશ્નો ઊભા થાય છે તે પેટલીકરે દર્શાવ્યું છે. એક ગામના સેનવાઓએ સરકારી કાયદાની રૂએ બંડ પોકાર્યો એટલે સાર્વજનિક કૂવાનું પાણી પીતા થયા. ઢોરની જેમ હવાડીનું પાણી પીવામાંથી મુક્તિ મળી. આ ગામના લોકો જાન લઈ બીજા ગામ જાય છે ત્યાં કૂવેથી જ પાણી પીવાનો હઠાગ્રહ રાખે છે આથી એ ગામના લોકો માટે મુશ્કેલી ઊભી થાય છે. એની માંગ ન સંતોષાતા જાન લીલા તોરણે પાછી જાય છે. પછી તો આ ગામના દલિતોને પરણવાનાય ફાંફા પડે છે. સરકારની મદદથી દલિતો જુદો કૂવો કરે છે, જેથી બહારથી આવા માથાભારે સગા આવે તો સાચવી શકાય પણ ગામ લોકોને લાગે છે કે આમ થતાં તો સેનવા ફાટી જશે. અંતે ગામના લોકો વિફરે છે ને સેનવાઓની જાન આવવાના દિવસે જ કાચો કૂવો પૂરી દે છે. અંતે સેનવાઓ હાથ જોડતાં 'હવાડીનું પાણી' પીવા ખુશ થઈ જાય છે. હવાડીના પાણીનો કૂવો એ રીતે પ્રતીકાત્મક બને છે. આ વાર્તા વાચકને સત્તાની સંરચનાનો અનુભવ કરાવે છે. શોષણ, અન્યાય સામે દલિતવર્ગને જાગૃત થવાના સૂચનનો સંકેત અહીં મળે છે. માનવતાવાદી અભિગમનો અભાવ સમાજને કેવો વિરૂપ બનાવે છે એ સૂચવવાનો સર્જકનો આશય જણાય છે.

*'વટ'* માં પાટીદારના ગામનાં બે તડામાં વહેંચાયેલા ગણેશ મહેતરને દાનો મહેતર મે'ણું મારે છે કે એમના તડાના પટેલોએ કોઈ દિવસ ગામ જમાડ્યું નથી, જ્યારે એના તડાએ તો ત્રણ-વાર ગામ જમાડ્યું ! દાના મહેતરનું આ મે'ણું ગણેશ મહેતરના રૂંવે-રૂંવે વ્યાપી ગયું. બાપના મરણ પર સારુ જમાડી ન શકે તો સામેના તડાના દલિતો સામે પોતાની આબરૂ શી એવી ચિંતા અને એવા મે'ણાંથી ઘેરાયેલો ગણેશ મહેતર પોતાના તડાના ગરીબ પટેલને એના બાપુજી વાસ્તા પટેલ પાછળ પોતાના ગાંઠના પૈસા ખરચીને આખા ગામને કંસાર-ઘી જમાડે છે અને એ રીતે પોતાના તડાના પટેલોની આબરૂનો ધજાગરો થતા રોકે છે 'વટ'થી. માણસની અહમ્‌વૃત્તિનું દર્શન કરાવીને લેખકે એના મિથ્યાચાર પર કટાક્ષ કર્યો છે. ગામડામાં દ્વેષથી પડી જતાં તડ બતાવીને વાર્તાકારે ગામડામાં વસતા લોકોના વરવા આચાર-વિચાર પર પ્રકાશ પાડ્યો છે.

*'રુદિયાનું દરદ'* વાર્તામાં દલિત સોમો અને એની દીકરી મણિ કેન્દ્રમાં છે. ઉત્તર ગુજરાતમાં દુકાળ હોવાથી વૃદ્ધ સોમો મણિ સાથે ચરોતરમાં મજૂરી કરવા આવે છે ને માંદો પડે છે. મિશનના દવાખાનામાં મફત સારવાર મળતી હોવાથી જાત છૂપાવીને ખ્રિસ્તી કહીને દાખલ થાય છે પણ ભીખ માંગવા ગયેલી મણિ પાછી ન ફરતાં સોમો ચિંતાતુર થઈ જાય છે. તે મણિને ગામડે-ગામડે શોધવા નીકળી પડે છે. મણિ ખોવાયાને બે વરસના વહાણાં વાઈ ગયાં છતાં ''મણિ .... મણિ...''નો જપ સોમાએ છોડ્યો ન હતો. અંતે હરિજન આશ્રમમાંથી મણિ મળે તો છે પણ આશ્રમને મણિને સાચવવા બદલ પૈસા ચૂકવવા પડશે તો ? આશ્રમવાળાએ બે વરસથી દીકરીને ઉછેરીને મોટી કરી તે હવે એમ ને એમ પોતાને નહિ સોંપે ! એમ કહે કે બે વરસની ખાધા ખોરાકી લાવો તો પોતે કયાંથી

આપે?''[૩૯] અંતે દીકરીને લઈને શ્રમપૂર્વક દોડવા જતાં સોમો મૃત્યું પામે છે. વાર્તાકારે સોમાના પાત્ર દ્વારા દીકરી પ્રત્યેનું દર્દ પ્રગટ કર્યું છે. દરદ પેટનું નથી પણ રુદિયાનું છે. અહીં બાપની દીકરી માટેની ભાવનાઓ, લાગણીઓ સામેના કઠોર વાસ્તવનું હૃદયસ્પર્શી આલેખન છે. સોમાના મનોભાવો અને મનોવેદના અહીં અસરકારક રીતે આલેખાયા છે. :

''સોમાને થયું કે દીકરીને ગુમાવ્યા પછી પોતે ઘેર શું મોઢું લઈને જાય? લોકોને શું કહે? છોડી ભીખ માગવા ગઈ હતી તે ખોવાઈ ગઈ! પિત્રાઈઓ તો એમ જ કહેને કે કૂવો-હવાડો કરવાનું ન સૂઝયું અને ભીખ માગવાનું ક્યાંથી સૂઝયું? ...''

''દીકરી મરી ગઈ એમ ગામમાં બધાને કહું તો?''

''... દીકરીને રુદિયા આગળ ને રુદિયા આગળ રાખતા'તા, છતાં રુદિયું કેમ ફાટી ન ગયું?''[૪૦]

જાતિવાદની તેમજ આર્થિક, સામાજિક સમસ્યાઓ અહીં અનુભવાય છે. વાર્તાકારનો માનવજાત પ્રત્યેનો સમભાવ અછતો રહેતો નથી એ દષ્ટિએ પણ વાર્તા આસ્વાદ્ય છે.

*'હલકી વરણ'* વિષયવસ્તુની દષ્ટિએ દ્વિરેફની 'સૌભાગ્યવતી' વાર્તાની યાદ અપાવે છે. અહીં સફાઈ કામદાર યુવતી શકરી અને એ જેને ત્યાં ઘરકામ કરે છે તે ભદ્રવર્ગની સાધન-સંપન્ન, સુખી ઘરની સુલોચના બંને નિઃસંતાન છે. શકરી પતિ સાથે ન બનતા પતિને છોડીને જતી રહે છે. પુનઃલગ્ન કરી પોતાની ઈચ્છા સંતોષવાનો ઉપાય કરવાની હિંમત દાખવે છે, જ્યારે સુલોચના નણંદ અને અન્ય લોકોની સલાહને માની પતિને પુર્નલગ્ન માટે છૂટ આપે છે. સન્નિધિકરણની પ્રયુક્તિ અહીં ખપમાં લેવાઈ છે. સ્ત્રીના વ્યક્તિત્વને રૂંધતા ભદ્રવર્ગની સરખામણીમાં પછાત વર્ગની સ્ત્રી વધુ વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ખુમારી ભોગવી શકે છે તેનું આલેખન અહીં થયું છે. દલિત સ્ત્રીઓના વ્યવહારોનું કુશળતાપૂર્વકનું નિરૂપણ વાર્તાને રસિક બનાવે છે.

*'દુઃખના પોટલા'* અને *'માનતા'* વાર્તામાં દલિત વર્ગની આંતર વાસ્તવિકતા સુપેરે ઝિલાઈ છે. દીકરા ને વહુથી છંછેડાયેલી વટનો કટકો વાલી સ્વમાન ખાતર આત્મહત્યા કરે છે. દલિત સમાજની જીવનશૈલી અહીં સરસ રીતે આલેખાયેલી છે. વાલી પિયર જાય છે તો ઉકાકાકાની, નવા શેઠની, નર્મદાની અને બકોરની વાતો સાંભળતા એની વેદનાનો ગુણાકાર થતો જાય છે. 'હલકી વરણ'ની જેમ અહીં પણ સન્નિધિકરણની પ્રયુકિત ખપમાં લેવાઈ છે પણ વાર્તા પ્રસ્તારી બની રહે છે.

*'માનતા'* પણ વધારે પડતી લંબાયેલી વાર્તા છે. ગામના દલિતોને સરકારી ગાડી ઉપાડી જાય છે. ગામના અભણ, ભોળા કુટુંબિજનો અને સમાજ તો માને છે કે મોટી લડાઈમાં લઈ ગયા. રોક્કળ થાય છે, માનતાઓ મનાય છે. આપણા દલિત નાયકને તો વડોદરે લઈ જવાયો છે પણ વાસ્તવમાં તો શહેરના સફાઈ કામદારો હડતાળ પર હોવાથી ગામડાના સફાઈ કામદારોને બોલાવવામાં આવ્યાં છે. છતાંય માનતા તો પૂરી કરવામાં આવે છે. અહીં વ્યંગ ધારદાર રીતે પ્રગટ થાય છે.

---

૩૯. ઈશ્વર પેટલીકરની વાર્તાઓ, પૃ.૪૫
૪૦. એજન, પૃ.૪૬

*'પારસમણિ'*માં પેટલીકરની સુધારાવાદી દૃષ્ટિ જોવા મળે છે. સવર્ણ દંપતી આનંદીબહેન અને સુમનભાઈ ગાંધીમાર્ગે સુધારાનું કામ કરે છે. તે 'હરિજન કન્યા છાત્રાલય' સંભાળે છે. બાર વર્ષની અનાથ, ગંદી ને ચીંથરે હાલ છોકરીને જોઈને પણ સૂગ આવે એવી હાલતમાં સુમનભાઈ પોતાના આશ્રમમાં લાવે છે. આનંદીબહેન તેને પોતાની સગી દીકરીની જેમ જ રાખે છે. આથી અનાથ વાલીને નવું જીવન પ્રાપ્ત થાય છે. વાલીને જોઈને અને ખાસ તો આનંદી બહેનનો પ્રેમ, લાગણી જોઈને આશ્રમમાં જ નોકરી કરતો બબલો પોતાના બાપની શરત પણ ભૂલી જાય છે. બબલાની બહેન જડીને પણ આશ્રમમાં ગમી જાય છે પણ ખાસ તો પહેલાં હરિજન કન્યા છાત્રાલયમાં નોકરી કરતા દીકરા બબલાને

'' તું આશ્રમની છોડીઓને અડે નહિ ... ''

'' પાણીની માટલી પણ તારે પીવા જુદી રાખવી''

''બહેન ગમે તેટલો આગ્રહ કરે પણ ત્યાંની કોઈ ચીજ તારે મોઢામાં ન મૂકવી''[૪૧]

જેવી સલાહ આપતો નાથો અંતે આશ્રમના ચાર માસના સહવાસથી અસ્પૃશ્યતાની સૂગ ભૂલી ગયો. ટૂંકમાં આનંદીબહેન અને સુમનભાઈની કાર્યપ્રવૃત્તિ જોઈને પછાત રાવળ કોમના નાથાના હૃદયમાં સવર્ણ દંપતી પ્રત્યે અને વાલી પ્રત્યે આત્મીયતાનો ભાવ જાગે છે. અસ્પૃશ્યતાના વહેમ માંથી મુક્ત થઈને તે વાલીને પોતાની દીકરી માનવા તૈયાર થાય છે. તે કહે છે,''વાલીને હું મારે ઘેર લઈ જઈશ. મારી જડીની જેમ એને ના રાખું તો મને ભરમાણી માતાના સમ છે.''[૪૨]

આમ, 'પારસમણિ'માં અસ્પૃશ્યતાની ગ્રંથિ ધીમે-ધીમે કેવી રીતે તૂટતી જાય છે તેની વાત છે. અસ્પૃશ્ય પ્રજા પ્રત્યેની સૂગનો અહીં તિરસ્કાર થયો છે. નાથા, બબલા વગેરેનું અનોખું વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે. અછૂત સમસ્યા સામે ઉદારતાથી જીવન અર્પણ કરનાર સવર્ણ દંપતી અને એમની આસપાસના લોકોની અનુદાર વૃત્તિનું વર્ણન ધ્યાન ખેંચે છે.

પેટલીકરે *'મોટી બહેન'*માં ધર્મ દ્વારા ઊભી થયેલી જડતાને મુખરિત કરી છે. વિધવા મોટી બહેન ચુસ્ત વૈષ્ણવ મરજાદી છે. તેના પવિત્રતા વિશેના જુનવાણી આગ્રહો અને ઊંચનીચના ભેદમાં ઈશ્વરનો આદેશ જોવાની અંધશ્રધ્ધા ભાઈ કેશવથી સહન થતાં નથી. કેશવને મોટી બહેનની ધર્મનીતિ ઉપર ગુસ્સો આવે છે. મોટા બહેન માંદા પડે છે ત્યારે કેશવ તેને હોસ્પિટલમાં દવા લેવા જવાનું કહે છે પણ તે ના પાડે છે અને અંતે ગુરુ મુખિયાજીની આજ્ઞાથી તે ઓપરેશન કરાવવા તૈયાર થાય છે. તેનામાં લોહી ઓછું હોવાથી ડૉક્ટર તાત્કાલિક લોહીની સગવડ કરવા કહે છે. પોતાના સ્નેહીજનોમાંથી કોઈનું લોહી એને માફક આવતું નથી અને એ જ દવાખાનામાં નોકરી કરતા હરિજનનું લોહી લેવામાં આવે છે. આ લોહીથી મોટી બહેનને નવી જિંદગી મળે છે પણ હોસ્પિટલમાં સારવાર કરનાર સેવકોમાંથી ૭૦-૮૦ ટકા હરિજન, ખ્રિસ્તી છે એ જાણ્યા પછી મોટી બહેન ત્યાં એક ક્ષણ પણ રહેવા તૈયાર થતાં નથી ને રૂમ બહાર નીકળવા તૈયાર થાય છે ત્યારે કેશવને આઘાત લાગે છે ને અત્યાર

---

૪૧. એજન, પૃ.૪૭

૪૨. એજન, પૃ.૨૬

સુધી મોટી બહેનથી છૂપાવેલી વાત જણાવે છે,"દવાખાનામાંથી નાસી જશો એથી હરિજનથી તમે દૂર થઈ શકવાના નથી! તમારી નસોમાં જે લોહી વહે છે તે હરિજનનું છે, પછી તમે હરિજનથી શી રીતે દૂર થઈ શકવાનાં ...."[43] વાચકને એવું થાય કે સાચી હકીકત જાણ્યા પછી મોટી બહેનનું હૃદયપરિવર્તન થાય, એ અસ્પૃશ્યતાની ગ્રંથિમાંથી મુકત થઈ જશે પણ વાસ્તવમાં એવું નથી થતું ને અપવિત્ર થઈ જવાની ભ્રાંતિથી એમના લોહીની ગતિ થંભી જાય છે! એમનું 'પવિત્ર' હૃદય બંધ પડી જાય છે. પ્રાણાન્તે તે ભાભીને કહે છે,"મારા શબને મુખિયાજીને બોલાવી પવિત્ર કર્યા પછી અગ્નિસંસ્કાર કરજો !"[44] આમ, મોટી બહેનમાં પ્રાણાન્તે પણ મુકત ન થતી જડ ધાર્મિકતા સામેનો વ્યંગ ધારદાર છે.

પેટલીકરની *'આખરી ફેંસલો'* વાર્તામાં લંપટ ધર્મગુરુ ચાલ્યા જતા ખંડેર બની ગયેલા મંદિરના આગળના ભાગનો નરેન્દ્રને સદુપયોગ કરવાનો વિચાર આવે છે. 'સાર્વજનિક પુસ્તકાલયનાં છાપા મૂકીએ તો?' પણ ગામના મુખીસમાન છોટાભાઈ આ સૂચનનો ધર્મના નામે વિરોધ વ્યકત કરે છે. અંતે જે ધર્મસ્થાનમાં વ્યભિચાર આચરાય છે, જુગાર, ગાંજો, ભાંગ પીવાય, ગધેડા-કૂતરાં અને રમત-રમતાં મુસલમાનોના છોકરા પ્રવેશી શકે; ત્યાં અંદર તો નહિ પણ એના ચોગાનમાં પાછલે બારણે થઈને પણ પરધર્મ-પરધર્મી ન પ્રવેશી શકે તેવો આખરી ફેંસલો એ ધર્મસભાએ આપ્યો !! ત્યાં પરધર્મી કે અછૂતો આવે તો? અંતે ગામના સ્થાપિતો પુસ્તકાલય થવા દેતાં નથી! અહીં વ્યંગ ધારદાર રીતે પ્રગટ થયો છે. 'આખરી ફેંસલો'માં અંધશ્રધ્ધા ઉપરાંત મૂર્ખતા છે. રૂઢિચુસ્ત લોકોના હાથમાં ધર્મની જે અવદશા થઈ ને તેના પરિણામે માનવધર્મ વિસરાઈ ગયાની વાત છે.

વાર્તાન્તે વાર્તાનું શીર્ષક મુખરિત બને છે. નરેન્દ્ર નિઃસ્વાર્થ,સંનિષ્ઠ સેવા પ્રવૃત્તિના પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ છે. છોટાભાઈનું પાત્ર વાસ્તવિક અને ખરેખરું જીવંત વ્યક્તિચિત્ર બન્યું છે. પેટલીકરની ઉપરોકત બધી વાર્તાઓમાં ચરોતરનો પરિવેશ અને બોલીનો વિનિયોગ થયો છે. આ વાર્તાઓ જોતાં નારી સમાજ અને દલિત સમાજ માટે પેટલીકરની આંતરડી કકળતી હોય એવી અનુભૂતિ અચૂક થાય છે.

જયંત ખત્રી ગાંધીયુગના નહિ પણ અનુગાંધીયુગના સમર્થ વાર્તાકાર છે. જેમણે પણ દલિત વર્ગનાં પાત્રોને વિષય બનાવીને આ સમસ્યાને મહત્ત્વ આપ્યું છે. અનુગાંધીયુગમાં દલિત સંવેદનાનું આલેખન કરતા ઝાઝા વાર્તાકારો મળતા નથી. જયંત ખત્રી દલિત-પીડિત સમાજની કઠોર વાસ્તવિકતા પ્રત્યે સભાન છે. તેમની *'બે આની'*, *'ખીચડી'*, *'કૃષ્ણજન્મ'*, *'હું ગગી અને અમે બધા'* વગેરે વાર્તાઓમાં જીવનની નક્કર વાસ્તવિકતાનું આલેખન થયું છે. 'બે આની'માં આર્થિક સંકડામણમાં સતત ભીંસ અનુભવતા વાર્તાનાયક રસિક પાસે પત્નીને એકસો પાંચ ડિગ્રી તાવ હોય છે ત્યારે બરફ લાવવાના બે આના પણ નથી. હોટલવાળો બે આનાનો બરફ ઉધાર આપવાની ચોખ્ખી ના પાડે છે. કોઈ માર્ગ ન સૂઝતાં કંટાળીને તે આત્મહત્યા કરવા જાય છે તે જ વખતે તેના માળાનો ભંગી બીમાર પત્નીની દવા લેવા માટે તેની પાસે બે આના માંગવા આવે છે ત્યારે રસિકને અચાનક જ યાદ આવે છે કે તેની પત્ની ઘરવપરાશ માટે એક ઠેકાણે પરચૂરણ સંઘરી રાખતી હતી. ત્યાં તપાસ કરતાં તેને બે

૪૩. એજન, પૃ.૭૦
૪૪. એજન, પૃ.૭૧

આના મળી આવે છે ને ખુશ થઈ જાય છે. બે આના માંથી એક આનાનું દૂધ ભંગીને ખરીદવાનું કહે છે અને એક આનાનો બરફ પોતે ખરીદવાનું નક્કી કરે છે પણ આનંદના અતિરેકમાં તે બે આની ઉછાળે છે અને હાથમાં આવવાના બદલે તે ગુમ થઈ જાય છે.

*'ખીચડી'*માં લખડી વાર્તાનું મુખ્ય પાત્ર છે. યુદ્ધકાલીન ભયંકર મોંઘવારી, અછત, બેકારી, દાદાગીરી, લૂંટ, ચોરી, લોહીનો વેપાર અને નફાખોરીનો સમય છે. મા, બાપ અને ભાઈને માટે ખીચડી કમાઈ, રાંધીને જમાડવાની જવાબદારી ફરજીયાતપણે લખડીને ઉઠાવવી પડે છે! લખડી પ્રેમપૂર્વક તનતોડ મહેનત કરીને મા-બાપ અને ભાઈને ખીચડી ખવડાવે છે પણ દિવસે-દિવસે ઘટતી જતી ખીચડી એક દિવસ બિલકુલ અદશ્ય થઈ જાય છે ત્યારે લખડી બેચેન બની જાય છે, કરેલ મજૂરીના પૈસા ક્યાંયથી ન મળતા અંતે લખડી પોતાની રૂપાની બંગડીઓની છેલ્લી જોડ ઉતારીને ભાઈ વિઠ્ઠલને એ વેચીને ખીચડી લઈ આવવાનું કહે છે પણ વિઠ્ઠલ બંગડીના પૈસામાંથી ખીચડી ખરીદવાને બદલે વ્યસનોમાં ફૂંકી મારે છે અને ખીચડી લીધા વિના ઘેર આવે છે. ભૂખથી પીડાતો તેનો બાપ પણ કહે છે, ''તારા જેવીને ખીચડી કમાવી એ રમત વાત છે, બહું જ સહેલું છે, સમજી, સમજે છે? .... જે કંઈ તારે જ કરવાનું છે ....''[૪૫] કહીને અનિવાર્યતા ઊભી કરી આપે છે. અંતે લાચાર લખડી શંકર શેઠના ઘેર પહોંચી જાય છે અને શંકર શેઠને પોતાની કાયા ખીચડી માટે સોંપી દે છે. આજ સુધી લખડીને પોતાના જીવનની એક જ ઉપયોગિતાનો ખ્યાલ હતો. 'ખીચડી કમાઉ, ખીચડી રાંધુ અને ખીચડી પીરસું !' આજે એને સ્ત્રી હોવાનું, સુંદર અને જુવાન હોવાનું આહ્લાદજનક ભાન થયું. જીવનમાં પહેલી જ વાર એણે પુરુષનો સ્પર્શ અનુભવ્યો, લખડીએ જીવન ધન્ય માન્યુ હોત ! પણ લખડીના નસીબમાં એ આનંદ નથી. તેને બીજી જ ક્ષણે ખીચડીનું ભાન થયું, એના તંગ બનેલા સ્નાયુઓમાં શિથિલતા આવી ગઈ. 'હાય ખીચડી' એના મનમાંથી એક નિઃશ્વાસ નીકળી ગયો અને જીવનનો એ પ્રથમ પ્રસંગ ખીચડીના એ ધગધગતા હાંડલામાં રૂંધાઈ ગયો. મીઠી ઝણઝણાટી ઊડી ગઈ, લખડીને લાગ્યું કે એ પલંગ મોટું હાંડલું હતું અને પોતે મહીં ખીચડી બની રંધાઈ રહી હતી. કુટુંબના નિભાવ માટે લખડીને પોતાની કાયાની ખીચડી બનાવી દેવી પડે છે. શંકર શેઠ લખડીને જાતીય શોષણ કરે એ બાબત તો ઠીક પણ એનો બાપ, ભાઈ અને મા પોતાના પેટની ભૂખ સંતોષવા માટે લખડીને જાતીય શોષણનો ભોગ બનવા પ્રેરે છે ! કેટલી કરુણતા કહેવાય. વાર્તામાં સામાજિક, આર્થિક અસમાનતા અને કંગાળ કુટુંબની વેદના કરતાં તો લખડીના મા-બાપ અને ભાઈ એને માત્ર 'ખીચડી' ના સાધન તરીકે જુએ છે એ જ મોટી કરુણતા છે. લખડી વાસનાવૃત્તિની તૃપ્તિ ઈચ્છતી હોવા છતાં ખીચડીને લીધે એ તૃપ્તિ મેળવી શકતી નથી પણ અંતે ખીચડીને માટે જ એની એ અતૃપ્ત વાસનાવૃત્તિ તૃપ્ત કરવાનો વખત આવી પહોંચે છે. એ એની નિયતિનો ક્રૂર કટાક્ષ જ ગણાય. આ સમસ્યા કોઈ એક કુટુંબની નથી પણ કચડાયેલા વર્ગની સ્ત્રીઓની શારીરિક શોષણની વાત છે જેમાં એ સમાજના પુરુષ વર્ગનો સહકાર હોય છે એ તરફ લેખક અંગૂલિનિર્દેશ કરે છે.

---

૪૫. ગુજરાતી વાર્તા સંચય : ૧, સં.જયંત પારેખ, શિરીષ પંચાલ, સંવાદ પ્રકાશન પ્ર.આ.૧૯૯૯, પૃ.૧૭૨

લેખકે લખડીના જાતીય આવેગોનું, મનઃસ્થિતિનું સંયમપૂર્વક આલેખન કર્યું છે. પરિસ્થિતિજન્ય કરુણતા અહીં છે. આ વાર્તા રચનારીતિને લીધે પણ નોંધપાત્ર છે. પતંગિયાની જેમ ઊડતી લખડીની પાંખમાં જે નક્કર ગરીબીનું વજન ભરવામાં આવ્યું છે તેના ભાર નીચે સહૃદય ભાવક પણ આઘાત અનુભવે છે. સુરેશ દલાલ વાર્તાની રચનારીતિ સંદર્ભે નોંધે છે કે,''ગરીબીની યાતનાઓની વાર્તાઓ લખવાની એક જમાનામાં તો ફેશન થઈ પડી હતી. એ જ વિષયને નિરૂપતી 'ખીચડી' વાર્તા એના વિષયને લીધે નહીં પણ એના આલેખનને લીધે યાદ રહી જાય એવી કૃતિ બની છે...''[૪૬] વાર્તાકારે પાત્ર, પરિવેશ અને પ્રસંગને અનુરૂપ ભાષા પૂર્ણ ક્ષમતાથી સાંકેતિક અને પ્રતીકાત્મક રીતે પ્રયોજી છે. લખડીના શંકર શેઠ સાથેના સમાગમનું નિરૂપણ લાઘવમય છે. લખડીનો રોજિંદો વ્યવહાર કેવો જડ, યંત્રવત અને કૃત્રિમ છે તેના સંકેતો આ વિધાનમાં જોવા મળે છે:'' રોજ ને રોજ એમ ફર્યે જતા એ ચક્કરના દાંતાઓ ઘસાતા અને એટલા તો ઘસાઈ ગયા હતા કે એ યંત્ર ખોટું થવાની અણી પર એ વ્યવહાર તૂટી પડવાની તૈયારી કરતો હતો.''[૪૭]

## ૩.૨ : દલિત સર્જકોની વાર્તાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

શિક્ષણના પ્રચાર-પ્રસારના કારણે ગુજરાતી દલિત સમાજના આશાસ્પદ યુવાનોને અભ્યાસની તક સાંપડતા એ યુવાનોમાં પણ સર્જકો બનવાની મહેચ્છા સળવળી. પોતાના સમાજનું સાહિત્યમાં પ્રતિબિંબ ઝિલવું, સમાજની વ્યથાને ઉપસાવવી, અન્ય સમાજ દલિતસમાજની વેદનાને પણ સમજે એવી જવાબદારીની ભાવના સાથે ગુજરાતી દલિત સર્જક લખતો થયો. કહેવાનો અર્થ એટલો છે કે દલિત સર્જકોમાં આરંભથી જ સાહિત્યના સૌંદર્યશાસ્ત્રીય પ્રયોજનો કરતાં સામાજિક ઉત્તરદાયિત્વ પર ભાર વધારે રહ્યો. આનો અર્થ એ નથી કે એમણે કેવળ દલિત સમાજની ઘટનાઓને આકાર કે રૂપ આપ્યા વિના એમનેએમ મૂકી દીધી હોય પણ વાર્તા કે સાહિત્ય દ્વારા એમનું પ્રયોજન વર્ણાશ્રમપ્રથા, અસ્પૃશ્યતા સામે ઘૃણા પ્રગટાવવાનું રહ્યુ છે. દલિત સમાજનું વિવિધ સ્તરે થતું શોષણ પણ એમણે પ્રગટાવ્યું છે.

આ દલિત પેઢી સક્રિય બની એ અરસામાં ગુજરાતમાં ૮૦ના દાયકામાં બે-બે પ્રચંડ અનામત આંદોલનો થયા. સવર્ણોનો રોષ દલિતોને મારવા કાપવાથી માંડી ઘરો સળગાવવા સુધી વ્યાપી વળ્યો. ગોલાણા હત્યાકાંડથી માંડી સાંબરડા સુધીના પ્રસંગોમાં થયેલી મનુષ્ય સંહારની ઘટનાએ શિક્ષિત અને સંવેદનશીલ બનેલા દલિત યુવકોને વિચારતા કરી મૂક્યા અને તેથી આપણે જોઈ શકીએ છીએ કે ગુજરાતમાં કોઈ દલિત આંદોલનની ભૂમિકા ન હોવા છતાં અને કોઈ મોટો દલિત નેતા હાજર ન હોવા છતાં આપોઆપ આવી રાજકીય ઘટનાઓનાં કારણે દલિત સાહિત્યની ભૂમિકા બંધાઈ. કવિતા સંપાદનોથી આરંભાયેલું દલિત સાહિત્ય વાર્તારૂપે પ્રગટ થતાં દલિત સમાજ એની પુરેપુરી માંસલતા, રીતરિવાજો, ખાણીપીણી, પહેરવેશ, બોલી વગેરે સાથે પ્રવેશ્યો. જોસેફ મેકવાન,

---

૪૬. ખત્રીની વાર્તાઓ, સંપાદક, સુરેશ દલાલ, પ્રસ્તાવના લેખ

૪૭. ગુજરાતી વાર્તા સંચય : ૧, સં.જયંત પારેખ, શિરીષ પંચાલ, પૃ.૧૬૯

બી.કેશરશિવમ્, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, મોહન પરમાર જેવા દલિત વાર્તાકારોની પહેલી પેઢીએ સશક્ત વાર્તાઓ આપતા એમના પ્રભાવતળે અનેક નવયુવકોના સંગ્રહો સાંપડ્યા જેમાં ધરમાભાઈ શ્રીમાળી, ભી.ન.વણકર, દશરથ પરમાર, માવજી મહેશ્વરી, રાઘવજી માધડ, ચંદ્રાબહેન શ્રીમાળી, મૌલિક બોરીજા, વિઠલભાઈ શ્રીમાળી, અમૃત મકવાણા મુખ્ય છે.

આ દલિત વાર્તાઓમાં કયાં પ્રકારનું કથાવિશ્વ રજૂ થયું છે તે વિગતે જોઈએ. દલિત ટૂંકી વાર્તામાં રજૂ થયેલાં પ્રશ્નોને મારી દષ્ટિએ આ પ્રમાણેના વિભાગોમાં વહેંચી શકાય.

| | |
|---|---|
| ૧. અસ્પૃશ્યતાકેન્દ્રી વાર્તાઓ | ૨. ઉપકારનું પરિણામ ઉપેક્ષા |
| ૩. બાળમાનસને વ્યક્ત કરતી વાર્તાઓ | ૪. રાજકીય શોષણની વાર્તાઓ |
| ૫. જાતીય શોષણની વાર્તાઓ | ૬. સંપન્ન થયેલા નવા દલિતને સાંખી નહીં શકતો સવર્ણ સમાજ |
| ૭. આર્થિક શોષણની વાર્તાઓ | ૮. સ્ત્રી પુરુષના સંકુલ સંબંધની વાર્તાઓ |
| ૯. વિદ્રોહકેન્દ્રી વાર્તાઓ | ૧૦. અન્ય |

## અસ્પૃશ્યતાકેન્દ્રી વાર્તાઓ

અસ્પૃશ્યતા એ મનુવાદી સમાજની દલિત સમાજનાં લોકો ઉપર ઠોકી બેસાડવામાં આવેલી અભિશાપિત વ્યવસ્થા છે. જડ મનુવાદી વર્ણવ્યવસ્થાને પરિણામે ધર્મપરિવર્તન, ભણીગણી ઉચ્ચ હોદાની નોકરી મેળવી શહેરમાં રહ્યાં પછી કે સવર્ણોના જેવી જ જીવનશૈલી અપનાવા છતાં પણ સવર્ણો તેને મુખ્ય પ્રવાહમાં ભણવા દેતા નથી ને તેને કોઈ ને કોઈ રૂપે કનડ્યા કરે છે, તેની અવહેલના કરે છે, ઘણીવાર તો તેનું કોઈ પણ કામ વધારે વળતર આપવા છતાં પણ કરવા તૈયાર થતાં નથી ! દલિતો નામના મેળવે કે સદ્કાર્યો કરે છતાં પણ તેની નોંધ સુદ્ધા લેવાતી નથી ! આવા સર્વવ્યાપક બની ચૂકેલા સામાજિક દૂષણને કેન્દ્ર બનાવી અનેક સર્જકોએ વાર્તાઓ આપી છે.

માવજી મહેશ્વરીની *'સેઈફ ડિસ્ટન્સ'* વાર્તામાં ગામડામાંથી શહેરમાં સવર્ણોની સોસાયટીમાં રહેવા આવેલા દલિત રવજીભાઈની દીકરી ભારતીના લગ્ન પ્રસંગમાં પાડોશી વ્યાસભાઈ નોકરીમાં રજા રાખી બધી જ વ્યવસ્થા કરે છે. રાશનથી માંડી કપડા-ઘરેણાં સુધીની તમામ ખરીદીમાં રવજીભાઈની સાથે રહ્યાં. ડાંડિયા રાસ વખતે વ્યાસભાઈએ ઢોલી પર રૂપિયાનો વરસાદ વરસાવ્યો, જાન આવી ત્યારે પણ વ્યાસભાઈ અને તેનું આખું કુટુંબ હાજર જ, જાનને ઉતારો આપવા માટે મકાનની જરૂર પડતાં તેણે જ મકાન માલિકને કહ્યું હતું એટલું જ નહીં જાનને ઉતારે લઈ જવાની, પાથરવાની, ચાપાણીની વ્યવસ્થા પણ વ્યાસભાઈએ જ સંભાળી હતી. જમણવારની પણ બધી જ જવાબદારી તેણે જ ઉપાડી લીધી. આમ ભારતીના લગ્ન પ્રસંગે સગાભાઈ જેવું જ કામ કર્યુ. વ્યાસભાઈ અને તેનો દીકરો ચિંતન ભારતીના લગ્નમાં જે દોડધામ કરે છે એનાથી તો રવજીભાઈના નાતીલાય સ્તબ્ધ થઈ જાય છે પણ અંતે તો રવજીભાઈ અને તેની પત્નીનો ભ્રમ પાણીમાં ઢેફુ ઓગળે તેમ ઓગળી ગયો. લગ્નનું બધુ કામ પૂરું થઈ ગયા પછી રવજીભાઈએ તેના દીકરા વિનોદને પૂછ્યું, ''વિનોદ જમવામાં કોઈ બાકી તો નહોતું રહ્યું ને ?'' વ્યાસભાઈ સિફતપૂર્વક 'ડીસ્ટન્સ'રાખતા હતા તેની ગંધ પારખી ગયેલ વિનોદ કહે છે,

''પપ્પા, બધા તો આવ્યા હતા પણ તમારા પ્રિયભાઈ વ્યાસકાકાનું કુટુંબ નહોતું જમ્યું.

હેં ! કહેતા રવજીભાઈ સોફામાં અડધા ઊભા થઈ ગયા.

શું કહે છે તું ? તે તમે એમને બેસાડ્યા નહીં કે શું ?

પપ્પા, જવાદોને એ વાત; ગુસ્સો આવે છે. તમે જાણો છો કે એ બધી રીતે ભળે પણ ખાવાપીવામાં એ લોકો......''[૪૮]

રવજીભાઈને દલિત ગણીને વ્યાસ કુટુંબ જમ્યું નહીં એથી રવજીભાઈનો બધો આનંદ ઓસરી ગયો અને તેને આઘાત લાગે છે પણ રવજીભાઈને થયેલા આ આઘાતની ક્ષણ બનાવટી છે. વાર્તાકારે દર્શાવેલા રવજીભાઈના વ્યાસ કુટુંબ સાથે દસ વર્ષ જેટલા લાંબા ગાઢ સંબંધો હોય તો વ્યાસ અમુક રીતે રૂઢિચુસ્ત છે એનો રવજીભાઈને ખ્યાલ હોય જ. વ્યાસ કુટુંબનું જે રીતે આલેખન લેખકે કર્યું છે તે જોતાં તો રવજીભાઈનો આઘાત ફિસ્સો પડી જાય છે. ખરેખર તો વ્યાસભાઈએ જ રવજીભાઈને લઘુતાગ્રંથિમાંથી બહાર કાઢ્યા હતા. ડૉ.ભરત મહેતા ઉચિત નોંધે છે કે, ''વિગતો, વિગતોમાંથી ઊભું થતું પાત્ર, એ પાત્ર પર લેખક આરોપિત કરવા માગે છે તે ભાવ–આ બધા વચ્ચે એક ડિસ્ટન્સ રહી જવા પામી છે તેથી આવી વાર્તા Projected લાગ્યા કરે છે.''[૪૯]

આ વાર્તામાં અસ્પૃશ્યતાની બાબતમાં શહેરમાં વસતા સવર્ણ લોકોમાં કેવો દંભ હોય છે તે તરફ લેખકે સંકેત કર્યો છે. સવર્ણોની રૂઢિજડતાને કારણે અજાણપણે દલિતની કોમળ સંવેદન પર કેવો ઘસરકો પડી જાય છે તે આ વાર્તામાં સૂચવાયું છે. પીઠ ઝબકારની પ્રયુક્તિ વાર્તાના વિષયવસ્તુને ઉપકારક નીવડી છે પરંતુ સમયસંકલનાની દષ્ટિએ વાર્તા ઊણી ઉતરી છે.

માવજી મહેશ્વરીની *'વારસો'* વાર્તામાં જી.એ. માંગલિયા ભણીગણીને બેંક મેનેજર બન્યા પછી પણ જાતિ તેનો કેડો છોડતી નથી ! બેંકમાં લોન લેવા આવનાર સરપંચ 'સાહેબ આમ તો હરિજનને ?' જેવો માર્મિક પ્રશ્ન હસમુખી પ્રતિભા ધરાવનાર મેનેજર માંગલિયાનું માથું ફેરવી નાખે છે પણ તેની કરુણતાને ઘેરી તો બનાવે છે તેની સવર્ણ પત્નીનો વ્યવહાર. પત્ની ઈલા કહે છે, ''તમે ખાઈ શું જાણો ? રોટલા ને ડુંગળી સિવાય કાંઈ જોયું હોય તો ને ? આખરે તો......''[૫૦] ઈલાનો વ્યંગ સુજ્ઞ ભાવક પામી જાય છે. પત્નીના આ શબ્દો સાંભળીને 'મેનેજર' માંગલિયા સમસમીને બેસી જાય છે ને તેના મગજની તંગ નસો વધુ તંગ બની જાય છે. વાર્તાકારે માંગલિયાની મનઃસ્થિતિને નિરૂપી હોત તો વાર્તા વધારે ચોટદાર બની શકી હોત એવું લાગે છે.

'હું'ના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી ધરમાભાઈ શ્રીમાળીની *'સડો'* વાર્તામાં દલિત મગનભાઈ અનામતની સીટ પર ચૂંટાઈ સરપંચ બને છે. તે વાર્તાનાયકને જણાવે છે કે હવે ગામમાં આભડછેટ જેવું કશું રહ્યું નથી. બીજી તરફ ગામની પંચાયતની લાઈબ્રેરીનું વર્ષોથી સંચાલન કરતા ખોડભાઈ ચૂંટણીમાં

૪૮. અદશ્ય દીવાલો, માવજી મહેશ્વરી, આર.આર.શેઠ, પ્ર.આ.પૃ.૧૨૪
૪૯. પ્રતિબદ્ધ, ડૉ.ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૪
૫૦. હયાતી, માર્ચ, ૨૦૦૫, પૃ.૧૪

હારી જતાં તેનો લાઈબ્રેરી ચલાવવાનો રસ ઓસરી જાય છે ને પટેલવાસ છોડીને સોસાયટીમાં રહેવા જતો રહે છે. ખોડભાઈને ત્યાં મગનભાઈ અને કથાનાયક લાઈબ્રેરીના પુસ્તકો લેવા માટે જાય છે ત્યારે તે ખાટલા ને ખુરશીઓ બાજુ પર મૂકી દે છે ને પાથરણાં પર બેસાડે છે ! સ્વમાન હણાતું જોઈ શિક્ષિત કથાનાયક મનોમન ચીડાય છે.લાઈબ્રેરીના જૂના પુસ્તકોમાંથી ઊધઈ નીકળે છે. આ ઊધઈ રૂપકાત્મક રીતે આભડછેટ વૃત્તિને સૂચવે છે. હિન્દુસમાજમાં સડો કોઈને કોઈ સ્વરૂપે કેવી રીતે પ્રસરતો ગયો છે ને આખા સમાજને ફોલી ખાય છે તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. વાર્તાકાર અતીત અને સાંપ્રતની ગૂંથણી કરવામાં સફળ રહ્યા છે.

'હું' ના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી ભી.ન.વણકરની *'પગ'* વાર્તામાં 'પગ' દલિતવર્ગનું પ્રતીક બનીને આવે છે. ગ્રામ્યસમાજમાં પ્રવર્તમાન આભડછેટનું સૂક્ષ્મ આલેખન થયું છે. જે હવાડામાં પાડું પડી ન્હાઈ શકે એ જ હવાડામાં લાલયો પડે તો ધોકો લઈ તભોકાકો તૂટી પડે. ''....ઢેઢૂડી બળી છે ને હવાડે મૂઓ છ્, પકડો એ પગને...લૂંડીનો પાછો પેંધો પડે ?''[૫૧] હોટલમાં બાંકડા નીચે પડેલ તૂટેલ કપ વાપરવો પડે. ઘંટીવાળો પણ દૂર રાખે, મંદિરમાં બિલાડી પૂજાનો પ્રસાદ ખાઈ શકે પણ પગ નહીં, હેરકટિંગ સલૂનમાં જઈ શકે નહીં, બરફવાળો પૈસા લઈ હડધૂત કરે, ઘેર ટી.વી. જોવા આવનાર શાકવારી ટી.વી જોતાં અભડાય, મધ વેચવા આવનાર પણ અભડાય ! શકરી શહેરી શ્યામા બની ગઈ પણ પગ તો પગ જ....લકવાગ્રસ્ત, શૃંખલાગ્રસ્ત ! કથાનાયક લક્ષ્મીકાંત મટી લાલિયો જ રહે છે. અહીં લક્ષ્મીકાંતમાંથી લાલિયો, એમાંથી લાલભાઈ અંતે લલુભાઈનું રૂપાંતર 'પગ' માં થઈ જાય છે. લલુભાઈની વેદના ભાવકને ક્ષુબ્ધ કરી દે છે. લલુભાઈ જેવી જ સ્થિતિ સમગ્ર દલિત સમાજની છે. અંતે 'પગ' પ્રતીક મુખર બની જાય છે. ડૉ.પ્રવીણ દરજી નોંધે છે કે, ''વાર્તાનો અંત ઉપર આવતાં'પગનો અલગ વાસ, પગનો અલગ ઘાટ ને પગની અલગ વાત ઉપર ફેન્ટસી એની વાર્તાના પૂર્વાર્ધની મહત્તા કંઈક ગુમાવીને બોલકા પ્રતીકમાં ફેરવાઈ જતી લાગે છે. Focal Point ઉઘાડું પડી જાય છે. પેલા પરિવેશની રહસ્યગર્ભતા, એની હેતુલક્ષીતા, Motivation પછી કંઈક યાંત્રિક સમીકરણ જેવી બની રહે છે.''[૫૨]

બી. કેશરશિવમ્‌ની *'બંધ ઘડિયાળના કાંટા'*ના દલિત રમેશભાઈ સરકારી અધિકારી છે. તેમના ઘરમાં કામ કરતી કામવાળી હરીશ મંગલમ્‌ની 'એબોર્શન'ની મોંઘીની જેમ રમેશની જાતિ જાણતા જ કામ છોડીને ચાલી જાય છે ! રમેશને વર્ણવ્યવસ્થાના અભિશાપ સામે પોતાની સત્તા કે પ્રતિષ્ઠાનું કોઈ મૂલ્ય હોય એવું લાગતું નથી, તે વિચારે છે કે, ''હવે પેલી અડવાની આભડછેટ દૂર થઈ છે પણ મનમાંથી તે જતી નથી. નાનપણથી અત્યાર સુધી જુદા-જુદા સ્વરૂપે તે ક્યાંક ને ક્યાંક છતી થઈને એમને પીડતી રહી હતી. નાનપણમાં શાળામાં ભણતા ત્યારે પાણી પીવા ઘરે જવું પડતું. હાઈસ્કૂલમાં ને કૉલેજમાં આવ્યા પછી, ''તમે તો સરકારના પહેલા ખોળાના'' એવી કૉમેન્ટ સાંભળવી પડતી. આ કામવાળી પોતાની રોજીના ભોગે હજુ અસ્પૃશ્યતા પાળતી હોય તો પછી બીજાની તો વાત જ શું કરવી !''[૫૩] રમેશના મનોસંચલનો સુપેરે આલેખાયા છે. ઘડિયાળ તારિત ગતિનું પ્રતીક છે.વાત અભિધાના સ્તરે ચાલે છે.

---

૫૧. વિલોપન, ભી.ન.વણકર, પ્ર.આ.૨૦૦૧, પૃ.૮૬

૫૨. પ્રતિનિધિ દલિતવાર્તા, સં.હરીશ મંગલમ્, પ્રસ્તાવના લેખ.

૫૩. બી.કેશરશિવમ્‌ની દલિત ચેતનાની વાર્તાઓ,સંપાદન,ભાર્ગવ ઓમગુરુ, પ્ર.આ.૨૦૦૪, પૃ.૪૦,૪૧

બી.કેશરશિવમ્‌ની *'અંબુભાઈ'* વાર્તામાં અંબુભાઈ પંડ્યા શિક્ષણાધિકારી છે. અંબુભાઈ બ્રાહ્મણ નથી પણ દલિત છે તે જાણતાની સાથે જ મકાન માલિક મકાન ખાલી કરવાનો હુકમ કરે છે ! એટલું જ નહીં વરલિયા ગામે સ્કૂલ બનાવવાની હોવાથી ત્યાંના સરપંચ ફુલાજી અંબુભાઈને બ્રાહ્મણમાની અધિકારીને છાજે તેવી મહેમાની આપે છે પણ હકીકત જાણ્યા પછી ફુલાજીના ચહેરા પરથી નૂર ઊડી જાય છે ને તેની સ્થિતિ વાઢો તો લોહી પણ ન નીકળે તેવી થઈ જાય છે. અંબુભાઈ કહે છે.

''ફુલાજી, વર્ષો પહેલાં ડાકોરથી તમારા ગામે દલિત જાતિનો એક છોકરો છાશ લેવા આવ્યો હતો. અજાણતાં તેમને તે અડી ગયો હતો. તમે લાકડી લઈને તેની પાછળ પડ્યા હતા, પેલો છોકરો દલિતોના મહોલ્લામાં મેઠાભાઈના ઘરમાં ઘૂસી ગયો હતો. તમે લાકડી લઈને મેઠાભાઈના ઘરમાં આવ્યા હતા. યાદ છે ? એ છોકરો હું જ છું.''[૫૪]

અતીત અને વર્તમાનની ગૂંથણી કરી અંબુભાઈની કરુણતાને વળ ચઢાવ્યો છે પણ અંત મુખર બની રહે છે. સીધું કથન છે. *'ખરતી ઈંટો'*માં કૉલેજના વાતાવરણ સાથે અસ્પૃશ્યતાને ગૂંથી લીધી છે.

બી.કેશરશિવમ્‌ની *'ક્રિમીલેયર'* વાર્તામાં ગોવિંદભાઈ જજ હોવા છતાં તેને સવર્ણ મહોલ્લામાં ઘર ભાડે મળતું નથી એટલું જ નહીં પૈસા આપવા છતાં પણ મકાન ખરીદી નથી શકતા ! દલાલ કહે છે : ''સાહેબ, આપ પછાત કોમના હોવાથી આજુબાજુ વાળાઓએ તેનો જોરદાર વિરોધ કર્યો હતો. બાકી મકાન-માલિક તો ભગવાનના માણસ છે....''[૫૫] આ ઘટનાથી ગોવિંદભાઈના શરીરમાંથી ચેતન હણાઈ જાય છે. લેખકે ક્રિમીલેયર સિસ્ટમના લીરેલીરા ઉડાડ્યા છે. લેખકે તેમની નવલકથા *'શૂળ'*નો જ પ્રસંગ બેઠેબેઠો અહીં મૂકી દીધો છે !! માત્ર આજ વાર્તા નહીં પણ બીજી ઘણી વાર્તાઓમાં આવું જ જોવા મળે છે !

બી.કેશરશિવમ્‌ની *'સિમંતોન્નયન'* વાર્તામાં સામાન્ય સવર્ણો પણ અધિકારી કક્ષાના દલિતો માટે કેવી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે તે વ્યંગ દ્વારા સ્ફૂટ થયું છે.

બી.કેશરશિવમ્‌ના *'મધપૂડો'* વાર્તાસંગ્રહમાની *'અક્કરમીનો પડિયો'* વાર્તામાં અમૃત શિક્ષક છે. તે પૈસાની થોડી જોગવાઈ થતાં ગાંધીનગરમાં મકાન ખરીદે છે. સવર્ણ પાઠક પાડોશમાં દલિતે મકાન ખરીદ્યુ છે તેની જાણ થતાં જ ઊંચી દીવાલ ચણી દે છે ! પછી તો ત્યાનું મકાન સસ્તામાં વેચી પાઠક ગાંધીનગરમાં પહેલા સેકટરમાં કોઈ દલિત રહેતું નથી તેની તપાસ કરીને ખરીદી લે છે પણ વાર્તાનો અંત ચોટદાર છે. અમૃત બિલ્ડર પરેશને મળે છે ત્યારે પૂછે છે કે પાઠક શું કરે છે ત્યારે તે અનાયાસે જ કહે છે – ''અક્કરમીનો પડિયો કાંણો''[૫૬] આખરે તો પાઠકને પણ ખબર નહતી તેમ તેની બાજુના જ પ્લોટમાં મકાન બની ગયું ને તેમાં અમૃતના કાકાના દીકરા નાયબ સચિવ વાઘેલા સાહેબ

---

૫૪. રાતીરાયણની રતાશ, બી. કેશરશિવમ્ પ્ર.આ.૨૦૦૧,પૃ.૧૮૦,૧૮૧

૫૫. એજન, પૃ.૪૦૬

૫૬. મધપૂડો,બી.કેશરશિવમ્, પ્ર.આ.૨૦૦૫, પૃ.૧૦

રહેવા આવી ગયા. વિધિની વક્રગતિને આલેખતી આ સંગ્રહની સારી વાર્તા છે. બી.કેશરશિવમ્‌ની *'મધ્યાહન ભોજન'* અને *'માદરે વતન'*માં પણ અસ્પૃશ્યતા કેન્દ્રમાં છે પણ સર્જક વાર્તાક્ષણ શોધી શક્યા નથી.

ભી.ન.વણકરની *'ઓઝટવા'* વાર્તામાં શિક્ષિત ને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા પ્રકાશભાઈ બસસ્ટેન્ડે અટવાઈ ગયેલા નેમલો ઉર્ફે નિશ્ચિલ સુંદર અને બેચરકાકાને પોતાની ગાડીમાં બેસાડીને ઘરે લાવે છે. નેમલાની જાતથી પરિચિત હોવા છતાં પોતાને ત્યાં જ રાતે રહેવાની વ્યવસ્થા કરી આપે છે. વહેલી સવારે નેમલો અને બેચરકાકા પોતાના ગામ જવા નીકળે છે ને રસ્તામાં એક હોટલમાં ચા પીવા જાય છે ત્યારે બેચરકાકાને વાતવાતમાં ખબર પડે છે કે નેમલો 'સાહેબ'તો દલિત છે. પછી તો બેચરકાકાનો વ્યવહાર-વર્તન જ બદલી જાય છે. બેચરકાકાના અમાનવીય વ્યવહારથી ભણેલા-ગણેલા ને અપટુડેટ નિશ્ચલને આઘાત લાગે છે ને બેહોશ થઈ જાય છે. ગામના લોકો તેને 'ઓઝટવા' લાગ્યાનું કહે છે ! નેમલો ભલે ભણી ગણીને 'નિશ્ચલ સુંદર' બન્યો હોય, સવર્ણો જેવો જ પહેરવેશ, ચોખલીયાપણું હોય છતાં અંતે તો નેમલો નેમલો જ રહે છે !! અસ્પૃશ્યતારૂપી ભૂત એને ફંગોળી નાખે છે. પ્રકાશભાઈનું ઉમદા વ્યક્તિત્વ આલેખાયું છે.

ભી.ન. વણકરની *'લક્ષ્મણ રેખા'* વાર્તા સુધારાવાદી સવર્ણ રામચંદ્ર રાયની દીકરી રેખાના દષ્ટિકોણથી આલેખાઈ છે. સમાનતા, ભાતૃભાવ અને ન્યાયી સમાજના આદર્શોની વાતો કરે છે. વર્ણભેદ અને વર્ગભેદની કલંકિત દીવાલોને દૂર કરવાના ભાષણો આપે છે પણ જ્યારે તેની જ દીકરી રેખા આઈ.એ.એસ. પાસ દલિત લક્ષ્મણને ચાહે છે, તેની જાણ તેને થાય છે ત્યારે તે તાડૂકી ઊઠે છે. ''રેખા તું સાવ બગડી ગઈ છે, તું કેમ સમજતી નથી એ લોકો તો ?...''

''ચૂપ થા, નાદાન છોકરી, લક્ષ્મણ આખરે તો...''[૫૭] અંતે લક્ષ્મણને ચાહતી રેખાને લઈને રામચંદ્રરાય પોતાનું ઘર બદલીને વતનના સ્થળે ચાલ્યા જાય છે ત્યારે લક્ષ્મણના પ્રેમ સામે લક્ષ્મણ રેખા દોરાય છે. દલપત ચૌહાણે નોંધ્યું છે તેમ જે ક્યારેય લક્ષ્મણ તો શું રેખા પણ ઓળંગી શકશે નહીં. અહીં રેખાએ આદર્શોની, સમાનતાની સુફિયાણી વાતો કરતા પોતાના પિતાનો દંભ ઉઘાડો પાડ્યો છે. રામચંદ્ર રાય જેવાના આ દેશમાં તોટો નથી. વાર્તાનું શીર્ષક સાર્થક ઠરે છે પણ કથન વર્ણનના સપાટ બયાનને કારણે વાર્તા પ્રભાવક જણાતી નથી.

ધરમાભાઈ શ્રીમાળીની *'ઉઝરડો'*માં ભગવાનના ભક્તો પ્રત્યે આચરવામાં આવતી આભડછેટનું પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા આલેખન થયું છે. ખાસ કરીને ગામડાઓમાં કોરી,પાટ જેવા પ્રસંગોએ ભક્તોને 'વાયક' દેવાનો રિવાજ છે. આ પ્રથા પ્રમાણે દલિતવાસની ભક્ત મંડળી જ્યારે ઠાકોરવાસમાં ગાવા જાય છે ત્યારે ચા પીવા માટે પોતાના કપ સાથે લઈ જવાની પ્રથા છે. બીજી એક વિષમતા એ છે કે સવર્ણો દલિત સત્સંગીઓને પિત્તળની વાડકીમાં ચા આપતાં જ્યારે સવર્ણોને સ્ટીલની વાડકીમાં ચા આપતા ! એટલું જ નહીં દલિત ભક્તોને અલગ રંગના કપમાં ચા આપતા, માથું

૫૭. વિલોપન, ભી.ન.વણકર, પૃ.૧૦૮

ઉઘાડું ના રાખી શકે તેમજ ચોરા વચ્ચે ઊભા પણ ન રહી શકતા ! આ ભેદભાવ શિક્ષિત બાવજીને કઠે છે. આથી તે ગાવા જવાનું બંધ કરી દે છે. સીધા કથનરૂપે આલેખાયેલી આ વાર્તામાં ભારોભાર વ્યંજના છે. વાર્તાના અંતે મૂકેલા ઉઝરડાનો સંકેત રસપ્રદ છે પણ વાર્તા ઘટના સ્તરે પાંખી જણાય છે. નાયકની ચેતના પર કાંતિ, ચેલજી જેવા પાત્રો છવાતાં રહે છે. *'ભોગ'* વાર્તામાં મંદિરના બાંધકામમાં ભોગ આપનાર દેવાની મંદિરના પ્રતિષ્ઠાઉત્સવમાં ઉપેક્ષા થાય છે! વાર્તામાં ગરીબાઈનું પણ સૂક્ષ્મ આલેખન થયું છે. *'આડવાત'*માં સવર્ણોની દલિતો પ્રત્યેની સૂગનું આલેખન છે. સવર્ણ કર્મચારીઓમાં દલિતો પ્રત્યે સૂગ અને દલિત અધિકારીમાં માનવતા એ બેનુ સંનિધિકરણ આસ્વાદ્ય છે. જુઓ, ''....પાણીનો લોટો આખેઆખો ગટગટાવી જાઉં છું. વ્યાસજી મોંઢામાં પડીકી નાખીને ગુટકા ચાવવા માંડે છે.''[૫૮] સવર્ણોની દલિત અધિકારી પ્રત્યેની સૂગને વાર્તાકારે પરિસ્થિતિ, પરિવેશ ને ચરિત્રો દ્વારા વ્યંજિત કરી છે પણ સ્મૃતિસાહચર્યની પ્રયુક્તિ દ્વારા રચેલું જીવણનું કથાઘટક ગૂંથાતું નથી. તે માત્ર દલિત અત્યાચારને વળ ચડાવવા માટે પ્રયોજાયું હોઈ મેલોડ્રામેટિક બની રહે છે.

નૈકલ ગાંગેરાની *'યક્ષપ્રશ્ન'*માં રામભાઈ પટેલનું મરેલું વાછરડું લેવા ગયેલા કાભઈનો દીકરો ભીખુ હિંચકા પર બેસે છે. પટલાણી હિંચકો અભડાઈ ગયેલો માની ધૂએ છે, આથી ભીખુએ એકાએક પિતાને પૂછયું, 'બાપા હિંચકાનું પાટિયું મેં ગંદુ નથ કરીયું પછે શીદ પટલાણી એને સાફ કરછ....'[૫૯] આ સાંભળી કાભઈએ સટ્ દઈને એક ધોલ ભીખુને મારે છે, ભીખુ રડવાને બદલે એસિડ જેવો જલદ પ્રશ્ન પિતાને કરે છે 'કયા વાંક મુ ન માર્યો.....'[૬૦] વાર્તા અહીં જ પૂરી કરવા જેવી હતી, કારણ કે સર્જકે જે વાર્તાન્તે કહેવા ધાર્યુ છે તે તો શીર્ષકમાંથી જ સ્પષ્ટ થઈ જાય છે. ભવિષ્યવાણી કરવાની કોઈ જરૂર છે ખરી ? તળબોલી ધ્યાન ખેંચે છે. એકાદ દૃષ્ટાંત જોઈએ :

''ભૈ જરા હમજ ન.... પટલવાહમાં જવાનું છન તું મુન શીદ પજવ છ..... ગાયનું વાછડું લૈ ન આયો હમજ....''[૬૧]

બળદેવ પટેલની *'વરાધ'*માં ચમારકુંડનું પાણી પીવડાવી બાળકને થતાં અસાધ્ય રોગ 'વરાધ'ને અભડાવવાની વાત સપાટ બાનીમાં કહેવાઈ છે. અહીં વખત આવતાં ચમાકુંડના પાણીથી રૂખીબા, શવલી અભડાતા નથી પણ ચમારની ટોઈલી વાપરવાથી અભડાય છે ! તેમની માનસિકતા સર્જકે આ રીતે વ્યકત કરી છે, ''...સાસુ-વહુ અંધારે ઘેર પાછાં ફરતાં ફરતાં પોતે ટોઈલી ઘેરથી નહીં લઈ આવવાનો અફસોસ કરતાં રહ્યાં ને હવે પછી ટોઈલી લઈ આવવાનો બંનેએ મનોમન નિશ્ચય કરી લીધો. ઝડપથી લીધેલાં આ નિર્ણયની સાથે જ ઘરે ઝટ પહોંચવા ચાલને ઉતાવળી કરી ગામ વચ્ચેથી કોઈ દેખે નહીં તે રીતે ને મહોલ્લામાં લોક જાગે એ પહેલાં ઘરે પહોંચતા બંનેને હાશ થઈ કે, વરાધ અભડાવવા

---

૫૮.શબ્દસૃષ્ટિ, નવેમ્બર, ૨૦૦૩, પૃ.૪૮

૫૯. દલિત ગુજરાતી વાર્તા : ૧૯૯૫, સંપાદકઃ અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા, પ્ર.આ.૧૯૯૫, પૃ.૬૦

૬૦. એજન, પૃ.૬૦

૬૧. એજન, પૃ.૫૯

ગયા ત્યાં પોતે અભડાઈને આવ્યાની કોઈને જાણ તો નથી થઈ !''[૬૨] આમ, અહીં રૂઢિચુસ્ત સવર્ણોની સ્વાર્થ પ્રમાણે મૂલ્યોમાં બાંધછોડ કરવાની દંભી રીતીનીતિ ટોઈલી અને ફોટોગ્રાફરના પ્રસંગમાં અભિવ્યકત થઈ છે. આભડછેટ, લાચારી, સંકોચ, દંભ, સ્વાર્થ વગેરે જોવા મળે છે. અજિત ઠાકોરે નોંધ્યું છે તેમ ''કથનની રૈખિક નિર્વ્યાજ રીતિ રૂખીબા-વહુ અને જીવાના વ્યક્તિત્વોના સંનિધિકરણને કારણે વક્રતા ધારણ કરે છે.''[૬૩]

અમૃત મકવાણાની પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્ર દ્વારા લખાયેલી *'લિસોટો'* સ્વાનુભૂતિની વાર્તા છે. કથાનાયિકા દલી ઠાકરડા કોમની છે. તે કથાનાયક (લેખકના) ના પ્રેમમાં પડે છે ને તેને પોતાનું તન આપવા માટે પોતાના લગ્નના આગલા દિવસે રાતે આમંત્રણ આપે છે. બંને નક્કી કરેલી જગ્યાએ તો મળે છે પણ કથાનાયક દલી સાથે સંબંધ બાંધવાથી ઠાકરડાના પોતાના વાસ પરના આક્રમણના ભયથી ઈચ્છા હોવા છતાં પણ દલીને ના પાડી દે છે. ત્યારે દલી, ''મારી બેનપણીઓ કહેતી તી કે ઢેડ તો ભૈડકાનું પાદ હોય, એમનો સંગ કાશીએ ના પોંચે. તારા ઠેકાણે અમારો ઠાકેડો હોત તો ચ્યારનો'ય લૂગંડા ઊતારીને ઊભો હોય,..... લે હેંડ ગગી, ડબલુ ઢોળી દે....ફેરો ફોગટ થયો ?''[૬૪] કહી પાણીના રેલા માફક ચાલી નીકળે છે પણ આ વિધાન કથાનાયકયના મન અંતર પર લિસોટો પાડી જાય છે. વાર્તામાં કપાસના કાલાં વીણવાનું અને ફોલવાનું સરસ ચિત્ર છે. અહીં દલિતો ને ઠાકરડાની આર્થિક સ્થિતિ સરખી જ છે. બંનેનું શોષણ જમીન માલિકો કરે છે. પાત્રોચિત ભાષા છે. વિષયને ઊચિત પરિવેશ પણ આલેખાયો છે.

હરીશ મંગલમ્‌ની *'દલો ઉર્ફે દલસિંહ'* વાર્તામાં અમદાવાદની મિલો બંધ થતાં બેકાર કારીગરોની વેદના અને એમાય મુખ્યત્વે તો દલિત કારીગરોની વેદનાનું નિરૂપણ છે. વાર્તાનાયક દલિત દલો પથરા મિલનો કુશળ, અનુભવી કારીગર છે. દલાને મિલ ટૂંક સમયમાં જ બંધ થઈ જશે એનો અણસાર આવી ગયો હતા. મેમ્બરને ચેતવ્યા હતા પણ એની વાત કોઈએ કાને ના ધરી. મિલ મેનેજર ધીમે-ધીમે માલસામાન સગેવગે કરવામાં પડ્યો હતો અને અંતે 'પથરા' મિલ બંધ થઈ ગઈ, એ સાથે બીજી અનેક મિલો પણ બંધ થઈ ગઈ, દલાની ભવિષ્યવાણી સાચી પડી. મિલ બંધ થતાં અનેક કુટુંબો છિન્ન-ભિન્ન થઈ ગયા. એમાં દલિત દલાનું પણ કુટુંબ છિન્ન-ભિન્ન થઈ ગયું. તેના છોકરા હજી નાના છે. વૃદ્ધ મા-બાપ ગામડે રહે છે. ભણવાનું તો ઠીક બધાને ખવડાવવાનું શું ? એવી મૂંઝવણ અનુભવતો દલો પોતાના કુટુંબના ભરણ-પોષણ માટે કોઈ પણ પ્રકારનું કામ કરવા માટે તૈયાર છે પણ પોતે દલિત જાતિનો હોવાને કારણે ખાનગી પેઢીમાં તેને કોઈ પગીની નોકરીમાં પણ રાખતું નથી. અંતે ના છૂટકે લાચારીથી દલો 'દલસિંહ' ઉપનામ ધારણ કરે છે. લાચારીથી 'હરિજન'ને પોતાની અંદર ઢબૂરી એણે 'દાતરડા જેવી રાખી મોટી મૂછો, કાળો રંગ, ભરાવદાર શરીર, અવાજમાં કરડાકી, આંખોમાં ઝનૂન. દરબારના બાપનેય ડરાવે તેવો તેનો દેખાવ થઈ જાય છે. પછી તો તરત જ આનંદ બજારની ધનસુખલાલ

૬૨. એજન, પૃ.૧૭
૬૩. એજન, પ્રસ્તાવના લેખ, પૃ.૭
૬૪. લિસોટો, અમૃત મકવાણા, પ્ર. આ. ૨૦૦૩, પૃ.૮૩

મહેતાની દુકાનમાં પગી તરીકે લાગી જાય છે ! ધનસુખલાલ મહેતા દલાની બહાદુરી, પ્રામાણિકતા, નિષ્ઠાને કારણે જૈનોના મોટા યાત્રાધામ 'કીર્તિધામ જૈનતીર્થ' મંદિરનો પગી બનાવી દે છે પણ ત્યા અગાઉનો પગી ભવાનસિંહ દલસિંહને બદનામ કરવાના કાવતરા ઘડે છે. એક દિવસ ભવાનસિંહે 'કીર્તિધામ જૈનતીર્થ'માંથી મૂર્તિ ચોરી જવાનું કાવતરું દલસિંહને ફસાવવા માટે કર્યું પણ ચતુર, બહાદુર દલસિંહ તેને અને તેના સાથી રતનસિંહને રંગે હાથ પકડ્યા અને ટ્રસ્ટી સમક્ષ રજૂ કર્યા. ગામના લોકો તેમજ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્યો દલસિંહની પ્રામાણિકતા અને ફરજનિષ્ઠા પર ખુશ થઈ ગયા, પગાર પણ વધારી દીધો પણ દલસિંહના મનમાં સતત એક બીક રહ્યા કરે છે, કોઈ તેને ઓળખી ન જાય! અંતે એવું જ બને છે. તેનો વેવાઈ મંગળદાસ પાનના ગલ્લા ઉપર મળી જાય છે અને ના પાડી હોવા છતાં પણ ભૂલથી 'વેવાઈ' સંબોધન કરી બેસે છે. પાનના ગલ્લાવાળાને દલસિંહની વાતચીત ઉપરથી ખબર પડે છે કે દલસિંહ તો 'હરિજન' છે. પછી તો વાયુવેગે વાત આખા ગામમાં પ્રસરે છે. દલાનો વિરોધી ભવાનસિંહ પણ અંબાપુર જઈ સંપૂર્ણ માહિતી જાણીને ગામ લોકોને કહે છે કે દલસિંહ 'હરિજન' છે. આથી ગામના સવર્ણોની રૂખ બદલાય જાય છે. પછી તો વંટોળની જેમ ઝનૂની ટોળું મંદિરને દરવાજે ખડકાઈ ગયું. સવર્ણોનું મોટું ટોળું આખુ ગામ અને મંદિરને અભડાવ્યું કાઢો....મારો....બહાર કાઢો...કરીને પાછળ પડે છે પણ અંતે દલો અદશ્ય થઈ જાય છે. સમાજનું આ વરવું દશ્ય સહૃય ભાવકને હચમચાવી દે છે. માત્ર જાતિને કારણે જ દલાની રાતોરાત સચ્ચાઈ, નિષ્ઠા, પ્રામાણિકતા, શૌર્ય, બહાદુરી ઓસરી જાય એ કેટલી મોટી કરુણતા કહેવાય.

આ વાર્તામાંથી પસાર થતાં મને મરાઠી વાર્તાકાર બાબુરાવ બાગૂલની 'જ્યારે મે મારી જાત છુપાવી હતી' વાર્તાનું સ્મરણ થાય છે. આ વાર્તાનો નાયક ભણેલ-ગણેલ છે. નોકરી માટે બીજા ગામ જાય છે. 'દલો ઉર્ફે દલસિંહ'માં નોકરી મેળવવા માટે જાતિ છુપાવવી પડે છે તો અહીં વાર્તાનાયકને રહેવા માટે મકાનની જરૂર પડતા પોતાની અસલી જાતિ છુપાવવી પડે છે. એક દિવસ જ્યારે તે પોતાની જાતિ પ્રગટ કરે છે ત્યારે આસપાસના સવર્ણ લોકો તેને ખૂબ માર મારે છે. ત્યાથી બચીને નીકળેલો એ વાર્તાનાયક કહે છે – 'ઉન્હોને મુજે કબ પીટા ? મેરી પિટાઈ તો મનુને કી હૈ ?' આ વાક્યથી માત્ર તેની વ્યક્તિગત વ્યથા પ્રગટ નથી થતી પરંતુ ધર્મપ્રેરિત સમાજવ્યવસ્થાની સામે તેનો આક્રોશ પણ વ્યક્ત થાય છે. દલિત લોકોને કેટલાક દુઃખો તો જન્મજાત હોય છે, તેનું મુખ્ય કારણ ભારતીય સમાજવ્યવસ્થા છે. આવી જડ, કઠોર સમાજવ્યવસ્થાને પરિણામે દલા જેવા અનેક દલિત લોકોના સંસ્કાર, શિક્ષા, પ્રામાણિકતા, કાર્યદક્ષતા જેવા ગુણો માટીમાં ભળી જાય છે.

લેખકે વાર્તાનાયકના આંતર-બાહ્ય વ્યક્તિત્વને અસરકારક રીતે ઉપસાવ્યું છે. વાર્તાનાયક ઉચ્ચ હોદ્દો કે ગૌરવ મેળવવા માટે નહીં પણ ભૂખને સંતોષવા માટે લાચારીથી જાતિ બદલે છે. પોતાના અને કુટુંબના ભરણ પોષણ માટે જાતિ બદલવાની ફરજ પડે છે ! આમ ઉર્ફેનું આવરણ ઓઢવું પડે એનાથી મોટી બીજી કઈ કરુણતા હોઈ શકે ? દલો માનવીય ગુણોથી સભર વ્યક્તિત્વ ધરાવે છે. તે કપરા સંજોગોમાં પણ પ્રામાણિકતાથી નોકરી કરે છે. પગી બન્યા પછી દલો જે રીતે ચોરી કરતાં

માણસ અને માલની હેરાફેરી કરતા પેઢીના માણસને પકડી પાડે છે ત્યારે એ માણસો-કારીગરો દલસિંહને ભાગીદારીની વાત કરે છે ત્યારે દલસિંહ તેમને કહે છે 'આ જન્મે તો નહિ પણ આવતે જન્મે પણ નહિ' કહીને બધી જ માહિતી શેઠને કહી દે છે. એ જ રીતે કીર્તિધામ તીર્થના અગાઉના પગી ભવાનસિંહ દ્વારા મૂર્તિ ચોરવાનું કાવતરું પણ તે પકડી પાડે છે. દલો ઈમાનદારી અને દરબારી રીતભાતથી ઠીક-ઠીક નામના મેળવે છે પણ બહારથી બહાદુર અને ચતુર લાગતો દલો અંદરથી તો નારાજ છે. સતત રિબાયા કરે છે. જાત છૂપાવવી એ એને ગમતું નથી. એ મનોમન વિચારે છે''....દલસિંહ તું ધ્યાન રાખજે, અહીં કોઈ ભાયાત-બાયાત નથી. કોઈ તારા નાતીલા નથી. કોઈ દા'ડો ભઈની ભઈયારી નહિ નં તર્કની સહિયારી નહિ, સમજ્યો ! તું જાતનો દલિત, એ લોકોની નજરમાં હડધૂત થયેલો અભાગિયો....એક અછૂત જે દિવસે બધાને ખબર પડશે કે તું દલિત છે, તે દિવસે તારી બોટી પણ હાથ નહિ આવે ! ''[૬૫] અહીં દલાનું આંતર વ્યક્તિત્વ ઉપસી આવતું જોઈ શકાય છે. દલાનું પાત્ર સહજ અને જીવંત લાગે છે. માનવીય ગુણોથી ઓપતું ચરિત્ર છે. સામે પક્ષે મિલના માલિકો અને ભવાનસિંહ, રતનસિંહ વગેરે કેવા કપટી અને દંભી છે તે પણ આપણે જોઈ શકીએ છીએ. મોટા ભાગે તો આવા સ્વાર્થી લોકોને કારણે જ દલિતોને વેઠવાનું આવે છે. દલિતોની કપરી પરિસ્થિતિ માટે જવાબદાર કોને ગણી શકાય ? દલો કહે છે. ''હારાં, આ મહાજનિયાંને હું કહી કહીને થાક્યો પણ આજલગી 'ના...ના' કરતાં રહ્યાં ને બધાય મજૂરો ઊંઘતા ઝડપાયા''[૬૬] મજૂરોના પૈસાથી જ તાગડધિન્ના કરતા મજૂર મહાજન સંસ્થાના માણસો મજૂરોનું જ હિત જાણવતા નથી. એનો રોષ દલામાં ભારોભાર રહેલો છે. દલો કહે છે : ''ભૈ, અઠવાડિયા પહેલાં પેલો મહેતો મેનેજર માલ રવાના કરતો ત્યારેય મને શંકા ગઈ'તી, તરત જ મેં મેમ્બરોનું ધ્યાન દોર્યું તું પણ આપણું સાંભળે કોણ ? તળિયેથી તે છેક ટોચ સુધી બધું જ સડેલું છે....''[૬૭] અહીં સમાજના ઉચ્ચ વર્ગનો કપટી વ્યવહાર છતો થતો જોઈ શકાય છે.

મિલો બંધ થતાં મજૂર વર્ગ કેવી કફોડી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે એનું વર્ણન સહૃદય ભાવકને પણ થોડીવાર માટે અજંપામાં નાખી દે છે. ''...માંડ માંડ પાટે ચડેલું ગાડું ઘોંચમાં પડ્યું. જીવવા માટે વલખા શરૂ થયાં એ સિવાય બીજો વિકલ્પ પણ ક્યાં હતો ? પેટનો ખાડો તો પૂરવો પડેને? એટલે ભણવાનું છોડીને છોકરાં-બૈરાં, તૂટમૂટ કંતાનનો થેલો ખભે નાખીને કાગળના ડૂચા-ગાભા-પ્લાસ્ટિક-લોખંડ-કાચનો ભંગાર વીણવા જતાં. નાક ફાટી જાય તેવી દુર્ગંધ મારતા ગંદકીના ઢગલા ફેંદવા સિવાય જીવન દોહ્યલું બનતુ ગયું. આમાંથી ચા-પાણીનો ખર્ચ નીકળતો. કેટલાક ફેક્ટરીઓમાં વળગ્યા તો કેટલાક પગી તરીકે જોડાયા. મહિને દા'ડે ત્રણ-સાડા ત્રણ હજારનો પગાર મેળવનારને ફેક્ટરીમા માંડ સાડા સાતસો મળતા. ઘરનું પૂરું થાય કેવી રીતે? મજબૂરીને લીધે મજૂરોની મહેનત પાણીના મોલે વેચાવા લાગી. સમાજમાં એમનું સ્થાન તળિયે હતું. એનાથી નીચે ભૂતકાળમાં ધરબાઈ ગયું. મજૂરોનું મોત આવી ગયું.'[૬૮] લેખકે અહિં મિલ બંધ થતા મજૂરો કેવી દારુણ પરિસ્થિતિમાં ધકેલાઈ

૬૫. તલપ, હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૧, પૃ.૨૫

૬૬. એજન, પૃ.૨૧

૬૭. એજન, પૃ.૨૨

૬૮. એજન, પૃ.૨૨,૨૩

ગયા છે તેનું તાદશ વર્ણન કર્યું છે. 'ગરીબોના નસીબ ગરીબ' કહેવત સાર્થક ઠરતી લાગે છે. શહેરોની મિલમાં કામે લાગવાથી ગામડામાં ખેતમજૂરીની લોહી-પસીનો એક કરતી વેઠમાંથી માંડ છૂટકારો થયો હતો પણ થોડા જ સમયમાં મિલો બંધ થઈ ગઈ. આ કારમો આઘાત ખાસ કરીને તો દલિતોના દિલને દઝાડી જાય છે. વાર્તાનો અંત પણ કલાત્મક છે. જુઓ :

"ટોળાંના ઘોંઘાટમાં મંદિરનો ઘંટારવ ખુલ્લા આકાશને ચીરતો રહ્યો. મંદિરની ટોચે ચકચકિત સોનાના કળશ પર ધજા ફરફરી રહી હતી. દલસિંહને શોધવા માટે ઝનૂની ટોળાની દોડધામ મચી ગઈ. મંદિર પર બેઠેલાં કબૂતરોની પાંખોમાંથી ફડફડાટ ખરી રહ્યો. બધા થાકીને હાંફી રહ્યા. ભવાનસિંહની આંખોમાં 'હાળો છટકી ગયો' નો ભાવ તરવરી રહ્યો હતો....એની લાલઘૂમ આંખોમાંથી તણખા ઝરી રહ્યા હતા. આટલી શોધખોળ પછીય દલસિંહ ક્યાંય મળ્યો નહિ....."[૬૯] 'વંટોળની જેમ ઝનૂની ટોળું મંદિરને દરવાજે ખડકાઈ ગયું' એ વિધાનથી આપણને સહજ રીતે જ એમ થાય કે એ ટોળું દલસિંહને મારી નાખશે પણ એવું થતું નથી. વાર્તાના અંતે દલો અદશ્ય થઈ જાય છે. સવર્ણોના ભયને કારણે ત્યાથી ભાગી જાય છે. વાર્તાનો અંત મેલોડ્રામેટીક ન લાગતા સહજ લાગે છે. વાર્તાના અંતે સવર્ણોનું માનસ વેધક રીતે આલેખાયું છે. વિષયવસ્તુને અનુરૂપ પાત્ર અને પરિવેશની પસંદગી લેખકે કરી છે. પાત્રોના સંકુલ મનોસંચલનોનું લેખકે ઝીણવટપૂર્વક આલેખન કર્યું છે. ટૂંકમાં ભાષા, ઘટના, પરિવેશ બધુ જ સર્જક ચેતનાએ રસાઈને ખાસ તો 'જાતિ' અને 'બેકારી'ને કારણે યાતના અનુભવતા દલાની સંવેદનાને જ ધારદાર રીતે વ્યક્ત કરે છે. કબીરે કહ્યું છે કે :

"જાતિ ન પૂછિયે સાધુકી, પૂછિ લીજિએ જ્ઞાન।
મોલ કરો તલવારકા, પડા રહને દો મ્યાન ॥"

પણ આજે તો માણસની ગુણવત્તાને બદલે પહેલા જ્ઞાતિ જ પૂછાય છે ! એક સર્વેક્ષણ મુજબ ખાનગી કંપનીઓમાં તો દલિત યુવાનોમાં ગુણવત્તા હોવા છતાં પણ નોકરી રાખતા નથી પણ હા, ક્યારેક પટાવાળા જેવા પદ પર તેમની નિમણૂક કરતાં હોય છે. 'દલો ઉર્ફે દલસિંહ' વાર્તામાં વાર્તાનાયક દલાને જાતિને કારણે જ વેઠવું પડે છે. દલસિંહની જ્યારે જાતિની ખબર પડે છે ત્યારે ગામના સવર્ણોનું વલણ જ બદલાય જાય છે. સવર્ણો દલાને મારવા દોડે છે. 'દલો ઉર્ફે દલસિંહ' જાતિભેદના દંડની વાર્તા છે. કમળ કાદવમાં ઊગે છે પણ છતાં દેવશિરે ચઢે છે ! જન્મ ક્યાં થયો છે એ મહત્ત્વનું નથી પણ ગુણો મહત્ત્વનાં છે આવું રટતાં સુભાષિતોને આ વાર્તા પડકારે છે !

હરીશ મંગલમ્‌ની *'તલપ'* વાર્તામાં મુખ્ય બે પાત્રો છે. દલિત ગરીબ ભલિયો અને શવલી. વાર્તાનાયક ભલિયાની બીડી પીવાની તલપ વખત જતાં બાળમિત્ર શવલીનો પ્રેમ પામવાની અદમ્ય તલપમાં કઈ રીતે સંક્રાન્ત થાય છે એ પ્રક્રિયાનું મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ નિરૂપણ થયું છે.

---

૬૯. એજન, પૃ.૨૭

કિશોર ભલિયાને બીડી પીવાની તીવ્ર તલપ લાગે છે પણ પોતાના મા-બાપની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તેની પાસેથી બીડી ખરીદવા પૈસા મળી શકે એમ નથી અલબત્ બાળસખી શવલી તેને કોઈ-કોઈ વખત દસ પૈસા આપે છે પણ તે રોજ મળવા તો શકય નથી તેથી અંતે ભલિયો બીડીના ઠૂંઠાની શોધમાં વાસ બહાર હોટલના ઓટલા પાસે આવે છે. ઓટલા પાસેથી તેને એક મોટું બીડીનું ઠૂંઠુ મળે છે પણ તેને સળગાવવા માટે તેની પાસે દીવાસળી કે લાઈટરનો મેળ પડ્યો નહીં. બીજી એક મુશ્કેલી એ છે કે એ સમયે વાસના બે-ત્રણ ડોસા બેઠા હતાં તેથી તેની સામે બીડી પી ન શકાય ! ભલિયો ઘણો નિરાશ થઈ ગયો પણ એજ વખતે ત્યાં ઊંટગાડી ચલાવનાર ભીમો રાવળ તેની પાસે આવીને બેઠો. ભીમાએ ખિસ્સામાંથી લાઈટર કાઢીને બીડી સળગાવી. લાઈટર જોઈ ભલિયો ખુશ થયો પણ તે ભીમા પાસે લાઈટર માંગે એ પહેલા તો ભીમાએ લાઈટરને ખિસ્સામાં મૂકી દીધું કારણ કે, આ જ ઓટલા પરથી એનું લાઈટર એકવાર ગુમ થઈ ગયું હતું. ભીમાની બીડીનાં ધૂમાડાની સુગંધથી ભલિયાની બીડી પીવાની તલપ તીવ્ર બની જાય છે. થોડીવાર પછી ભીમાએ તેને લાઈટર આપવા ખિસ્સામાં હાથ નાખ્યો તે જ ઘડીએ સામેથી આંબા-લેંબાને આવતો જોઈને ભલિયાના ઈશારે ભીમો લાઈટર ખિસ્સામાં પાછું મૂકી દે છે. આંબા લેંબાએ પોતાની બીડી પીવાની ઈચ્છા પર પાણી ફેરવી નાખ્યું એ વિચારે ભલિયો તેને મનોમન ગાળો આપે છે. આ નવરીનો...! આંબલો ટપકી પડ્યો; હવે શું થાય ?[૭૦] એ નવરોધૂપ નખોદિયો વાતોમાં એવો તલ્લીન હતો કે હવે એ જસે જ નહિ એ વિચારે તે મુઠ્ઠી વાળી ત્યાંથી ભાગીને ગ્રામપંચાયતની હવેલી પાસે આવીને ધોળીનું ઠૂંઠુ મળશે એવી આશા રાખીને ઊભો રહે છે પણ કમનશીબે ત્યાં જુગારીયાઓ 'પતા' રમવા આવ્યા ન હતા. તે કંટાળીને ઓટલા પર બેઠો, એવામાં સરપંચ આવતા દેખાયા. તેમના હાથમાં સિગારેટ જોઈને ખુશ થઈ ગયેલો ભલિયો પોતે જ કાળજીપૂર્વક સાંચવી રાખેલી ઍંડી જેવા ઠૂંઠાને વટથી મસળી નાખ્યું ! ને પછી સિગારેટને કાગડોળે તાકી રહ્યો પણ સરપંચ કોઈ પોલીસ કેસની વાતોમાં એટલા લીન થઈ ગયા હતા કે સિગારેટનો છેડો આવી ગયો અને તેઓ દાઝયા ! સિગારેટનું ઠૂંઠુ પણ ભલિયાને હાથ લાગ્યું નહીં. એથી ભલિયાના બાવાના બેય બગડ્યાં જેવું લાગ્યું. મોટું ઠૂંઠુ તો તેણે સિગારેટને જોઈને ભૂકો કરીને ફેંકી દીધું હતું અને સિગારેટના સ્વાદની પણ આશા ફળી નહીં. આથી તે મનોમન સરપંચને ગાળ આપે છે- 'મેર, દિયોર મેશી !' નિરાશ થયેલો ભલિયો બીડીના ઠૂંઠાની લાલચે ઊંટલારીવાળા ભીમાની પાછળ હોટલ સુધી જાય છે; પણ હરિજનો માટે હોટલમાં પ્રવેશબંધી હોવાથી ઠૂંઠુ મળે કેવી રીતે ? અહીં લેખકે સામાજિક વિષમતા તરફ સંકેત કર્યો છે. અંતે 'હેંડ ભલિયા ! આજ તો લમણે ઠૂંઠુય લશેલું નથી'[૭૧] ઊંડો નિસાસો નાખતા તે રામાપીરના મંદિરે આવીને બેઠો ત્યારે કૂવે પાણી ભરવા આવેલી બાળસખી શવલીએ તેને બોલાવ્યો, તેથી તેની બીડી પીવાની ઈચ્છા હવે પૂર્ણ થશે એવી આશા જન્મે છે પણ બીડી માટે દશિયું માગતા ભલિયા સામે મલકીને આંખો પટપટાવી રહેલી શવલી પાસે કબજામાં દશિયું હશે જ, એવી તેની અપેક્ષા ઠગારી નીવડી. પરંતુ શવલીએ આજે પૈસા નથી એમ કહ્યું ત્યારે તલપનો માર્યો ભલિયો

---

૭૦. તલપ,હરીશ મંગલમ્, પૃ.૧૦

૭૧. એજન, પૃ.૧૨

શવલી કબજામાં જે જગાએ બટવો મૂકતી હતી તે જગાએ હિમંત કરીને અડપલું કરી લીધું!....શવલીને ભલિયાની આ ચેષ્ટાથી શરીરની રગેરગમાં ઝણઝણાટી પ્રસરતી અનુભવાઈ અને અનન્ય અનુભૂતિ થઈ. એનું આખું બદન ઝંકાર કરી ઊઠયું. ભલિયાના સ્પર્શથી શવલીમાં જુદો જ સંચાર થાય છે. અહીંથી વાર્તામાં નવો વળાંક આવે છે. શવલીને તો પેલા અલૌકિક સ્પર્શને 'ચટકા ભરી ભરીને' યાદ આવ્યા કરે છે. શવલીના હાસ્ય અને બંગડીઓના રણકારના ગર્ભિત ઈજનને કંઈક અંશે ભલિયો પામી જાય છે. અંતે ભલિયાની બીડીની તલપ શવલીમાં સંક્રાત થાય છે! એક દિવસે વાસના બધા સ્ત્રી-પુરુષો લોકાચારે બહારગામ જતાં જ શવલી વાસમાં લખોટી રમતા ભલિયાને બોલાવે છે, ભલિયો શવલીની નજીક જાય છે, તેના આંખ, ગાલ અને હોઠ પર વિલશી રહેલા હાસ્યની મોહક નાગચૂડમાં તે કેદ થતો રહે છે. શવલી ભલિયાને સ્પેશ્યલ બીડી આપે છે પણ બીડી લઈને સળગાવવાને બદલે ભલિયો તેને 'આવેશમાં જોરથી' મસળી નાખે છે, મસળી મસળીને ભૂકો કરી નાખે છે! હવે ભલિયાને બીડી પીવામાં રસ નથી પણ ભલિયાની નજર શવલી જે જગા પર બટવો મૂકતી હતી ત્યાં ચોટી જાય છે. તે ધીરેથી હાથ દબાવે છે; ત્યાં જ રેવા સેનમાનું જોટું વાસમાં ધસી આવે છે ને તેની તલપમાં ભંગ પાડે છે. પકડાઈ જવાની બીકે બંને છૂટા પડે છે. શવલીના એકાએક લગ્ન નક્કી થઈ જાય છે. સમાજના રિવાજ મુજબ તે ઘરની બહાર પણ નીકળી શકતી નથી. ''શવલી તારો લગન લેવાનો સ એટલઅ એકલાં બહાર ના જવાય, ભૂત-પલીત ઑહણ થાય! પોહણ ચાકુ રાખ એટલઅ્ ભો નૈ!''[૭૨] લગ્ન થઈ ગયા પછી સાસરે જતી શવલીને ભલિયો મળી શકતો નથી એ તો ઠીક એનું મોં પણ જોઈ શકતો નથી. એનો ભલિયાને ભારે વિષાદ છે. ભલિયાની પહેલા બીડી પીવાની અને ત્યાર બાદ શવલીને પામવાની તેના મનમાં ચાલતી ગતિવિધિને અહીં કલાત્મક રીતે નિરૂપી છે. વાર્તાના અંતે ભલિયાની વેદના વેધકરીતે વ્યકત થઈ છે. ભલિયાની બીડીના ઠૂંઠાની તલપ અતૃપ્ત રહી છે તેમ સવલી સાથેના સાંનિધ્યની પણ તેની તલપ અતૃપ્ત જ રહે છે. ગરીબનું નશીબ ગરીબ કહેવત મુજબ ભલિયાની બીડી પીવાની તલપ આર્થિક અને સામાજિક વિષમતાને કારણે પૂર્ણ થતી નથી તો બીજી તરફ બાળસખી શવલીને મળવાની, તેની સાથે રોમાન્સ કરવાની તલપ પણ પૂર્ણ થતી નથી કારણ કે લગ્નની વાત રૂઢિચુસ્ત વડીલોના હાથમાં છે. તે સમાજ-કુટુંબના રીત-રિવાજો, માન્યતાઓને કારણે પૂર્ણ થતી નથી. વાર્તાનો અંત કરુણ છે. 'તલપ' સંઘેડા ઉતાર કૃતિ છે. ભલિયાની આશા-નિરાશામાં પલટાતી ભાવપરિસ્થિતિ ભાવકને અંત સુધી જકડી રાખે છે. બી.કેશરશિવમ્ ઉચિત જ નોંધે છે કે ''વાર્તાકારની ખૂબી એ છે કે, એક તલપમાંથી બીજી સૂક્ષ્મ તલપમાં સરી પડે ત્યાં સુધી ભાવકને તેની ખબર જ પડતી નથી''[૭૩]

'તલપ' વાર્તા વર્ણનશૈલીથી કહેવાઈ છે. વાર્તામાં આવતા વર્ણનો માત્ર વર્ણન ખાતર નહીં પણ એમાં અનેક ગૂઢ, માર્મિક અર્થો રહેલા છે. લેખકે પ્રતીકાત્મક રીતે શવલી અને ભલિયાના મનોભાવોને વ્યકત કર્યા છે. જુઓ :

---

૭૨. એજન, પૃ.૧૮
૭૩. તાદર્થ્ય, ઓકટોબર,૨૦૦૪, પૃ.૩૯,૪૦

"....શવલીને પોતાના શરીરની રગેરગમાં ઝણઝણાટી પ્રસરતી અનુભવાઈ. એને અનન્ય અનુભૂતિ થઈ રહી. થોડી મલકી ચૂપ રહી. આંખો તીરછી કરી ભલિયાના સોનેરી વાળમાં જોઈ રહી. ભલિયાને તો બીડી પીવા ફક્ત દશિયું જ જોઈતું હતું. શવલીને રોકતાં તે બોલ્યો: 'શવલી, બટવો હોય એવું લાગઅ્ સઅ્! ખા, જોગણીમાના ?, પણ, શવલીને કશું સંભળાયું નહિ. ભલિયાના ચળકતા સોનેરી સુંવાળા વાળ, નિર્દોષ માંજરી આંખો ને લાલઘૂમ હોઠમાં એની નજર ખૂંપતી ગઈ...."[૭૪] અહીં, શવલીનું ભલિયા પ્રત્યેનું તીવ્ર આકર્ષણ કાવ્યાત્મક શૈલીથી વ્યકત થયું છે. ભલિયા અને શવલી વચ્ચે રચાતી આવતી નિકટતાનું નિરૂપણ કલાત્મક અને સંયમપૂર્વક થયું છે. વાર્તાના અંતે ભલિયાની વ્યથા સહૃદય ભાવકને સ્પર્શી જાય એ રીતે વ્યક્ત થઈ છે. "મોડી રાત સુધી ભલિયાને ઊંઘ આવી નહિ. પૈસા મૂકતી હતી એ જગા પરનું અડપલું શવલીની બીડી-ગાલ, હોઠ, આંખો-છેલ્લો મેળાપ-રેવાના જોટાનું રૂંગલાવું-તલપનું તરફડવું-બધામાં ખોવાતો ગયો. પરાણે આંખો મીંચીને પડી રહ્યો. ખોયા જેવી ઢોયણીના વા'ણની ગાઠો ખૂંચી. આમથી તેમ પડખાં ફર્યા. આમ એ કયાંય સુધી પડખાં ઘસતો રહ્યો. અંધારું પ્રગાઢ થતું ગયું. એ ક્ષણભાર તળે કચડાઈ ગયો...પ્રસરતો અંધકાર ને તલપ ગૂંછળાં બની એને વીંટળાઈ રહી..."[૭૫] ભલિયાની કરુણતા ને વિષાદને લાઘવપૂર્વક વ્યકત કરી છે. સર્જકની સર્જક પ્રતિભાની પ્રતીતિ આપણને વિષાદભર્યા કથાનકનું હળવાશભરી શૈલીએ ચિત્રાત્મક નિરૂપણમાં થાય છે. સર્જકે પાત્ર મુખે મુકેલ તળપદી બોલીનો વિનિયોગ પણ પાત્રને જીવંતરૂપ આપે છે પણ ગ્રામ્ય પરિવેશનું નિરૂપણ કરતી આ વાર્તામાં વાર્તાકથકની સંસ્કૃત મંડિત ભાષા વિષયવસ્તુને ઉચિત લાગતી નથી. જેમકે -

'એનો ચહેરો દીપી ઊઠયો.'[૭૬]
'શવલી પ્રદીપ્ત થઈ ઊઠી.'[૭૭]
'એની ઘેરી દષ્ટિ રૂપવલયો રચી રહી'[૭૮] જેવી સંસ્કૃત પ્રચુર પદાવલી છે.

વાર્તામાં ગ્રામ્ય પરિવેશ હૂબહૂ રચાયો છે. ગામના ચોરા,વાસ,હોટલના ઓટલા, બીડીના ઠૂંઠા, ગ્રામ પંચાયતના ઓટલા પર રમતા જૂગાર, ભેમાં રાવળની ઊંટલારીનું આવવું-જાવું, સરપંચની સિગારેટના ઠૂંઠા સૂધી ફૂંકી જવાની વૃત્તિ વગેરે. દલપત ચૌહાણ વાર્તાના પરિવેશ સંદર્ભે નોંધે છે, "ગામ, વાસ, લોક, રૂઢિઓ, વગેરેની સાથે સામાજિક પરિવેશ અને દલિત સમાજનું તાદશ્ય ફોટોજેનિક ચિત્ર કલામય રીતે અહીં કેદ થયું છે."[૭૯]

બાબુદાવલપુરા પણ નોંધે છે કે "વિષયવસ્તુને અનુરૂપ વસ્તુસંયોજન, ચરિત્રસંવિધાન તેમજ અભિવ્યકિતગત સૂઝ-સજ્જતામાં તરી આવતો કર્તાનો પ્રતિભાવિશેષ આ વાર્તામાં ચેતોહર રૂપમાં

૭૪. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૩
૭૫. એજન, પૃ.૧૯
૭૬. એજન, પૃ.૧૩
૭૭. એજન, પૃ.૧૫
૭૮. એજન, પૃ.૧૬
૭૯. પદ્દચિન્હ, દલપત ચૌહાણ, પૃ.૧૭૬

પ્રગટે છે.''[૮૦] હરીશ ખત્રી નોંધે છે કે – ''અહીં બીડીની તલપનું શવલીની તલપમાં થતું રૂપાંતર તેની કલાત્મક રજૂઆતને કારણે સાહજિક લાગે છે. અંતે પ્રગટતો વિફળતાનો ભાવ ભાવકચિત્તમાં વમળો સર્જી રહે છે.''[૮૧]

હરીશ મંગલમ્‌ની 'તલપ' ગ્રામ્ય પરિવેશ, પાત્રોની અસરકારક માવજત, ભાષાનો પ્રતીકાત્મક વિનિયોગ, રચનારીતિ વગેરેને કારણે કલાત્મક બને છે. ભલિયાની બીડીની તલપનું શવલીને પામવાની તલપમાં થતાં રૂપાંતરને કારણે આ વાર્તા વિશેષ રસપ્રદ અને આસ્વાદ્ય બની રહે છે.

*'ઝોળ'* વાર્તામાં હરીશ મંગલમે્ દલિતોની આત્મવંચના કરી છે. 'ઝોળ' માં અન્યાય, અત્યાચાર, દમન, શોષણ, અસમાનતા, વર્ગવિષમતા, અસ્પૃશ્યતાને 'ખરજવા'ના પ્રતીકરૂપે નિરૂપણ કર્યું છે. વાર્તામાં પેલા માણસને ખરજવું થયું છે અને અનેક ઉપાયો કરવા છતાં મટતું નથી એની વ્યથા, અકળામણ પીડા છે ને એની ત્રસ્ત મનોદશાનું અહીં ચિત્રણ છે. વિષય અને અભિવ્યક્તિની દષ્ટિએ જુદી તરી આવતી વાર્તા છે. વૈચારિક ભૂમિકાએ આકાર લેતી આ વાર્તા ચર્ચાઓ, સંદર્ભો, સંવાદ અને ગદ્યની વિવિધ તરાહોમાં ગૂંથાઈ વિશિષ્ટ આકાર પામે છે.

'ઝોળ' ચિંતન પ્રધાન વાર્તા છે. વાર્તાનાયક 'પેલો માણસ' છે. તે બુદ્ધિશાળી ને ચિંતક છે. વિચારોમાં તે સતત રચ્યો પચ્યો રહે છે. 'પેલો માણસ પોતાના પગે થયેલા ખરજવાને સતત વલૂર્યા કરે છે ત્યાંથી વાર્તા શરૂ થાય છે. તેણે ખરજવા પર કેટકેટલા મલમ લગાવ્યા, બદલ્યા, કેટકેટલી એલોપેથિક ટેબ્લેટ્સ ગળી, જડીબુટ્ટીઓ ઘસીને ચોપડી પણ ખરજ મટતી જ નથી. પેલા દાકતરેય કહ્યું હતું કે. ''આ ખરજવું મટતાં થોડી વાર લાગશે, જૂનું છે ને ? પણ, હું એને મૂળમાંથી જ મટાડીને જંપીશ. એ વાતનેય આજે ચાળીસ-પીસતાળીસ વરસનાં વાણાં વાયા''[૮૨] અહીં પેલા માણસની અંગત પીડા,વ્યથા ને સાથે સાથે નિરાશા પ્રગટ થાય છે. તેને ડોકટરોમાં હવે શ્રદ્ધા રહી નથી. લાખ વાના કરવા છતાં ખરજવું મટતું નથી એથી એનું મન આળું થઈ જાય છે. આ સંદર્ભે તે મિત્રો સાથે તીવ્ર આવેશમાં ચર્ચા કરતો રહે છે પણ મિત્રો મૌન રહે છે ત્યારે તેણે એક મિત્રને બાવડેથી પકડીને હચમચાવ્યો; ''બોલ દોસ્ત ! આજે મૌન કેમ ? !....થોડીવાર પછી એના મિત્ર સામે જોઈ રહ્યો. પછી, ઝટ કરીને બુશશર્ટની બાંય ચડાવીને એણે ડાબા હાથ પરનું ખરજવું બતાવ્યું. પેલો માણસ તો એકદમ આશ્ચર્ય પામી ગયો. એણે તરત જ પૂછયું તને કયારે થયેલું ? એના મિત્રએ ડોક ટટ્ટાર કરી, કડક સ્વરે કહ્યું: ૧૯૮૧માં ગુજરાતની વિનાશક આંધીએ જોરદાર લાવું મારેલું ! ઘડીભર સમય થંભી ગયો. બધા અતીતને યાદ કરી રહ્યા. તેવામાં બીજા મિત્રએ પણ બુશર્ટ ઉતારીને બગલમાનું ખરજવું બતાવ્યું ને ગુસ્સો ઠાલવી રહ્યો : જેતલપુરની લબકતી જ્વાળાની ઝોળ લાગી ગયેલી ! ત્રીજો મિત્ર પણ મુઠ્ઠી ઉગામીને તાડૂકયો: બિહારમાં ગામડાની એક છોકરી સાથે લગ્ન કર્યાં. એ લોકોએ કહ્યું કે, ''સવર્ણની છોકરી છે,

૮૦. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૭૬

૮૧. ઉદ્દેશ, ઓગષ્ટ,૨૦૦૩, પૃ.૧૮

૮૨. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૩૧

બસ, જાત્યંધનું ભૂત ભડકયું ને ગુમાંગમાં ભાલા ભોંકાયા ! કહેતાં કહેતાં પેન્ટ ઉતારીને જાંઘમાનું મોટું ચાઠું બતાવ્યું. ચોથાએ ડોક પર અને પાંચમાએ ફૂલા પરનાં કાળા મેશ ખરજવાં બતાવ્યાં. પેલો માણસ તો આ બધું જોઈને ગાંડોતૂર બની ગયો. નહિ, નહિ ને જમની સાથે જડાઈ ગયો. અવાક્ થઈ ગયો. કયાંય સૂધી મૂક રહ્યો: આજ દિન સુધી એણે પોતાના જ ખરજવાની વાત કર્યા કરી હતી. આ બધાએ મૂંગા મૂંગા સહ્યા જ કર્યું. શા માટે ? શા માટે ??''[૮૩] આમ, પ્રાચીન કાળથી આજ દિવસ સુધી'અસ્પૃશ્યતા' કેવા વરવા રૂપ ધારણ કરતાં રહ્યાં છે એનું અહીં રૂવાડા ખડા કરી દે તેવું વેધક નિરૂપણ છે. અહીં સામ્પ્રત માનવજીવન-સમાજજીવન પર વેધક પ્રકાશ પાડ્યો છે. ગુજરાતના ૧૯૮૧ના આંદોલન, જેતલપુર, બિહારના સંદર્ભો દલિતો ઉપર થયેલા અત્યાચારોનો નિર્દેશ કરે છે ને તે વાર્તા-વસ્તુને નક્કર ભોય પુરી પાડે છે. અહીં કથાનાયકની નિર્ભ્રાન્તિનું સચોટ વર્ણન છે. કથાનાયકને જ્યારે ખબર પડે છે કે મારી જેમ ઘણાને આવા ખરજવા થયા છે ત્યારે એના આશ્ચર્યનો પાર નથી રહેતો. એના બધા જ મિત્રોને પોતાના જેવી જ પીડા છે. એટલે કે એકને નહિ અનેકને ખરજવા જ ખરજવા ! પછી તો આ ખરજવા ઉત્તર, પશ્ચિમ,પૂર્વ-દક્ષિણમાં પણ ફેલાવા માંડે છે. આ વર્ણનમાં પેલા માણસની વૈયક્તિક પીડામાંથી અનેકની પીડામાં એની પીડાનું રૂપાંતર થાય છે તે સ્પષ્ટ થાય છે ટૂંકમાં એમ પણ કહી શકાય કે અહી, એક બાહોશ, બૌદ્ધિક માણસનું વૈયક્તિક વેદનાના આઘાત-પ્રત્યાઘાતો સાથે સમષ્ટિ તરફનો વિકાસ-વિસ્તાર થાય છે.

પેલો માણસ અંદરો અંદર સોળાયા કરે છે, તેની કરુણતા તો એ છે કે તેનું દુઃખ તેની પત્ની પણ સમજી શકતી નથી. કારણ કે પત્નીને તેનું ખરજવું દેખાતું નથી એટલે એનો ઉપહાસ કરે છે. આથી પેલો માણસ વિચારમાં ખોવાઈ જાય છે. પત્નીને કેવી રીતે સમજાવી એની મથામણ એ અનુભવી રહ્યો છે. ''એને કેવી રીતે સમજાવું ? ખરજવું મટી જાય તો દાકતરનો ધંધો પડી ભાંગે. કમાણી ઓછી થઈ જાય. દાકતરનું એરકન્ડિશન ઠપ થઈ જાય. એની રિવોલ્વીંગ ચેરની સ્પ્રિંગ તૂટી જાય. ગાડીના વ્હીલ કાદવમાં ખૂંપી જાય. અરે એની ટાઈનો ગળા ફાંસો થઈ જાય !''[૮૪] આમ, આ નાટ્યાત્મક ઘટના એના જીવનની કરુણતા અને વિસંવાદને દર્શાવે છે. અહીં દાકતર વિશે 'પેલા માણસે' જે કંઈ કહ્યું છે એ પ્રતીકાત્મક છે. દાકતરના સંદર્ભ દ્વારા આપણા સમાજજીવનની વરવી વાસ્તવિકતાને ઉઘાડી આપી છે. પેલા માણસને સમાજના દંભી, સ્વાર્થી સેવકોની ચાલ ધીમે-ધીમે સમજમાં આવી છે. વ્યવસાય બનાવી બેઠેલા સમાજ સેવીઓને દલિતત્ત્વ નાબૂદ થાય (ખરજવું મટી જાય) તેમાં રસ કયાંથી હોય ? ખરજવું મટી જાય તો તેમનું દંભી વ્યક્તિત્વ પ્રગટ થઈ જાય. આ ઉપરાંત ખરજવું મટી જાય તો ખરજવાને નામે ઊભું કરાયેલું એક આખું સ્વાર્થ અને સ્વહિતના જગતનું શું ? તેથી ખરજવું અકબંધ જ રહે, બલકે વિસ્તરતું જાય. વર્ષોથી સમાજમાં વ્યાપેલા શોષણ, અસ્પૃશ્યતા, વર્ણભેદને નાબૂદ કરવાની પ્રતિજ્ઞા સમાજના કહેવાતા આગેવાનો, ધર્મગુરુઓ, રાજકારણીઓ, સમાજસુધારકો, ક્રાંતિની બાંગ પોકારનારાઓ દ્વારા જાહેરમાં લેવાય છે પણ વાસ્તવિકતા એ છે કે આ બધા ખરેખર પોલા, સ્વાર્થી

૮૩. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૩૫
૮૪. એજન, પૃ.૧૩૪

અને લેભાગુ છે. જે સ્વેદનાવિહિન છે. એટલે પ્રતિજ્ઞા લેવાય છે ત્યાંજ, તે જ ઘડીએ પૂરી પણ થઈ જાય છે. આવી વ્યક્તિઓ પર લેખકને ઘૃણા છે. પેલા માણસ દ્વારા દલિત વર્ગ પ્રત્યેનો સવર્ણ સમાજનો અણગમો વ્યક્ત થયો છે. હાલ જે વાતો થાય છે તે માત્ર વાતો જ છે, સક્રિયતા ક્યાં છે? નક્કર કહી શકાય એવા કાર્ય ક્યાં છે ? 'પેલો માણસ' જણાવે છે કે આ વ્યવસ્થામાં તો કોઈ વલણ જ નજરે ચડતું નથી ! વીસ કરોડ મર્યા છીએ, તોય વોહી રફતારમાં જીવીએ છીએ, કોઈ ટાપુ પર ફંગોળાઈ ગયેલી વ્હેલમાછલીના સડી ગયેલા હાડપિંજરમાં અથડાતા-કૂટાતા કીડા, જાણે રવરવતા કીડા ! બીજા મિત્રો ચર્ચામાં લીન થતા. એક જણાએ પેલા માણસને હલબલાવ્યો. એ વિચારભંગ થયો. એનાથી 'હં' બોલાઈ ગયું. એના મિત્રએ ચાની કીટલીવાળાને આંગળીઓના ઈશારે ઓર્ડર આપ્યો ને આગળ ચલાવ્યું. હં, નહિ ! દોસ્ત, તું માર્કસની ચોપડી લાવ્યો ? પેલો માણસ બાઘાની જેમ જોઈ રહ્યો. કંઈ બોલ્યો નહીં. આરામથી ચા ગટગટાવી ગયો. ચાથી પેટ ભર્યું. પછી બોલ્યો માર્ક્સ ! માર્ક્સને તો કહેવાતા બુદ્ધિજીવીઓએ એક માત્ર ચર્ચાનો વિષય જ બનાવી દીધો છે. ફક્ત ચર્ચા ! ચળ ઊપડે એટલે 'આર્ટ એન્ડ આઈડિયોલોજી', 'આર્ટ એન્ડ રિયાલિટી', 'મટીરિયાલિઝમ', 'ઈકવાલિટી' વગેરેની ચર્ચા અને વાણીવર્તનના આરોહઅવરોહ ! બસ, એ સિવાય બીજું કશું જ નહિં ! દોસ્ત ! અને એને વલૂર ઊપડી. જોર જોરથી વલૂર્યા કર્યું. વલૂર મીઠી લાગતી. એના મિત્રો વિચારમાં પડી ગયા. પેલા માણસની વાતમાં તથ્ય જણાયું. સતત ચર્ચાઓ, પત્રિકાઓ, અહેવાલો ને વૈચારિક આદાનપ્રદાન, છતાંય...."[૮૫] ચર્ચાઓ થાય છે, વાતો થાય છે પણ તેનું અમલીકરણ થતું નથી. તેનો પીડાનો પહાડ તૂટવો જોઈએ એ નથી તૂટતો એનો ઘેરો વિષાદ છે. અહીં માત્ર વિચારો, વિચારો ને વિચારો વગેરેમાં ભારોભાર વ્યંગ છે. ટાપુ, વ્હેલ માછલીનું સડી ગયેલું હાડપિંજર, રવરવતા કીડા સક્ષમ પ્રતીક પુરવાર થાય છે.

વાર્તાનો અંત 'પ્રતીકાત્મક' છે. વાર્તાના અંતે ખરજવાના 'ખરા' ઈલમી અને તેની દવા શોધનારા એક જગમશહુર દાકતરના બાવલા પાસે દરદીઓ એકઠા થાય છે. વાર્તાની શરૂઆતમાં આવતાં દાકતરનો સંદર્ભ સ્વાર્થી, પોલો અને બોદો છે, જ્યારે આ સંદર્ભ સક્ષમ છે કારણ કે એ જ ખરા ઈલમી છે. (અહીં બાવલાનો સંદર્ભ ડૉ. બાબાસાહેબ આંબેડકરની યાદ અપાવે છે. ) "બાવલુ ધ્રુજી ઊઠયું. એક પ્રચંડ ધડાકા સાથે જવાળા પ્રગટી. જવાળા ઊંચે ને ઊંચે લબકારા લેતી રહી. આખું આકાશ લાલબમ્બ ગોળો બની ધગધગી રહ્યું. ગગનભેદી અવાજ સાથે બધા આકાશભણી મીટ માંડી રહ્યા...."[૮૬] અહીં સર્જકનો આશાવાદ પ્રગટ થાય છે. આકાશમાંથી ઊતરતી અગ્નિની જ્વાળામાં ખરજવામાંથી મુક્તિની આશા પ્રતીકાત્મક રીતે સૂચવાઈ છે. અંતે નવા સમયનો સંકેત મળે છે. વાર્તાન્તે ક્રાંતિનો જે તણખો ઝરે છે એ સ્પર્શી જાય છે. 'ઝોળ' માં દલિતો પર થતાં શોષણના નિર્દેશો ને તે મટાડવાની ઈલાજ રૂપે થતાં પ્રયત્નોની વંધ્યતા પર પ્રહાર કરે છે. કથાનાયકની વેદના, પીડા, વેઠવો પડેલ ત્રાસ, તેની વિવિધ મનઃસ્થિતિ દ્વારા પ્રગટ થઈ છે. ડૉ.પ્રવીણ દરજી 'ઝોળ' સંદર્ભે જણાવે છે કે- "હરીશે સમગ્ર રચનાને આમ વ્યંજનાના સ્તરે મૂકી આપી છે. પોતે કે પાત્ર વચ્ચે ક્યાંય ખાસ આવતાં નથી.

૮૫. એજન, પૃ.૧૩૨,૧૩૩
૮૬. એજન, પૃ.૧૩૬



P/Th | 1422

'પેલો માણસ' પણ જે કંઈ કહે છે તે 'ખરજવા'ના આધારે જ અને આ 'ખરજવું' દલિતોના પરિવેશનું, ભાવપ્રદેશનું, ઘટનાક્રમનું પણ ક્રમશઃ વાચક બનતું ગયું છે. એ સર્વનું અંતિમ પરિણામ લબકારા લેતી જ્વાળાઓ જ છે ! દલિતોની દારુણ વ્યથા જ છે.. ભાવપોત અને ભાષાપોત એકમેકમાં ઓગળીને વર્ગવિષમતાનું વ્યંગ્ય-ઉપહાસની ઈષદ્ છાંટવાળું ચિત્ર 'ઝોળ' નો આમ વિશેષ બની રહે છે. હરીશની કલાસૂઝનું અહીં અર્થસભર પરિણામ મળ્યું છે.''[૮૭] ડૉ.સિલાસ પટેલિયા 'ઝોળ' સંદર્ભે ઊચિત નોંધે છે- ''આ વાર્તા દલિત સમાજ જીવનની ચેતનાને વાચા આપતી એક સક્ષમ કૃતિ છે. અહીં ખરજવાનો સંદર્ભ વૈયક્તિક વેદનાનો સંદર્ભ બનવાની સાથે સાથે ધીરે ધીરે સમગ્ર દલિત, પીડિત માનવસમુદાયની યાતનાનો સંદર્ભ બની જાય છે.''[૮૮]

'ઝોળ' માં એક સાથે કરુણ, રૌદ્ર અને વીરરસની અનુભૂતિ થાય છે. ગદ્ય લાઘવયુક્ત અને તાજગીસભર છે. વાર્તાશૈલી પણ રોચક છે. દલિત વર્ગની ચેતનાને વાચા આપતી આ વાર્તા એની રચનારીતિને કારણે નિરાળી છે. આખી વાર્તા પ્રતીકાત્મક છે. વ્યંગ અને વક્રતા પણ વિવિધ સંદર્ભોથી રજૂ થતાં રહે છે. ડૉ.ગાંધી, ડૉ.આંધી, ડૉ.પાંધીમાં ભારોભાર કટાક્ષ છે.

પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી દશરથ પરમારની *'ગીધાનુભૂતિ'* સવર્ણો દ્વારા દલિતોની અસ્પૃશ્યતા મૂલક વેદના, વ્યથાને સ્પર્શતી પ્રતીકના સ્તરે વિસ્તરતી વાર્તા છે. વાર્તાના આરંભે વાર્તાનાયકની છાતી પર ચડીને જમણી આંખમાં કોઈ શૂળ ભોંકી રહ્યું હોય કે પછી શૂળને બદલે અણિયાળી કોશથી ખાડો ખોતરી રહ્યું હોય એ રીતે ચાંચ મારી રહેલા વિશાળ પાંખોવાળા ગીધને જોઈને ચીસાચીસ કરી મૂકે છે. તેણે ગીધને હટાવવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ જતાં અંતે વાસના લોકોને મદદ કરવાનું કહે છે પણ કોઈ તેની મદદે આવતું નથી. આવી અસહાય હાલતમાં તે દોડતો દોડતો ફળિયું વટાવીને વાસ વચ્ચેના લીમડા નીચે ઊભો રહે છે પણ વાસ આખો સ્મશાનવત્ છે. તે વાસના દલિતોને ચેતવતા કહે છે- ''આ ગીધ ક્યારનુંય મારી છાતી પર ચડી બેઠું છે. એ મને જીવવા દેવા નથી માગતું અને એ મને એકલાને જ નહિ, તમનેય ફોલી ખાશે. આજે મારો વારો, કાલે મારા બાપાનો, મારી માનો, પછી મારાં ભાઈ-બહેનોનો અને છેવટે તમારા બધાનો.... અને એક દા'ડો ખતમ થઈ જશે આ આખોય વાસ !''[૮૯] પણ તેની આ ફરિયાદને કોઈ ધ્યાનમાં લેતું નથી. ભીરુ લોકો ઘરની બહાર નીકળ્યા વિના જ બારીમાંથી છરી, કુહાડી લઈને ગીધને મારી નાખવાની સલાહ આપે છે ! વાર્તાનાયકને વાસને ઝાંપે કોક ડોસાની દાઢી કરી રહેલા અમરત ઘાંયજાનો અસ્ત્રો ઝૂંટવી લઈને ગીધની પાંખો કાપી નાખવાનો વિચાર આવે છે પણ ગીધને પોતાની પાછળ જ આવતું જોઈને ગામની શેરીમાં દોડવા માંડે છે. ગામલોકો તેને મદદ કરવાને બદલે હસે છે ને ફટાફટ બારીબારણા બંધ કરીને ઘરમાં જતા રહે છે. તેના એકલાથી હવે પહોંચી વળાશે નહિ એવું વિચારી વાસ વટાવીને બહાર

૮૭. પ્રતિનિધિ દલિત વાર્તા, સંપાદક, હરીશ મંગલમ્, પ્રસ્તાવના લેખ.

૮૮. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૫૦

૮૯. પારખું, દશરથ પરમાર, આર.આર.શેઠની કંપની, પ્ર.આ.૨૦૦૧, પૃ.૧૦૧

નીકળી ગયા. તેણે કુલનદેવીનું મંદિર જોયું, કથાનાયકે સાંભળેલું કે માતાજી તો હાજરા હજૂર છે. બધાયનું રક્ષણ કરે અને મનની મુરાદ પાર પાડે છે. આથી તેને એમની નિશ્રામાં જવાની પ્રબળ જિજીવિષા થઈ આવી ને માતાજી પ્રસન્ન થાય તો ધન–દોલત નહીં પણ ચકચકતા અણીદાર ફળાવાળા ત્રિશૂળની માંગણી કરીશ. જેથી એ ત્રિશૂળ વડે પોતાની પાછળ પડેલા ગીધને ખતમ કરી શકાય પણ તેની આશા પૂર્ણ થતી નથી ને એ જ વખતે મંદિરમાં ગીધનું ટોળું આવી પહોંચે છે. મંદિરમાં પ્રવેશેલો ગીધોનો સંવાદ માર્મિક છે :

એક ઘરડા ગીધે પૂછ્યું: કોણ છે'લ્યા આ માણસ ?
બીજાએ ખભા ઉલાળી કહ્યું: લાગે છે તો હિન્દુ ?

ત્યાં જ ત્રીજો બબડી ઉઠયો : ના,ના એ હિન્દુ નથી. હિન્દુ તો હોઈ જ ન શકે આ ! ....હાળો ! આપણા મંદિરમાં પેઠો ? મારો....નાગો કરીને મારો....કાપી નાખો. જીવતો ને જીવતો સળગાવી દો......''[૯૦]

અહીં ગીધોની નિર્મમ ચેષ્ટા ખુલ્લી પડી જાય છે. દલિતોની હયાતીને નાબૂદ કરવાની સવર્ણોની રૂઢિજડતા અને ક્રૂરતા ખુલ્લી પડી જાય છે. કથાનાયક સવર્ણોની ગીધવૃત્તિથી બચવા વલખા મારી રહ્યો છે. તે મંદિરમાંથી નાસીને નગર તરફ દોડવા માંડે છે, કારણ કે કોઈકે કહેલું કે, ''શહેરમાં ગીધ નથી હોતાં, ત્યાં તો બધાં સરખાં.....''[૯૧] નગરમાં ગયા પછી પણ તે સવર્ણોની ગીધવૃત્તિથી બચી શકતો નથી. નગરના પ્રવેશદ્વારે તેને અટકાવ્યા પછી ગીધરૂપ બની જતો દરવાન તરસ છિપાવવા પાણી માગ્યું તે વખતે નગરમાં આલીશાન બંગલાના ઝરુખે ઊભેલી તેને પાણી પાવાને બદલે ખડખડાટ હસતી સ્ત્રી, ધોકાથી ધમકાવીને લારીએથી ભગાડી મૂકતો ચાની લારીવાળો, પાણી પીવા નળ પાસે ગયો તે વખતે તેને ગુસ્સે થઈને નગરજન કહે છે– ''ઐય.....આ નળ કંઈ તારા માટે નથી મૂકયા. જા પીવું હોય તો પેલી ગટરમાં ઘણુંય છે. ત્યાં જા......''[૯૨] પછી તો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર દિશામાંથી ગીધોનું ટોળું શસ્ત્રો સાથે તેની પાછળ દોડે છે. કથાનાયક પણ તેમનો સામનો કરે છે. અંતે કથાનાયક દિશાહીન થઈ ચાલવા માંડે છે. સાધુ કે પોલીસ પણ તેને મદદ કરતા નથી ! પણ આ ગીધોથી બચવાનો ઉપાય શો ? એક વિધર્મીએ કહ્યું : આ ગીધોથી બચવું હોય તો એક ઉપાય છે 'ધર્મપરિવર્તન' પણ કથાનાયક સમજે છે કે ધર્મપરિવર્તન એનો કાયમી ઉકેલ નથી કારણ કે ધર્મપરિવર્તનથી તો હું એકલો ઉગરી શકું પણ મારા સમાજનું શું ? કથાનાયક આવા ગીધને નેસ્તનાબૂદ કરવા ઈચ્છે છે છતાં તે કરી શકતો નથી. તેને ચારે તરફ ગીધો જ દેખાય છે. આથી તેને નગરનું નામ બદલીને 'ગીધનગર' રાખવાનું મન થાય છે પણ તરત જ તે ભાનમાં આવી જાય છે ને વિચારે છે કે મારી ઈચ્છાઓની અહીં કયાં કશી કિંમત છે ?

---

૯૦. એજન, પૃ.૧૦૪
૯૧. એજન, પૃ.૧૦૫
૯૨. એજન, પૃ.૧૦૮

આમ, અનેક પ્રયાસો છતાં કથાનાયક બચી શકતો નથી. એનો ગામ, મંદિર કે નગર કયાંય ઉગારો નથી. વાર્તાને આરંભે જમણી તો અંતે ડાબી આંખ ખોતરવાની ગીધવૃત્તિમાં સવર્ણો દ્વારા દલિતોના થતાં અમાનુષી અત્યાચાર, શોષણનો પર્યાય બની રહે છે. આરંભ અને અંતની સમાન પરિસ્થિતિ સર્જવામાં સર્જકની કુનેહ ધ્યાનપાત્ર છે. આ સંદર્ભે મોહન પરમાર નોંધે છે : ''પ્રારંભે થયેલી ક્રિયા અને અંતમાં થયેલ ક્રિયામાં થતું પુનરાવર્તન જ આ કૃતિનું મહત્ત્વનું અંગ છે.''[૯૩] અહીં ગીધના પ્રતીક દ્વારા સમસ્ત દલિત સમાજની વ્યથા પ્રગટ થઈ છે પણ સર્જકે વાર્તાને ઘટનાના સ્તરે ચલાવવાને બદલે ગીધના રૂપક દ્વારા ચલાવી હોવાથી વાર્તા સચોટ બની શકી નથી. વાર્તાક્ષણની ઉત્કટતા પ્રસ્તારના કારણે થોડી મોળી પડી ગઈ છે. પારુલ કંદર્પ દેસાઈ પણ આ સંદર્ભે લખે છે કે- ''ગીધનું રૂપક પ્રતીકાત્મક સ્તરે વિસ્તરવું જોઈએ તેવું અહીં થતું નથી.''[૯૪] આવો જ અભિપ્રાય બિપિન પટેલ અને બાબુ દાવલપુરાનો પણ છે. બિપિન પટેલ લખે છે– ''ગીધનું મુખ્ય પ્રતીક અળગું પડી જાય છે, નોખું પડી જાય છે અને તેથી મુખ્ય પાત્રની વેદના પણ ચીલાચાલુ ભાષાને કારણે આસ્વાદ્ય નથી બનતી.''[૯૫] બાબુ દાવલપુરા જણાવે છે કે –''ગીધના પ્રતીક વિધાનમાં તરી આવતી મુખરતા નિવારી શકાઈ હોત તો દલિત ચેતનાને અનેક બિન્દુએ સ્પર્શતી આ વાર્તા વિશેષ પ્રભાવક બની શકી હોત.''[૯૬] ભરત મહેતા પણ નોંધે છે કે – ''રૂપકશૈલી અસહ્ય બની બેઠી છે. 'ગીધાનુભૂતિ'જેવી વાર્તામાં આ વાર્તા વાર્તાકારની કચાશનો નમૂનો છે.''[૯૭] આમ, છતાં પણ સવર્ણોની ગીધવૃત્તિથી ત્રસ્ત સંવેદનશીલ બૌદ્ધિક કથાનાયકની આંતર વેદના, લાચારી, અસહાયતા, સવર્ણો પ્રત્યેનો રોષ, ગીધના ભાવ પ્રતીક દ્વારા આલેખાયેલ છે. ફૂલદેવીમાના મંદિરની વાત સવર્ણોની ચેતનાને હચમચાવી મૂકે એવી રીતે રજૂ થઈ છે.

ધરમાભાઈ શ્રીમાળીની *'નરક'* વાર્તામાં સફાઈ કામદારની જિંદગીનું સૂક્ષ્મ અને આબેહૂબ ચિત્રણ જોવા મળે છે. વાર્તાનો આરંભ જ સૂચક છે. ''નાકના ટેરવે ચડી બેઠેલી ગંધ કેમેય હટવાનું નામ લેતી નથી....''[૯૮] આ ગંધના અનેક અર્થો વાર્તામાં વિસ્તરે છે. કથાનાયિકા રતનને બાળપણથી જ મેલું ઉપાડવામાં સૂગ ચડે છે. વાસની નજીક જ ગંદકીથી ઊબાઈ ગયેલી રતનનો જીવ સતત રુંધાતો રહે છે. જુઓ : ''ગંદુ–ગોબરું બધું....આવી ભરાતું હતું. બળ્યાં, વાહની આગળ જ સી કે ! રોજ હવારમાં જઉ સું. કો'ક દન સાફ થે'લાં હોય તો ઠીક મારી બાઈ.....નકર હરખું બેહાય એવુંય ચ્યાં હોય સે....પણ તોય બળ્યું એ તો આ બેઠાં ને આ ઉઠયા. ગંધ ભેળી ગંધ.....બા'ર નેહર્યા ત્યાં હૂંધી થૂંક ને બૂક....''[૯૯] વાર્તાના આરંભથી જ કથાનાયિકાની મનોદશા ચિત્રિત થતી રહે છે. નાનપણમાં બીમાર માના કહેવાથી એકવાર મરેલું કૂતરું તાણવા ગયેલી. ફૂલી ગયેલા કૂતરાના શબમાંથી માથું ફાડી નાખે એવી ગંધ આવતી હતી. આથી રતનને બકારી થઈ ગયેલ ને કૂતરું તાણ્યા વિના પાછી આવેલ. પરણીને રતન

૯૩. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પૃ.૧૪૮
૯૪. હયાતી, ડિસેમ્બર,૨૦૦૫, પૃ.૩૮
૯૫. એજન, પૃ.૩૧
૯૬. હયાતી, જૂન, ૨૦૦૬ પૃ.૪૨
૯૭. પ્રત્યક્ષ, જાન્યુઆરી-માર્ચ,૨૦૦૨, પૃ.૧૦
૯૮. નરક,ધરમાભાઈ શ્રીમાળી, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૨૦૦૩, પૃ.૧
૯૯. એજન, પૃ.૧

શહેરમાં આવી ત્યારે શરૂઆતના દિવસો તો સુખશાંતિમાં પસાર થયા, પતિ સોમો કહેતો, 'શાઉકાર વૈણમાંય ના હોય તેવી રૂપાળી સીતું...જો, મુનસિપલિટીવાળા મારા હાળા નકામા સી. તું તારે ઘરનું કામકાજ ને સોકરા.....''[૧૦૦] પણ પછી બાળક થતાં, મોહભંગ થતાં અને દારૂની લઠે ચડતા સોમો રતનને કામે ન જવા બદલ મહેણાટોળા મારે છે. અંતે સ્વમાની રતનનેય વાસના બૈરા સાથે રોડ વાળવા જવું પડે છે. વળી એમાંય મુકાદમના બદઈરાદાને વશ નહીં થતા રતનને નરી ગંદકીવાળા ખુલ્લા જાજરુની સફાઈ કરવી પડે છે. પરણીને શહેરમાં ગઈ તોય સૂગ એનો પીછો છોડતી નથી. ગંધાતા જાજરૂની સફાઈ રતનને જીવતે જીવ નરકનો અનુભવ કરાવે છે. એક ક્ષણે તો એને થઈ જાય છે- ''આતો નરક સે નરક..... તોબા પરભુ, આવી જિંદગીથી તો !''[૧૦૧] પણ રતનના મનની લાગણીને તેનો પતિ સોમો પણ સમજી શકતો નથી, તે કહે છે, ''હવે ના જોઈ હોય તો નરકવાળી....રાંડ, કામ કરવું પડે સે એટલે જોર આવે સે''[૧૦૨] અંતે વાસમાં કાંતિલાલના આંગણામાં મેલું ઉપાડવાની પ્રથા અંગેની એક દસ્તાવેજી ફિલ્મ બતાવવામા આવે છે. એમાં મેલું ઉપાડીને જઈ રહેલી મા-દીકરી પર કેમેરો સ્થિર થાય છે: ''ડબ્બો તૂટેલો હતો. એમાંથી મેલું દદડી રહ્યું હતું. માથેથી ચહેરા લગી દદડતો રેલો ટપાક્ થતો છેક ગળા નીચે સરકી ગયો''[૧૦૩] વાર્તાના હાર્દ સમી આ ઘટના છે. ફિલ્મના દશ્યો જોઈ રતનથી હાયકારો નખાઈ જાય છે ને તેનાથી આ દશ્ય જીરવાતું નથી. દલિત સમાજ નરક સમી જિંદગી ક્યાં કારણોસર જીવી રહ્યો છે તેનો તાળો ફિલ્મમાં એક વૃદ્ધાને પૂછેલા પ્રશ્નમાંથી મળે છે : 'સાબ...કશું પૂસવા જેવું નથ....જીવતેજીવત....પણ પેટ માટે વેઠ......'[૧૦૪]

ફિલ્મ જોયા પછી રતન ઘરે જાય છે ત્યારે વિચારે છે કે સાવ કોરીકટ્ટ આંખે બેઠેલો સોમો વાસ વચ્ચે ધમાલ કરીને કહેશે કે 'જોયું રાંડ, તુ રા'ડો પાડ્યા કરતી'તી તે.....'[૧૦૫] પણ વાર્તાન્તે ફિલ્મ જોયા પછી સોમાની સ્થિતિ બદલાય છે. જુઓ- ''પણ રતને જોયું તો હમણાં સુધી કોરીકટ્ટ આંખે બધુ જોઈ રહેલો સોમો પોતાની સામે જોઈ લીધા પછી એકધારુ દદડવા માંડ્યો હતો.....''[૧૦૬] સોમાનું થતું હૃદય પરિવર્તન જ વાર્તાને વાર્તા બનાવે છે. સોમો પત્ની રતનની લાગણીને સમજે છે. પત્નીની સંવેદનાનો સદ્ભાગી બને છે એવો આ વાર્તાનો અંત વાર્તાને કલાત્મકતા બક્ષે છે. વાર્તાનો અંત અણધાર્યો છે. બિપિન પટેલ વાર્તાના અંત સંદર્ભે ઉચિત નોંધે છે - ''દસ્તાવેજી ફિલ્મની ઘટનાથી વાર્તા અનપેક્ષિત અંત તરફ વાચકને લઈ જાય છે.''[૧૦૭] પારુલ કંદર્પ દેસાઈનો વાર્તાના અંત સંદર્ભેનો અભિપ્રાય પણ ઉચિત જણાય છે. - ''વાર્તાન્તે સોમાની સંવેદના પણ રતન સાથે જોડાય છે અને એકરૂપ પામે છે તે પ્રતીતિકર બની આવે છે.''[૧૦૮] સન્નિધિકરણની પ્રયુક્તિ અહીં ઉચિત રીતે ખપમાં લેવાઈ છે.

---

૧૦૦. નરક,ધરમાભાઈ શ્રીમાળી, પૃ.૩
૧૦૧. એજન, પૃ.૪
૧૦૨. એજન, પૃ.૪
૧૦૩. એજન, પૃ.૬
૧૦૪. એજન, પૃ.૬
૧૦૫. એજન, પૃ.૬
૧૦૬. એજન, પૃ.૬
૧૦૭. હયાતી, ડિસેમ્બર, ૨૦૦૬ પૃ.૨૬
૧૦૮. એજન, પૃ.૩૫

નગરવાસી બન્યા પછી પણ જેની જિંદગી નરક સમી બની રહી છે એવા સફાઈ કામદારની વ્યથા, પીડા, યાતના હૃદયસ્પર્શી છે. વાર્તાના અંતે રતનની વેદના જેમ તેના પતિ સોમાને સ્પર્શી જાય છે તેમ સૌને સ્પર્શી જાય એવી છે. 'નરક'માં રતનની વેદના એની એકલીની ન રહેતાં સહુની બની રહે છે.

વાર્તામાં રતનની મેલુ ઉપાડવા માટેની સૂગ અને સાફ કરવી પડતી ગંદકીનું સૂક્ષ્મ વર્ણન લેખકે કર્યું છે. નાતીલાઓની રીતભાતનું ચિત્રણ કાબિલેદાદ છે. વાર્તાનું ગદ્ય જીવંત છે. પાત્રોના મનોભાવોનું સૂક્ષ્મ નિરૂપણ થયું છે. દલિત સંવેદના સુપેરે વ્યકત થઈ છે. 'નરક' શીર્ષક સાર્થક ઠરે છે. ધરમાભાઈએ સહેજ પણ મુખર થયા વિના સૂક્ષ્મપણે વાર્તાની સંરચના કરી છે. વિષયવસ્તુને કલારૂપ આપવામાં સર્જક સફળ રહ્યા છે.

ધરમાભાઈની *'નરક'*ની જેમ બી.કેશરશિવમ્‌ની *'રામલી'*માં પણ સફાઈકામદાર રામલીની જિંદગીનું વર્ણન છે. વિધવા રામલી ગામમાં ચોતરફ પ્લેગ ભરડો લીધો હોવા છતાં પોતાની ચિંતા કર્યા વિના પોતાની ફરજ પ્રામાણિકતાથી બજાવે છે ને અંતે પ્લેગ થતાં મૃત્યું પામે છે પણ આશ્ચર્ય તો એ બાબતનું થાય છે કે તેના મૃત્યુની નોંધ સુદ્ધા લેવાતી નથી. રામલીના પાત્ર નિમિત્તે સમગ્ર દલિત સમાજની વ્યથા પ્રગટ થાય છે. તો બી.કેશરશિવમ્‌ની 'ટીડીઓ' વાર્તામાં વાર્તાકારે ટીડીઓ કેવી રીતે નગરપાલિકાના પ્રમુખ બન્યા તેની વાત કરી અંતે દલિત ધૂળાભાઈ સોનારી નગરપાલિકાના ઉપપ્રમુખ બન્યા પણ તેમનો ફોટો સમાચારપત્રમાં હતો નહીં તે દર્શાવી હજી પણ દલિત લોકોને અન્યાય જ થાય છે તેવો કટાક્ષ કર્યો છે. અહીં બે સમાજ વચ્ચેની ભેદરેખાનો ચિત્તાર છે પણ આ બંને વાર્તાઓ છાપામાના અહેવાલ સમી બની રહે છે, કોઈ સર્જકત્ત્વની ઝાંખી થતી નથી.

હરીશ મંગલમ્‌ની *'એબોર્શન'* વાર્તામાં કથાનાયક દિનેશ પત્ની ઈન્દુને પ્રસૂતિ પૂર્વે પૂરતો આરામ મળી રહે એ આશયથી એક રબારીની છોકરીને પોતાને ત્યાં ઘરકામ કરવા રાખે છે. એ છોકરી ઘરકામ કરવા આવે તો છે પણ તેને જ્યારે ખબર પડે છે કે તે દલિત છે ત્યારે તે 'સાસરે જવાનું તેડું આવ્યું છે' એવું બહાનું બતાવીને પ્રસૂતિ થવાને એકાદ મહિનાની વાર હતીને જતી રહે છે ! ત્યાર પછી એના ઘરની બાજુમાં ખુલ્લા ખેતરમાં છાપરી બનાવીને આંબાની રખેવાળી કરતાં વાઘરી કુટુંબની છોકરીને વીસ-પચ્ચીસ રૂપિયાં બીજા બધા કરતાં વધુ આપવાનું કહી ને રાખી. તે ઘરમાં કુટુંબના સભ્યની જેમ જ રહેતી હતી ને બધુ જ કામ વ્યવસ્થિત કરતી હતી. આથી દિનેશ-ઈન્દુને હળવાશ થઈ પણ એ હળવાશ થોડા દિવસો માટે જ રહી. જેને બે ટકના ખાવાના પણ સાંસા છે તે ગંદી ગોબરી મોંઘી પણ મોંઘી થઈને પોતાની દીકરીને દિનેશની 'જાત' જાણ્યા પછી કામે મોકલતી નથી ! ત્યારે મનુવાદી સમય બદલાયો નથીની દિનેશને થતી અનુભૂતિ પ્રભાવક છે. ત્રણ-ચાર એબોર્શન પછી ઈન્દુને બાબો ધાવણો થયો હતો એની ખુશી કયાંક ખૂણામાં લપાઈ ગઈ ! કેલેન્ડરના ડટ્ટામાં પાના ફાડતાં દિનેશને એ વાસ્તવિકતાનું ભાન થાય છે કે કેલેન્ડરમાં પાના ફાડવાથી કશો ફેર પડવાનો નથી, કેમકે અફાટ વિસ્તાર પર સમયનું વારેવારે એબોર્શન થયા જ કરે છે, એનો કોઈ ઉપાય નથી. અહીં હરીશ

મંગલમ્‌ની *'પ્રેમ એજ સત્ય'* વાર્તાનું સ્મરણ થાય. આ વાર્તામાં પણ દલિત ધર્મ છોડી વિધર્મી બની જાય તોય તેની જૂની ઓળખ 'દલિત' તેનો કેડો છોડતી નથી ! તો બી.કેશરશિવમ્‌ની 'શૂળ' નવલકથામાં પણ ગોવિંદભાઈ 'જજ'ને ત્યાં કામ કરતી કામવારીને પણ તેની જાતિની ખબર પડતાં કામ છોડીને જતી રહે છે !!

'એબોર્શન' વાર્તામાં લેખકે દલિત સમાજના લોકોમાં રહેલી અંધશ્રદ્ધા, માન્યતાઓ અને એમના આંતરદ્વંદ્વો તરફ પણ અંગુલીનિર્દેશ કર્યો છે. ઈન્દુને વારંવાર એબોર્શન થવાનું સાચુ કારણ તો શારીરિક છે પણ સમાજના લોકો તો જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે. જેમકે, 'ઈન્દુબહેનને તો છઠ્ઠી છે. જ્યાં સુધી વિધિ નહિ કરાવે ત્યાં સુધી છોકરું થશે નહિ !'[૧૦૯] 'ઘરનું કોઈ શિકોતરય નડતું હોય'[૧૧૦] સવર્ણ સમાજના લોકો તો દિનેશને મદદ કરવા તૈયાર થતાં નથી પણ તેના જ ચાર ભાઈઓ, ભાભીઓ અને તેમના છોકરામાંથી કોઈ પણ વ્યક્તિ વિકટ પરિસ્થિતિમાં પણ મદદ કરવા ન આવે !

M. Ramalingum 'એબોર્શન' સંદર્ભે જણાવે છે કે, "The short story 'Abortion' Written by Harish Mangalam is so impressive. It is well shaped story with social consciousness"[૧૧૧]

## ઉપકારનું પરિણામ ઉપેક્ષા

સમાજમાં વ્યાપકપણે પ્રવર્તમાન આભડછેટનો ભોગ બનતી દલિતપ્રજા, એણે કરેલા ઉપકારના બદલામાં માર, ત્રાસ, ઉપેક્ષા, ઉદાસીનતાને વ્યક્ત કરતી પણ કેટલીક વાર્તાઓ પ્રાપ્ત થાય છે. માત્ર દલિત હોવાને કારણે જ દલિતોને ઉપકારના બદલામાં સહેવો પડતો અપકાર દલપત ચૌહાણની *'બદલો'* વાર્તામાં સઘન રીતે નિરૂપાયો છે. 'બદલો' સમાજજીવનની ચેતનાને વ્યક્ત કરતી વાર્તા છે. વાર્તા ત્રીજા પુરુષ એકવચનના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે.

દલિત ગોકળ વાર્તાનું મુખ્ય પાત્ર છે. માણસાઈ એ માત્ર સવર્ણ કે ઊંચી કોમનો ઈજારો નથી. દલિત-પીડિત સમાજમાં પણ તેનું દર્શન થઈ શકે છે. વાર્તાનાયક ગોકળ તેનું જીવંત ઉદાહરણ છે. ગોકળમાં માનવતા, વિનમ્રતા છે. દુકાળના દિવસોમાં જ્યારે સવર્ણ ઠાકોર માધુસંગ પાસે કશું જ ખાવાનું ન હતું ત્યારે ગોકળે તેને 'કોકણીઓ' ખાવા માટે આપી હતી અને એ રીતે તેની અને તેના પરિવારની ભૂખ ભાંગી હતી. માધુસંગનો દીકરો વજેસંગ તેની પાસે આવે છે તો તેને પણ માનથી બોલાવે છે – "વજેસંગભા ઘણા દનથી તાવની બળાગળ સ, ઊભા થવાતું નહીં એટ્‌લ પડ્યો સું, તમે તો મોટા મનવાળા સો ભા !'[૧૧૨] અહીં વૃદ્ધ ગોકળમાં રહેલી વિનમ્રતા જોઈ શકાય છે, જે વજેસંગમાં નથી. વખત જતાં વજેસંગ દારૂના નશામાં ગોકળના ઉપકારને પણ ભૂલીને પોતાના ઠાકોરપણાનો રોફ

૧૦૯. તલપ, હરીશ મંગલમ્‌, પૃ.૧૦૫

૧૧૦. એજન, પૃ.૭૮

૧૧૧. Contemporary vibes, Aditor, Anil Sharma, page.40

૧૧૨. ગુજરાતી દલિત વાર્તા, સંપાદકઃ મોહન પરમાર, હરીશ મંગલમ્‌, આર.આર. શેઠની કંપની, પુનર્મુદ્રણ, ૧૯૯૩, પૃ.૬

છે. તે જણાવે છે કે, ''મોહનનું થૂકવું અને વીરાનું થૂકવું એમ થૂકવાની એક જ ઘટના એક તરફ દંભ ને હૃદયહીનતા તો બીજી તરફ ધિક્કાર, આક્રોશ ને વિશ્વાસઘાતની ભાવસંધિ રચે છે.[૧૧૮]''

આમ, 'એરુંઝાંઝરું' વાર્તાની સંરચના શિવલાને એરું કરડવું અને મોહન રબારીની ગાયનું ખાદડામાં પડવું એ બે ઘટના સંનિધિકરણની પ્રયુક્તિથી રચાઈ છે અને ફ્લેશબેક ટેકનિકનો કરેલ વિનિયોગ બે ઘટનાનું સંનિધિકરણ કરવા માટે ઉપકારક બની રહે છે. એક તરફ મરણ પથારીએ પડેલો શિવલો, તેને બચાવવા આજીજી કરતો વીરો અને બીજી તરફ આ કટોકટીમાંથી કેમ છૂટકારો મેળવવો તે વિચારતો મોહન રબારીના સામ-સામા ચિત્રો વાર્તાના બળવાન અંશો છે.

વાર્તામાં માત્ર દલિતોના ઉપકારની સામે અપકાની ભાવના જ નથી રહેલી પણ અસ્પૃશ્ય વ્યક્તિઓ પ્રત્યે સવર્ણોની આભડછેટની વૃત્તિ પણ પ્રગટ થતી જોઈ શકાય છે. વીરાં ઓરગણાને ઘેર ઢોલ વગાડનાર મગન ઢોલ વગાડતા વગાડતા થાકી જાય છે ત્યારે વીરો ઓરગણાના ઘેર પાણી પીવાને બદલે ઢોલ ભેમાને વગાડવાનું સોપીને પોતાના ઘેર પાણી પીવા જાય છે. મગન કહે છે- ''લ્યો ! કાકા મું ચ્યારનોય ઢોલ વગાડું સું, થાચ્યો સું ! તરહ લાજી સઅ ! ઓરગણાનું પાણી ના પિવાય ! મું ઘેર જઈ અબ્બી આયો !''[૧૧૯] મગન ભીડમાં દલિતોને અડી ન જવાય તેની કાળજી રાખતો પોતાના ઘેર જાય છે!

વાર્તામાં સામાજિક પરિવેશ નક્કર ભૂમિકા બનીને આવે છે. સમાજની માન્યતાઓ, ભૂવા ધૂળવાની રીતો, અંધશ્રદ્ધાઓ, ઢોલ વગાડવાની રીત, માતાજીનો રથ, તળપદી બોલી વગેરે વિષયવસ્તુને અનુરૂપ નિરૂપાયા છે. વાર્તામાં આવતું દલિત વાસનું વર્ણન જોઈએ-

''ઓરગણાવાસ તો સાવ નાનકડો. કહેવા ખાતર જ વાસ હતો. બે પૂર્વ દિશાના બારણાંવાળા ઘર. ઘરને બારણાં નહીં પણ કટલાં હતાં અને તેય હંગતરાનાં, ભીતો માટીની-દેશી તૂટયાં-ફૂટયાં નળિયે છાપેલું છાપરું, વળીઓનું કોઈ ઠેકાણું નહીં. એ બે ઘર સામે એક ત્રીજું ઘર. આ પેલા ઘર જેવું જ; પશ્ચિમ દિશાએ કટલાંવાળું, આ ત્રણ ઘરની વચ્ચે મોટા આંગણામાં વીરાની ભા'વારીનો લીમડો ઘર તરફ જવાના રસ્તા પર; સ્હેજ બાજુમાં ચાર નાનકડી માટીની દેરીઓ. એમાં વીરાની શિકોતર અને દેવદેવીઓ. ઢોલ વાગવા માંડ્યો ને વાત પહોંચી રબારી વાસે.''[૧૨૦]

તળપદી બોલીનો લેખકે પાત્ર પ્રસંગને અનુરૂપ વિનિયોગ કર્યો છે. સંવાદો પણ અર્થસભર અને વેધક છે. વાર્તાનું શીર્ષક 'એરુંઝાંઝરું' પણ સમાજને આભડી ગયેલા વર્ણવ્યવસ્થાના સાપ અને એના વિશ્વાસરૂપ ઝેરનું પ્રતીક બને છે. હરીશ મંગલમ્‌નો આ સંદર્ભનો અભિપ્રાય ઉચિત છે- ''અસ્પૃશ્યતાના રૂપમાં 'એરુંઝાંઝરુ' વાર્તા કલામય બની રહી પ્રતીકના સ્તરે વિસ્તરે છે''[૧૨૧]

વાર્તામાં લેખકે માનવસંવેદનને સ્પષ્ટ રીતે ઉપસાવી આપ્યું છે. શિવલાને એરું

---

૧૧૮. દલિત ગુજરાતી વાર્તા, ૧૯૯૫, પાર્શ્વ પ્રકાશન, પૃ.૭

૧૧૯. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૮૮

૧૨૦. એજન, પૃ.૮૪

૧૨૧. એકવચન, હરીશ મંગલમ્, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ.,૨૦૦૩, પૃ.૩૧

આભડવાની વ્યક્તિગત ઘટના વાસ્તવમાં તો અસ્પૃશ્યતાનો એરું આભડવાની સામાજિક ઘટનાની જ વ્યંજક બની રહે છે. માનવીનું માનવી દ્વારા થતું શોષણ એ આ વાર્તાનો પ્રધાન સૂર છે. લેખકના જ શબ્દોમાં કહીએ તો– ''એરુંઝાંઝરુ'' માનવીય વિશ્વની સૌથી કરુણ દુર્ઘટના છે. ધર્મ બાંધેલ માનવસર્જીત કલંકની સૌથી કાળી અને ધિક્કારપાત્ર કથા છે. અછૂતપણું અને અંધશ્રદ્ધાનો આવો જોટો આખા વિશ્વમાં ક્યાંય શોધ્યો નહીં જડે''[૧૨૨]

વાર્તાનું વિષયવસ્તુ ભલે રૂઢ હોય પણ વાર્તામાં પ્રયોજેલ સંનિધિકરણ, નાટ્યાત્મક વક્રતા, ઘટનાઓના પારસ્પરિક સંનિકર્ષ, પાત્રનિરૂપણ, કથન શૈલી, વર્ણન, વસ્તુ ગૂંથણી– સંયોજનની ચુસ્તતા ને ભાષાને કારણે વાર્તા કલાત્મક રૂપ ધારણ કરે છે.

દલપત ચૌહાણની *'ઠંડુ લોહી'* વાર્તામાં પોતાની મૂળ ઓળખ ભૂસીને શહેરના સવર્ણ સમાજમાં સમાન સ્થાન પામવા ઝંખતા એક શિક્ષિત, સંસ્કારી, ભાવનાશીલ દલિત યુવકની પોતાની જાત સાથેની મથામણ, આંતર સંઘર્ષ, તેની વેદના–સંવેદના પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા આલેખાઈ છે.

હાથીના દાંત જેવી સવર્ણ સમાજની સગવડિયા, દંભી, ક્રૂર નીતિ–રીતિને કારણે શિક્ષિત, દયાળુ અને સંસ્કારી દલિત યુવકને કેવી દારૂણ મનોવેદના, વ્યથા વેઠવી પડે છે તેનું નિરૂપણ સહધ્ય ભાવકના રૂવાડા ખડા કરી દે એ રીતે 'ઠંડુ લોહી' વાર્તામાં થયું છે. મિયોર વાહના સેવાડા ઘરમાં રહેતા મિયોર જ્ઞાતિમાં જન્મેલો ભલાનો દીકરો ડાયો ભણી–ગણીને દાકતર બન્યો છે. અસ્પૃશ્યો પ્રત્યેની સવર્ણ લોકોની સૂગ અને ઉપેક્ષાવૃત્તિનો ભોગ ન બનવું પડે એ આશયથી મિયોર ભલાનો દીકરો ડાયો મૂળ નામ અને અટક બદલીને 'ડૉ.દેવેન્દ્ર પરીખ' બને છે પણ ગામના સવર્ણ લોકોને આ પસંદ નથી. માએ વાત કરી હતી તેમ, આ અંગેની ખબર પડતા સરપંચ હેમરાજ ચૌધરી અને અન્ય સવર્ણોએ ભલાની નિંદા અને હાંસી ઉડાવવામાં કશી કચાશ છોડી નહોતી. હેમરાજ ચૌધરીએ તો ભલાને મોઢામોઢ કહેલું –

'અલ્યા ભલા, તું તો મોટો પટોલ થઈ જ્યો ? તારા બાપા કી'
'અ્યમ સરપંચસાયેબ ઓમ બોલો સો ! '
'તાણં હું કોય, કે !' ઈમ કાવચારી કરેલી.
'એમ ?'
'ઓવઅ્ ?'
'તારો સોકરો ડાગતર થ્યો નઈ ? હું હાખ રાસી સઅ ?'
'પરીખ'
'ઈમ ! પરીખસાયેબ ? વાણિયા–ભરામણ થઈ જ્યા ! અ્યમ ? ઢેઢ મટી જ્યાં. હેંડો

૧૨૨. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, નિવેદન, 'મારી કથાનાં પાત્રો અને હું', પૃ.૬

ચોરામઅ્ ખાટલો ઢાળી આલું, હેડો સાયેબના ભા !'[૧૨૩] ઉપરાંત ડો. દેવેન્દ્ર પરીખની સતત અવગણના કરે છે. ભલાને મર્મવચનો કહેવામાં રાક્ષસી આનંદ માણનાર આ જ સરપંચ હેમરાજ ચૌધરીનો દીકરો એકાએક બીમાર પડતાં રાત્રે દાકતરની જરૂરિયાત ઊભી થતાં મિયોરવાસમાં છેવાડે રહેતા ભલાને ત્યાં જવામાં તેને જરાય સંકોચ થયો નહોતો અને ડૉ. દેવેન્દ્ર પરીખને અધરાતે કાલાવાલા કરતા, કરગરતા કહેલું-

''ડાગતરસાહેબ ! મારો પરથીડો ! બચાઈ લ્યો. કયાંક થઈ જ્યું સઅ્ ! રાતી આ્યાં જવોય ? તમે ઘેર આવોય.... આંચકી આવોય ?''[૧૨૪] દયાળું, સંસ્કારી ડૉ. પરીખે તેની સમયસર સારવાર કરીને બચાવી લીધો. ઉપરાંત અકસ્માતનો ભોગ બનેલા પુત્રની શસ્ત્રક્રિયાના પ્રસંગે હોસ્પિટલમાં તાત્કાલિક લોહીની વધુ જરૂર પડતા તેણે લોહી પણ આપ્યું. એક અસ્પૃશ્યનું લોહી પોતાના દીકરાના દેહમાં અણુંઅણુમાં વહેતું થાય તે સામે કોઈ જ વાંધો નહતો. હેમરાજ ચૌધરી કે અન્ય સગા-સંબંધીઓની શુ અહીં દંભી, સગવડિયા નીતિ રીતિ નથી પ્રગટ થતી ? પરંતુ આજ હોસ્પિટલમાં ઓપરેશન સફળતાપૂર્વક પાર પડ્યા પછી ડૉ. દેવેન્દ્ર તેને જમવાનો આગ્રહ કરે છે. ત્યારે તેમના આ આમંત્રણનો તેઓ અસ્વીકાર કરતાં કહે છે. - ''ના ના ભાઈ....કાંઈ જમ્મુ નથી' પછી ડૉ. પરીખ પોતાના રૂમમાં ફ્રિઝનું પાણી તેમને સામે ધરે છે, ત્યારે હેમરાજ ચૌધરીએ કહ્યું- ''તરહ નહીં..... નહીં પીવું....!! કહીને ચાલ્યા જાય છે પણ હોસ્પિટલની લોબીમાંથી નીચે નજર કરતા ડૉ. દેવેન્દ્રએ જોયું તો હેમરાજ ચૌધરી અને તેના સાથીઓ નીચે ચોકના ખૂણે જઈને આજુબાજુ કોઈ જોઈ તો નથી રહ્યું એની ખાતરી કર્યા પછી બધાએ નળમાંથી પાણી પીધું ! ''ઘટક....ઘટક....ઘટક !!''

ઉપકારના બદલે હેમરાજ ચૌધરી અને તેના પરિવારજનોનું આ પ્રકારનું વર્તન ડૉ.દેવેન્દ્ર પરીખને વ્યથિત કરી મૂકે છે. ડૉ.પરીખને આઘાત આપે છે. તે રાતે ઊંઘી શકતો નથી. ગઈકાલે રાતે આવેલા પોતાના ગામના હેમરાજ ચૌધરીના 'તરહ....નહિ....તરહ નહિ...! શબ્દો યાદ આવતા ડૉ. દેવેન્દ્રને લાગે છે કે- 'સાલ્લું....દુનિયા ચંદ્ર પર જવાની....અહીં, એનું એજ. કોઈ જ સુધારો નહિ!''[૧૨૫] વાર્તાનાયકના હતાશ માનસને વ્યકત કરે છે. પરોઢિયે વોશબેસીન પરના દર્પણમાં પોતાનો ચહેરો ધ્યાનથી જોતાં તેને આંખમાં રતાશ વરતાઈ છે. 'ગોળમટોળ ચહેરો, ગુલાબી ઝાંયવાળા ભર્યાભર્યા ગાલ, મોટી મોટી રતાશભરી આંખો, ઘાટીલું સપ્રમાણ નાક, પાતળા ગુલાબી હોઠ અને ગૌરવર્ણ....'' તેને અનુભવ્યું કે પોતાના આકર્ષક દેહ અને પ્રભાવક વ્યક્તિત્વમાં આમ તો કશી ઊણપ નથી, કશું જ ખોટું નથી છતાં પણ ''વ્હાય ધીસ ? આટલાં વર્ષો પછીય સાલું એનું એ જ વર્તન ? પી.જી હોસ્ટેલના બીજા માળે પોતાના રૂમ નંબર બે-ત્રણ વાર વાંચે છે ! એ પણ બરાબર હતું ને તેની બાજુમાં એક નામ લખેલું હતું : 'ડૉ. ડી.બી.પરીખ', તેમાં જરાય મીનમેખ નહિ, બરાબર જ છે.ત્યારે કથાનાયકને યક્ષ પ્રશ્ન થાય છે 'તો પછી ?' તો પછી પોતાના જ ગામના સરપંચ હેમરાજ ચૌધરી અને અન્ય સવર્ણો હજુ

૧૨૩. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૧૩૮
૧૨૪. એજન, પૃ.૧૩૯
૧૨૫. એજન, પૃ.૧૩૩

થતાં ડૉ.પરીખની મનોદશા વગેરે પરિસ્થિતિને લાગણીવશ થયા વિના તટસ્થતાથી આલેખી છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ લેખક રચી શકયા છે. પાત્રોચિત બોલી પણ સમર્થ રીતે પ્રયોજાઈ છે. ટૂંકમાં આ વાર્તામાં ભલા પરમારના દીકરા તરીકેની જૂની ઓળખ ભૂસીને ડૉ. દેવેન્દ્ર પરીખ રૂપે નવી ઓળખ ઊભી કરવામાં નિષ્ફળ નીવડેલા યુવાનની આંતરવેદના, પીડા મર્મવેધક રૂપમાં નિરૂપાઈ છે. ડૉ. દર્શના ત્રિવેદી અને ડૉ. રૂપાલી બર્ક આ વાર્તા સંદર્ભે ઉચિત જ નોંધે છે - ''પ્રસ્તુત વાર્તામાં જાતિગત અભિશાપ સાથે જીવતા માનવીની વેદના વ્યકત થઈ છે અને તે વ્યકત કરવામાં વાર્તાકારે કરેલો stream of Consciousness અને inter monologue' નો ઉપયોગ નોંધપાત્ર છે.''[૧૨૮] દલિત યુવકની વેદના સંવેદનાની અભિવ્યક્તિ અર્થે પ્રયોજાયેલ ઠંડા લોહીના પ્રતીકવિધાનમાં અને વિષયવસ્તુને અનુરૂપ એવા ચરિત્રસંવિધાનમાં સર્જકની કળાસૂઝની પ્રતીતિ થાય છે. કથાવસ્તુમાં નાવિન્ય નથી છતાં પણ લેખક પોતાની કલમના કસબ વડે સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું પ્રમાણભૂતતા સાથે કલામાં રૂપાંતર કરી શકયા છે.

દલપત ચૌહાણની *'કાતોર'* વાર્તામાં વાર્તાનાયક દલિત કચરો છે. અહીં કચરાની જ કોંકણિયો કચરાને ઊંચે હાથે અપાય છે ! કચરાની મનોવેદના, વ્યથાનું અહીં વેધક રીતે નિરૂપણ થયું છે.

વાર્તામાં સવર્ણ હેમરાજ પટેલે પોતાના ભાઈબંધો વેલજી, હઠોજી, શનોજી વાઘરી અને દલિત કચરાને ભેગા કરીને હહલું ખાવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે. કુટુંબીજનોથી છૂપાવીને ખાસ તો પોતાની માતા હનરમાને ખબર ન પડે એ રીતે હેમરાજના 'બોયડીવાળા' ખેતરે ખેલ પાડવાનો છે. હહલાને મારવા માટે તેમની પાસે કાતર નથી પણ કચરા પાસે છે, તેથી જ તેને બોલાવે છે. કચરો વરસાદ જેવું હોવાથી માધાભાના ખેતરે રાવણામાં સેકેલી કાંકણિયો સાથે લઈને આવે છે. હેમરાજ, શનોજી વગેરે હહલાને વઘારવાની તૈયારીઓ કરે છે. એ જ સમયે ઓચિંતાની હેમરાજની મા ત્યાં આવી જાય છે. હનરમાં હહલાને દેખી ન જાય તે માટે તેને કૂવાની પાછળ સંતાડી દે છે, જ્યારે હનરમાં ખેતરમાંથી જતાં રહે છે ત્યારે હહલાને કૂવા પાછળ શનિયો લેવા જાય છે તો ત્યાં હહલું જોવા મળતું નથી ને શનિયો ખાલી હાથે પાછો ફરે છે, ત્યારે હેમરાજ અને વેલજી તેના પર ગુસ્સે થઈ જાય છે. કારણકે હહલા વગર હેમરાજ અને વેલજીને દારૂ ગળે ઉતરે એમ નથી. અંતે કચરો જે કાંકણિયો પોતાની સાથે લઈ આવ્યો હતો તેનો ઉપયોગ દારૂ સાથે ખાવામાં કરે છે પણ કરુણતા તો એ છે કે કચરાની જ કાંકણિયો કચરાને શનિયો ઊંચો હાથ કરીને આપે છે :

વેલજી કહે છે– શનિયા કાંકણિયો આલી આય ! પાસો અડીનઅ ના આવતો. શનિયો ઢીંચણ થઈ કચરા તરફ જોતાં મોટેથી બોલ્યો :

''વાટચી ધર 'લ્યા, મું કાંકણિયો આલું''[૧૨૯]

---

૧૨૮. હયાતી, ડિસેમ્બર,૨૦૦૧, પૃ.૨૪,૨૫

૧૨૯. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૮૧

ઉપકારને બદલે સવર્ણોનું આ પ્રકારનું ઉપેક્ષાભર્યું વર્તન કચરાને વ્યથિત કરી દે છે. આપણને આશ્ચર્ય થાય કે સવર્ણ હેમરાજ, વેલજી વગેરેને દલિત કચરાની જરૂર પડયે કાંકણિયો ખાવામાં આભડછેટનો બાધ નડતો નથી પણ કચરાને અડવામાં આભડછેટનો બાધ નડે છે ! સવર્ણોની સ્વાર્થી દંભી નીતિ-રીતિ અહીં અછતી રહેતી નથી. સવર્ણ સત્તાધારી વર્ગ હેઠળ કચડાયેલો કચરો વાર્તાના અંતે મનોભીંસ અનુભવે છે. એ ક્ષણે કચરાને થતી અનુભૂતિ વાર્તાની માર્મિક ક્ષણ છે. જુઓ- ''કચરાને લાગ્યું કે તે પોતે કશું જ જોતો નથી, સાંભળતો નથી. બધું ભૂલી ગયો છે. એની આંખોમાં ધીરે ધીરે રતાશ ઊતરી આવી. બધું લાલ લાલ, કોઈક પ્રાણી ઢીંચણે થઈ એની સામે ઘુરકાટ કરવા માંડયું. એ ઊભો થવા માડ્યો, જાણે એ ધરતી સાથે ચોંટી ગયો. એને દોડવાની ઈચ્છા થઈ, પગ હાલ્યા નહીં, હાથ ઊંચા થયા. ત્યાં તો એના હાથે પગે રુંવાટી ફૂટી નીકળી, ધોળી-ધોળી બાસ્તા જેવી. જાણે હાથ, પગ થઈ ગયા. પેલું ઢીંચણે ચાલતું પ્રાણી ઊભું થઈ, હાથમાં કાતોર લઈ એની તરફ ધસી રહ્યું છે. વધારે નજીક, વધારે....એ કાતોર વીંઝે છે. એની જ કાતોર...''[૧૩૦] કચરાની મનોવેદના inter monologue દ્વારા વ્યક્ત થઈ છે. જે નોંધપાત્ર છે. અહીં કચરાનું હહલામાં રૂપાંતર થયું છે. આ રૂપાંતર હૃદયસ્પર્શી તો છે જ પણ વાર્તાના અંતને વેધક બનાવે છે. ડૉ.ભરત મહેતા આ સંદર્ભે જણાવે છે કે, ''કચરાનું હહલામાં થતું આ ફેન્ટસીપૂર્ણ મેટામોર્ફોસીસ અનુભૂતિને તીક્ષ્ણતા આપે છે. વાર્તામાં આવી ફેન્ટસી સામે અડોઅડ સામાજિક વાસ્તવની માંસલતા વાર્તાને કળાત્મક બનાવે છે.''[૧૩૧]

વાર્તાની એક વિશેષતા એ છે કે સંવાદોમાં પ્રયોજાયેલ તળપદી બોલી અને વાર્તાકથનમાં સર્જકભાષાનો વિનિયોગ કરતા સર્જકે ક્યાંય થાપ ખાધી નથી. ઉપરાંત અહીં નવા-નવા તળપદા શબ્દો, કહેવતોનો ઉપયોગ થયો છે. દલિત સમાજની ખાસિયતો, રીત-રિવાજો, ટેવોનું આલેખન પ્રમાણભૂતતા સાથે થયું છે એ રીતે પણ આ વાર્તા નોંધપાત્ર છે. આ વાર્તાનો કેન્દ્રિય સૂર માનવીનું માનવી દ્વારા થતું હ્સ્વીકરણ છે.

હરીશ મંગલમ્‌ની *'દાયણ'* ખૂબ જ પ્રસિદ્ધ વાર્તા છે. 'દાયણ'માં ગરજવાન સવર્ણ સમાજ ચીતરાયો છે. ગરજ સરીકે વૈદ્ય વેરીની જેમ સવર્ણ સમાજ જરૂર પડે ત્યારે દલિત સમાજને વિનંતિઓ કરતો હોય છે પરંતુ કામ કરાવી લીધા પછી એ જ સવર્ણ સમાજ દલિતોના ઉપકારની જરા પણ નોંધ લીધા વિના પુનઃયથાવત ધિક્કારપૂર્ણ, નફ્ટાઈભર્યો વ્યવહાર કરતાં હોય છે. એટલું જ નહીં ઘણી વખત તો પશુથી પણ બદતર વ્યવહાર કરે છે માત્ર એ અસ્પૃશ્ય હોવાને કારણે જ. આ વાર્તામાં ઉપકારની સામે અપકારની વૃત્તિ તો રહેલી જ છે પણ તેની સાથે-સાથે અંધશ્રદ્ધા અને અસ્પૃશ્યતા પણ જોવા મળે છે. દાયણ બેનીમાની વ્યથા, પીડા અને વિડંબનાને વાચા આપવામાં આવી છે.

દલિત વિધવા દાયણ બેનીમાં કેરીઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. તે કેરી પકવવામાં જેટલા પાવરધાં છે તેટલાં જ પાવરધાં દાયણના કામમાં છે. બેનીમા પોતે અભણ છે છતાં દાયણ કામનું તેની પાસે અનુભવ અને આવડતનું મોટું ભાથું છે. તેની પાસે એટલી બધી કોઠા સૂઝ હતી

૧૩૦. એજન, પૃ.૮૧

૧૩૧. પ્રતિબદ્ધ, ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.,૨૦૦૫, પૃ.૪૯

કે એમની આગળ ભલભલા ડૉક્ટર પણ ગોથું ખાઈ જતા. તે એકપણ પૈસો લીધા વિના રાતદિન ઉજાગરા કરીને ગામની સ્ત્રીઓની સફળ સુવાવડ કરાવતા. ગામના સવર્ણ માણેકડોશીની વહુ પશીને પ્રસૂતિ થતી ન હતી. આ કામગીરીનાં જાણકાર દાયણ બેનીમાને બોલાવવા પશીની જેઠાણી દલી એમના ઘેર આવે છે અને કહે છે – ''હા બેનીમાં, હું દલી....મારાં જેઠાણી પશીમાને પીડા ઊપડી સઅ, દાકતર પરેશ પટેલને બોલાયા'તા પણ....એ તો અંજીસન આલીને જતા રયા. કીધું કઅ કાં'ય ચિંતા કરશો નૈ. બે કલાકમાં સુવાવડ થૈ જશે', વળી શ્વાસ લેતાં ઉમેર્યું, 'પણ બેનીમાં, બેના ચાર કલાક થ્યા તોય ન તો સુવાવડ થૈ ક ન તો પશીમાનં પીડા એઠી બેઠી. બેનીમાં તમે ઝટ્ હેંડો'[132] ગામના ડૉ. પરેશ પટેલથી પણ ન ઉકેલાઈ શકેલો પશીની સુવાવડનો કેશ દાયણ બેનીમાં એકપણ પૈસો લીધા વિના સરળતાથી ઉકેલી દે છે પણ સમય જતાં એ જ પશી બેનીમાને અસ્પૃશ્યગણીને એના દીકરા ડાહ્યલાને બેનીમા પાસે જતાં અટકાવે છે, કહે છે, 'જો જે કીકલા.....બેનીમાનઅ અડતો !!!' આ વાક્યમાં અનેક ગૂઢ અર્થ રહેલા છે. આ વેણ સાંભળતા બેનીમાના હૈયે વજ્રઘાત થાય છે. લેખક નોંધે છે તેમ 'બેનીમાના લંબાયેલા હાથને જાણે લકવો થયો હોય તેમ ધ્રૂજતા ધ્રૂજતા હવામાં લટકી રહ્યા....''[133] પશીના આ કુવ્યવહારથી માત્ર બેનીમાનો હાથ જ લકવાગ્રસ્ત નથી થતો પણ એ સાથે સહદ્ય ભાવકનું મન પણ તરફડી ઊઠે છે. બેનીમાની વેદનાની પરાકાષ્ટા તો વાર્તાના અંતે આવે છે. અગાઉ કસુવાવડનો ભોગ બનેલી પશી અને તેના પુત્રને બચાવનાર બેનીમાં પ્રત્યે કૃતજ્ઞતા અનુભવવાને બદલે કે તેનો આભાર માનવાને બદલે દલી, રૂખી અને મંજુ બેનીમાની ગમાણની માખીઓની જેમ બણબણવા માંડ્યાં 'આ તો બેનીમા, પશલીનું નશીબ તે બચી જૈ....''[134] એતો ઠીક પણ વિધિની વક્રતા તો ખુદ પશી કહે છે એમાં છે. – 'આતો રોમકબીરની મોનેલી બાધા ફળી....'[135] અહીં આપણને સહજ રીતે જ પ્રશ્ન થાય કે રામકબીરની માનતાનું ફળ મળેલું એવું માનનારી પશી ડૉ.પટેલે હાથ ધોઈ નાખ્યા હતાં એ વાત કેમ ભૂલી જાય છે ? રામકબીરની માનતા હતી તો અછૂત બેનીમાની મદદ નહોતી લેવીને? બેનીમાની કોઠાસૂઝ, આવડત, કાર્ય પર 'નસીબ' અને 'બાધા ફળી'ની વાતો પાણી ફેળવી દે છે ને બેનીમા યશ વિહિન રહી જાય છે. અહીં સવર્ણ સમાજમાં ઘર કરી ગયેલી અંધશ્રદ્ધાના દર્શન તો થાય છે. સાથે-સાથે દલિતોને કોઈ પણ કામમાં મેળવેલ સિદ્ધિ બદલ શ્રેય ન અપાય એવી મનોવૃત્તિ પણ અહીં પશી, દલી, રૂખી, મંજુ વગેરે પાત્રમાં જોવા મળે છે. આવા કુસંસ્કારો પેઢી-દરપેઢી સવર્ણોને ગળથૂથીમાંથી મળ્યા કરે છે. માતા-પિતા જ પોતાના બાળકોના મનમાં અસમાનતાનું બીજ રોપતા હોય છે, કુસંસ્કારોનું સિંચન કરતા હોય છે. વાર્તાના અંતે સવર્ણ સ્ત્રીઓ દ્વારા હડધૂત થયેલા બેનીમા કેરીનો ટોપલો લઈને છોકરાની બાજુમાં થઈને પસાર થયાં, તેવામાં એક છોકરો તાડૂકયો 'એ ઢેઢી ! આઘી જા, અભડાયે ! ભારતી નથી ?'[136] આપણે સૌ જાણીએ છીએ કે આપણા સમાજમાં તો બાળકને ભગવાનનું

૧૩૨. તલપ, હરીશ મંગલમ્ પૃ.૬૦
૧૩૩. એજન, પૃ.૬૩
૧૩૪. એજન, પૃ.૬૩
૧૩૫. એજન, પૃ.૬૩
૧૩૬. એજન, પૃ.૬૪

રૂપ માનવામાં આવે છે પણ એ વાત અહીં ખોટી સાબિત થતી હોય એવું નથી લાગતું શું ? જેને દસ વર્ષ પહેલા બેનીમાએ બચાવ્યો હતો એ દલીનો ડાયલો બેનીમાને આવી રીતે અપમાન કરે ! કેવી નફટાઈ છે એની. અહીં ખરી વક્રતા જ એ છે કે આ પેઢી દર પેઢી ચાલ્યું આવતું કાળું કલંક છે. સવર્ણોના આવા વ્યવહાર સંદર્ભે બી.કેશરશિવમે ઉચિત જ નોંધ્યું છે – ''સામાજિક અસમાનતાનું વરવું, દારુણ, નિર્લજ્જ વર્તન પ્રાણી જેવી આ જાતિ સિવાય કઈ જાતિ કરી શકે ? તેમનાં મા-બાપ ને તેમના સમાજ તરફથી મળતા સંસ્કારો (?) એમની પેઢી દર પેઢી ચાલ્યા કરે છે ને પોરસાતા જાય છે!''[૧૩૭]

પશી, ડાયલો અને અન્ય સવર્ણ સ્ત્રીઓના વ્યવહારથી વાર્તાના અંતે બેનીમા જે કારમો આઘાત અનુભવે છે તે સહજ છે. વાર્તાનો અંત પ્રતીકાત્મક અને સ્વાભાવિક છે. જુઓ- ''બેનીમા ઉપર આખું આભ તૂટી પડ્યું, પગ થંભી જાય તે પહેલાં યુગાંતરનો ભાર વેંઢારી આઘાં ખસ્યાં, ત્યાં એમની નજર આકાશ તરફ મંડાઈ. દરરોજની જેમ સૂરજ લાલઘૂમ ન હતો. એની ઉપર કાળાડિબાંગ વાદળ છવાયેલા હતાં. 'હાશ' કહી બેનીમાએ પોતાના ભારેખમ પગ ઘર ભણી ઉપાડ્યા, ત્યાં તો વડલાની કો'ક ડાળથી ટપાક્....ટપ....ટેટો ખર્યો, જાણે ડાયલાનો ઠૂંઠો ખર્યો !!''[૧૩૮] અહીં લાલઘૂમ સૂર્યનું કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ જવું 'અંધારા'નું દશ્ય પ્રતીકાત્મક છે. ચારેકોર ફેલાયેલા અંધકારમાં માત્ર દાયણ બેનીમાના ઓરડા પર જ નહિ પણ બધા જ દલિતોના વાસ પર ફેલાયેલા આભડછેટના અંધકારનો સંકેત સમાયેલો છે. દલિતોના જીવન પર ફેલાયેલી કાળાશને આકાશમાં ફેલાયેલાં અંધકાર સાથે પ્રતીકાત્મક રીતે જોડીને આપણી પ્રાચીનકાળથી ચાલી આવતી વર્ણવ્યવસ્થા-સમાજવ્યવસ્થા પર જાણે ઘણના ઘા પડતા હોય એમ લાગે છે. સૂરજ ઉપર કાળાં ડિબાંગ વાદળો છવાઈ ગયાં એ બાબત બેનીમાને ગમી હોય એવું લાગે છે કારણકે એ બાબત બેનીમાના 'હાશ' ઉદ્ગાર દ્વારા સૂચવાઈ જાય છે. અલબત્ 'હાશ'માં બેનીમાની વેદના ભારોભાર વ્યકત થઈ છે. બેનીમાની આંતરવ્યથા, પીડા, વેદના એટલી ભયંકર છે કે એમને હવે અંધારું જ ગમે એમ છે. અંધકાર બેનીમાની આંતર વેદનાને સચોટ રીતે વાચા આપે છે એ તો ખરું જ પણ સાથે-સાથે એ અંધકાર દ્વારા આખા દલિત સમાજની વેદના-વ્યથા વ્યકત થઈ જાય છે. આ વાર્તામાં રૂઢિજડ સવર્ણોના સ્વાર્થી વલણનો ભોગ બનતી બેનીમાની સંવેદનાને સર્જકે બરાબર તાગી છે, આલેખી છે.

'બેન' અને 'મા' ના સદ્ગુણો ધરાવતાં દાયણ બેનીમાની સહાનુભૂતિ માત્ર પોતાના કુટુંબ કે સમાજ પૂરતી સીમિત ન રહેતા સમસ્ત માનવસમાજ પ્રત્યે તેમને સમ-સંવેદન છે, લાગણી છે. બેનીમાની દાયણ તરીકેની કામગીરી ખરેખર વખાણવા લાયક છે એવું કહેવામાં જરાય અતિશ્યોક્તિ નથી. બેનીમાં પોતે જે રીતે સવર્ણ પશી કે અન્ય સ્ત્રીની સુવાવડ માટે ઝટપટ જાય, ધૈર્ય અને ખંતથી કાળજીપૂર્વક કામ પાર પાડે છે, એમાં જ એના હૃદયની ઉદારતા અને સંવેદનશીલતાનો અનુભવ થાય છે. બેનીમાનું વ્યક્તિત્વ માનવ મૂલ્યોથી સભર છે. ડૉ.પથિક પરમારનો બેનીમાના પાત્ર સંદર્ભેનો અભિપ્રાય સાચો છે- ''બેનીમા એટલે બહેન અને મા, તેમજ બેઉની મા એવું વાર્તાની નાયિકાનું અર્થસંકુલ નામ ધ્વન્યાત્મક બની રહે છે''[૧૩૯]

૧૩૭. તાદર્થ્ય, ઓક્ટોબર, ૨૦૦૪, પૃ.૪૨

૧૩૮. તલપ, હરીશ મંગલમ્ પૃ.૬૪

૧૩૯. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૧૬૧

વાર્તામાં વાસ, મજૂરીએ જતાં લોકો, દલિતોના રીત-રિવાજ, પ્રાકૃતિક તત્ત્વો બોલી વગેરે દ્વારા વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચાયો છે. -''સાબરમતીની આજુબાજુનાં કોતરોની ધાર પર ઊગેલાં વનરાઉ વૃક્ષોની લીલાશ આંખોને ભરી દેતી. લાલઘૂમ સૂરજ ઉગમણે ઊગી ચૂક્યો હતો. બસ, જોયા જ કરીએ, જોયા જ કરીએ. એ બાજુથી ગામ ભણી નજર કરતાં હૈયું હરખાતું આખી સૃષ્ટિની નિઃશબ્દ શાંતિ પથરાયેલી હતી. આંબેડકરવાસમાંથી એકેક-બબ્બે, ત્રણ-ત્રણ તો વળી દસ-બારના ટોળામાં લોકો ખેતમજૂરીએ જઈ રહ્યાં હતાં, બાકી વધતા નિશાળિયા અને ઘરડાંબુઢ્ઢા, આખો વાસ સૂમસામ ભાસતો''[૧૪૦] લેખકે દલિતવાસનું ચિત્ર અહીં ઉપસાવી આપ્યું છે. વાર્તામાં આવતા વર્ણનોમાંથી અનેક ગૂઢ અર્થો, સંકેતો પ્રગટ થાય છે. જેમેકે,- ''કાળુભાને ગુજરી ગયે બે દાયકા વીતી ગયા હશે. ત્યારથી બેનીમાં આ અંધારિયા છાપરામાં જીવન વ્યતીત કરી રહ્યાં હતાં, છાપરાનાં નળિયામાંથી ક્યાંક-ક્યાંક પ્રકાશના કિરણો પડતાં. બાકી તો સાવ અંધારું ઘોર.''[૧૪૧] અહીં બેનીમાની વેદનામય જિંદગીનું નિરૂપણ લેખકે 'અંધારા'ના પ્રતીક દ્વારા કર્યું છે. તો એ જ રીતે ''સૂર્ય પરથી વાદળા હટી ગયા. બળદેવની આંખો પર નળિયામાંથી ચળાઈને આવતા પ્રકાશનો ચાંદો પડ્યો.''[૧૪૨] અહીં ચંદ્રના અજવાળા દ્વારા બળદેવ અને પશીના જીવનમાં આવનારી સુખી પળોની પ્રતીતિ થાય છે. 'દાયણ' વાર્તા ભાષાકર્મને કારણે પણ નોંધપાત્ર છે. વાર્તામાં ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો સમર્થ વિનિયોગ થયો છે, જે વાર્તાનું જમા પાસું છે. તત્કાલીન સમાજમાં પ્રવર્તતી નક્કર વાસ્તવિકતાનું કલામાં રૂપાંતર કરવામાં સફળ રહ્યાં છે. ડૉ.કેસર મકવાણા જણાવે છે કે, ''પરિવેશનું નકશીકામ અને સંવેદનશીલ તીવ્ર અભિવ્યક્તિ સાથે સ્વસ્થ કલાસંયમથી આ વાર્તા એક બેનમૂન વાર્તા બની રહે છે.''[૧૪૩] આનંદની વાત એ છે કે 'દાયણ' વાર્તા પરથી ટેલીફિલ્મ પણ બની છે.

પ્રસંગને અનુરૂપ પાત્રચિત્રણ, સંવાદ કે કથન વર્ણન બેઉ સ્તરે ભાષાનો સભાન, સઘન વિનિયોગ, પ્રતીકાત્મક રીતે વિચાર કે ભાવની અભિવ્યક્તિ, વસ્તુગૂંથણી, દલિતપરિવેશ અને વિષયવસ્તુની અસરકારક માવજતને કારણે 'દાયણ' વાર્તા આસ્વાદ્ય બની રહે છે. સવર્ણોના આવા અનાયાસ થયેલા વ્યવહારોએ દલિતોને કેવા બેચેન બનાવી દીધા હશે ! એનો અંદાજ આ વાર્તા આપે છે.

દલપત ચૌહાણ એમની *'ગંગામા'* વાર્તા વિશે નોંધે છે: ''ગંગામાં વાર્તાના નાયક ગંગામાં મારા ગામનાં નજીકના ગામનાં છે. હવે નથી. આ કથા મેં એમના મોઢેમોઢ સાંભળેલી. એમની આંખે થીજેલાં લોહી ભીનાં આંસુ દડ્યાં જ નહીં, ધરબાયેલાં રહ્યાં આંખોમાં, કેટલી વેદના હતી એ થીજેલી ખારાશમાં''[૧૪૪] વિકટ પળોમાં દલિત લોકોનો ભરપેટ ઉપયોગ કરવો છે અને વળી પાછી આભડછેટ રાખવી છે એવા સવર્ણોની માનસિકતા કેટલી હદ સુધી વિકૃતરૂપ ધારણ કરી બેઠી છે તે 'ગંગામાં' વાર્તામાં અનુભવી શકીએ છીએ. 'ગંગામાં' પાત્ર પ્રધાન વાર્તા છે.

---

૧૪૦. તલપ, હરીશ મંગલમ્, પૃ.૫૯

૧૪૧. એજન, પૃ.૬૦

૧૪૨. એજન, પૃ.૬૨

૧૪૩. હયાતી, માર્ચ-જૂન, ૨૦૦૫, પૃ.૫૧

૧૪૪. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ..૨૦૦૨, પૃ.૬

વાર્તાનાં આરંભે ગામના મુખી રાયસંગના દીકરા પથુની વહું માંદી છે. ત્રણ-ચાર દિવસ થયા તોય પ્રસૂતીમાંથી છૂટકારો થયો નથી. ત્રણ-ચાર સવર્ણ દાયણો આવી છતાં તેમાંથી કોઈ પણ દાયણ કામ પાર પાડી શકી નહીં, એટલે અંતે ન છૂટકે દલિત દાયણ ગંગામાને બોલાવવામાં આવે છે. ગંગામા તરત જ આવી જાય છે. મુખી ગંગામાને ખંડમાં કેવી રીતે મોકલવી એ અંગે મનોમન વિચારીને દીકરી રાજીને બોલાવીને કહે છે કે આ ગંગામાને હાચવીને વચલા ખંડમાં લઈજા. રાજીએ ઘરમાંથી બચાવવા જેવી વસ્તુ હતી તે ખસેડી લીધી, પછી રાજીએ પોતાના નાકમાં પહેરેલો સોનાનો કાંટો કાઢ્યો. સાડલાના છેડેથી લૂછયો અને તાંસળામાં મૂક્યો. પછી સોનાથી 'પવિત્ર' થયેલ પાણી ગંગામાને છાંટયું અને કહ્યું.

''આવ્વો ગંગામાં, ઓમ થઈનઅ આવો''[૧૪૫] ગંગામા રાજી સાથે ઘરમાં ગયા. અગાઉ બે વખત કહુવાવડ થયેલ એવી પથુની વહુને ગંગામાં પોતાની આગવી આવડતથી બાળકને જન્મ આપે છે. મા-દીકરાને કટોકટી ભરી સ્થિતિમાંથી ઉગારી લે છે. ઘરમાં આનંદનું વાતાવરણ છવાઈ જાય છે પણ જાણીને આશ્ચર્ય થાય છે કે ગંગામાના ગયા પછી ઘર પવિત્ર કરાય છે, સવર્ણોની સ્વાર્થ પટુતા તો જુઓ-ગંગામા ગયાં એટલે ઘરમાં સાફસૂફીનું કામકાજ શરૂ થઈ ગયું. વહુ, દીકરાને નવડાવવા માટે તુર્ત જ વાડામાં લઈ ગયા. પાણીમાં સોનું નાખી ''સોનાવણી''થી તેમને નવડાવવામાં આવ્યાં. જે સ્ત્રીઓ ગંગામાને અડી હતી તેય નાહવા માટે પોતપોતાને ઘેર ચાલી ગઈ. મુખીના ઘરમાં સોનાથી પવિત્ર કરવામાં આવેલ પાણીનો છંટકાવ કરી, ઘરમાંથી ગંગામાની આભડછેટ દૂર કરી, ગોદડી, ગાભા, સાડલો વગેરે વાડામાં મૂકી આવી, મુખીની વહુ, મેનામાંએ રાજીને બૂમ પાડીને કહ્યું,

''રાજી....ઓ....રાજી, આ ગોદડી, ગાભા, હાડલો પેલી હમજુ ડોસીનઅ બોલાઈ આલી દે જે''[૧૪૬] સોનું પાણીમાં નાખીને પાણીની છાંટ લેવાની વાતથી 'પવિત્ર' થવાના જરી પુરાણા, સડી ગયેલા, ખોખલા થઈ ગયેલા સવર્ણ લોકોના ઉબકા આવે એવાં ખ્યાલ ને અંધશ્રદ્ધા અહીં લેખકે આલેખ્યા છે. વાર્તામાં દલિત દાયણ ગંગામાના ગૃહપ્રવેશની વાતે ઘરમાં અણગમાનું મોજું ધસી આવે છે. મુખી,તેની પત્ની, પુત્ર તેમજ અન્ય સ્ત્રીઓ ગંગામાથી અભડાય છે પણ કરુણતા તો એ છે કે થોડા વખત પછી ગંગામાના પુત્ર પશલાની વહુ પર મુખીનો દીકરો પથુ બળાત્કાર કરે છે ! અંતે ગંગામાની પુત્રવધુ (પશલાની વહુ) આત્મહત્યા કરે છે. આ જાણીને ગંગામા વ્યથિત થઈ જાય છે. આભડછેટનો ભોરિંગ દલિત સ્ત્રીને અડકી ન શકે પણ તેના પર બળાત્કાર કરી શકે. કેવી વિડંબણા !

વાર્તાનો અંત મેલોડ્રામામાં સરી પડે છે. ગંગામાના ગયા પછી ઘર પવિત્ર કરાય છે. વાર્તા આ આઘાત પાસે પૂરી કરી હોત તો અંત સહજ લાગત પણ ગંગામાની પુત્રવધુ પર એ જ મુખીના દીકરા પથુનો બળાત્કાર એ લેખકના આક્રોશને પાત્ર-બાહ્ય આક્રોશ બનાવી બેસે છે. પથુના પાત્રને વાર્તાના આરંભથી જ એ રીતે દર્શાવ્યો હોત તો સહજ લાગત પણ પાત્રની એ પ્રકારની માવજત લેખક કરી શકયા નથી.

---

૧૪૫. એજન, પૃ.૯૬
૧૪૬. એજન, પૃ.૯૮

'ગંગામા' વાર્તામાંથી પસાર થતાં હરીશ મંગલમ્‌ની 'દાયણ' વાર્તાનું સ્મરણ થાય છે. આ બંને વાર્તામાં અસ્પૃશ્યતા કેન્દ્રસ્થાને છે પણ આ બંને વાર્તાઓ કથન, વર્ણન અને નિરૂપણની દૃષ્ટિએ એકબીજાથી જુદી પડે છે. 'દાયણ'ની બેનીમાં જેવું જ ઉમદા, ઉદાર ને માનવીય ગુણોથી સભર વ્યક્તિત્વ ગંગામાનું છે. ગંગામાના ઉદાર દિલનો પરિચય પથુની વહુની પ્રસૂતિ પાર પાડ્યા પછી આપણને થાય છે, જુઓ -

> ''તાણ તો હાડલો આઈ સ્યો,'' કહી ભગો હસ્યો.
> ''અ્યમ ભઈ ઈમ કેસઅ ? મુખી જેવો મુખી સનઅ....''
> ''ગંગામાં, એ તો મુખી સઅ, કુણે ના કીધું, પણ તમારો હાડલો ?''
> ''અસે, તાણઅ, આલવું અસે તો આલસે''[147]

ગંગામાની સામે મુખી, પથુ વગેરેના પાત્રો વામળા લાગે છે. વિકટ સંજોગોમાં મદદરૂપ થનાર ગંગામાનો આભાર તો નથી માનતા પણ એમના પ્રત્યે આભડછેટ રાખે છે, એય ઠીક અંતે એજ ગંગામાના દીકરાની વહું પર પથુ બળાત્કાર કરે છે !! દલિત ગંગામાની વ્યથા, વેદના અહીં સઘનતાથી નિરૂપાઈ છે. મડદા પાસે બેઠેલાં ગંગામાને, પથુની વહુને પ્રસૂતિ હેમખેમ કરાવી હતી તે વેળા યાદ આવે છે. તે વખતના સંવાદો યાદ આવતાં ગંગામાની આંખોમાંથી આંસુ દદડવા માંડે છે. -

> ''આથ મૂકતાં જ સૂટ્કારો થઈ જ્યો''
> ''ભા, દિકરા ને વૌઉ બવ હારાં સઅ''[148]

ગંગામાની સાથે સહૃદય ભાવક પણ હચમચી ઊઠે છે.

લેખકે સંનિધિકરણની પ્રયુક્તિથી સવર્ણ અને દલિત લોકોની માનસિકતા પર પ્રકાશ પાડ્યો છે. વાર્તામાં પ્રયોજાયેલ તળપદી બોલી પાત્રોને જીવંત રૂપ બક્ષે છે.

હરીશ મંગલમ્‌ની *'ઉટાંટિયો'* જાણીતી વાર્તા છે. જેનો હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં અનુવાદ પણ થયો છે. ગામડામાં વસતા સવર્ણોના વાણી-વર્તનમાં પ્રગટતી તેમની સ્વાર્થપટુતા અને હાથીના દાંત જેવી દંભી નીતિરીતિ વસ્તુત: કેવી સગવડિયા હોય છે તે 'ઉટાંટિયો' વાર્તામાં અનુભવવા મળે છે.

વાર્તાના આરંભે જ ચામડાનો ધંધો કરતી રતન પ્રત્યેની સવર્ણોની સૂગ તેમના વાણી-વર્તનમાં અછતી રહેતી નથી. રતનથી સૂગાતાં અને કહેતાં કે 'આઘી મર્યકઅ રાંડ !' તો વળી કો'ક લૂંડયાની હારી !' કહીને નાક દબાવતા. કંડક્ટર પણ બસમાં બેસવા દેતો નહિ. ચામડાંના બચકા તરફ સૂગથી જોઈને તુંકારે બોલતો: 'બેસવું હોય તો આ ઉપર મેલી દે !' વળી ખીજ ચડાવી દબડાવતો : 'આવી ગંધ લૈનં તું અ્યા ચડે'? 'ધડ કરી બારણું બંધ કરી દેતો ને બસ ઉપડી જતી. સવર્ણોના આ હીન,

---

૧૪૭. એજન, પૃ.૯૯
૧૪૮. એજન, પૃ.૧૦૩

નફટાઈભર્યા વ્યવહારથી રતન પણ ટેવાઈ ગઈ હતી. બધું કોઠે પડી ગયું હતું. ચામડાની ગંધ રતનનેય સદી ગઈ છે એને હરગોવન પટેલની ભેંસની છાશ રગડા જેવી લાગે છે અને ભેંસ મર્યા પછી એની ચરબીનાં વખાણ કરે છે પણ વાર્તાના આરંભે જ રતન દ્વારા પૂછાયેલ પ્રશ્ન ગૂઢ અર્થ ધરાવે છે– ''બાપ! હું થાય ? આ તો અમારો ધંધો જ એવો સઅ અને તમારા ઘેર મૂઆં ઢોર જ ના મરતાં હોય તો ચેવું હારૂં?''[૧૪૯] જો ઢોર ન મરે તો ગંધ ન હોય અને જો ગંધ જ ના હોય તો રતનને હડધૂત, તિરસ્કૃત પણ ન થવું પડે પણ કમનસીબે તેને એમાંથી મુક્તિ નથી. ગામમાં રોગચાળો ફાટી નીકળતા ટપોટપ ઢોર મરી જાય છે, ત્યારે કચરો અને રતન ઢોર ઉપાડે છે અને ગામની ગંદકી દૂર કરે છે. એ જ રીતે જ્યારે ઉટાંટિયાનો રોગ આખા ગામમાં ફેલાય છે અને એ રોગ દોરા ધાગાથી કે ડોક્ટરની દવાથી પણ મટતો નથી. મરકી જેવા આ ઉટાંટિયાનો એક અકસીર ઈલાજ છે છોકરાને ચામડાં પકવવા માટેનાં કુંડના પાણીથી અભડાવવું. આથી ગરજે હરગોવન પટેલ પોતાના પૌત્રને કુંડના પાણીથી અભડાવવા કચરા ચમાર પાસે લઈ જાય છે ! છોકરાને ઉટાંટિયો મટી જાય છે. પછી તો ગામના ઘણા લોકો પણ કચરા ચમાર પાસે જાય છે. ગામલોકને કચરા–ચમારની અને રતનની ઉપયોગિતા સમજાતાં તેનાં માન પાન વધી જાય છે ! પહેલાં બધા રતનને 'રતની ઘેબરાળ' તુંકારથી બોલાવતા આજે જરૂર પડ્યે એને પણ માનથી બોલાવે છે ને બધા સામેથી છાશ લઈ જવાનું કહે છે ! એ જ રીતે ઢોર મરે છે ત્યારે વનજી પટેલ 'લ્યા કચરીયા' પરથી 'ભૈ કચરા' પર આવી જાય ! કારણ કે ઘરે લગ્ન છે. મરેલું ઢોર પડ્યું છે. શુ અહીં સવર્ણોની ગરજાઉવૃત્તિ છતી નથી થતી ? પણ આપણને જાણીને સવિશેષ આશ્ચર્ય થાય છે કે જે હરગોવન પટેલના પૌત્રનો ઉટાંટિયો કચરાએ મટાડ્યો હતો તેમની જ ટોચ–મર્યાદા ધારા હેઠળ ફાજલ પડેલ બે વીઘા જમીન સરકાર કચરાને ફાળવે છે, ત્યારે માત્ર હરગોવન પટેલનું જ નહિ પણ સમગ્ર ગામના સવર્ણ સમાજનું વલણ જ બદલાય જાય છે. ગામમાં હાહાકાર મચી જાય છે.

પરંતુ કચરો તો જમીન મળતાં ખુશ થઈ જાય છે. તે જમીન ખેડવાની તૈયારી કરે છે પણ હરગોવન પટેલનું ખેતર ખેડતાં આવનાર પરિણામોથી વાકેફ રતન જમીન ખેડવાની ના પાડે છે. હરગોવન પટેલ અને ગામનાં આગેવાનોએ પણ કચરાને જમની ન ખેડવા માટે સમજાવતાં કહ્યું કે,

''ભૈ, સરકાર તો ગોડી સઅ,....જો, જમીન તો અરગોવનની ખરી કઅ નૈં? અનં સરકાર બીજાનં આલી દે એ ર્યોનો ન્યાય ! આંમ તો ગાંમમાં આગ લાગશેં....કાંક હમજ....''

'આગ લાગશેં તો આપણ બધાય ભેળા ?'

ગામનો એક આગેવાન સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો :

'જમીન ભલે તારા નામ પર રૈ, પણ જમીન અરગોવન વાવશેં' શેઢો–બેઢો અલગ ચીતરવાનો નૈ. વરસે દા'ડે તન પોંન્સો રૂપિયા આલીશું !'

સવર્ણોના કાવતરાને સમજી ચૂકેલો કચરો કહે છે કે,

---

૧૪૯. તલપ, હરીશ મંગલમ્, પૃ.૩૮

'પટચોલ ! હાંભરી લ્યાં તાણં....સરકાર કાંય ગોડી નથી. મનં અને સરકારને તમે ગાંડાં બનાવવા નેકર્યા સાં. હમજ્યાં ? !'

ત્યાં જ એક જુવાનિયો કે જેના દીકરાને ઉટાંટિયામાંથી ઉગાર્યો હતો તે ધમકી આપતા કહે છે કે :

'વાવજે તારામાં હિંમત હોય તો ! એક ચમાર થઈને અમને સમજાવે છે તે !'[૧૫૦]

પણ કચરો તો અડગ જ રહે છે. 'પાંચસો' રૂપિયાનો વચલો માર્ગ પણ સ્વીકારતો નથી, નતો તેની ધમકીને વશ થતો, એટલું જ નહિ પત્ની રતનની આજીજી છતાંયે તે ખેતર ખેડવાનો નિર્ણય કરે છે. આથી ગામનો અસહકાર શરૂ થાય છે. હરગોવનના ઘરનાંયે તો બોલવાનું બંધ કરી દીધું. રતનની છાશ બંધ થઈ ગઈ. સવર્ણ લોકમાનસનાં વલણો કેવાં તકલાદી હોય છે તેની અનુભૂતિ અહીં થાય છે.

કચરો સવર્ણોની ધાકધમકીને વશ થયા વિના સજ્જ થઈને સામનો કરવાની તૈયારી સાથે ખેતર ખેડવા પહોંચી જાય છે. ખેતરમાં સવર્ણો કચરા ચમારની કેવી વલે કરે છે તે જોઈએ.

''કચરો જોવા લાગ્યો. એના કાન સરવા થયા. એકદમ સાવધ બની ગયો.બાવળના થડે ટેકવેલું ધારિયું હાથમાં લીધું. બાવળ ઉપર સડસડાટ ચડી ગયો. દૂર દૂર નજર નાખી જોઈ લીધું. માણસોનું ટોળું ધસી રહ્યું હતું. ધૂળની રજકણો હવામાં તરી રહી. હો....હો....હો.... સિવાય કશું સંભળાતું નહોતું. ઝીણી નજર કરી અને કાન ધરી કચરો કશું પામવા મથી રહ્યો. કશી જ ખબર પડી નહિ, હવે પેલું ટોળું 'ખોહુ.....ખોહું' કરી રહ્યું હોય એવું લાગ્યું. ટોળું ઘણું નજીક આવી રહ્યું હતું. 'ખોહું....ખોહું...'જોરથી કાનમાં અથડાયું. શાંત ખેતરોમાં 'ખોહું....ખોહું..'..પ્રસર્યું. 'ખોહું....ખોહું' ચકરાવે ચડ્યું. કચરો ગુસ્સાને લીધે ધ્રૂજી રહ્યો. એની આંખો લાલચોળ ભોથા જેવી થઈ ગઈ. ધારિયાને સંભાળીને એ નીચે ઊતરવા લાગ્યો. હવે તો પેલું ટોળું નજીક આવી ગયું હતું. 'મારો.....કાપો'ની જગ્યાએ 'ખોહું...ખોહું....' સંભળાતું હતું. ખોહું.....ખોહું....ના સપાટાને લીધે બાવળિયાનાં ડાળાં અવળ-સવળ થઈ ગયાં. પવનનો સૂસવાટો ખોહું....ખોહું...ને લઈ ખેતરમાંથી પસાર થઈ રહ્યો. ખેતરની જગ્યાએ કચરો કુંડ પર ઊભો હોય તેવું એને લાગ્યું . અને 'ભૈ, કચરા, આ શિયાને કુંડનું પાણી અભડાવવાનું સઅ્' -વાતાવરણમાં પડઘાતું પડઘાતું કચરાના ધસમસતા લોહીમાં શમી ગયું.''[૧૫૧]

વાર્તાનો અંત પ્રતીકાત્મક છે. ખેતરમાં 'હો....હો....હો....'કરતું સવર્ણોનું ટોળું કચરાને ધસવા આવી પહોંચે છે. આ ટોળાંમાં સૌથી આગળ હતો હરગોવન પટેલનો દીકરો !! ટોળું નજીક આવતા 'મારો મારો' ને બદલે ઉટાંટિયાના દરદીના 'ખોહું.....ખોહું....ના' અવાજો કચરાના કાને અથડાય છે. પોતે જાણે ખેતરને બદલે ચામડા પકવવાના કુંડ પર ઊભો હોય અને ઉટાંટિયાગ્રસ્ત

---

૧૫૦. એજન, પૃ.૩૮
૧૫૧. એજન, પૃ.૪૦

બાળકોને શા માટે લોકો ચામડાં પકવવાના કુંડનું પાણી પીવડાવીને અભડાવવાની આજીજી કરતાં હોય એવી તેને અનભૂતિ થાય છે. કચરા પર હુમલો કરવા આવતા સવર્ણોના આક્રોશને લેખકે ઉટાંટિયામાં રૂપાંતર કરીને વર્ણવ્યો છે. અહીં ઉટાંટિયો પ્રતીકના સ્તરે રસાય છે. ઉટાંટિયો વાસ્તવમાં અસ્પૃશ્યતાનું પ્રતીક બને છે. વાર્તાના અંતે સવર્ણોની હીન માનસિકતા પ્રગટ થાય છે. સવર્ણોનું ટોળું કચરા પર તૂટી પડે છે. કચરાની કરુણ સ્થિતિનું આલેખન લેખકે સંયમપૂર્વક કર્યું છે. પરિણામે અંત સહજ લાગે છે. ડૉ. કેસર મકવાણાએ વાર્તાના અંત સંદર્ભે સાચું નોંધ્યું છે- "લેખક અંતે કચરાના કરુણ અંજામને ગોપિત રાખીને માત્ર 'ઉટાંટિયા'ના રોગને સૂક્ષ્મ સંદર્ભોથી ઉપસાવી આપે એવી પ્રતીકાત્મક સ્થિતિના વર્ણનથી વાર્તાને વિશિષ્ટ ઓપ આપ્યો છે."[૧૫૨]

'ઉટાંટિયો'માં તળ બોલીનો સમર્થ વિનિયોગ થયો છે, જે પાત્રોને જીવંત રૂપ બક્ષે છે. વાર્તામાં મરેલી ભેંસને ચીરવાનું વર્ણન બિભત્સ રસનો અનુભવ કરાવે છે. જુઓ – "મોટી આંકોલથી કચરો ચર્ ચર્ ચીરવા મંડ્યો. એક-બે ઘસરકામાં તો પેટ ચીરી નાખ્યું. પેટમાંથી સૂરુરુરુ કરતી હવા વછૂટી. જ્વાળામુખી અચાનક ફાટી નીકળે ને લાવા સાથે બધા પદાર્થો ધસી આવે એ રીતે હોજરી-આંતરડાં-ફેફસાં કાળજું બધું જ હફળફ્ લઈને બહાર ધસી આવ્યું. આંતરડામાંથી ભૂડ ભૂડ થઈ ગેસ નીકળી રહ્યો. લાદાની દુર્ગંધ પ્રસરી ગઈ."[૧૫૩]

'ઉટાંટિયો'માં ઢોર ચીરવાની, ચામડું પકવવાની રીતો, ઢોરના માંસની વહેંચણી, રીત-રિવાજો, માન્યતાઓ, બોલી વગેરે દ્વારા વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચવામાં સર્જક સફળ રહ્યા છે. વર્ણ્યવિષય વસ્તુ લેખે દલિત સમાજની મૂળભૂત સમસ્યા, પ્રશ્નોનું નિરૂપણ અહીં અસરકારક રીતે થયું છે. સવર્ણોની જોહુકમી સામે નમતું ન જોખવાની દલિત કચરાની મક્કમતા કલારૂપ પામી છે. 'ઉટાંટિયો' પ્રતીકાત્મક વાર્તા છે. આ વાર્તાના સંદર્ભે ડૉ. દર્શના ત્રિવેદી અને રૂપાલી બર્કે 'Tongues of Fire' માં યોગ્ય નોંધ્યું છે કે, 'Harish Mangalam's Whoopin Cough' is a plea for abolishing the injustice prevailing among human relationship and the writer communicates this message in an artistically thought- provoking manner.[૧૫૪]

શિરીષ પરમારની *'ફરજ'* વાર્તામાં અકસ્માતમાં ઘવાયેલ મહેતા સાહેબના બાળકને હોસ્પિટલમાં લઈ જઈને પોતાની ફરજ બજાવતા દલિત કર્મચારી મકવાણાને ઓફિસમાં સવર્ણ વર્ગના કર્મચારીઓ કોઈ પણ વાંકગુના વિના કેવી રીતે પજવે છે તેનું આલેખન કરવામાં આવ્યું છે. હરીશ મંગલમ્ નોંધે છે તેમ "દલિતો પ્રત્યેનો માનસિક રીતે Neglection નો ભાવ વાર્તામાંથી છતો થાય છે."[૧૫૫]

---

૧૫૨. હયાતી, માર્ચ-જૂન, ૨૦૦૫, પૃ.૫૦
૧૫૩. તલપ, હરીશ મંગલમ્, પૃ.૨૯,૩૦
૧૫૪. એજન, પૃ.૧૬૬
૧૫૫. ગુજરાતી દલિત વાર્તા : સંપાદક : મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૨૧૩

ભી.ન. વણકરની *'ગોરુ ચંદન'* વાર્તામાં રામીબેને જ પોતાના લાલિયાના ભોગે વરાધના રોગથી પીડાતા કચરાને ગોરું ચંદન-ગોમટ પીવડાવી અને સ્તનપાન કરાવેલું તે જ કચરો પૈસા ઊંચે હાથે આપે છે ! અને જે બોઘરણું ઢળી જતું બચાવવા કાનજીને દૂધ અભડાઈ ગયાની ફરિયાદ કરે એ સ્થિતિ એમને ક્ષુબ્ધ કરી દે છે. તે લાલિયાનું બલિદાન એળે ગયું હોય તેમ લાગતા ઉદાસ નજરે લાલિયાની છબી સામે ટગર-ટગર જોતા બોલી ઉઠે છે- ''આના કરતાં તો મેં એને ગોરું ચંદન ના પિવડાવ્યું હોત તો? ''[૧૫૬] અહીં પરાકાષ્ઠા સર્જાય છે. રામીબેનના હૃદયને કેટલી ઠેસ પહોંચી હશે તેની તો કલ્પના જ કરવી રહી ! કચરાનો વ્યવહાર માનવીના મનને ઝકઝોળીદે તેવો છે. અહીં વરાધના અકસીર ઈલાજ તરીકે ઉપયોગમાં લેવાતું 'ગોરું ચંદન' સવર્ણ અને દલિત સમાજ વચ્ચે રહેલી અસ્પૃશ્યતાની ખાઈને પૂરી શકતી નથી. વાર્તામાં ખપમાં લેવાયેલી પીઠ ઝબકારતી પ્રયુક્તિ રામીબેનના કરુણને વધુ ને વધુ ઘૂંટે છે.

રૂઢિજડતાને કારણે અજાણપણે દલિતની કોમળ સંવેદન પર કેવો લોહિયાળ ઘસરકો પડી જાય છે તે મોહન પરમારની *'કોહ'* વાર્તામાં સૂચવાયું છે. ઉનાળામાં પાકને પાણી પિવડાવવા માટે ખેડૂતોને કોસની જરૂર પડતી. વાર્તાનાયક મણો કોસ બનાવવામાં ખૂબ જ હોશિયાર છે. મણા દ્વારા બનાવેલો કોસ એના ગામમાં ખૂબ વખણાતો . ગામના બીજા બે-ચાર જણ પ્રસંગોપાત કોસ બનાવતા ખરા પણ એમના કામમાં ભલીવાર પડતો નહિ, પણ મણો તો દિલ રેડીને કામ કરતો ને જીબાનનો પણ પાકો હતો. વળી કોસ બનાવવાના બહાના પેટે એ રોકડમાં શું લેતો નહિ પાંચ શેર દાણા અને એક શેર તેલ લેતો. તેલ તો એ ચામડા પર ઘસવાના ઉપયોગમાં લેતો. તેની પ્રામાણિકતા અને કારીગરીથી ગામ-આખામાં તેની કીર્તિ પ્રસરી. આથી પરગામના માણસોય તેની પાસે કોસ બનાવવા માટે આવતા ને મણો દિલથી બનાવી આપતો પણ એકવાર તેને મિત્રો સાથે ત્રિભુવનદાસના ખેતરમાં ઘઉંની દાડી કરવાનું મન થાય છે અને પત્ની લખી સાથે કામ કરવા જાય છે. લખીને તરસ લાગતા એ ખેતરમાં જ આંબાના ઝાડની નીચે બેઠેલા ત્રિભોવનદાસને કહે છે - 'આ મોરિયો ભરી આલો નઅ !'[૧૫૭] પણ ત્યાં માટલામાં પાણી ન હોવાથી તે છોટીયાને કૂવેથી પાણી આપવાનું સુચન કરે છે. આથી બંને જણ કૂવે પાણી ભરવા જાય છે. ત્યાં મણો પોતે બનાવેલ કોસ જૂએ છે અને એની આંખ સમક્ષ ભૂતકાર તરવરવા માંડે છે. એ ભાવવિભોર થઈ બોલી ઊઠે છે- 'અરે આતો મારો કોહ, ગઈ સાલ ત્રિભોવનભૈનઅ બનાઈ આલ્યો'તો એ જ. ચેટલું બધું પાણી ભરાઈનઅ આવઅ છ ઈમાં.....'[૧૫૮] કોસ પ્રત્યેની માયાને લીધે અજાણતા જ ઢાળિયાંને બદલે તે હડી કાઢીને કોસમાંથી થાળામાં ઢલવાતા પાણીની વચ્ચે મોરીયો ધરી બેસે છે ને એ જ ક્ષણે એકી સાથે છોટીયો અને મંગાજીએ બૂમ પાડી. મંગોજી કૂવો અભડાવી નાખવા બદલ તેને ધમકાવતા ગાળોનો વરસાદ વરસાવે છે ને હડધૂત કરતાં કહે છે - ''મારા હાળા ચમાર ! તું તો કાંઈ રીતભાત શીખ્યો છઅ કઅ નહિ ? થાળું અભડાયું મારું... ''[૧૫૯] આ સાંભળતા મણો જ હાકાવાકા થઈ જાય છે. ભૂતકાળમાં આ જ ત્રિભુવનદાસનો કોસ બનાવતી વખતે હાથમાં છરો વાગ્યો

---

૧૫૬. વિલોપન, ભી.ન.વણકર, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ,૨૦૦૧, પૃ.૫૨

૧૫૭. નકલંક, મોહન પરમાર, લોકપ્રિય, પ્રકાશન, પ્ર.આ.૧૯૯૧, પૃ.૧૭૯

૧૫૮. એજન, પૃ.૧૮૦

૧૫૯. એજન, પૃ.૧૮૧

હતો. તે વખેત લોહીની ધાર છૂટેલી, કોસનું ચામડું લોહીથી ખરડાઈ ગયું હતું અને એ જ કોસથી આજે પાણી ઉલેચતા મણાને પાણી લેતો રોકવામાં આવે છે ! મંગાજીના આવા અમાનવીય વ્યવહારથી તેને પાણીથી ભરેલો મોરિયો માથામાં મારવાનું મણાને મન થાય છે પણ પાણી વિના તડપતી પત્ની લખીની યાદથી તે એવું કરવાનું માંડી વાળે છે. મણો મનોમન વિચારે છે કે પોતે જે કોસ બનાવી હતી તે જ કોસનું પાણી ન પી શકે ? કોસમાંથી ટપકતા પાણીની જગ્યાએ એને દડદડ પડતું લોહી દેખાઈ છે ને તે મંગાજી સામે રોષ વ્યકત કરે છે– ''થાળામાંથી પાણી ભર્યું ઈમાં તમે હેના અભડાઈ જાઓ છો ઠાકોર?... આ કોહ હું બનાવતો હતો, તાણઅ તો લેવા માટઅ તમી આંટા ફેરા મારતા'તા. એ વખતે અમારા ઘરની ઓહરીમાં બેહતાં અભડાતા નો'તા......''[૧૬૦] 'કોહ'માં સવર્ણોની સ્વાર્થી, દંભી વૃત્તિ પ્રગટ થાય છે. આજેય આપણા ઘણા બધા ગામડાઓની હાલત આ વાર્તામાના વાતાવરણથી જરાય જુદી નથી. સવર્ણો દલિતો દ્વારા 'વણેલા' કપડા પહેરે, એમની બનાવેલી વસ્તુઓ વાપરે પણ અડે તો આભડછેટ લાગે ! મણો વાર્તાના અંતે તે સવર્ણોની આવી રૂઢિજડ માનસિકતા સામે આક્રોશ વ્યકત કરતા કહે છે – ''મારો કોહ ઈમના કૂવામાં પેઠો તોય ઈમના મનનું અંધારું રામ જાણંઅ ચાણઅ ઉલેચાશે?''[૧૬૧] જરા loud બનીને વ્યકત થતો આ પ્રશ્ન માત્ર મણાનો ન રહેતા સમગ્ર દલિત સમાજનો બની રહે છે. કોહથી કૂવાનું પાણી ઉલેચવું અઘરું નથી પણ રૂઢિજડ સવર્ણોના મનહૃદયમાં સદીઓથી ઘર કરી ગયેલા ઘોર અંધકારને ઉલેચવાની આ ભાવનાશીલ દલિતની ઝંખના તે પોતાનું લોહી રેડીને કોહ બનાવે તો પણ સિદ્ધ થઈ શકે તેમ નથી. ડૉ. ભરત મહેતાએ નોંધ્યું છે કે ''નીતરતો કોહ પેલા દલિતનું જાણે આંતર કોશ– રૂપક ન હોય !''[૧૬૨] સવર્ણોના મનના અંધારા ઉલેચવાની વાત ખૂબ જ સૂચક રીતે વ્યકત થઈ છે.''

આમ સવર્ણોની રૂઢિજડતાને કારણે દલિતોને કેટલી અસહ્યપીડા વેઠવાની આવે છે તે અહીં સૂચવાયું છે. વાર્તામાં 'કોહ'નું પ્રતીક બોલકું બની ગયું છે. લેખકે મુખર અંત ટાળ્યો હોત તો વાર્તા વધુ કલાત્મક બની શકત.

દલિત મણાનું આગવું વ્યક્તિત્વ ઊપસી આવ્યું છે. વિષયવસ્તુને અનુરૂપ પાત્ર સર્જન, પરિવેશ, તળબોલીના સમર્થ વિનિયોગને કારણે પણ આ વાર્તા વાંચવી ગમે છે.

• દલિતોએ કરેલા ઉપકારની સામે સવર્ણ પાસેથી ઉપકાર મળ્યો હોય એવી થોડી વાર્તાઓ જોઈ. મોહન પરમારની *'આંધુ'*, નૈકલ ગાંગરોની *'આઘાત'* બી.કેશરશિવમ્‌ની *'શિવાજી'* વગેરે વાર્તાઓમાં સવર્ણના અપકારની સામે દલિતના ઉપકારની ભાવના આલેખાયેલ જોવા મળે છે. 'આંધુનો' વાર્તાનાયક દલિત શનો સેનમા છે. શનાને ભુતકાળમાં ભોળીદા પટેલે ખેતરમાંથી લીમડો લેવા નહોતો દીધો એ ઘટના યાદ છે છતાં પણ એકાએક ધૂળની આંધીમાં રસ્તામાં ફસાયેલા ભોળા

---

૧૬૦. એજન, પૃ.૧૮૧,૧૮૨

૧૬૧. એજન, પૃ.૧૮૩

૧૬૨. પ્રતિબદ્ધ, ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૨

પટેલને પોતાની ઊંટ ગાડીમાં બેસાડી હેમખેમ ગામમાં લઈ આવે છે. શનાની માનવીયતા, સંસ્કારીતા અહીં અસરકારક રીતે ઉપસી આવી છે. વાર્તા ભોળા પટેલના મુખે કહેવાઈ છે.

બહાર નીકળવાની ઈચ્છા ન હોવા છતાં પણ પત્નીના આગ્રહને વશ થઈને 'ટેસને જઈનઅ હટાયૈણું કરી' પાછા પોતાને ગામ આવવા નીકળેલા ભોળીદા પટેલ વાટમાં અચાનક ધૂળની આંધીમાં ફસાઈ ગયા ત્યારે ખાસ્સી મજલ કાપવાની બાકી હતી અને અધવચાળે જ આભલું કાળું ડિબ્બાંગ થઈ ગયું. સૂરજદાદ તો વાદળામાં સંતાઈ ગયા ને ધૂળની ડમરીઓ પવનના સૂસવાટા સાથે ઉડવા માંડી. પછી તો 'ધોતિયું' રામાપીરની ધજાની પેઠે હવામાં ફડફડ થવા માંડ્યું...'[૧૬૩] આથી અકળાઈ રહેલા ભોળીદા ભગવાન ઉપર મનોમન ખિજાઈ ઊઠે છે – ''હું ધાર્યુ છઅ આ ભગવાનિયાએ ! હાળો જંપવા જ દેતો નથી. ગઈ સાલ દકાળ, નઅ ઉણ આંધાબાંધા રમત મેલ્યાં છઅ. શાંતિથી જીવવા દે બાપા !'' આંધીને કારણે તેના પગ ફાંગા થવા લાગે છે. એ ડગ મેલે ને બે ડગલા પાછો પડે છે. આખો વગડો ધૂળમાં રમતો હતો, ખેતરમાં આભનો રા'ય પણ દેખાતો નહોતો. જાણે આખી પૃથ્વી ઉપર પોતે એકલો જ હોય એવું માની બીકનો માર્યો તે દોડ્યો.....'' પણ હાંમી દશમાં દોડાયું જ નઈ- જાંણી મારી છાતી જ ચીરઈ જઈ. ભોળા અ્યમ ઓમ રાંડ થઈ જ્યો ? કુદરત આગળ એવો હંચકા લેવા માંડ્યો? ઈમ છઅ તાણઅ- મારી અંદર કોક ખાખલીઓ કૂટતું'તું''[૧૬૪] ભોળીદાના આ સ્વગત ઉદ્ગારમાં તેમની ભયભીત મનોદશા અને તેની મૂંઝવણોનો સંકેત મળે છે. 'કોળીધબ્બ દિશાઓ જાંણી મનઅ ભરખી જવા માંગતી હોય' એવું ભોળીદાને લાગ્યું ને ધૂળના તો ગોટેગોટા ઊડતાતા ને તેનો જીવ મૂંઝાતો તો. એવી કપડી પરિસ્થિતિમાં શના સેનમાની ઊંટગાડીને અચાનક પોતાની અડોઅડ આવીને ઊભી રહી ગયેલ જોતાં જ તેમનાથી 'નેહાકો નંખાઈ જ્યો.' એ ઘટના માર્મિક છે. ભોળીદા ખેતરની વાડ કૂદતો હોય એમ કૂદકો મારીને ઊંટગાડી પર ચડી ગયો પણ હાશ અનુભવવાને બદલે તેમનો ઉચાટ વધતો જાય છે. સુમસામ વગડામાં જાણે એક જ ઊંટગાડી કિચૂડાટ કરતી ચાલી રહી છે ને આંધીનું જોર વધતું રહે છે. એકપણ શબ્દ બોલ્યા વિના સુમસામ વગડામાં ઊંટને સોટી ફટકારે છે ને તેનો જીવ ઊંચોનીચો થઈ જાય છે......એકદમ ઉત્તર દશાથી ધડડ કરતો પવન છૂટ્યો, મારા તો હાંજા ગગડવા માંડયા...''[૧૬૫] રસ્તામાં ધૂળ માંથોડાં-માંથોડાં ઊંચી ઉછળતી હોવાને કારણે તે સ્થળેથી આડા દા'ડે તો ગામ ચોખ્ખુ ચણાક દેખાતું પણ આજે તો મા'દેવનું મંદિરેય દેખાતું નથી ને તેને ધ્રાસકો પડે છે. તે શનાને પૂછે છે, તો ગાંમ અ્યમ દેખાતું નથી ? શનો પોતાની આંગળીની ધારેધારે જોવાનું સૂચવે છે પણ તેની આંગળીની ધારે-ધારે જોઈને ભોળીદા હસ્યો, શનોય ખૂબ હસ્યો, ત્યારે ભોળીદાને મનમાં ઠસી ગયું કે આ શનિયું સેનમું મારી મશ્કરી કરઅ ? પણ ધીમે-ધીમે શનાએ પોતાની મશ્કરી કેમ કરી હશે તેની થોડી-થોડી ગમ તેને પડવા માંડી. ધીમે ધીમે તેને સમજાયું કે તે ઊંટગાડીવાળો થયો તેથી વટ કરે છે પણ પહેલા પોતાના જ ખેતરમાં મજૂરી કરતો દલિત શનો પોતાની મશ્કરી કરી ગયો એ તેનાથી સહેવાયું

---

૧૬૩. નકલંક, મોહન પરમાર, લોકપ્રિય પ્રકાશન, પ્રા.આ.૧૯૯૧, પૃ.૩૪
૧૬૪. એજન, પૃ.૩૫
૧૬૫. એજન, પૃ.૩૬

નહીં. અહીં સવર્ણ વર્ગના પ્રતિનિધિસમા ભોળીદાની પરંપરાગત રૂઢિગ્રસ્ત મનોદશા અછતી રહેતી નથી. ભોળીદાને એક વર્ષ પહેલાની ઘટનાનું સ્મરણ થાય છે. પોતાને પૂછયા વગર જ ખેતરના લીમડા પરથી ઊંટના ચારા માટે લીમડાની ડાળખી તેમણે લેવા નહોતી દીધી. એટલું જ નહિ પણ તેને ધમકાવીને સાવ પાણી છલ્લો કરી નાખ્યો હતો. એ બધુ યાદ કરાવીને તેનું મન તેને પૂછે છે- ''યાદ કરો ભોળીદા! શનાનઅ તમી ચેવું બોલેલા ?'' આ શનિયો આજે લાગ મળતા પેલા જૂના વેરનો બદલો વાળ્યા વિના રહેશે ખરો ? એ વિચારે ભોળીદાના તો હોશકોશ ઊડી જાય છે. એવામાં એક અજાણ્યા નેળિયામાં શનાએ ઊંટગાડી વાળી, એ જોયા પછી તો ભોળીદાને મનમાં બરોબર વસી જ ગયું કે શનિયો હવે ફસાવાનો. એક ક્ષણે તો ભોળીદાને શનિયાની ઊંટગાડીમાંથી ઊતરી જવાનું મન થયું પણ ઊતરીને ચ્યાં જવું ? પછઅ મારું રણીધણીય કુણ ? નક્કર વાસ્તવિકતાનું ભાન થતાં ન છૂટકે ઊંટગાડીમાં ચૂપચાપ બેસી રહેલા ભોળીદા શનાને જરા ધીમેથી ઊંટગાડી હાંકવાનું સૂચન આપવા તેની પીઠ પર ટપલી મારવાના આશયથી હાથ ઊંચા કરે છે પણ પછી તરત જ પાછો ખેંચી લે છે, તેના કમનસીબે બરાબર એ જ વખતે શનાએ તેમના તરફ જોયું, તેથી તેમનો ગભરાટ વછૂટયો કારણ કે ભોળીદા સારી પેઠે જાણે છે કે ગામમાં શનાની છાપ બહુ સારી નથી, આથી શનાએ પાછુ વળીને જોયું કે તરત જ તેણે મોં ફેરવી દીધુ, કારણ કે- ''વળી આશ્યો મળઅ નઅ પેલું યાદ આવઅ તો ? તે વખતે મી ઈનઅ બરાબરનો રગરગાયો તો''[૧૬૬] એ વાતું સ્મરણ થતાં ભોળીદાને ઘડીભર તો પોતાની મરદાનગી, હિંમત પર ગૌરવ લીધુ અને તેમણે 'મૂછ પર તાવ મેલ્યો' પણ બરાબર એજ ઘડીએ અચાનક જ શનો તેમને પૂછી બેસે છે- 'પેલું, યાદ છઅ તમનઅ' ત્યારે ભોળીદા પૂછે છે- ચીયું ભૈ !'' ત્યારે શનો કહે છે - 'તમારા સેતરમાંથી ઊંટ હારુ મી લેમડો પાડ્યો'તો એ ભોળીદાને સંકેત કરતો હોય અમ એ થોડું ખંધુ હસ્યો. આથી ભોળીદાના ભીતરમાં 'હું નું હું થઈ જ્યું' કયારનીય ચિત્તમાં સળવળી રહેલી શંકા 'હાચી' પડશે એ વિચારે તે ગભરાઈ ગયો. ભોળીદાની આ ગભરાટ સાવ બેબુનિયાદ નથી. ઊંટ માટે પાડેલો લીમડાનો પાલો ભોળીદાએ તે દિવસે શના પાસેથી છીનવી લીધો હતો, કેમકે ગ્રામપંચાયતની ચૂંટણીમાં શનાએ ભોળીદાને મત નહોતો આપ્યો અને કોઈકની આગળ તે લવેલો પણ ખરો કે ''ભોળાનઅ ચકેડીભમૈડી નો કરું તો મારું નામ શનો રાવત નઈ ! આમ આજે અજાળિયા નેળિયામાં શનો એમનેએમ તો નથ લાવ્યો, ચોક્કસચકેડી ભમૈડી કરશે એવી શંકા પાકી થાય છે ને એ દરમિયાન જ આંધીમાં ઉથલીને રસ્તા વચ્ચોવચ્ચ પડેલા ઝાડની ડાળ ખસેડવા જતાં ભોળીદા નીચે દબાઈ જાય છે અને એ વખતે શનો જે રીતે ધારીયું લઈને લગોલગ ધસી આવે છે તે ક્ષણે એ જૂના વેરવીને જોતાવેંત તેમની આ શંકા પરાકાષ્ટાએ પહોંચી જાય છે. તેના પગ પાણી-પાણી થઈ જાય છે. તેમને મનમાં ભય બેસી જાય છે કે 'હવઅ માથું રંગઈ જવાનું....' પણ ક્ષણનાય વિલંબ વિના ભોળીદાના માથે પડેલ ડાળી કાપી નાખીને શનાએ તેમને હેમખેમ બચાવી લીધા. વાર્તાના અંતે શનો તેને કહે છે -''આંધું મટી જ્યું છઅ, હવઅ કશો ભો નથી. બેહી જાઓ લારીમાં''[૧૬૭] વાર્તાનો અંત સુખદ છે. ભૂતકાળમાં ભોળીદાના હાથે

૧૬૬. એજન, પૃ.૩૮
૧૬૭. એજન, પૃ.૪૪

હડધૂત થયેલો દલિત શનો સેનમાં ભોળીદાએ માનેલો એવો નઠોર, નિષ્ઠુર નહિ પણ વિપદ વેળાએ વહારે ધાય એ જાતનો સમભાવશીલ, સંસ્કારી, માનવીય ગુણ ધરાવતો માણસ છે.

વાર્તામાં ઘટનાની ગૂંથણી એવી કુશળતાથી થયેલી છે કે શનાની સાહજિક ઉક્તિઓ અને સમભાવ યુકત ચેષ્ટાઓને બદદાનતભરી માની બેઠેલો ભોળીદાની ભયમુલક શંકાગ્રસ્ત મનઃ સ્થિતિને સહજતયા ઉજાગર કરી શકાઈ છે. ભોળીદા શનાની ઊંટગાડીમાં બેસે છે પછી તેમના ધીમે-ધીમે વેગ પકડતા ભયનાં મનોભાવોનાં નિરૂપણમાં લેખકની સર્જક પ્રતિભાની પ્રતીતિ થાય છે. ડૉ. જયેશ ભોગાયતાએ ઉચિત નોંધ્યું છે કે- ''ભોળીદાને લાગતી શનાની બીક અને શનાની બેફિકરાઈભરી મસ્તી વડે વાર્તાનું કલેવર ઘડાયું છે.''[૧૬૮]

સર્જકે પાત્રોના મનોગતને ચીવટપૂર્વક આલેખ્યું છે. પરીવેશને જ પ્રતીકાત્મક બનાવવાનું વલણ અહીં જોવા મળે છે. વાર્તાનાયક પ્રાકૃતિક ઘટકો પાત્રગત સંવેદના સાથે એવી રીતે વણાઈ ગયા છે કે અંતે જતા એ પ્રતીકરૂપે વિલસી રહે છે. ડૉ.ભરત મહેતા લખે છે- ''ભોળાભૈની ભયગ્રંથિનું નિરૂપણ વાતાવરણપરક વ્યંજનાથી સૂચવાય છે.''[૧૬૯]

લેખકે કરેલ ફ્લેસબેક ટેકનિકનો વિનિયોગ વિષયવસ્તુને કારગત નિવડ્યો છે. બાબુદાવલપુરા નોંધે છે કે, ''વર્તમાન અને અતીતની ઘટનાઓનું સંયોજન ફ્લેશબેકની રીતે એ પ્રકારે થયેલું છે કે ભયભીત શંકાગ્રસ્ત ભોળીદાની અશબ્દ અમૂંઝણ-વ્યગ્રતા-વિવશતા અને અંગત અસ્વસ્થતા યથાર્થ રૂપમાં અંકિત થઈ શકે.''[૧૭૦] વાર્તામાં ભોળીદાની અસ્વસ્થ, વિવશ મનોદશાની સામે સ્વસ્થ શનાનું પાત્ર વાર્તાને આસ્વાદ્ય બનાવે છે પણ 'આંધુ'માં ભોળીદાનું બીકણપણું વધુ પડતું લંબાવાઈ ગયું છે, તેથી એ ઠઠા ચિત્રની કક્ષાએ ઉતરી પડ્યા છે પણ આંધુ પ્રતીકાત્મક સ્પર્શક્ષમ પ્રાકૃતિક પરિવેશ નિર્વાર્ણ, બોલી અને કથન રીતિને કારણે નોંધપાત્ર છે. પ્રથમ પુરુષનાં કથનકેન્દ્રની પસંદગી ઔચિત્યપૂર્વક થઈ છે. વાર્તાકથક ભોળીદા પરિસ્થિતિનો ભોગ બન્યો છે. તેમ છતાં કથનમાં હળવાશ છે, તેના આત્મકથનમાં બિનજરૂરી વિગત- વર્ણનની ભરમારનું ભારણ વરતાતું નથી. ભોળીદાની મૂંઝવણ, મથામણો, ભય,જાત સાથે ગુપ્ત ગોષ્ઠી કરવાની આંતરખોજની વૃત્તિ-પોતાના મનોભાવ ગોપીત રાખીને સિફતપૂર્વક સંજોગો અનુસાર વર્તવાની વ્યવહારચાતુરી અને તેમની ગુરુતાગ્રંથિમૂલક સ્વગત પ્રતિક્રિયાઓ પણ સુપેરે વ્યકત થઈ છે. વેરવી શના પ્રત્યેની ભોળીદાની અવિશ્વાસની લાગણી શનાની મસ્તીપૂર્ણ વર્તણૂક વડે સતત દૂર ધકેલાતી રહે છે તે આસ્વાદ્ય છે.

અપકારની સામે ઉપકારની અને શુકન-અપશુકનની વાત નૈકલ ગાંગેરાની *'આઘાત'* વાર્તામાં નિરૂપાઈ છે. દલિત જેઠાભાઈ અને સવર્ણ દાસભાઈ વાર્તાના કેન્દ્રિય પાત્રો છે.

---

૧૬૮. પરબ, ૧૯૯૩, પૃ.૧૭

૧૬૯. કથામંથન, ભરત મહેતા, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૩, પૃ.૬૭

૧૭૦. હયાતી, ડિસેમ્બર-૦૫, પૃ.૪૭

સવર્ણ દાસભાઈ પોતાના દસ હજાર રૂપિયા ગુમાવે છે ત્યારે ગરીબ જેઠાને ખૂબ જ મારે છે અને કહે છે કે, 'તારા શુકન લઈને ગયો હતો એટલે મારે દસ હજાર રૂપિયા ગુમાવવા પડ્યા......કરમ ફૂટલા કરમ ચંડાળ.......'[૧૭૧] કરુણતા તો એ છે કે જેઠાકાકા પોતે ગરીબ-દલિત હોવાને કારણે કશું જ બોલી શકતા નથી અને એટલું જ નહિ તે પોતાની પ્રામાણિકતા પણ છોડતા નથી. દાસભાઈના દીકરાને જેઠાકાકા પોતાના જીવના જોખમે પણ કૂવામાં પડી બચાવી લે છે. ત્યારે દાસભાઈ તેનો આભાર માનવા બારસો રૂપિયાની કિંમતનો સોનાનો અછોડો આપવા માંડે છે, જે ખરેખર તો જેઠાકાકાને પોતાની ક્ષયની બીમારીથી પીડિત દીકરી લીલાની દવા કરાવવા માટે ઉપયોગમાં આવત છતાં પણ જેઠાકાકા તેનો અસ્વીકાર કરે છે ! અને કહે છે- 'મારાથી એ ન લેવાય, લઉં તો મારી જનનીની કૂંખ લાજે'[૧૭૨]

આમ, આ વાર્તામાં જેઠાકાકા અપકારનો બદલો ઉપકારથી આપે છે. બીજી તરફ જેઠાકાકાની દીકરી લીલા ક્ષયના રોગથી પીડાઈ રહી છે છતાં પણ તેની દવા કરાવવા માટે જેઠાકાકા પાસે એક ખોટી કોળી પણ નથી. જેઠાના ઘરાક રામડોશીની ભેંસ માંદી પડે છે અને એ જાણીને જેઠો મનોમન ખુશ થાય છે. કારણ કે જેઠાને જાણવા મળ્યું હતું કે રામડોશીના દીકરાની વહુનો અછોડો ખોવાઈ ગયો છે અને તે કદાચ ભેંસને ઘાસ નાખતા એ અછોડો સરી પડયો હોય પણ અંતે ડોક્ટર દ્વારા જેઠાને જાણવા મળે છે કે ભેંસને વધારે પડતું ખાવાથી આફરો ચડયો હતો. અંતે ભેંસ સાજી થઈ જાય છે. આથી જેઠો નિરાશ થઈ જાય છે કારણ કે જેઠાએ તો એવું વિચાર્યું હતુ કે જો સોનાનો અછોડો મળે તો તેમાંથી પોતાની બીમાર દીકરી લીલાની દવા કરાવી શકાય પણ અંતે સમયસર સારવાર ન કરી શકવાને કારણે લીલા મૃત્યુ પામે છે. ગરીબનું નસીબ ગરીબ કહેવત અહીં સાર્થક ઠરે છે. વાર્તાના અંતે કથક નોંધે છે- "આજે પાંચ વર્ષનો સમય સરી ગયો છે છતાં પસો એ નથી સમજી શક્યો કે જેઠાકાકા ભેંસ જીવી ગઈ તેના આઘાતથી ગાંડા થઈ ગયા છે કે યુવાન દીકરીના મૃત્યુથી....."[૧૭૩] વાર્તાના અંતે જેઠાકાકાને જે આઘાત લાગે છે એ આખી ઘટના રહસ્યમય છે. જેઠાકાકાનો વ્યવહાર અસ્વાભાવિક લાગે છે. કારણ કે માત્ર ગરીબીમાં જ નહીં પણ પોતાનું સંતાન મરણપથારીએ પડ્યું હોય ત્યારે પણ પરોપકારી કાર્યનું વળતર મળતું હોય તો પણ ન લેવું એવી માનવતાવાદી દૃષ્ટિ જેઠામાં રહેલી છે જે અપ્રતીતિકર લાગે છે. ડૉ. જયંત ગાડીતના આ વાર્તા સંદર્ભેના અભિપ્રાય સાથે હું સહમત છું. તે નોંધે છે કે - "જેઠાના ગાંડપણની વાત પણ બહું પ્રતીતિકર રીતે મુકાઈ નથી. તેમ છતાં ભેંસ સાથેના સંદર્ભો વાર્તાને દલિત જીવનના વિલક્ષણ સ્પર્શવાળી જરૂર બનાવે છે."[૧૭૪]

વાર્તાકારે વિષયવસ્તુને અનુરૂપ પરિવેશનું નિરૂપણ કર્યું છે. દલિતવાસ, ભેંસને ખેંચી લાવવાની ક્રિયા, મરેલ ભેંસને ચીરવાની ક્રિયા, ભેંસનાં માંસની વહેંચણી, અંધશ્રદ્ધા. બોલી વગેરે દ્વારા જે પરિવેશ રચાયો છે તે વિષયવસ્તુને ઉપકારક નિવડ્યો છે. દલિત જેઠા અને પસાની ઢોર ખેંચવાની, ચીરવાની વ્યાવસાયિક પ્રવૃત્તિથી આપણને એમની દલિતાઈનો આછો ખ્યાલ મળી રહે છે. જેઠો અને

૧૭૧. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, આર.આર.શેઠની કંપની, પુનર્મુદ્રણ, ૧૯૯૩ પૃ.૬૧
૧૭૨. એજન, પૃ.૬૩
૧૭૩. એજન, પૃ.૬૫
૧૭૪. એજન, પૃ.૧૪૯

પસો બંને જણ મરેલાં ઢોર ચીરીને એનું માંસ વેચીને પેટનો ખાડો પૂરે છે. બોલીને કારણે પણ પાત્રો જીવંત લાગે છે. વાર્તાકારે લોકબોલીની સાથે-સાથે લગ્નમાં ગવાતું ફટાણું પણ ગૂંથી લીધું છે.

''થાળીમાં પવાલું નાચે ભમરા રે.......
મહીં વેવઈની ખેતી નાચે ભમરા રે......
ભલી વેવાણ ભલી નાચે ભમરા રે.......
નાચ્યાનું નચામણ માગે ભમરા રે.....''[૧૭૫]

વાર્તાનાયક જેઠાની પુત્રી લીલાના લગ્નની ચિંતા અહીંયા લોકબોલીમાં દિવાસ્વપ્ન દ્વારા અસરકારક રીતે નિરૂપાય છે. વાર્તાના ગદ્યમાં પણ વાર્તાકારની સર્જક પ્રતિભાની પ્રતીતિ થાય છે.

''હવે થોડા દિવસ પછી એ બધુ જોવા નહીં મળે. લીંપણને અભાવે વૃદ્ધ લાગતી ઘરની ઓસરીમાં બેઠેલા બીડી ફૂંકતા ડાઘુઓ નનામી બાંધશે, ફૂલનાં હારથી તેને શણગારવામાં આવશે. બે ભીની આંખોમાંથી પિતૃત્વ દદડતું હશે ! લોકો એકમેકને કહેશે, 'એની માની જેમ લીલા ટી.બી.માં મરી'[૧૭૬]

''ધૂળમાં જામી ગયેલી ભેંસનાં ગરમ લોહી જેવી બફાઈ રહેલા માંસની ગંધ ફળિયામાં બાદશાહી ઠાઠથી ફરવા લાગી.''[૧૭૭]

વાર્તામાં વસ્તુની ગૂંથણી કલાત્મક રીતે થઈ નથી. વાર્તાનો અંત પણ બોલકો બની રહે છે. અંધશ્રદ્ધાળું સવર્ણ સમાજ વાર્તામાં કેન્દ્રસ્થાને છે. દલિત પોતે ગમે તેટલો પ્રામાણિક હોય પણ સવર્ણ લોકોના તાંબે લાચારીથી થવું પડે છે. જો દલિતો તેના તાંબે ના થાય તો એમને ખાવાના પણ સાંસા પડે. અહી દાસભાઈ દલિત જેઠાને ખરેખર તો વગર વાંકે મારે છે, ત્યારે જેઠાભાઈ તેનો પ્રતિકાર કરવાના બદલે આજીજી કરતા કહે છે - ''બાપ અમે તો તમારા છોરું.....કરો બાપ....'' તેની દીકરી લીલા કહે છે- 'બાપુ એ કરમચંડાળે તમોન માર્યો.....'

'બેટા, આ ગામમાં જિવતર જીવવાનું છ એટલે મારેય ખાવો પડ.....' લીલાને માથે હાથ ફેરવતાં ઉમેર્યું: 'ઈમ તો દાસભૈન હુંય મારું એવો સુ, પણ....બેટા! ઈન માર્યો હોત તો આપણા ગરીબ ભાઈઓનું હું થાત....! ઈમન મજૂરીએ કુણ રાખત.......'[૧૭૮] અહીં દલિતો સવર્ણ સમાજ આગળ કેટલા લાચાર છે તે બાબત છતી થાય છે.

બી.કેશરશિવમ્‌ની *'શિવાજી'* માં ઉદ્દાત માનવ મૂલ્યોના દર્શન શિવાજીના પાત્ર દ્વારા કરાવાયું છે. સામાજિક અપમાનોનો ભોગ બનેલ શિવાજી પોતાની જાતને હોમીને ટ્રેનની મોટી દુર્ઘટના થતાં અટકાવે છે. આ ઘટના સીધા કથન દ્વારા કહેવાઈ છે. વસ્તુસંકલના, રચનારીતિ અને ભાષાની દષ્ટિએ તદ્દન નબળી વાર્તા છે. માત્ર આઝાદી પૂર્વેની અને પછીની દલિતોની દયનીય સ્થિતિનું બયાન મળે છે.

---

૧૭૫. એજન, પૃ.૬૪
૧૭૬. એજન, પૃ.૫૮
૧૭૭. એજન, પૃ.૬૦
૧૭૮. એજન, પૃ.૬૧

## બાળમાનસને વ્યક્ત કરતી વાર્તાઓ

જોસેફ મેકવાનની *'રોટલો નજરાઈ ગયો'* અને *'અદશ્ય દીવાલો'*માં દલિત બાળકના માનસનો ચિતાર છે. સામાજિક અસમાનતા બાળકના મન પર કેવો ઘસરકો મારી જાય છે તેનું હૃદયસ્પર્શી આલેખન આ વાર્તાઓમાં જોવા મળે છે.

જોસેફ મેકવાનની *'રોટલો નજરાઈ ગયો'* વાર્તામાં મુખ્ય બે પાત્રો કેન્દ્રસ્થાને છે. માતા હેતા અને શાળામાં ભણતો દીકરો રઘુ. હેતા અને રઘુના રોજિંદા જીવનની કેટલીક વાસ્તવપૂર્ણ ક્ષણોનું અને રઘુના રોટલાને સહાધ્યાયીઓની લાગતી નજરનું વર્ણન સર્જકે કર્યું છે.

ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાતી આ વાર્તાનો આરંભ વાર્તાકારે રોજિંદી ઘટમાળથી કર્યો છે. દલિત હેતા મજૂરણ છે. દીકરો રઘુ પોતાની જેમ ગરીબીની આગમાં હોમાય ન જાય તેની કાળજી હેતા લેતી. તે ભાવી સુખને નજર સમક્ષ રાખીને સામાજિક-આર્થિક તેમજ અન્ય મુશ્કેલીઓને વેઠીને દીકરા રઘુને ઈંગ્લીશ મીડિયમની શાળામાં ભણવા મોકલે છે. રઘુ રોજ નિત્યક્રમ પ્રમાણે ટિફિનમાં માતા હેતાએ બનાવેલ રોટલો લઈને શાળાએ જાય છે. રઘુને પણ હેતાએ પ્રેમથી બનાવેલ રોટલો ખૂબ જ ભાવે છે. રિસેષમાં હોંશે-હોંશે રોટલો ખાય છે પણ શાળામાં સહાધ્યાય સવર્ણમિત્રો રોજ જુદો-જુદો નાસ્તો લાવે છે ને બધા બાળકો પોતપોતાના ડબ્બા લઈને નાસ્તો કરવા ભેગા થાય ત્યારે એ સૌ હળીમળીને એકબીજાની ચીજો અદલી-બદલીને વખાણીને ખાતા. રઘુને આ બધી વાતોમાંનું કાંઈ ના સમજાતું પણ એ જે સાંભળતો એ એને એકદમ યાદ રહી જતું. આંખોની કોરો વડે રઘુ નજર માંડતો તો એને જણાતું કે, એ બધા એને ડોળા ફાડીને વરુની જેમ ફાડ રોટલો ઝાપટી જતો જોઈ રહ્યા છે. તેના જ સહાધ્યાય મિત્રો તેને તિરસ્કારના ભાવે જોઈ રહ્યા હોય એવું તેને લાગે છે. ક્યારેક એને સંભાળાઈ જતું- 'હૅંગરી ડોગ !' એમના મિત્રોના મૌન તિરસ્કાર જાણે પોકારી-પોકારીને કહેતાઃ 'દૂર હઠ ! આઘો ખસ....તું અમારી બરોબરીઓ નથી. તું અમારી વચ્ચે શાનો આવે ? તારો ગંધારો રોટલો જોઈને અમને બકારી ચડે છે. !' મિત્રોના આવા દુર્ભાવ, ઉપેક્ષા, અવગણના, સુગાળવી નજર પછી રઘુ શાળાએ રોટલો લઈ જવાનું બંધ કરી દે છે. હેતાને સમજાતું નથી કે હરખભેર અર્ધો રોટલો આરોગી જતા દીકરાને શું થઈ ગયું છે ? વાર્તાન્તે એક દિવસ ભૂખના કારણે અને મિત્રોના નાસ્તાનો સ્વાદ કેવો હશે એ જાણવા માટે એક શ્રીમંત બાળક મિન્ટુના નાસ્તાનો ડબ્બો ચોરી લે છે અને નગરપાલિકાના દવાખાનાનાં પાછલા પગથિયા પર બેસીને ખાઈ જાય છે. કમ્પાઉન્ડર આ ઘટનાની જાણ પ્રિન્સિપાલને કરે છે અને મિન્ટુના પિતા ડૉ. અમીન પ્રિન્સિપાલને આ બાળકને ચોરી કરવાના કારણસર શાળામાંથી બરતરફ કરવાનું સૂચન આપે છે- ''એને રસ્ટીકેટ કરો સાહેબ, આવા ચોરટોની સાથે અમારાં સંસ્કારી સોસાયટીનાં બાળકો જાણે તો એમનાય સંસ્કાર બગડે, કેળવણી સંસ્કારોના ઘડતર માટે હોય છે. ચોરો માટે નહી.''[૧૭૯] આ ભાવનાવાદી વાર્તાનો અંત કરુણ અને મુખર બની રહે છે. બધું કહી દેવાનું સર્જકનું વલણ વાર્તાને પાંખી કરી દે છે. વાર્તામાં ગરીબ-અમીર અને દલિત-બિનદલિત

૧૭૯. પ્રતિનિધિ દલિત વાર્તા, સં. હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૭

વચ્ચેની અસમાનતા દ્વારા ઉદ્‌ભવતો સંઘર્ષ નિરૂપાયો છે. પેટે પાટા બાંધીને હેતા-ધનજી દીકરા રઘુનું ભવિષ્ય સુધરે એ આશયથી શહેરની ઈગ્લીંશ મિડિયમ શાળામાં ભણવા મોકલે પણ સવર્ણવર્ગ તેની ઠેકડી ઉડાડે છે, મશ્કરી કરે છે. રઘુ દલિત હોવાને કારણે તે ભણવામાં હોશિયાર છે, કબડ્ડીમાં પણ હોશિયાર છે છતાં તેને ગુજરાતીના શિક્ષક સિવાય કોઈ એને તક તો ઠીક પ્રોત્સાહન પણ આપતા નથી ! વળી એના સહાધ્યાયીઓ તો એના પહેરવેશ, એની અક્કલ, હોશિયારીને અને એના રોટલાને તુચ્છકારતા હતા. રઘુને હેતાએ પ્રેમથી ઘડી દીધેલો રોટલો સવર્ણ શ્રીમંત સહાધ્યાયી મિત્રોની મજાક-મશ્કરી, ટીખળબાજીને કારણે જ નજરાઈ જાય છે. ગરીબાઈને કારણે હેતા-રઘુ લાચારીભરી સ્થિતિમાં મુકાઈ જાય છે.

હેતાનું હેતાળ અને હિંમતભર્યુ વ્યક્તિત્વ વાર્તામાં ઉપસી આવ્યું છે. હેતાનું પુત્રવાત્સલ્ય પ્રગટ થાય છે. હેતા કપરા સંજોગોમાં પણ હિંમત રાખી પાર ઉતરનારી અને પોતાને જે સહેવું પડ્યું છે તે પોતાના પુત્રને ન સહેવું પડે એ માટે સતત મથતી ને પરંપરાનો ત્યાગ કરનારી, પ્રગતિ ઝંખતી નારી છે. રઘુના પિતા ધનજી પણ રઘુનું ભવિષ્ય ઉજ્જ્વળું થાય એ માટે તનતોડ મહેનત કરે છે પણ વાર્તાનું કેન્દ્રિય પાત્ર તો છે રઘુ. દલિત, ગરીબ, ગ્રામ્ય કુટુંબમાં તેનો ઉછેર થયો છે. તે જ્યારે શહેરમાં શિક્ષણ લેવા જાય છે ત્યારે શહેરી વાતાવરણ અને રીતભાત ધરાવતા સવર્ણ મિત્રો જોઈને લઘુતાગ્રંથિથી પીડાય છે. તેને પોતાની માતા પ્રત્યે ખૂબ જ વહાલ છે. તે પોતે જમતો હોય ત્યારે માતા પોતાના ભાગમાંથી અડધો રોટલો આપે છે ત્યારે તે લેતો નથી, કારણ એ જાણે છે કે હવે પછી જે મળશે એ માના ભાગમાંથી જ મળવાનો ! માનો આગ્રહ ટાળવા અને એનું મન રાખવા રઘુ એક બચકું ચાળીસ વાર ચાવે છે ! માને એ સમજાવે છે : અમારા સાયેબે શીખવાડ્યું છે, ''ચાલીસ વાર ચાવવાથી ભૂખ ભાંગે, લોહી ચડે બઉ પચે....!'' અહીં રઘુની સમજ શક્તિ પ્રગટ થાય છે. ધીમે-ધીમે તેને વાસ્તવ અને પુસ્તકની દુનિયા વચ્ચેનો ભેદ પણ સમજાય છે. રઘુના નિર્દોષ બાળ માનસને અહીં ઝીણવટતાથી વર્ણવ્યું છે પણ મને રઘુનું પાત્ર મેલોડ્રામેટિક લાગે છે. દલિત ને એમાંય વળી ગરીબ મજૂરના દીકરા રઘુને સર્વગુણ સંપન્ન બતાવવાની ઈચ્છા સર્જકને શા માટે થઈ હશે એ સમજાતું નથી. વાર્તાકાર રઘુની પ્રશંસા કરતા જણાવે છેઃ

''કબડ્ડીમાં કોઈ એને પહોંચી નહોતું વળતું. ક્રિકેટના સાહેબ કહેતા હતાઃ 'રઘુ તને તાલીમ મળે તો તું બીજો કરસન ઘાવરી પાકે !' ભૂગોળના સર પહેલો સવાલ એને કરતા હતા. સંસ્કૃતના પંડિત એને ઉચ્ચારશુદ્ધ સંસ્કૃત શ્લોક બોલતો સાંભળીને કપાળે હાથ મેલી દેતા હતા ને અંગ્રેજીના સર એની આવડત પર અકળાઈ ઊઠતા હતા. ગણિતના સાહેબ હંમેશા શંકાળવી પૃચ્છા કરતા, તું કોનું ટ્યુશન કરે છે ?'' [૧૮૦]

ડૉ.ભરત મહેતાનો વાર્તાના પાત્ર સંદર્ભેનો અભિપ્રાય ઉચિત છે. તે નોંધે છે- ''પાત્રોને રોબિનહૂડ બનાવવામાં, બતાવવામાં, રચના પ્રાયોજિત અને કોસ્ટકબદ્ધ થઈ જતા દલિત વિષયવસ્તુનું શોષણ કરતી વાર્તા લાગે છે.'' વાર્તાકારે અતિશ્યોક્તિભર્યા વર્ણનો કે પાત્રોની શૂરવીરતા બતાવવા જતાં વાર્તાકલાને ઠેસ પહોંચે છે.

---

૧૮૦. એજન,

પાત્ર અને પ્રસંગને અનુરૂપ લેખક ઠીક-ઠીક વાતાવરણ રચી શકયા છે. તળપદી બોલીની અભિવ્યક્તિમાં તાટસ્થ્ય જળવાતું નથી. વાર્તામાં નિરૂપાયેલ સંવાદ અને વર્ણન જો અસરકારક પરિણામ લાવે તેવા હોત તો 'કદુર્ભાવ', 'અસૂયા', 'અપ્રિયા','કૂતુહલ' જેવા સ્પષ્ટતાભર્યા શબ્દ પ્રયોગ કરવા પડત નહિ. આમ તો વાર્તામાં હેતા અને રઘુના જીવનમાં બનતી એક પછી એક ઘટનાઓનું વર્ણન સાદી-સરળ શૈલીમાં થયું છે. રઘુની બાળ સહજ વૃત્તિ અને હેતાના હેતાળ વ્યક્તિત્વને વાર્તાકાર સરસ રીતે ઉપસાવી શક્યા છે. માવજી મહેશ્વરીની 'અદશ્ય દીવાલો' અને માય ડિયર જયુની 'પ્રવેશ' વાર્તાની જેમ આ વાર્તામાં પણ બાળમાનસ સંચલનોને અભિવ્યકત કરવામાં સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું કલાત્મક તો નહીં પણ હૃદયને સ્પર્શીજાય એ રીતે નિરૂપણ થયું છે.

માવજી મહેશ્વરી નવમા-દસમા દાયકાના નોંધપાત્ર વાર્તાકાર છે. વાર્તાકાર ગામડાના જીવ છે એટલે સ્વાભાવિક રીતે જ એમની મોટાભાગની વાર્તાઓમાં ગ્રામ્યજીવનનો પરિવેશ તાણાવાણાની જેમ ગૂંથાઈને આવ્યો છે. તેમણે દલિત અને બિનદલિત વાર્તાઓ લખી છે. એમના પ્રથમ વાર્તા સંગ્રહ ***'અદશ્ય દીવાલો'*** ની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે : ''આખાયે ભારતમાં કચ્છ એવો પ્રદેશ છે જ્યાં દલિતો અને સવર્ણો વચ્ચે ઓછામાં ઓછી દૂરી હતી અને છે. એટલે વેઠવાનું બહુ ઓછું આવ્યું છે પણ અમુક ઉંમરે બૌદ્ધિક સ્તરે પહોંચ્યા પછી એની સૂક્ષ્મ અસરો ક્યારેક વિચલિત કરી મૂકે ત્યારે દલિતકૃતિ લખાઈ જાય છે, અનાયાસ.''[૧૮૧] આ વાર્તાસંગ્રહમાં અનાયાસે લખાયેલી આવી ત્રણ વાર્તાઓ 'તાપણું', 'સેઈફ ડીસ્ટન્સ' અને 'અદશ્ય દીવાલો' છે. સવર્ણો અને દલિતો વચ્ચે ચણાયેલી અદશ્ય દીવાલ આજે પણ અકબંધ છે એની કરુણ અનુભૂતિ આ વાર્તા કરાવે છે.

ગામડાની શાળામાં ભણતા દલિત ખેડૂત જીવાભાઈના દીકરા રામજીની વેદનાનું, મનોસ્થિતિનું કલાત્મક અને સંયત નિરૂપણ કિશોરના કથનકેન્દ્ર દ્વારા થયું છે. બાળક રામજી ભણવામાં હોશિયાર છે. શાળાના હરેશ સાહેબ રામજીને ખૂબ જ સારા લાગે છે. તે હરેશ સાહેબની આજ્ઞાનું પાલન પણ કરે છે. પાણી ગાળીને પીવું જોઈએ, વાસણ માંજીને સાફ રાખવા જોઈએ, હાથ પણ ધોઈ પછી જ ખાવું-પીવું જોઈએ. બીડી ન પીવાની સાહેબની સૂચના છે પણ જ્યારે એનો બાપ હાથ-પગ ધોયા વિના ખાય, બીડી પીવે કે આજીવન સાબુથી નહાયો જ નથી એનું બાળક રામજીને હવે દુઃખ છે. વાર્તાના આરંભે રામજી માતા સાથે ઘાસ કાપવા ખેતરે ગયો છે પણ તેનું મન તો ગામમાં દહેરાસરમાં યોજાયેલ એક ભવ્ય કાર્યક્રમમાં લાગેલું છે. આથી ખેતરેથી ઘેર પહોંચ્યા પછી રામજી તરત જ સરસ કપડા પહેરીને ત્યાં પહોંચી જાય છે. દહેરાસરમાંથી નીકળતા સરઘસનું સૂક્ષ્મ વર્ણન લેખકે કર્યુ છે. જેમાં કચ્છી છાંટવાળું તળપદુ ગદ્ય પ્રયોજેલ છે જે સર્જકની સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. જુઓ : ''સરઘસ દહેરાસરમાંથી નીકળી ગામ વચ્ચે પહોંચી આવ્યું હતું. સફેદ બળદને નવડાવી તેમના ઉપર આભલા ભરેલ ઝૂલ ઓઢાડવામાં આવી હતી. સીસમના રેંકડા પર સાંગી ઢાળી ઉપર સપ્તરંગી માફા સાથે વેલડું શોભી રહ્યું હતું. વેલડાની આગળ બગલાની પાંખ જેવા સફેદ ધોતિયાં અને તેવાં જ ઉપવસ્ત્રો

૧૮૧. અદશ્ય દીવાલો, માવજી મહેશ્વરી, આર.આર.શેઠની કંપની, પ્ર.આ.૨૦૦૦, પ્રસ્તાવના લેખ. પૃ.૫

ધારણ કરેલા મુનિરાજો ધીમી ગતિએ ચાલતા હતા. મુનિશ્રીઓની આગળ વણિક કન્યાઓ તબલાં અને ઝાંઝરના તાલ પર ચામર ઢોળતી નૃત્ય કરતી આવતી હતી. વેલડાની પાછળ સુંદર વસ્ત્રોમાં સજ્જ સન્નારીઓ માથે મોતી ભરેલ નાળિયેર મૂકેલા કળશ લઈ ગાતી-ગાતી ચાલતી હતી. વેલડાની અંદર એક વયોવૃદ્ધ મુનિશ્રી બેઠા હતા. સફેદ ધોતિયાં-ઝભ્ભા અને લેઘાં-ઝભ્ભામાં શ્યામ પણ સોહામણા લાગતા સદ્‌ગૃહસ્થોના ચહેરા પર આનંદ ઝગમગતો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.....''[૧૮૨] બાળક રામજી આનંદથી આ બધુ જોતો-જોતો સરઘસ ભેગો ચાલ્યો આવતો હતો. આમ તો એમને આ બધુ ગમતું હતું છતાં એ પોતે આ બધાથી કયાંક અલગ પડે છે એવો વિચાર પણ ક્ષણેક આવી જતો હતો ને તે ઉદાસ થઈ જતો હતો. સરઘસમાં આવેલા એના સહપાઠીઓ નવાં-નવાં વસ્ત્રોમાં સજ્જ હતા પણ તે આજે રોજના જેવા લાગતા નહોતા. હંમેશા ચોકલેટ આપી બદલામાં દાખલા ગણી આપવાનું કહેતો ચંદ્રેશ આજે તો જાણે એને ઓળખતો પણ નહોતો. તેનો આવો વ્યવહાર રામજીને ખૂંચે છે પણ એ તરત એ ભૂલી ગયો. સરઘસ નિશાળમાં પહોંચતાં જ તેના પગમાં જોમ આવી જાય છે. કારણ કે નિશાળનો પરિવેશ પોતીકો લાગે છે. કથક નોંધે છે કે ''એ નિશાળમાં શિક્ષકોનો વહાલો હતો. એ હોશિયાર હતો એટલે બધા એનાં વખાણ કરતાં. એના વર્ગશિક્ષક હરેશભાઈ બધા છોકરા વચ્ચે એની પીઠ થાબડતા ત્યારે એની છાતી ફૂલી જતી. રામજી નિશાળમાં જાણે રાજા હતો.''...એને થયું જવાશે હવે ! આતો મારી નિશાળ જ છે. અહીં મને કયાં કોઈ કે'નારુ છે ?''[૧૮૩] એવું વિચારતો રામજી ભીડ વચ્ચેથી ઘૂસી એક બાંકડા પર બેસી જાય છે. એ તબલા અને ઝાંઝરીના તાલમાં ખોવઈ જાય છે પણ એને સમજ ન પડી કે કોણ એનો હાથ પકડી ઘસડીને ખંડ બહાર મૂકી ગયું. હડસેલો મરાતા રામજી બહાવરો બની આજુબાજુ જોવા લાગે છે. પછી એના કાને હથોડાની જેમ શબ્દો અથડાયા :

'' કાં કોણ હતું ?''

''અરે ! જીવાનો છોરો હતો. હવે તો અહીં સુધી હાલ્યા આવે છે''[૧૮૪] સાંભળતાં જ બાળક રામજીના ગળામાં 'પીડાનો ધોધ' આવીને અટકી ગયો. તેને રડવું આવતું હતું પણ એક ડૂસકુંય ગળામાંથી ન નીકળી શકયું. શાળામાં રોજ જે હરેશ સાહેબ પ્રેમનું ભાજન બનતા, પીઠ થાબડતા ને સાફ-સૂથરો રહેવાની સલાહ-સૂચન આપતા હતા એ જ હરેશ સાહેબે આજે તો જોયું પણ નહીં. એ વિચારે રામજીનું નાનકડું હૈયું કલ્પાંત કરી ઊઠે છે. એ રડતી આંખે અને બળતા હૈયે શાળાનું મેદાન છોડી ઘરે પહોંચે છે ત્યારે લાચાર મા એને કહે છે -

''આપણાથી અંદર ન જવાય દીકરા અંદર ન જવાય પણ રામજીનો 'શા માટે ન જવાય ?''[૧૮૫] નો ઉત્તર એની પાસે નહોતો. વાર્તાન્તે રામજીનો પ્રશ્ન અનુત્તર જ રહે છે. નિશાળમાં પ્રવેશ તો મળે, વર્ગમાં પોતાના શિક્ષકનો પ્રિય વિદ્યાર્થી હોય પણ જ્યારે ધર્મનો ઉત્સવ પોતાની નિશાળમાં

---

૧૮૨. એજન, પૃ.૧૫૭,૧૫૮
૧૮૩. એજન, પૃ.૧૫૮
૧૮૪. એજન, પૃ.૧૫૯
૧૮૫. એજન, પૃ.૧૫૯

યોજાય ત્યારે અદશ્ય દીવાલો દલિત કુટુંબમાં જન્મેલા બાળક રામજીને અપમાનિત કરી બહાર હડસેલી મૂકે છે ! હડધૂત કરે છે ! વાર્તાન્તે ન દેખાતી પણ સવર્ણ અને દલિત સમાજ વચ્ચે ઊભેલી અડીખમ દીવાલોનો ખરબચડો સ્પર્શ દલિત બાળક રામજીને થાય છે. દલિત હોવાની વેદના કેટલી કારમી હોય છે તેનું પ્રતિબિંબ આ વાર્તામાં ઝીલાયેલું જોવા મળે છે. સમય, પરિવેશ બદલાતાં છૂપાઈ ગયેલી અસ્પૃશ્યતા ફરીવાર ફૂફાડા મારતી બહાર નીકળતી હોય છે એની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. રામજીની વ્યથા સઘનતાથી સંયત રીતે આલેખાઈ છે. તો બાળક રામજી સાથેનો રૂઢિજડ સવર્ણોના અમાનવીય વ્યવહારનું વર્ણન સહૃયભાવકને સ્તબ્ધ કરી મૂકે એ રીતે થયું છે. સવર્ણોનો વ્યવહાર જોઈ આપણને સહજ રીતે જ પ્રશ્ન થાય કે ધર્મમાં માનનારા સવર્ણો શું ખરેખર માનવી છે ખરા ? તે પોતાનો માનવધર્મ કેટલી હદે પાળે છે ? ડૉ.પ્રવીણ દરજીએ સવર્ણોના વ્યવહાર સંદર્ભે ઉચિત નોંધ્યું છે : ''ભદ્ર માણસો હરેશ સાહેબ જેવા પણ દલિતને 'માનવી' નહિ પણ એક Managable commodity સમજે છે, એવું સત્ય વાર્તાને અંતે લીલયા તરી રહેતું જણાય છે.''[૧૮૬]

વાર્તા સાદી સરળ ભાષામાં કહેવાઈ છે. પ્રારંભનું પ્રાકૃતિક વર્ણન પણ ખૂબ જ અસરકારક છે. જે ગ્રામ્યપરિવેશ રચિ આપે છે. ભાષાની સૂચનાત્મકતા, કથનકેન્દ્રની સાભિપ્રાયતા, પાત્રની સંકુલતા આદિને કારણે આ વાર્તા આસ્વાદ્ય બની રહે છે. દિલાવરસિંહ જાડેજા ઉચિત જ નોંધે છે – ''અદશ્ય દીવાલો' વાર્તાકારની ઊંડી સંવેદનશીલતામાંથી જન્મેલી કૃતિ છે''[૧૮૭] ડૉ.ભરત મહેતા નોંધે છે – ''અદશ્ય દીવાલો'' 'Projection' થી બચેલી સરસ વાર્તા છે.'[૧૮૮] દલિત સમાજને વેઠવી પડતી યાતના, વ્યથા, મુશ્કેલી તથા સવર્ણ-દલિત વચ્ચે રહેલી અદશ્ય દીવાલનું વાર્તાકારે સહજ અને સંયત રીતે વર્ણન કર્યુ છે.

### રાજકીય શોષણની વાર્તાઓ

બી.કેશરશિવમ્‌ની 'ઉકરડા', રાઘવજી માધડની 'છેહ' 'સિક્કો' વગેરે દલિતોના રાજકીય શોષણની વાર્તાઓ છે.

બી.કેશરશિવમ્‌ની *'ઉકરડા'*માં દલિતોના રાજકીય શોષણની સાથે-સાથે સમાજકારણની છબિ પણ આબેહૂબ ઝિલાઈ છે. વાર્તામાં ઉકરડો કેન્દ્રસ્થાને છે. ઉકરડો હટાવતા દલિત નેતાઓની અને વાસના લોકોની સવર્ણો દ્વારા કેવી વલે થાય છે તેનું અહીં નિરૂપણ થયું છે.

દલિત મહોલ્લાની બાજુમાં ગામના ઉકરડા છે. દલિતો વર્ષોથી આ ઉકરડાની ઓથે જીવી રહ્યા છે. ગામમાં જવાનો રસ્તો પણ આ ઉકરડા વચ્ચેથી જ જાય છે. ઉકરડાને કારણે દલિતોને ખૂબ જ સંકડાશ થાય છે. મહોલ્લામાં બહારથી જાન આવી હોય ત્યારે પણ ખૂબ જ મુશ્કેલી પડે છે.

---

૧૮૬. પ્રતિનિધિ દલિત વાર્તા, પ્રસ્તાવના લેખ, સંપાદક, હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ. ૧૯૯૭
૧૮૭. પ્રત્યક્ષ, એપ્રિલ-જૂન,૨૦૦૧, પૃ.૧૪
૧૮૮. પ્રતિબદ્ધ, ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૪

ઉપરાંત શિયાળા-ઉનાળામાં તો ઠીક પણ ચોમાસામાં તો ત્યાંથી નીકળતા દુર્ગંધને લીધે નાક ફાટી જાય તેવી ગંધ આવે છે. વળી ઉકરડાની બાજુમાં સીમમાં જવાનું નેળિયું છે. દલિતોના મહોલ્લાનું પાણી આ નેળિયામાં ન આવે તે માટે દલિતોને નહાવા-ધોવાનું આગળની બાજુ રાખવું પડે છે. પરિણામે મહોલ્લાનું ગંદુ પાણી મહોલ્લા વચ્ચે ભેગું થતું ને કોઈવાર રોગચાળો ફાટી નીકળતો. જો કોઈ ભૂલે-ચૂકે વાડામાં નહાવા બેસે અને પાણી નેળિયામાં જાય તો સવર્ણોની ગાળો ને માર ખાવાનો વારો આવતો. ઉકરડાને કારણે દલિતો ને સવર્ણો વચ્ચે અવારનવાર ચકમક ઝરતી. આ ઉકરડાને વાસમાંથી દૂર કરવા સમયાંતરે દલિતો દ્વારા પ્રયત્નો થાય છે. એકવાર જાનમાં આવેલા શહેરના એક જાનૈયાએ આ ઉકરડાને બીજે ખસેડવા પોતાનો આક્રોશ વ્યકત કરેલો ત્યારે ગામલોકો દલિતોના મહોલ્લા પર તૂટી પડેલ ને બધુ વેરવિખેર કરી મૂકેલું. ત્યાર પછી મહોલ્લાના પંચાયતના સભ્ય મનોર ડોસાએ સરપંચને ઉકરડો ખસેડવા વિનંતી કરેલી તો એમને પણ સરપંચના હાથની અડબોથ ખાવી પડેલી, દલિત તેજો મહોલ્લાના પંચાયતના સભ્ય મનોરડોસાને ઉકરડો દૂર કરવાનું સૂચન કરે છે એ સંવાદ જોઈશું તો આપણને અંદાજ આવશે કે મનોરડોશા દ્વારા ઉકરડો દૂર કરવાનો પ્રયાસ થતા તેની સાથે સવર્ણોએ કેવો નફટાઈ ભર્યો વ્યવહાર કરેલો.

'.....ભઈ, તું ઈમ માંનસઅ કઅ મીં નંઈ કીધું હોય ! મીં પેલી જાંન જ્યા પસઅ એક દા'ડો આંયથી ઉકેડા ખહેડવા કીધું'તું. પસઅ શું થયું એ કઉં ? પેલા આજકાલના સરપંચે, અજુતો ઈની ગાંડમઅ લેડું લબડઅ સઅ, ઈણે મનઅ ધોલ મારી દીધી'તી. મારી આટલી ઉંમરે દ્યિોરની અડબોથ ખાવી પડી'તી. ભઈ, મને ય આ કાંઈ ગમતું નહીં, ગામમાં રે'વું નઅ રોજ મુઢાં ભેગાં કરવાં. આપડો અવતાર એવો પસઅ કુનઅ કેવું ?'[૧૮૯] અહીં મનોરડોસાની લાચારી પ્રગટ થાય છે. આખા દલિત સમાજની આવી જ સ્થિતિ છે. ટૂંકમાં અહીં મહોલ્લાના દલિતોની દયનીય સ્થિતિનું તાદશ ચિત્રણ થયું છે. મનોરડોસાની જેમ જ અન્ય દલિતો પણ ઉકરડો ખસેડવાનું કહેતા જ કાંપે છે ! ઉકરડો ખસેડવાનું દલિતો માટે અસહ્ય થઈ પડ્યું છે. ભણીગણીને શહેરમાં નોકરી કરતો મનોરડોસાનો દીકરો ડૉ. દિવ્યેશ પટેલ, ફૂસાનો દીકરો સવજી-નાયબ કલેકટર અને અન્ય નોકરીયાતો શહેરથી વતન લગ્ન પ્રસંગે કે અન્ય પ્રસંગોએ આવે ત્યારે ઉકરડા ખસેડવાનો પ્રયત્ન થાય છે પણ તેનું કોઈ જ પરિણામ આવતું નથી. અંતે વિધાનસભામાં ચૂંટાઈને મંત્રીપદ પામેલા દલિત વાલાભાઈ ઉકરડા ખસેડવાનો પ્રયત્ન કરે છે. તે મહોલ્લામાં સભાને સંબોધતા જણાવે છે કે :

''નાનપણમાં ઉકરડાને લીધે મારા હાથ પર જે ઘા થયો છે તેને હું કદી ભૂલ્યો નથી. મારું પહેલું કામ આ ઉકરડા ખસેડવાનું છે......''[૧૯૦] વાલાભાઈ પોતે મંત્રી હોવાની સત્તાથી ઉકરડા દૂર કરવાનું દબાણ ગામના સવર્ણ સરપંચ પર કરે છે. ત્યારે સરપંચ ઠાલા આસ્વાસનો આપે છે અને અંતે ભૂતપૂર્વ ધારાસભ્યની મદદથી મુખ્યમંત્રી સુધી વાત પહોંચાડીને મંત્રીપદેથી વાલાભાઈનું રાજીનામું લેવરાવી લે છે. વાર્તાના અંતે ઉકરડો તો ત્યાંનો ત્યાં જ રહે છે પણ વાલાભાઈને મંત્રીપદ ગુમાવવું પડે છે !! વાર્તાન્તે વાલાભાઈ હતાશ ચહેરે એ જ ઉકરડા વિસ્તારમાંથી પસાર થઈ વાસમાં પાછા ફરે છે.

૧૮૯. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૧૧૬
૧૯૦. એજન, પૃ.૧૧૮

મોહન પરમારે નોંધ્યું છે કે, ''વાર્તાના અંતમાં નિરાશ વદને પાછા ફરેલા વાલાભાઈના વર્તનની કડીઓ લેખક સુંદર રીતે ઉપસાવી શક્યા છે. જુઓ.''[૧૯૧] – ''પેલા કોણી નીચે પડેલા પત્થરના ઘા પર એમની આંગળીઓ ફરી વળી આજનો આ ઘા જાણે એમના સમગ્ર અસ્તિત્વ પર પડ્યો હતો. એમની બંને આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા ને જાણે એમનું ત્રીજું નેત્ર ખૂલવા મથી રહ્યું હતું.''[૧૯૨] આમ, વાલાભાઈમાં અન્યાય સામે પ્રતિકારનોભાવ ઉપરોક્ત વિધાનમાં જોવા મળે છે.

'ઉકરડા'માં સમાજજીવનની વાસ્તવિકતાનું દસ્તાવેજીકરણ થયું છે. ઉકરડા હટાવવા જેવી નાની ઘટના માટે મંત્રીપદ ગુમાવવું પડે એ અતિશ્યોક્તિસભર ઘટના છે. મંત્રી બનેલો દલિત સવર્ણોની ખટપટોમાં ઉપયોગી થતો હોય છે છતાં પણ શાંતા, વરવારજી, ગંગાડોશી, વિધાનસભાના સભ્ય કાશીભાઈ, ગામના સરપંચ વગેરે સવર્ણ સમાજના પ્રતિનિધિત્વ કરતા પાત્રોને વાર્તાકારે બરાબર ઉપસાવ્યા છે. દલિત પાત્રો ભીરું હોય એવી પ્રતીતિ થાય છે. સવર્ણોની જોહુકમી, ધાકધમકી, રાજકીય ખટપટો, સતત ફફડાટ અનુભવતા દલિતો, દલિતો પર થતાં અત્યાચાર, અન્યાય વગેરે 'ઉકરડા'માં નિરૂપાયું છે. મહોલ્લામાં રહેતો ઉકરડો દૂર કરવા જતાં દલિતોનો કેવો છેદ ઉડી જાય છે તેનું અહીં આલેખન થયું છે. ટૂંકમાં અહીં સવર્ણો દ્વારા અવારનવાર ભીંસાતો, પીસાતો, રહેંસાતો દલિત સમાજ નિરૂપાયો છે. હરીશ મંગલમ્ વાર્તા સંદર્ભે નોંધે છે કે, ''ઉકરડા' સમાજમાં પ્રવર્તતા દૂષણોનું અસરકારક પ્રતીક બનીને ત્યાંને ત્યાં જ ગામ વચ્ચોવચ રહે છે !''[૧૯૩]

ભાષા અને નિરૂપણ રીતિની દષ્ટિએ પણ વાર્તા ધ્યાનપાત્ર છે. વાર્તા અતિતથી વર્તમાન તરફ ગતિ કરે છે. વાર્તાકારે સમયનો મોટો ફલક લીધો છે છતાં વસ્તુનું લાઘવથી નિરૂપણ થયું છે.

રાઘવજી માધડની 'છેહ'માં દલિતોનો રાજકીય દાવપેચમાં લાભ લઈને કઈ રીતે તરછોડી દેવામાં આવે છે તેનું નિરૂપણ છે.

વાર્તાનાયક દલિત સોમો મહત્વાકાંક્ષી છે. દસ ધોરણ સુધી ભણ્યો છે અને સારું જીવન જીવવાનું તેનું સપનું છે. સોમો કૂવા ગાળવાના કામમાં નિપુણ છે પણ એકવાર કૂવો ગાળતા અચાનક જ પગમાં ઘણ વાગી જતાં તે પથારીવશ થાય છે. આથી તે મજૂરીએ જઈ શકતો નથી. રૂપ-રૂપનો અંબાર એવી પત્ની ગોમતી પર ગામના મુખી વાઘાબાપાની કુદૃષ્ટિને કારણે તેને મજૂરીએ મૂકી શકતો નથી. આથી તે આર્થિક સંકડામણ અનુભવે છે. સોમાની લાચારીનો ઉપયોગ રમુભાઈ જેવા રાજકારણી પોતાના હરીફ કાના ઠેબાને ઠેકાણે લાવવાના પોતાના અંગત સ્વાર્થ માટે કરે છે. તે સોમાને વગર માંગ્યે પૈસા, કપડા આપે છે. માનથી બોલાવે છે ને જાતભાતના સ્વપ્નો દેખાડી તેને દલિતવાસનો આગેવાન બનાવી દે છે પણ મહત્વાકાંક્ષી સોમો રમુભાઈની રાજરમત પામી શકતો નથી ને સોમા માંથી સોમાભાઈ થઈ જવા મથે છે. રમુભાઈ તરકટ રચે છે. સોમાને પોતાના હરીફ કાના ઠેબાએ કૂવામાં ધકેલી દીધો છે તે પ્રકારનો કેસ નોંધાવે છે! કારણ કે ગત ચૂંટણીમાં કાના ઠેબાએ રમુભાઈ સામે નહોર

૧૯૧. એજન, પૃ.૧૬૦
૧૯૨. એજન, પૃ.૧૨૩
૧૯૩. એકવચન, હરીશ મંગલમ્, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૨૦૦૩, પૃ.૪૫

ભરાવેલા. આથી રમુભાઈ લાગ મળતા જ સોમાનો ઉપયોગ કરીને તેનું ટાઢા પાણીએ ખસ કાઢે છે! પણ આશ્ચર્ય એ બાબતનું થાય કે આ બધું જ ખોટું છે છતાં પણ રમુભાઈ તરફથી મળતા માન-મોભો સોમાને મૂંગો રહેવા પ્રેરે છે. રમુભાઈ ચૂંટણીમાં ઊભા રહે છે. રમુભાઈ જીતી જાય તો ઘી કેળાં છે એવું વિચારી સોમો ચૂંટણી પ્રચારમાં રાત-દિવસ મહેનત કરે છે. પૈસા ને કપડા જેવી ક્ષણભંગૂર લાલચોથી લલચાઈ સોમો રમુભાઈનું કામ હોંશે હોંશે કરે છે. તે પોતાના વાસમાં નેતાની અદાથી ભાષણ આપતા કહે છે કે પાણી, દૂધ બધુ જ તમોને આપવામાં આવશે. એટલે વાસના લોકો પણ ખુશ થઈ જાય છે. અંતે રમુભાઈ ચૂંટણી જીતી જાય છે. આથી સોમો હવે પોતાનાં કામ પૂરા થશે એવાં સમણાં સેવે છે. વાસના ભાઈઓ સમક્ષ પોતે કરેલી વાતો, પાણી, દૂધ, લાઈટ બધુ આવી જશે એવો તેનો ભમ્ર છે પણ ચૂંટણીમાં રમુભાઈ જીતી ગયા પછી સોમાનો ભ્રમ ભાંગે છે. વાર્તાના આરંભે જ લેખકે નોંધ્યું છે કે- ''સોમાનો ભ્રમ પાણીમાં ઢેફું ઓગળે તેમ ઓગળવા લાગ્યો અને નઘરોળ વાસ્તવિકતા તેની તીક્ષ્ણ નહોર ભરાવીને ઉતરડવા લાગી.''[૧૯૪] રમુભાઈ હવે મળતા નથી, મળે છે તો તેમની મોટરમાં હવે સોમાને બેસવા માટે જગ્યા નથી! તે કહે છે- ''સોમા જગ્યા નથી.... નહિતર તને લઈ લેત. રમુભાના આ શબ્દોમાં વ્યંજના રહેલી છે. સોમો ઉલમાંથી ચૂલમાં પડ્યો. વાર્તાનો અંત મહત્ત્વનો છે. સોમો ત્રિભેટે ઊભો છે. એક રસ્તો ઘર બાજુ જાય છે... ત્યાં ગોમતી અને છોકરાઓ ભૂખે વલવલતા બેઠા છે- બીજો રસ્તો શહેર બાજુ જાય છે... ત્યાં હવે 'જગ્યા' નથી ને ત્રીજો રસ્તો સીમ બાજુ જાય છે... ત્યાં કૂવા ખોદવાની મજૂરીએ જતો હતો પણ હવે તો કોઈ મજૂરીએ જ બોલાવે નહિ.''[૧૯૫] કારણ કે રમુભાઈ રાજકારણીના કહેવાથી સોમાએ કાના ઠેબા પર ખોટો કેસ કર્યો હતો. અંતે સોમો કેવી ભીંસ અનુભવે છે તે સર્જકે આ રીતે દર્શાવ્યું છે-

''થાય છે કે સઘળી દિશાઓમાં તોતિંગ દરવાજાઓ અને ભોગળ સહિત ભિડાઈ ગયા છે. પોતે તેમાં કેદ થઈ ગયો છે ને હળવે હળવે ચારે દિશા ભેગી થશે.... ને પોતે ભીંસાઈ જશે!'' આ ભીંસ સોમાને કયા માર્ગે લઈ જાય છે? એને નવો માર્ગ મળે છે અને તે કહે છે-

''સોમો સઘળું ખંખેરીને હસે છે..... રાની પશું જેવું હસે છે... ને પછી તે અંધારામાં ઓગળી જાય છે. ચોર પગલે !''[૧૯૬] સોમાની સ્થિતિ જોતા તેના પ્રત્યે સમભાવ અને તેનો ભરપેટ ઉપયોગ કરનાર રમુભાઈ પ્રત્યે આપણા મનમાં સહજ રીત જ તિરસ્કાર જન્માવે છે. અહીં દલિત સોમા અને સવર્ણ નેતા રમુભાઈના વ્યક્તિત્વને સન્નિધિકૃતની પ્રયુક્તિથી દલિત સોમાની ઉદારતા, ભોળપણ, પ્રામાણિકતા તો રમુભાઈની સ્વાર્થી, દંભી નીતિ-રીતિ ઉપસાવી આપી છે. રમુભાઈ જેવા અનેક સવર્ણ રાજકારણીઓ આજે પણ દલિતોને પોતાના હાથા બનાવીને ઉપયોગ કરી લે છે અને અંતે ચૂસેલા સાંઠાની માફક રસ્તા પર રઝળતા મૂકી દે છે. ફેકી દે છે. રમુભાઈ માટે ડૉ. પ્રવીણ દરજીએ પ્રયોજેલ શબ્દ 'Honest Scoundre' યથાર્થ જ જણાય છે. રમુભાઈ વાર્તામાં યુક્તિબાજ ખલનાયક તરીકે ઉપસી આવે છે. સોમાના જુદા-જુદા છેહની વાત નિરૂપાઈ છે.

---

૧૯૪. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૭૦
૧૯૫. એજન, પૃ.૭૯
૧૯૬. એજન, પૃ.૮૦

રાઘવજી માધડની *'છેહ'* વાર્તા દલિતોના ભોળપણ અને તેની લાચારીનો સવર્ણો કેવો, કેટલી હદ સુધીનો ઉપયોગ કરે છે તે તરફ અંગુલિનિર્દેશ કરે છે. સવર્ણો આદિકાળથી તે આજદિન સુધી દલિતોને પોતાના માત્રને માત્ર હાથા બનાવતા આવ્યા છે. તેમના હિતનો જરા પણ વિચાર કરતાં નથી તે વાત માર્મિક રીતે આ વાર્તા દ્વારા સૂચવાઈ છે. વાર્તાનું કથાનક સરસ છે પણ ગદ્ય અને શૈલી ચીલાચાલુ અને ફિસ્સા છે. વાર્તામાં લેખકે અમરેલી વિસ્તારના દલિતોની બોલીનો વિનિયોગ કર્યો છે. કથક અને પાત્રોની ભાષા વચ્ચે અંતર છે છતાં ક્યાક કથકની ભાષામાં પણ તળ શબ્દો આવી ગયા છે છતાં પણ તળબોલી, કહેવતોથી પાત્રના સંવેદનો અસરકારક રીતે નિરૂપાયા છે અને એ દ્વારા ઉચિત પરિવેશ રચી શકાયો છે. તળપદી બોલીમાં નિરૂપાયેલ સંવાદોમાં પણ પાત્રોના પ્રશ્નો, સમસ્યાઓ, સંવેદના ધારદાર રીતે વ્યકત થઈ છે. સોમાના એમના વાસના લોકો સાથેનો સંવાદ જોઈએ-

'હાંભળો....!' આજ લગી આપડી ગિનાતીનો ઉધ્ધાર થ્યો નથી.... હવ ઉધ્ધાર કરવાનો છે.....' સોમો, નેતાની અદાથી જ વાત કરે,

અને વાસના સર્વભાઈ-બહેનો એક્કાને-

'વાહમાં લેટ નથી.....પાણી નથી....'ને થાંભલા અને નળ આવું જાહ.....'

'નળ તો આવી હે, પણ નળમાં પાણી....વચ્ચે કોઈક બોલે

'પાણી નંઈ....દૂધ આવી હે નળમાં.....'

.....એક વાસમાં તો કહે : એ પાણીની વેવસ્તા કરું દ્યો એટલે હાંઉ....બાકી અમણ કાંય જોતા નથી.

'પાણી તો, હંગવા જાવા જેટલોય.....'

મેં તો, ના'વા-ધોવાની ટીકડી લીધી છ્....વરસાદ ન વરહ્ ત્યાં લગીની....![૧૯૭]

રાઘવજી માધડની *'સિક્કો'*માં પ્રમુખની સીટ અનામત થતાં 'હાથા' તરીકે દલિત સ્ત્રીનો કેવો ઉપયોગ થાય છે તેની વાત છે. ચૂંટણી વખતે પક્ષની ઓફિસે અનેક મુરતિયાઓ ચૂંટણીમાં ઊભા રહેવા માટે થનગની રહ્યા છે પણ ત્યાંજ ફેકસથી સીટ અનામત હોવાની માહિતી મળતાં આ બધા યુવાનીયાઓ પરણ્યા પહેલાં જ રંડાઈ જાય છે. આવેલ આ અણધારી આફતમાંથી બાપુ રસ્તો કાઢતા કહે છે, 'ઊંટે કાઢયા ઢેકા તો માણસે કાઢયા ટેકા ! ' અંતે નાગજીની યુવાન પત્ની લીલાની ઉમેદવારી નોંધાવાય છે. બીજી તરફ મંગા મેતર અને કલુ ડોશીના મનમાં આ સંદર્ભે જાતભાતના પ્રશ્નો ઊઠે છે. મંગા મેતરને મૂંઝવતો પ્રશ્ન એ છે કે 'વવ્' પરમુખમાં હાલે તો ડોશી કેમ નો હાલે ?' કલુ ડોશીને આ પ્રશ્નનો જવાબ તેની 'સિક્કા' સંબંધી માહિતી અને સાંજે ઘેર આવેલી 'વહુ'ને એ 'સિક્કા' સંબંધી પૃચ્છામાંથી મળી રહે છે. વાર્તાન્તે ડોશી ડોસા સામે આંખ મેળવી શકતી નથી તેમાં બંને પાત્રોની સ્થિતિ કરુણતાને વળ ચઢાવે છે. સંવેદનની સચ્ચાઈનો રણકો આ વાર્તામાં અનુભવાય છે. 'છેહ'ની જેમ આ વાર્તામાં પણ જાતીય, સામાજિક અને રાજકીય એમ ત્રિવિધ શોષણની કરુણ કથની છે.

---

૧૯૭. એજન, પૃ.૮૧

બી.કેશરશિવમ્‌ની *'જમીનની માગણી'* વાર્તામાં ચૂંટણી વખતે દલિતોને અપાતા વચનોનો ભંગ થાય છે. એમાં કોઈ નવીનતા નથી પણ અન્ય પછાતકોમો સાથે અથડામણના પ્રશ્નો ઊભા થાય, સંઘર્ષ થાય ત્યારે વાર્તામાં જુદો જ રણકો સંભળાય છે.

## જાતીય શોષણની વાર્તાઓ

મોહન પરમારની *'કળણ'*માં જુલ્મીકાકા વનુભાની મિલ્કતનો હિસાબ-કિતાબ ને ખેતરોની દેખરેખ રાખતો વાર્તાકથક પથુભા સ્વભાવે ભીરું અને સંવેદનશીલ છે. આરંભે વનુભાની સામે પોતાની જાતને રાંકડી અનુભવે છે. વનુભા તેને રાંક, મુડદાલ કહે છે તેથી ધીમે ધીમે પથુભાના સ્વભાવમાં પરિવર્તન આવે છે. એમાંય વળી પથુભાના મનમાં રહેલો 'વનુભાને દેખાડી દેવાનો ભાવ' આ પરિવર્તનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દરેક કુકર્મ પછી પથુભાની વનુભા દ્વારા પીઠ થાબડવામાં આવતાં પથુભા ધીમે-ધીમે નૃસંશતાના કળણમાં ફસાતો જાય છે. વનુભા દ્વારા થતાં દલિત મજૂર મફલાના ખૂનમાં તે પણ ભાગીદાર બને છે ને પછી થતાં શરાબ-સુંદરીના જલસામાં તે રમમાણ થઈ જાય છે તે ઘડીએ તો તેને સ્વર્ગ જેવા સુખની અનુભૂતિ થાય છે. આ લપસણી પ્રક્રિયામાં અનાયાસ એવો તો જોડાઈ જાય છે કે પોતાના ચિત્તને જાણે વનુભાને ત્યાં ગીરો ન મૂક્યું હોય ! પણ ચાર દા'ડા પછી મફલાની વહુનો ચહેરો જોઈને તે પારાવાર પસ્તાય પણ છે. એ જ રીતે ધનજી પટેલ પર અત્યાચાર કરતાં વનુભાને જોઈને ઘડીભર તો એના અંતર માં માનવી જાગી ઊઠે છે ને વનુભાને દુષ્કૃત્ય કરતા રોકવાનું મનોમન વિચારે છે પણ વનુભાની લાલઘૂમ આંખો જોઈને તેને બીક લાગે છે. માનવ-સેતાન વચ્ચેનો જંગ એના અંતરમાં સતત ખેલાઈ રહ્યો છે. અંતે વનુભાની સામે રાંક ને મુડદાલ સાબિત ન થવાના જોરમાં એની અંદરનો સેતાન જ જીતે છે. સંજોગો ઊભા થતાં માનવમનની વિકૃતિઓ કેવી પ્રબળ બની જતી હોય છે ! 'કેમ કરીને માણસથી પાશવી કૃત્ય થઈ જાય છે ? શી ખબર.....'[૧૯૮] એવું મનોમન વિચારતો પથુભા અંતે વનુભાની મદદથી મફલાની વહુંને ઉપાડી મંગાવે છે ને તેના પર બળાત્કાર કરી એની લાશને એના દિયર સાથે કૂવામાં નખાવી મસ્તીથી સૂઈ જાય છે ! સવારે પોતે જ ફેલાવેલી અફવા રાયસંગ દ્વારા તેને જાણવા મળે છે, 'મફલા હરિજનની વઉ અનઅ ઈના દિયેર રામનનઅ આડા સંબંધો હતા. લોકલાજે બેય જણે કૂવો પૂર્યો....'[૧૯૯] પોતે નાંખેલા પાસા પોબાર પડ્યા તેથી હાશકારો અનુભવતો પથુભાએ કોઈ ન જૂએ તેમ પીશાચી હાસ્ય વેર્યું ને દાતણનો કૂચો મોઢામાં આઘોપાછો કરીને 'હાક થૂ' કરતો થૂકી પડયો. હેવાન બનતા જતા માણસની નફ્ફટાઈ અહીં જોવા મળે છે. વનુભાના અનુચર પથુભાનું વનુભામાં થતાં રૂપાંતરની પ્રક્રિયા સૂક્ષ્મ અને સંકુલ બની છે. ડૉ. જયેશ ભોગાયતાના મંતવ્ય પ્રમાણે આ વાર્તામાં 'હું ની થૂંકવાની ક્રિયા આત્મઘૃણાના ભાવને વ્યંજિત કરે છે.'[૨૦૦] વાર્તાના અભ્યાસને અંતે મને પથુભાની આ થૂંકવાની ચેષ્ટા બેફિકરાઈ, નઘરોળપણું અને હેવાનિયતની પરાકાષ્ટા કહેવાનું ઉચિત લાગે છે. ડૉ. શરીફા વિજળીવાળાનું વિધાન છે કે ''આત્મઘૃણા માણસને થાય પથુભા જેવા હેવાનને નહિ.''[૨૦૧]

---

૧૯૮. કુંભી, મોહન પરમાર, રન્નાદે પ્રકાશન, બીજી આવૃત્તિ, ૨૦૦૫, પૃ.૧૯૧
૧૯૯. એજન, પૃ.૧૯૫
૨૦૦. પ્રત્યક્ષ, જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૯૭, પૃ.૩૭
૨૦૧. વાર્તાસંદર્ભ, શરીફા વીજળીવાળા, પૃ.૧૨૭

આ બે વિવેચકોના વિધાનો પરસ્પર વિરોધાભાસી લાગે છે. પથુભાને આત્મઘૃણાનો ભાવ જન્મે એવી કોઈ ભૂમિકા સર્જકે વાર્તામાં ઊભી કરી નથી, કયાંક પથુભાના મનમાં એકાદક્ષણ સારાપણાનો આછેરો રંગ દેખાય પણ વનુભાના સકંજામાં સંપૂર્ણ આવી ચૂકેલો પથુભા જે રીતે મફલાની વહુ માટે તડપતો, વલખા મારતો વર્ણવાયો છે તે એના પરના અનિષ્ટના આક્રમણનો ભોગ બની ચૂકયો છે એની પ્રતીતિ કરાવે છે. વાસનાભૂખ્યા પથુભામાં આત્મઘૃણાનો ભાવ જાગે એવા કોઈ લક્ષણો નજરે ચઢતા નથી.

રાઘવજી માધડની *'મેલીમથરાવટી'*માં સવર્ણ પુરુષ અને દલિત સ્ત્રીના અનૈતિક સંબંધની વાત કરવામાં આવી છે. વાર્તાનાયિકા ગંગા જુદા-જુદા ખેતરોમાં દાડિયે જઈને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરે છે અને એ રીતે જયંત ખત્રીની 'ખીચડી'ની નાયિકા લખડીની જેમ જીવનનું ગાડું ગબડાવ્યા કરે છે. લખડીની જેમ જ અહીં ગંગાની આર્થિક મુશ્કેલીનો લાભ મુખી લે છે અને તેનું જાતીય શોષણ કરે છે. ગંગા તો તેનો પ્રતિકાર કરી શકતી નથી પણ કરુણતા તો એ છે કે તેના બાપમા પણ એ અન્યાયનો સામનો કરવાની તાકાત નથી. તે પણ મૂંગે મોઢે બધુ સહન કરી લે છે ને ગંગાને કહે છે ''દીકરી ! તારી હંધીય વાત હાચી છે ! પણ આપડે હલકું વરણ, આપડી મથરાવટી મેલી........આપડી વાત હાચી કોણ માને ?? નકામું કાદવ ઉડાડે કાંઈ નો વળે........ આપડે નગ-પગ વગર મા'લા એનું તે નામ લેવાય ? ભૂખે મરવાના દી આવે........'[૨૦૨] અંતે ગંગા મુખીની વાસનાનો ભોગ બનીને અન્યાયના કડવા ઘૂંટ ગળી જાય છે. હકીકતમાં ગંગાની મથરાવટી મેલી નહોતી પણ મુખીની જ મથરાવટી મેલી હતી છતાં પણ નિર્દોષ ગંગાને આખું ગામ વગોવતું હતું- ''ઓલ્યા........! ગંગા મેતરની છોડીનો અવળો પગ પડી ગ્યો તે .....સ્ત્રીઓ આ વાતને દાઢ ચીપી-ચીપીને દુહરાવતી.......અને પુરુષવર્ગ તો ગંગાનો જ વાંક ગણતા... હાળેનું પેટ નો ભરાતું હોય તો ફોડી નાખતા હોય તો........! પણ.....આવી કાળી કમાણી........!!''[૨૦૩]

અહીં ગંગાની વ્યથા, વેદનાનું વર્ણન કાળજું કંપાવી દે એ રીતે થયું છે છતાં પણ ડૉ.ભરત મહેતા કહે છે તેમ ''ગંગાની વ્યથા અભિવ્યકત કરવાના કલાકીય નહીં પણ અન્ય વાસ્તવદર્શી સરત ચૂકોય રહી ગઈ છે. વાર્તાના કેન્દ્રમાં રહેલા ગંગાના પાત્રનો આલેખ તપાસવા જેવો છે. મગન હીરાવાળાને મોં પર ફટકારી દેતી ગંગાથી માંડી ગ્રામજનોની વચાળે મુખીની મથરાવટીને ખુલ્લી પાડતી ગંગા- આલેખના પ્રથમ અને અંતિમ બિંદુઓ છે. મગન હીરાવાળાને મોં પર ફટકારતી ગંગા જયારે રત્નો અડપલું કરે છે ત્યારે તેને ઊભો ચીરી નાખવા ઈચ્છે છે, પણ અસહાય હોય છે ! રત્નો આગળ વધે છે ત્યારે 'જારે....રોયા.....! અટાંણના પો'માં રામનું નામ લે.....'કહીને વાત વાળતી થઈ જાય છે. ગંગા હળવે હળવે પરિસ્થિતિ સ્વીકારતી જાય છે- પરિસ્થિતિથી લાચાર એવી ગંગા મુખીનો સામનો કરવાની પૂરી તાકાત હોવા છતાં કરી શકતી નથી. ગંગાને મુખી અભડાવે છે. આ જ ગંગા બધાની સામે મુખીને ઝાટકી નાખે છે ! વધુ સ્ફોટક પરિસ્થિતિ ઓરડીમાં હતી કે ગંગાના ફળિયામાં ? ગંગાના

૨૦૨. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક,મોહન પરમાર, હરીશ મંગલમ્,પૃ.૧૧૭
૨૦૩. એજન, પૃ.૧૧૫

પાત્ર સાથે આ ઘટના બંધ બેસતી નથી. જો ગંગાએ ઓરડીની ઘટનાનો લાચારીથી સ્વીકાર કર્યો હોય તો એ એટલી મૂર્ખ નથી કે એ ન સમજી હોય કે વાંક ગુનો એના પરજ આવશે ! આમ, ગંગાના પાત્રમાં સમતુલા ખોરવાય છે.''[૨૦૪] અહીં એ સમજી શકાય કે ગંગા છેડતી –અડપલા સહન કરતી જાય છે પરિણામે એક દિવસ બળાત્કાર પણ સહન કરવાનો વાળો આવ્યો છે, જેને સ્થાપિતો–શોષકોના આવા એક–એક કૃત્યોને મૂંગે મોએ સહન કરી લીધા છે, જેણે ઓરડીવાળી ઘટનાનો પણ કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી કર્યો તે ગંગા વાર્તાના અંતે એકાએક વિદ્રોહી બની જાય તે થોડું અસ્વાભાવિક લાગે છે.

વાર્તાનો અંત કરુણ હોવા છતાં તદ્દન સ્વાભાવિક છે. જે બનવાનું હતું તે જ અંતે બનીને રહ્યું. 'મંગા ડોસાએ ગંગાના માથે હાથ મૂકવાનો પ્રયત્ન કર્યો પણ પથારી તો ક્યારનીય ખાલી હતી. ડોસાની ઊંડી ઊતરી ગયેલી આંખ્યુમાંથી ડળક–ડળક આંસુ ખરવા લાગ્યા.''[૨૦૫] વાર્તાની શરૂઆતરમાં ખાટલામાંથી ઉઠતી ગંગા વાર્તાના અંતે ખાટલામાં નથી ! વાર્તાનો અંત એટલું ચોક્કસ કહે છે કે – આવતીકાલે ઝણ....ણ.....ણ..... ઝાલર વાગશે એ વેળાએ ગંગા નહિ હોય ! વાર્તાની બીજી એક મર્યાદા એ છે કે ગંગા છાસ લેવા જાય છે ત્યારે એને મહિના પહેલાનો પ્રસંગ યાદ આવે છે – ''ડેલી ઉઘાડતાંની સાથે જ ગંગા ડેલીમાં ગઈ હતી તો સાકર પટલાણીએ તરત જ ડાચિયું કર્યું તું, અટા'ણ પો'રમાં તમારી જેવીયુંનું મોં જોવાથી દી આખો બગડી જાય છે..... જા રાંડિય્ નથી છાસ દેવી!....''[૨૦૬] અહીં પીઠઝબકાર પ્રયુક્તિનો પ્રયોગ ચીલાચાલું ઢબનો જ લાગે છે પણ વાર્તામાં કેટલીક સચોટ ઉપમાઓના વિનિયોગને કારણે ધ્યાનપાત્ર બને છે. દા.ત. 'પાડા પર પાણી નાખો ને તરત જ નીચે પડી જાય એમ ગંગાને કશીય અસર થઈ નહિ જાણે કે આવી ગાળ્યું એને કોઠે પડી ગઈ હોય !!'[૨૦૭]

'પાણીમાં ઢેફું ઓગળે એમ પસીયાનો ઉત્સાહ ઓગળી ગયો'[૨૦૮]

આ ઉપરાંત સર્જક સાકર પટલાણીનું જે શબ્દચિત્ર આલેખે છે તે આકર્ષક છે. ''એ....હા; ઊભી રે....પાડાને પીવડાવવાની છાસમાંથી તપેલી ભરી પટલાણી બહાર નીકળ્યાં, 'રાખ્ય તારો પાટો !' બે પગ વચ્ચે ચણિયાને દબાવતાં બને તેટલી ઊંચી ધારે ગંગાના પાટિયામાં છાસ ઠલવી, કોઈ દાનવીરની અદાથી પટલાણી આસરી ચઢી ગયાં.''[૨૦૯] રાધેશ્યામ શર્મા પણ આ વર્ણન સંદર્ભે લખે છે કે ''એક પટલાણીની બિહેવરિયલ ભાવભંગિમાં (જેશ્ચર) આ વર્ણનમાં આસ્વાદ્ય છે.''[૨૧૦]

મધુકાન્ત કલ્પિતની *'અધૂરો પુલ'* વાર્તામાં વાર્તાનાયક જે વાર્તાકથક પણ છે. વાર્તામાં સવર્ણશેઠ અને મજૂરણ વચ્ચેના અનૈતિક સંબંધની ઘટના કેન્દ્રસ્થાને છે. વાર્તાનાયક પોતાની માના પ્રિયતમ–શેઠ પાસે જવા નીકળે છે, પુલનું બાંધકામ તો ચાલુ છે પણ નાયક અને તેના અનૌરસ પિતા

૨૦૪. એજન, પૃ.૧૭૨
૨૦૫. એજન, પૃ.૧૧૭
૨૦૬. એજન, પૃ.૧૦૯
૨૦૭. એજન, પૃ.૧૧૦,૧૧૧
૨૦૮. એજન, પૃ.૧૧૧
૨૦૯. એજન, પૃ.૧૧૦
૨૧૦. એજન, પૃ.૨૧૯

વચ્ચેના સંબંધોનો સેતુ તો અધૂરો રહી જાય છે. અધૂરો પુલ વાર્તાનાયકની અનિચ્છનીય પરિસ્થિતિ સાથેના વિચ્છેદનું પ્રતીક બને છે. સામાજિક વિષમતાને કારણે દલિત સ્ત્રીઓ અને એનો પરિવાર કેવી કફોડી સ્થિતિમાં મૂકાઈ જાય છે તેની અનુભૂતિ આ વાર્તામાં થાય છે. અહીં ઝૂંપડામાંથી નીકળતો ધૂમાડો, મકાઈનો રોટલો ટીપતી અને ચુલો ફૂંકતી સ્ત્રી, વૃદ્ધનું કાથીના ખાટલે બેસી ગુજરું પીવુ વગેરે દ્વારા વાર્તાકારે દલિત પરિવેશ રચી આપ્યો છે પણ ડૉ. વિજય શાસ્ત્રી નોંધે છે તેમ ''માનું, શેઠનું કે ખુદ કથાનાયકના પાત્રો પૂરા પરિમાણમાં આલેખાયા નથી તેથી Cipher બની રહે છે.''[૨૧૧]

અરવિંદ વેગડાની *'રખોપાના સાપ'* વાર્તામાં ગરીબ મજૂર વીરજીનો બાપ જમીનદાર જીલુભાનું બે હજારનું દેવું કરીને મરી ગયો છે. આથી જીલુભા વીરજી અને તેની પત્ની રૂડીને પોતાના જ ખેતરમાં કામ કરવાનો હુકમ કરે છે. વીરજી સ્વમાની છે પણ લાચાર માતાની આજ્ઞાને તે અવગણી શકતો નથી અને આખરે લાચારીથી વીરજી અને તેની પત્ની રૂડી જીલુભાના ખેતરમાં તનતોડ મહેનત કરે છે છતાં પણ જીલુભાનું દેવું ઓછું થતું જ નથી અને અંતે રૂડી જીલુભાની વાસનાવૃત્તિનો ભોગ બને છે. તો બીજી તરફ વીરજી મૃત્યુ પામતા તેની મા રડતાં-રડતાં બોલી ઊઠે છે. 'મારા વીરાને શું આભડી ગયું ?' કાયાને સંકોરતી રૂડી કહે છે, 'રખોપાના સાપ' વાર્તામાં 'સાપ' નાગના પ્રતીક રૂપે નિરૂપાયેલ છે. આમ તો નાગના પણ બે અર્થ થાય છે. નાગ દેવતા તો સામાન્ય રીતે લોકોનું રક્ષણ કરતા હોય છે. નાગ'sex'નું પણ પ્રતીક છે. અહીં સાપ રક્ષણને બદલે વાસનાનું પ્રતીક બનતો હોય એવું નથી લાગતું શું ? રૂડી પર થતો બળાત્કાર ગોઠવાયેલો લાગે છે.

મધુકાન્ત કલ્પિતની *'લાખું'* વાર્તામાં રમતૂડો દલિત હરજીને ખેતરમાં ઘઉં ચૂંટવા માટે કાળીને મોકલવાનું કહે છે. જૂના ઘરાક હોવાને નાતે હરજી અનિચ્છાએ પણ દીકરી કાળીને મોકલે છે. રમતુજીની વિષયી નજર કાળી પારખી લે છે, તેને એક વરસ પહેલાની ઘટના યાદ આવે છે. 'આ પગે સું થ્યું સ, છોડી?...... લાખું સ એ તો..... આમ કરતો મું જોવું......'[૨૧૨] રમતુજીને લાખુ જોવાની તીવ્ર ઈચ્છા થાય છે. કાળી પણ નિર્દોષ અને ભોળાભાવે સહજતાથી જ પિંડી ખુલ્લી કરી નાખે છે. લાખુ જોઈને કાળીને પાનો ચડાવતા કહે છે, ''લાખું તો શુકનિયાળ સ છોડી. બઉ ભાયગવાળી સ તું તો....'' લાખું નસીબદાર છે એ જાણી તે હરખાય છે પણ કાળીનું ભોળપણ, સહજતા રમતુજીને વિષયાંધ બનાવે છે. તે લાખું પંપાળે છે ને પોતાની વાસના સંતોષવાનો પ્રયાસ કરે છે પણ કાળીને તેની મેલી મુરાદની ગંધ આવી જતાં તેની ચુંગાલમાંથી છટકીને નાસી જાય છે, ફરી એક દિવસ રમતુજી કાળીના ઘેર આવે છે ને તેની એકલતાનો લાભ લેવાનો પ્રયાસ કરે છે પણ કાળી રમતુજીના બદલાયેલા ચહેરાને બરાબર ઓળખી ગઈ છે. એક વર્ષ પહેલા રમતુજીએ જે હરકત કરી હતી તે હજું ભૂલી નહતી. રમતુજીની કુદૃષ્ટિથી પરિચિત કાળી હાથમાં ધારિયું લઈ સાક્ષાત રણચંડી બની ગઈ હતી. ત્યાં વાર્તા પૂરી થાય છે. વાર્તા મુખરતામાંથી એ રીતે બચી ગઈ છે કે પેલું આકર્ષણ અને સમાજ, કુટુંબની ભીંસ, એની તાણ વાર્તાને કિસ્સામાંથી ઉગારી લે છે. દા.ત ''એક કાગડો પાડીની ગરદન પર આવીને બેઠો. પાડીએ ડોક

૨૧૧. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, આર.આર.શેઠની કંપની, પુનર્મુદ્રણ,૧૯૯૩, પૃ.૧૫૮
૨૧૨. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, પૃ.૧૪૯

હલાવી એટલે કાગડો આમથી તેમ ફંગોળાયો. થોડીક વારમાં એ ગરદન પર સ્થિર થઈ ધીમે-ધીમે આંટણ કોચવા માંડ્યો. પાડી આંખો મીંચી, રાંકની જેમ ઊભી હતી.''[૨૧૩] પ્રવીણ દરજી જણાવે છે કે ''...... અહીં મધુકાન્ત પણ પરિચિત વિષયને પોતાની આગવી રચનારીતિથી કૃતિને તેના અખંડરૂપે ઉપસાવી શક્યા છે.''[૨૧૪]

ધરમાભાઈ શ્રીમાળીની '*ભાત*' વાર્તામાં રત્નો ખેત મજૂર છે. રત્નાની વહું પિયર ગઈ હોવાથી સવર્ણ જેઠીડોસીના દીકરા ઘેમરની વહું ઈજુ રત્ના માટે ખેતરે ભાત લાવે છે. ભાતમાં ગવારફળીનું શાક, બાજરીના રોટલા, ઘી, ગોળ અને ચણાંની ઘેંશ ને દૂધ જેવી છાશ જોઈને રત્નો મનોમન હરખાય છે. એમાંય વળી ઈજુ મોજથી ખવડાવે છે. અંતે પતિથી અસંતુષ્ટ ઈજુ રત્નાને ભોગવે છે. મસીનવાળી ઓરડીમાં ઈજુથી ભોગવાઈને રતનો ઉતાવળે નીકળતો હોય છે ત્યાં તેની ઠેસથી ઘેમરનું ભાત અભડાંતા જેઠી ડોસી 'ઘેમરનું ભાત અભડાયું નં...... તાડુકે છે.' ભાત અહીં રૂપક બને છે. તો મોર- ઢેલની ક્રિડાનો લેખકે રૂપકાત્મક વિનિયોગ કર્યો છે. નવનીત જાનીએ નોંધ્યું છે કે, ''ઢાળિયાનું તૂટવું અને ઘેમરનું ભાત અભડાયું બંને ક્રિયામાંથી સાંકેતિક વ્યંજનાના પડ ઊખળતા જણાય છે.''[૨૧૫] ટૂંકમાં 'ઘેમરનું ભાત અભડાયું' થી ઈજુ- રત્નાના શરીર સંબંધનો અર્થ વ્યંજિત થાય છે. ''અફેણીનો શ્યો ભરુહો? આખો દન્ અફેણ નઅ્ ચા ઠાંસી ઠાંસીન્ પાચી ર'યા સી તોય... શ્યાલ મેલતા નથી ! ''[૨૧૬] માં ઈજુનો ઘેમર પ્રત્યેનો અણગમો વ્યકત થયો છે. તો દાઝેલો રોટલો ખવડાવતી ને ખેતરમાં ખેડવાથી માંડી અનાજ પાકે તેને ઘરમાં કોઠા સુધી પહોંચાડે છે. કાળી મજૂરી કરાવે છે છતાં આભડછેટ રાખનાર જેઠી ડોસીને રત્નો 'ટઈડી' કહીને અણગમો વ્યકત કરે છે.ત્યાં રત્નાની લાચારી પ્રગટે છે. સવર્ણ પુરુષ દ્વારા દલિત સ્ત્રીના જાતીય શોષણની તો પ્રમાણમાં ઘણી વાર્તાઓ લખાઈ છે પણ સવર્ણ સ્ત્રી દ્વારા દલિત પુરુષનું જાતીય શોષણ થતું હોય એવી વાર્તાઓ ભાગ્યેજ લખાઈ છે.

પરંપરાગત શૈલીમાં લખાયેલી જોસેફ મેકવાનની '*છગનાને ન સમજાતા સવાલો*' વાર્તામાં છગન અને કુમલી વરસતા વરસાદમાં પડી ગયેલા ઝૂંપડાને મૂકીને બીજા મલકમાં પ્રયાણ કરે છે ને છબીલદાસશેઠને ત્યાં મજૂરીએ રહે છે. છગના-કુમલીના પરિશ્રમથી તૈયાર થયેલ છબીલદાસના બંગલાનાં ઉદ્‌ઘાટન વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે, ''સ્વર્ગસ્થ કલ્યાણજીબાપા દીન-હીન આદિવાસીઓના મસિહા હતા. એક ઝૂંપડી બાંધીને એ એમની વચ્ચે જ રહેતા હતા અને જુઓ બાપુનું લોહી ! છબિલદાસે એક આદિવાસી છોકરાને ત્રીજા પુત્ર તરીકે દત્તક લીધો છે.''[૨૧૭] પણ આજ શેઠ દત્તક તરીકે લીધેલ છગનાની પત્ની કુમલીનું જાતીય અને છગનાનું આર્થિક શોષણ કરે છે ! કહેવાતા હિતરક્ષકો કેટલી હદે હીનવૃત્તિ આચરી શકે છે તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. સવર્ણોના આવા હીન વ્યવહારને કારણે છગનાને હરપળે અનેક પ્રશ્નો મૂઝવી રહે છે ને એને કશું જ સમજાતું નથી અને છગનાને ન સમજાતા

૨૧૩. એજન, પૃ.૧૪૫
૨૧૪. પ્રતિનિધિ દલિત વાર્તા, સં. હરીશ મંગલમ્, કુમકુમ પ્રકાશન, પ્ર.આ.૧૯૯૭, પ્રસ્તાવના લેખ
૨૧૫. પરબ, ૨૦૦૫, ૪, પૃ.૫૩
૨૧૬. નરક,ધરમાભાઈ શ્રીમાળી, પ્ર.આ. ૨૦૦૩, પૃ.૨૮
૨૧૭. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૩૩

પ્રશ્નોનો ઉકેલ આપણી સામાજિક વ્યવસ્થામાંથી મળવા મુશ્કેલ છે. લેખકે સરકારી તંત્રોમાં ચાલી રહેલા ભ્રષ્ટ વહીવટ પર પણ પ્રકાશ પાડ્યો છે પણ બિનજરૂરી લંબાણ અને મુખરતા વાર્તાની મોટી મર્યાદા બની રહે છે.

ધરમાભાઈ શ્રીમાળીની '*દાઝવું તે*'... વાર્તામાં લખુભાનો દીકરો પરબત ઘોડે બેસીને પરણવા નીકળ્યો છે. ભૂતકાળમાં ભોગવીને છોડી દેનાર પરબતની જાનમાં બળતી પેટ્રોમેક્ષ ઊંચકીને બબલી ચાલી રહી છે. બબલી પોતાનું જાતીય શોષણ કરનાર પરબત પર મનોમન ખીજાઈ રહી છે ને તેના અંતરમાં રહેલી પીડા પેટ્રોમેક્ષના પ્રતીક દ્વારા સ્ફૂટ થઈ છે. પેટ્રોમેક્ષને પકડીને દાઝેલાં ટેરવા પર થતાં લબલબનું સંધાન બબલીના અંતર સાથે થાય છે. અતીત અને વર્તમાન સમય વચ્ચે આંતર-બાહ્ય દાહ નાયિકા અનુભવે છે. બબલીના સંયત વ્યવહારને કારણે વાર્તા વાંચવી ગમે છે.

વસંતલાલ પરમારની '*એક છાલિયું દાળને ખાતર*' માં પરિસ્થિતિજન્ય કરુણતા આલેખાઈ છે. વાર્તાનાયિકા દલિત કંકુડી છે. કંકુડીની પોતાના દીકરા નાથુને એક છાલિયું દાળ અપાવવા માટે સુમેરપુરના જાગીરદારના રસોયા જટાશંકર સાથે આચરેલા કૃત્ય બદલ ગામમાં ફજેતી થાય છે. કંકુડીના પેટમાં જટાશંકરનું ઓધાન રહ્યું છે પણ જાગીરદારના દરબારમાં ગામ લોકો ભેગા થાય છે, લોકો દિયર કેશવ માથે ખોટી આળ નાખે છે, કંકુડી એ પાપકર્મ દીકરા ખાતર આચરે છે પણ એ નિમિત્તે બીજા બાળકરૂપે નવી ઉપાધી આવી પડવાની છે તેના સંકેતો અહીં મળે છે. ટૂંકમાં કંકુડીનું એક વખત જાતીય શોષણ કરીને હંમેશને માટે જાતીય શોષણ થતું રહે તેવી કરામત કરી આપી છે. મેલોડ્રામેટિક ભાતની અગંભીર રમતો છાપાળવી બની રહે છે.

ધરમાભાઈ શ્રીમાળીની '*નવી*' વાર્તામાં પીઠીનો રંગ ઉતરે એ પહેલાં જ સમુ વિધવા બને છે. પછી વશરામની સાથે તેના લગ્ન થાય છે ને તે 'નવી' તરીકે ઓળખાય છે. વશરામના બાળકો સાથે તે એટલી બધી હળીમળી જાય છે કે બાળકોને તેના વિના ગમતું નથી. અંતે નવી જૂની બની રહે છે. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે, વશરામના મૃત્યુ પછી સમુનો ભાઈ મનજી સમુનું બીજે નાતરું કરીને પૈસા કમાઈ લેવા માંગે છે! મનજીના કાવતરાને પામી જતાં સમું પોતાના ભાઈને છોડીને વશરામના ઘર તરફ દોટ મૂકે છે. વાર્તાન્તે મનજીને થાય છે કે- ''અમણાં તો હાવ મરેલી મરેલી હેંડતી'તીન્ આંના પગોમાં આટલું જોર આયું ચ્યાંથી?''[૨૧૮] અહીં સમુનું માતૃવાત્સલ્યસભર વ્યક્તિત્વ ઉપસી આવે છે. વાર્તાનો અંત ચોટદાર છે. રિવાજોની વચ્ચે અટવાતી, કચડાતી સંવેદના અહીં કળારૂપ પામી છે. વાર્તાનો આરંભ તો મનજી સમુને તેડવા આવે ત્યાંથી થયો છે પણ પછી સમુની વેદનામય સ્થિતિને પીઠ ઝબકાર પ્રયુક્તિ દ્વારા આલેખવામાં આવી છે. બોલી પ્રયોગની સચોટતા ભાવ નિરૂપણને અહીં કેવી ઉપકારક નીવડી છે તે તપાસીએ-

''એ વખતે એટલી અમૂંઝણ લેઈને મું ચેડી ચેડી હેંડતી'તી! અજાણ્યું ગોમ, અજાણ્યું લોક, અજાણ્યો આદમી, ઈનો વસ્તાર.... એક પા અમૂંઝણ નઅ, બીજી પા ઈમના મુંઢે ઉભરાતી ખુશી

૨૧૮. સાંકળ, ધરમાભાઈ શ્રીમાળી, ગૂર્જર ગ્રંથરત્ન, પ્ર.આ. ૧૯૯૭, પૃ.૫૫

જોઈનં મનં ખુદનં શીખ'ર.... એ દન તો બળ્યું આંધુય ચેવું ઉપડ્યું'તું ? રાતું ગવન એવું લે'રાય, એવું લે'રાય.... કે, માંથેથી ઉડતા છેડાનં પકડવા જઉં નઅ મૂવાં બલોયાં, નઅ ચૂડીઓ, નઅ કાચની બંગડીઓ.... એવી ખનન..... ખનન..... થાંય કી, મું તો શરમઈન, ઢેંગલી જ થૈ જી'તી....''[૨૧૯]

એટલું નોંધવું ઘટે કે 'નવી' વાર્તામાં જે સંવેદન પ્રગટયું છે તે દલિત કરતા સમસ્ત માનવસમૂહને વિશેષ સ્પર્શ કરનારું છે.

મૌલિક બોરીજાની '*ભીંસ*' વાર્તામાં મગનલાલ દલિત સમુને ભોગવે છે ને તે સગર્ભા થતાં એક તરફ તેનો જ સમાજ તેને નાત બહાર કાઢે છે ને બીજી તરફ મગન સમુને એબોર્શન કરાવવાનો હુકમ કરે છે. સમુનું માતૃત્વ જાગૃત થાય છે પણ અંતે બાળક કલંકિત થશેના ભયથી સમુ એબોર્શન કરાવી દે છે. એ સામાજિક ભયથી પીડાય છે. અહીં સમુ એક તરફ કુટુંબની આર્થિક ભીંસ, બીજી તરફ જેઠાણી કરતાં ઓછા દાગીના લાવતા પતિ કાળુ ઢોર માર મારે, તો સમુના માતા-પિતા સમુને પુનઃ પરણાવવા ભીંસમાં લે છે અને મગનભાઈ આર્થિક મદદ કરી શારીરિક શોષણ કરે છે. આમ, સમુ અનેક ભીંસ અનુભવે છે. સમુનુ બેવડું શોષણ આલેખાયું છે.

## આર્થિક શોષણની વાર્તાઓ

પથિક પરમારની '*ઉઘાડા પગ*' વાર્તામાં એક ગરીબ ધનાની ચંપલ તૂટી ગયા પછીની મનઃ સ્થિતિનું આલેખન છે. ધનો ઓફિસમાં પટાવાળો છે. તે માંડ-માંડ પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરે છે, આવી કફોડી સ્થિતિમાં એક દિવસ તે ઓફિસેથી છૂટી સાંજના માારકેટમાંથી શાકભાજી ખરીદી ઘેર આવતાં રસ્તામાં જ ચંપલ તેને દગો દે છે. આ ચંપલને તેણે જતનથી સાચવ્યા હતા. તે ચંપલ બે વર્ષ ચાલે એવી તેની ધારણા હતી પણ દોઢ વર્ષમાં જ ચંપલ ખખડી જાય છે અને તે સંધાવી શકાય એવા પણ નથી રહ્યા. આથી ધનો તે ચંપલને ના છૂટકે ઉકરડામાં ફેંકી દે છે. ધનાને ઉઘાડે પગે આવતો જોઈને લોકો હસે છે. તેના સ્વજનો તેને સ્મિત આપે છે પણ ધનાને તો એ સ્મિત મશ્કરી સમુ લાગે છે. આથી મનોમન તે પોતાના નસીબને દોષ આપે છે. એક સમસ્યાનો ઉકેલ તે નથી લાવી શકતો ત્યાં તો બીજી સમસ્યા તેની સામે ઊભી થાય છે. સ્કૂલથી આવીને ધનાનો દીકરો તેની માને કહે છે, ''બા હું ક્રૂલથી ભણવા નહીં જાઉં, હું આ થીંગડાંવાળાં કપડા નહીં પહેરું. બધા છોકરા મારી મશ્કરી કરે છે.... અને બા, મારાં ચંપલ પણ તૂટી ગયાં છે. ચંપલ પહેર્યા વગર સ્કૂલ જાઉં છું ત્યારે બધાં મને 'ઉઘાડ પગો' કહીં ખીજવે છે.''[૨૨૦] આમ, પોતાના દીકરાની ચંપલ અને કપડા ફાટી ગયા છે તે તેની ચિંતામાં વધારો કરે છે. સ્કૂલમાં દીકરાને 'ઉઘાડ પગો' કહીને છોકરાઓ ખીજવે છે તે ધનાને શૂળની જેમ ખૂંચે છે. અંતે તે હિંમત હારી જાય છે અને મનોમન વિચારે છે કે ઉઘાડા પગ એટલે દરિદ્રતાનું કલંક ! ગરીબીની નિશાની ! અંતે ધનો દરિદ્રતાનું કલંક ભૂંસવા માટે પોતાને સ્વીમીંગ હરીફાઈમાં મળેલાં 'સિલ્વર

૨૧૯. એજન, પૃ.૫૨
૨૨૦. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૯૨

મેડલ' ને લઈને બજારમાં વેચવા જાય છે. દરિદ્રતાનું કલંક મિટાવવાના વિચારોમાં તે એટલો બધો ડૂબી જાય છે કે તે એક બસ સાથે અથડાય છે અને તેના બંને પગ કચડાઈ જાય છે. ગરીબ ધનાની કરુણ દાસ્તાન અહીં નિરૂપાઈ છે પણ આ વાર્તામાં દલિત પરિવેશ જોવા મળતો નથી. દરિદ્રતાનું સ્થૂળ આલેખન કરવામાં આવ્યું છે. 'સિલ્વર મેડલ'ને વેચીને ચંપલ ખરીદવા માટે નીકળેલા ધનાને બસ અકસ્માતનો ભોગ બનાવીને મેલોડ્રામા ઊભો કરવામાં આવ્યો છે. ધનાની ગરીબાઈ અસહજ લાગે છે. આ ખેંચાયેલી દલિત વાર્તા છે.

રમણ વાઘેલાની *'ધંધો'* વાર્તામાં બેરોજગાર ખ્રિસ્તી રોબર્ટને પોતાની લાયકાત પ્રમાણેની નોકરી ન મળતા મુડદાની સામગ્રી રાખતી દુકાનમાં નોકરી કરવી પડે એ મજબૂરીની વેદના આ વાર્તામાં વ્યકત થતી જોઈ શકાય છે. ગ્રાહક તરીકે રોબર્ટના બે-ચાર મિત્રો આવે છે.ત્યારે તેની પોતાની દશા ખુદ વિચારવા પણ અશક્તિમાન થઈ જાય છે. 'અરે, રોબર્ટ તું અહીં !' એક આશ્ચર્ય મૌન મિત્રોને જવાબમાં મળે છે રોબર્ટ તરફથી. રોબર્ટ આજે રોબર્ટ નથી પણ રોબર્ટનું ભૂત છે તેવું મિત્રો અનુભવે છે. માલસામાન લઈને મિત્રોના ગયા પછી રોબર્ટ આંખને ખૂણે રહી ગયેલા અશ્રુને સહેજ ભીનાશથી લુછે છે ત્યારે સામે પિન્ટુ રડતો દેખાય છે, લ્યુસી કકળાટ કરતી દેખાય છે અને બા-બાપુજી ઠપકો આપતા જણાય છે .... અને ફરી પાછી એ જ ગ્રાહકોની વણજાર દુકાનને ઓટલે લાગી જાય છે. રોબર્ટ એક હાલતા-ચાલતા માણસને જીવતા શબ માની પાનની પિચકારી માર્યા કરે છે દીવાલ પર, જાણે આખો રોડ જીવતા શબથી ચિક્કાર થઈ ગયો છે અને ફકત તે અને દુકાનદાર જ જીવતા બેઠા છે ધંધો કરવા માટે. અહીં દલિત સમસ્યા નથી પણ નિમ્ન કક્ષાની નોકરી સ્વીકારવાની લાચારીમાંથી જે મનોમંથન રોબર્ટ અનુભવે છે તે મુખ્ય ઘટના છે. દલિત હોવાને કારણે ઊભી થતી સમસ્યાઓ આ વાર્તાઓમાં કેન્દ્રસ્થાને નથી.

સત્ય ઘટના આધારિત ૧૯૮૬માં લખાયેલ *'વિલોપન'* ભી.ન.વણકરની પ્રથમ વાર્તા છે. આ વાર્તા સંદર્ભે લેખક જણાવે છે કે, ''મારા વતનમાં એક આશાસ્પદ દલિત યુવાન બળબળતા બપોરે કેરોશીન છાંટી ભડભડ સળગી ઊઠયો. વાસના લોકોએ ગોદડાં લઈ આંગણામાં જ આગ હોલવવા એને ઢબૂર્યો હતો. હંમેશ હસતો દેખાય તે કહેતો, ભલા, ભોળા યુવાનને શા-માટે સળગી મરવું પડ્યું ? આ સવાલનો જવાબ લોક મુખે ચોમેર કર્ણોપકર્ણ ચર્ચાએ હકીકતો જ આપતી હતી. કણસતા યુવાનના મૃતાત્માની સમસંવેદનાએ મને કલમ પકડાવી.''[૨૨૧] વાર્તાકારે, 'વિલોપન'માં દલિત સમાજનું શોષણ કરતાં પરિબળોને ખુલ્લા પાડ્યાં છે. વ્યાજના ભાર નીચે દબાઈ ગયેલો અને સતત ગૂંગળામણ અનુભવતો વાર્તાનાયક ઈસલો દલિત સમાજમાં ઘેર-ઘેર જોવા મળે છે. ઈસલાની વેદના કેવી રીતે ઘેરી બને છે તે સંવાદો દ્વારા જ તપાસીએ.

૨૨૧. વિલોપન, ભી.ન.વણકર, મારી વાર્તા યાત્રા, પૃ.૭

''...... અજુ બાપનું દેવુંયે....ઈસલાના ચહેરા ઉપર દૈન્યતા છતી થતી હતી....' ઓવઅ, હું આવે બીજીવાર પૈણું તો નઆ પોરના બસો, અનઅ ઓણ સાલના દોઢસો....પાસા લગનના ચ્યાંથી લાવું ? પછ બાપના ભરું શેમાંથી ? વિયા જ તઅ તો છોડાય...... સરકાર બાથરૂમનઅ ચૂલા માટેય આપણનઅ સહાય આપ છઅ તેમાંયે....?....હું ધૂળ રાંધઅ, મા બિચારી હું મરઅ લોટ જ નથી ત્યાં ? મજૂરીના દાણાય દિયોરો કોઈ આપતા નથી. ભૂખે કાંમય ચ્યમ કરીનઅ કરવું ? .....ઘરમાં પાણી જ નથી ત્યાં ? પેલા નાગરિક સેવા સમિતિવાળા હાળા આપણા વાસની લાઈનનો જ કોક બંધ કરી દીધો છે તે છેલ્લા ચાર દિવસથી આપણે નળમાં પાણીનું ટીપુંય પડતું નથી. આ જનમારામાં ત્રાસ તો કાંઈ ઓછો છઅ ?''[૨૨૨]

ઈસલાને શ્રમના બદલામાં ખાવાનું તો ઠીક પાણીનું ટીપુય મળતું નથી ! બધા જ ધનિકો પોતાના અંગત સ્વાર્થ માટે દલિતોનું કોઈને કોઈ પ્રકારે શોષણ કરતા રહે છે. અહીં બંધ મિલ, અનામત, સરકાર, નોકરી, ગ્રામપંચાયતનો સરપંચ, નાગરિક સેવા સમિતિ વગેરે તરફથી ભડભડ સળગતી ભઠ્ઠીનો શેક ઈસલાને દઝાડતો રહે છે અને અંતે તે નિરાશ થઈને ના સહેવાય કે ના રે'વાય જેવી પળે પોતાના અસ્તિત્વનું પોતાના જ ધ્રૂજતા હાથે વિલોપન કરી હંમેશને માટે શાંત થઈ જાય છે. ઈસલાનું મૃત્યુ દલિત સમાજમાં અવાજ થઈ ચારે દિશામાં ઘૂમરાયા કરે છે. ઈસલાના વિલોપનની નિરાધાર દલિત વાસના લોકો મૂઢ બનીને ફાટેલી આંખે ધૂમાડાના બાચકાઓમાં ઈસલાનું વિલોપાતું અસ્તિત્વ શૂન્યમનસ્ક જોઈ રહ્યા હતા, નિઃસહાય અને નિરુપાય ! વાર્તા બિનજરૂરી લંબાવી છે. કૂતરાનું 'હઉઅં.....અહુઉં....'થી વાર્તાનો અંત ઘેરો બન્યો છે. ત્યાં જ વાર્તા પૂરી કરી દેવા જેવી હતી. ચોમેરથી અભાવ, અવગણના ગ્રસ્ત ઈસલાની આત્મહત્યા મેલોડ્રામેટિક લાગતી નથી. ઈસલાની આત્મહત્યા સિવાય ઈસલા પાસે કોઈ જ ઉપાય બચ્યો નહોતો એમ કહેવા કરતાં આ એક ઉપાય છે એનો ક્ષણમાત્રમાં ઝબકારો અને અનાયાસ આત્મહત્યાની ઘટના ઘટી ગઈ ! આ રીતે મોતની ભારેખમ ઘટનાને સહજ રીતે મૂકવામાં લેખકની સૂઝનો અનુભવ વાચકને થાય છે.

દલપત ચૌહાણની *'રોટલો'* વાર્તામાં દલિતોની ગરીબાઈ અને અંધશ્રદ્ધાભર્યા રિવાજોની જાડી સહોપસ્થિતિ આલેખાઈ છે. અંધશ્રદ્ધાનો ભોગ બનેલો જીવો માંદી માને સાજી કરવા માટે ભૂવો ધુણાવે છે. ભૂવો 'ઘી ચોપડેલા ઘઉં'નો રોટલો ડોસીને અણવારી કૂતરાને નાખવાનો ઉપાય બતાવે છે પણ મોટો પ્રશ્ન તો એ છે કે રોટલા માટે ઘઉં ક્યાંથી લાવવા ? ઘી ક્યાંથી લાવવું ? અંતે ભૂખથી ડોશી મરી જાય છે ને કૂતરા રોટલા માટે લડતા રહે છે ! સવર્ણ સમાજથી શોષાયેલો આ સમાજ પોતીકા કુરિવાજો, અંધશ્રદ્ધાઓમાંય એટલો જ સપડાયેલો છે તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે પણ વાર્તાના પાત્રોનું કોઈ આગવું આંતર-બાહ્ય વ્યક્તિત્વ ઉપસતું નથી. માત્ર સામાજિકતાના કઠપૂતળાં બની રહે છે.

બી.કેશરશિવમ્‌ની *'સાંધાવાળું ધોતિયું'* માં મિલો બંધ પડી ગયા પછી સર્જાયેલી પરિસ્થિતિનું દારૂણ ચિત્રણ છે. હરીશ મંગલમ્‌ની 'દલો ઉર્ફે દલસિંહ'ના દલાની જેમ રામો દલિત હોવાથી

૨૨૨. ગુજરાતી દલિત વાર્તા, સંપાદન,મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૧૨૪

તેને કોઈ નોકરીએ રાખતું નથી. રામાના નસીબમાં સાંધાવાળું ધોતિયું ખરીદવાનાં પણ સાંસા છે. વસ્તુની ગૂંથણી થઈ નથી, સપાટ ગદ્ય છે. છાપામાનો અહેવાલ બનીને રહી જાય છે.

બી.કેશરશિવમ્‌ની *'ખોડા'* વાર્તામાં મિલ બંધ થયા પછી બેરોજગાર મિલના મેનેજર પાસે ગ્રેજ્યુએટીના પૈસા માંગવા જાય છે ત્યારે મેનેજર તેને પૈસા આપવાની ના પાડે છે ને તેની વહુ-દીકરીને વેશ્યા બનાવવાનું કહે છે. આથી ખોડો કાળઝાળ બની મેનેજરનું ખૂન કરવા તેના શયનખંડમાં પહોંચી જાય છે પણ ભજનનો રસિયોખોડાને 'મુઠ્ઠી બાંધી આપતા' મુઠ્ઠી ખોલી જાવાના ભાઈ'' ભજન યાદ આવે છે ને ખૂન કર્યા વિના પોતાન ઘેર જઈ સૂઈ જાય છે. વાર્તાન્તે સવારે ખોડાને સમાચાર મળે છે કે શેઠ હાર્ટએટેક આવવાથી મૃત્યું પામ્યા છે. આમ, આ વાર્તામાં મનેજરની નઘરોળતા છતી થાય છે તે સાથે-સાથે ખોટા કર્મ કરનારને તેના ફળ મળે છે તેવો ધ્વનિ પણ વાર્તાના અંતે પ્રગટે છે.

શૈલેષકુમાર ક્રિસ્ટીની *'કુળદીપક'* વાર્તામાં ભીષણ ગરીબીને કારણે સવલી દીકરાની દવા માટે પોતાની 'જાત' વેચે છે પરંતુ દીકરો બચતો નથી. વાર્તામાંના ઝૂંપડાનું ફાનસ, રોડ લાઈટનું હોલવાવું, સૂરજનું વાદળ પાછળ ઢંકાઈ જવું અને કુળદીપક જેવા ક્રિયાસાદશ્યો તથા સવલી અને તેના ઘરાક; કૂતરી અને કાળીયાના પ્રસંગોની ગૂંથણી થઈ શકી નથી. વાર્તાકારે સન્નિધિકરણ, પ્રતીક જેવી પ્રયુક્તિઓ પ્રયોજી તો છે પણ તે વાર્તામાં રસાઈને આવતી નથી.

દલિત સ્ત્રીનું તો બેવડું શોષણ થાય છે. ક્યારેક સવર્ણો દલિત સ્ત્રીઓને વેશ્યાવાડે ધકેલે છે, જાતીય શોષણ કરે છે તો ક્યારેક દલિત સ્ત્રીના બાપ, ભાઈ પણ તેને શરીર વેચવા ફરજ પાડે છે. આ પ્રકારની કેટલીક વાર્તાઓ લખાઈ છે. તે તપાસીએ.

જસુમતી પરમારની *'કાળીની રાણી'*માં નાયિકા દેખાવે કાળી કાળી હોવાને કારણે તેને કોઈ કામે રાખતા નથી. બીજી તરફ મિલમાં કામ કરતો પતિ જીવણ બદલી ન મળતાં બે પૈસા મળશેની આશાએ જુગારની લતે ચડે છે ને હારી જાય છે. અંતે અભાવને કારણે અસ્તિત્વને ટકાવવા જીવણ પત્ની કાળીને મે'માનની ચાકરી કરવાનું કહે છે. 'કાળી મેં'માનની ચાકરી કરો, કાલ મેળે જહાલવા જવાનું સન.....''[૨૨૩] આ વિધાન માર્મિક છે. મે'માનની વાસનાભરી નજર કાળી પારખી લે છે. અભાવ માણસને કઈ હદ સુધી લઈ જાય છે તે આ વાર્તા દ્વારા સૂચવાયું છે.

તો રમેશ ત્રિવેદીની *'રાંડ'* વાર્તામાં નાયક ઘેલો પથારી વશ છે. પેટનો ખાડો પૂરવા ઘેલાની પત્ની ને દીકરી લલી વેશ્યાના માર્ગે જાય છે જે વાસ્તવમાં ઘેલાને ગમતું નથી પણ તેનીય લાચારી છે જે તેના આ વિધાનમાં સ્પષ્ટ થાય છે.

''એ રાંડ.....સુ હમજતી હસે, ઈના મનમાં!?....ના, ના...ઈમ કાંય કોગળે દવ ઓલવાતા હસી!?.....દિયોર, એક વાર જો મુ જરા બેઠો થઉં તો, તો પછી એ રાંડની કમાણી.....થૂઉઉઉ....''[૨૨૪]

---

૨૨૩. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૬૬
૨૨૪. એજન, પૃ.૧૭૫

## સ્ત્રી-પુરુષના સંકુલ સંબંધની વાર્તાઓ

માવજી મહેશ્વરીની 'તાપણું', મોહન પરમારની 'હિરવણું', ધરમાભાઈ શ્રીમાળીની 'ભવાઈ' વગેરે વાર્તાઓમાં સ્ત્રી-પુરુષના સંકુલ સંબંધનું આલેખન જોવા મળે છે.

માવજી મહેશ્વરીની *'તાપણું'* વાર્તામાં ભલભલાને શીશામાં ઉતારે એવા મહાખેપાની, ભારાડી ગામના સરપંચ કાંતિએ દલિત ગોવિંદ માસ્તરની માફી માંગી ! આ વાર્તાની કેન્દ્રિય ઘટના છે. આ ઘટના ગામના વૃદ્ધ ખમુબાપા તાપણા પાસે બેઠેલા જુવાનિયાઓને ઓઠારૂપે કહે છે. કથક 'હું' દ્વારા કૃતિનો ઉઘાડ થયો છે.

અહીં કાંતિ સરપંચની ચૂંટણીમાં ઊભો રહે છે, તે તો એવું માનતો હતો કે, કોઈ પણ વ્યક્તિ પોતાની સામે ઊભો નહીં રહે પણ ગામના કેટલાક માણસો કાંતિયો સરપંચ થાય તે તો વાંદરાને તલવાર આપવા જેવું માનતા. આથી ગામલોકોએ ગોવિંદ માસ્તરના મોટાભાઈને કાંતિ સામે ઊભો રાખી દીધો પણ ગોવિંદ માસ્તરના મોટાભાઈને ચૂંટણી જીતવામાં એની જાત બાધારૂપ બની, વધારામાં કાંતિએ પણ પ્રચાર કરેલો કે હરિજનને વળી સરપંચ બનાવાતો હશે ! આ જ કારણસર તે હારી ગયા ને કાંતિ જીતી તો ગયો પણ સમસમીને ! તે ગોવિંદ માસ્તરને સીધો કરવાની તક શોધતો હોય છે એ દરમિયાન જ ગોવિંદ માસ્તર કશાક કારણસર નિશાળમાં કાંતિની છોકરીને લાફો મારી બેસે છે. કાંતિને તો એટલું જ જોઈતું હતું. તેણે ગોવિંદ માસ્તરને ભર-બજારે ગાળા-ગાળી કરી નાખી. એટલું જ નહીં વાસ વિશે તે હલકું બોલી ગયો. આ ઘટના સંદર્ભે ગામના બુઝુર્ગ ખમુબાપા કાંતિયાને સમજાવા ગયા. ખમુબાપા દ્વારા થતો રહસ્યસ્ફોટ વાર્તામાં પરિણામલક્ષી બની રહે છે. ભારાડી, ભલભલાને શીશામાં ઉતારી દે એવો કાંતિયો અને એની મા ગોવિંદ માસ્તરને ઘેર આવી માફી માગી ગયા ! સાવ ચુપચાપ ! સઘળું ટાઢુંબોળ અચાનક ! આ જ વાર્તાની મુખ્ય ઘટના છે. આ બનાવ પછી 'જાણે લીલું લાકડું ચૂલામાં પડ્યું અને એવું ધુમાયું કે ધુમાડો ગામમાં ઘેર-ઘેર પહોંચી ગયો. કોઈ કહેતું કે પોતે મોટી ભૂલ કરી નાખી હતી એ સમજાયા પછી કાંતિયો સાનમાં સમજી ગયો અને હરિજનવાસમાં જઈને માસ્તરની માફી માગી આવ્યો તો કોઈ વળી એમ પણ કહેતુ કે આ તો કાંતિયાની ચાલબાજી છે, માસ્તરને ભવિષ્યમાં તે લાગ સાધીને ફસાવ્યા વિના રહેશે નહિ. ટૂંકમાં લોકો જાત ભાતના તર્ક- વિર્તક કરવા માંડયા. કાંતિના આ પ્રકારના વ્યવહારથી વાસના લોકોને નવાઈ લાગે છે ને તેને આ ઘટના સંદર્ભે જાણવાની તાલાવેલી જાગે છે. ખમુબાપાએ એવી તે કઈ ગોળી પીવડાવી કે તે સાવ મૂતરી જ પડયો. આ રહસ્ય જાણવા માટે હરિજનવાસનાં છેડે તાપણે ટાઢ ઉડાડવા બેઠેલા વાસના જુવાનિયાઓ ખમુબાપાને ત્યાં ખેંચી લાવે છે. પીઢ, વિચક્ષણ ખમુબાપા આખી વાત ઓઠારૂપે કહે છે. જે રસપ્રદ અને અર્થપૂર્ણ છે..... ખાધેપીધે સુખી એવા એક ગામનો ઉજળિયાત જ્ઞાતિનો ખેડુ શહેરમાં રહેવા ગયેલા એકના એક દીકરાને એવી આશાએ સ્વજ્ઞાતિની એક રૂપાળી કન્યા સાથે પરણાવી દે છે કે, પરણીને તે ગામમાં ઠરીઠામ થશે ને ખેતીનું કામકાજ સંભાળી લેશે પણ દીકરો તો નવોઢા પત્નીને માબાપની સેવાચાકરી કાજે ઘેર મૂકીને

શહેરમાં ચાલ્યો ગયો. તેની વહું આ 'પોમલા' વરની ગેરહાજરીમાં એકલવાયાપણાથી હિજરાયા કરે છે. ખેતરમાં બપોર વેળાએ હરિજન સાથીને ભાતું પહોંચાડવાને મિષે જવાના પ્રસંગોએ તેની સોબતને ઝંખે છે, મન મોકળું કરવા તેની સાથે વાતોએ વળગે છે પણ પેલો સાથી સ્વભાવે અતડો હોવાથી તેની માયા-કાયાની મોહિનીથી અળગો રહેવા મથે છે. બાઈનો માંયલો મૂંઝાય છે. રાતે એકલતાથી પીડાયા કરતી આ તરુણી પરદેશ ઉપડી ગયેલા નમેરા-નમાલા ધણીને યાદ કરે છે તે પળોમાં તેની સામે જવાનજોધ સાથીની પાડાના કાંધ જેવી કાયા તરવર્યા કરે છે. છેવટે ખેતરમાં લહેરાતા મોલ વચાળે ''એક દી બાઈ બધુંય ભૂલીને સાથી આગળ પાકા ફળની માફક પડી....'' સાથી સાથેના દેહસંબંધ પછી તેને થોડા જ દિવસમાં ધણી સાથે શહેરમાં રહેવા જવાનું થયું અને તેની કૂખે દીકરો અવતર્યો. પુત્રને યાદ કરતો ખેડુ માંદો પડ્યો ને ગુજરી ગયો, તેથી પોતાનાં ઘર ખેતર સંભાળવા ગામડે આવેલો આ બાઈનો પતિ પણ બે-ત્રણ વરસ પછી ગુજરી ગયો. પછી તો પેલો સાથી પણ વખત જતાં પરણી ગયો પોતાની નાતની કોઈ કન્યા સાથે ને બે છોકરાનો બાપ પણ બન્યો. પેલી બાઈ દૂર રહયે સાથીને જોઈ આંખ ઠારે છે ને ભીતરમાં ટાઢપ અનુભવે છે... આ ઓઠું સાંભળ્યા પછી પણ કાંતિયાએ ગોવિંદ માસ્તરની માફી શા કારણે માગી એ ન સમજાતા જુવાનિયાઓએ ખમુબાપાને કહ્યું કે, બાપા પેલી કાંતિયાની કાંક વાત કરોને- આ ક્ષણે ખમુબાપાએ વાતનો ઘટસ્ફોટ કરવાનું સિફતપૂર્વક ટાળીને મર્મસભર ટકોર કરે છે- ''તે અટાણ લગી તમે શું સાંભળ્યું, ભેણ્યા. સાવ ડોબા જ છો !'' પણ વાર્તાના અંત ભાગે વાર્તાકથક દ્વારા ઉચ્ચારેલાં આ વેણમાં રહસ્ય સ્ફૂટ થાય છે, ''અમારી સામે ગોવિંદ માસ્તર અને કાંતિયાનો ચહેરા ભેળસેળ થવા લાગ્યો.''[૨૨૫] ટૂંકમાં કાંતિની માને દલિત ગોવિંદ માસ્તરના પિતા સાથે શારીરિક સંબંધ હતા. ગોવિંદ માસ્તરના પિતાના સંબંધથી થયેલ પુત્ર તે કાંતિ! આથી જ કાંતિ પોતે પોતાની 'અસલી જાત' છૂપાવવા માટે થઈને સંઘર્ષ ટાળી દે છે. જેમ ધીમે-ધીમે 'તાપણું' ઠરી જાય પણ જે ઘટના ઉપર વાર્તાનો મદાર છે તે ઘટના જ પ્રતીતિજનક લાગતી નથી કારણ કે આવી વાત મુખી બનેલો કપટી, ખટપટીયો કાંતિ અને તેની મા સાચી હોવા છતાં તત્કાળ સ્વીકારી લે તે વધારે પડતું લાગે છે. કાંતિનું પાત્ર નિરૂપણ સર્જકે જે રીતે કર્યું છે તે સાથે આ બાબત સુસંગત લાગતી નથી.

ખમુબાપાની વાર્તા કહેવાની આગવી સૂઝને કારણે વાર્તા રસપ્રદ લાગે છે. કથનકેન્દ્રને કારણે પણ વાર્તા ધ્યાનપાત્ર છે. 'આત્મનેપદી' કથન શૈલીમાં લખાયેલી આ વાર્તા ગામના હરિજનવાસના એક જુવાનિયાના મુખે એવી સહજતાપૂર્વક કહેવાઈ છે કે એમાં મુખ્ય કથાનકના પોતમાં ગૌણવાર્તાના અંશો યોગ્ય રીતે જ ગૂંથાતા જાય છે. મુખ્ય ગૌણ વાર્તાઘટકોનું કુશળતાપૂર્વક વસ્તુ સંયોજન થયુ છે. વાર્તા તેના લાઘવયુક્ત વ્યંજનાત્મક અંતને કારણે પણ નોંધપાત્ર બને છે. આ ઉપરાંત પાત્ર-પ્રસંગ અને પરિસ્થિતિના નિરૂપણ સંદર્ભે પ્રયોજાયેલા કલ્પનો, અલંકારમાં લેખકની કળાસૂઝ પ્રગટે છે. કેટલાક ઉદાહરણ જોઈએ 'ઊડતા પતંગની દોર કોઈકે કાપી અને બધુંય વિંટાઈ ગયું'[૨૨૬] 'જાણે લીલું લાકડું ચૂલામાં પડયું અને એવું તો ધુમાયું કે ધુમાડો ગામની શેરીએ શેરીએ થઈ ઘર ઘરની અંદર

---

૨૨૫. અદશ્ય દીવાલો, માવજી મહેશ્વરી, આર.આર. શેઠ, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૮૩

૨૨૬. એજન, પૃ.૭૭

પહોંચી ગયો'[૨૨૭] 'બાકી ઘરડાં ગાડાં વાળે છે અમથું નથી કીધું'[૨૨૮] 'એક દી' બાઈ બધુંય ભૂલીને સાથી આગળ પાકા ફળની માફક પડી.....રાત પડયે તે કયાંય દૂર બેઠેલા નમાલા ધણીને યાદ કરે ને તરત સાથીની પાડાની કાંધ જેવી કાયા દેખાઈ જાય..'[૨૨૯]

આમ, આ વાર્તાનું ઉત્કટપણે સ્પર્શી જતું તત્ત્વ લેખકની ભાષા સૂઝ છે. કથન-વર્ણન સંવાદગત ગદ્યની સમુચિત માવજત થઈ શકી છે તેમજ વિષયવસ્તુને ઉચિત ગ્રામીણ પરિવેશ લેખક નિર્માણ કરી શકયા છે. તાપણાનો સંદર્ભ પણ વાર્તાને ઉપકારક નીવડે છે.

મોહન પરમારની *'હિરવણું'* વાર્તામાં પણ નારી હૃદયની સંકુલતાને વાચા આપવામાં આવી છે. કથાનાયિકા દલિત જીવીના સ્વભાવની ગૂંચવણ ભરી સંકુલ અવસ્થાને ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા પ્રગટ કરી છે.

વણકર ગોવિંદ અને તેની પત્ની જીવી વણકરવાસમાં રહે છે. હિરવણાનું કામ કરે છે. દલિત જીવીથી આકર્ષાયેલા ગલબાજી ઠાકોર વણકરવાસમાં રોજ આવી જીવીને સતત પરેશાન કરે છે, તેની મશ્કરી કરે છે. જીવી ગલબાજીની ઠઠ્ઠા મશ્કરીથી કંટાળી જાય છે, તેની સામે પોતાનો રોષ પ્રગટ કરે છે અને એક દિવસ જીવીનો પતિ ગોવિંદ ગલબાજીને આકરા વેણ સંભળાવતાં કહે છે : 'છાનુંમાનું હેંડ્યું જા !' અને અંતે ગોવિંદની લાલ આંખોની ભયંકર હિંસ્રતાથી ગભરાઈને તે વાસમાંથી પોબારા ભણી જાય છે ને વાસમાં ફરી આવવાનું નામ લેતો નથી. બીજે દિવસ ગલબોજી ચુનાને ઘેર ફરકતો નથી, તેનાથી જીવી મનોમન કાખલીઓ કૂટે છે : "સારું થયું, ભૂલી જ્યો નઅ, લે લેતા જા !"[૨૩૦] સાંજે રાણકપુર ગામમાં કાંણે જઈને પાછો આવેલ ગોવિંદ પત્નીને ગલબાજી વાસમાં આવ્યો હતો કે કેમ તે અંગે પૂછે છે ત્યારે જીવીનો ઉમંગ ઉભરાઈ આવે છે, "આવતા હશી, રાડ પાડી જ્યો....."[૨૩૧] પતિ સાથે તે ઘડીક તોફાન મસ્તી માણી લે છે પણ ગોવિંદ પછેડીયો વેચવા શહેરમાં જશે ત્યારે તેની ગેરહાજરીમાં પેલો દાંડ આવી ચડશે તો....? એવી ભીતિ તેને રહ્યાં કરે છે. ગોવિંદ ફેરી માટે શહેર ગયો ત્યાર પછી પિયરથી આવેલી ભાભીઓ સાથે હરવા-ફરવામાં નચિંત બની ગયેલી જીવીને હિરવણું યાદ આવતાં મનમાં ગલીપચી જેવું થાય છે. પીરતી અને પીરતાને એણે પંપાળ્યાં. મોતકણિયા પર ચોંટેલી ધૂળને કપડા વડે ખંખેરી લગા લઈને એ તૈયાર થઈ ગઈ પણ 'ચ્યાં બેહું' એવા મનમાં જાગેલા પ્રશ્નથી જીવી મૂંઝાઈ અંતે ચુનાના ઘર તરફ પીઠ કરીને ઓસરીમાં હિરવણામાં પોતાનું ચિત્ત પરોવવા પ્રયાસ કરે છે પણ તેનું મન હિરવણામાં લાગતું નથી. 'હમણાથી ચ્યમ બધું ટાપ્ય છઅ ?' એવું બબડીને ચુનાના ઘર સામે જોયા વિના એ ખિંખિયાટા સાંભળવા મથી પણ એ જ વખતે કયાંકથી કૂતરાં દોડતાં-દોડતાં આવીને લીમડા નીચે ભરાણાં અને બે ફળિયાંના કૂતરા વચ્ચે ઘમસાણ યુદ્ધ મચ્યું. એ વખતે જીવી

---

૨૨૭. એજન, પૃ.૭૯

૨૨૮. એજન, પૃ.૮૦

૨૨૯. એજન, પૃ.૮૨

૨૩૦. નકલંક,મોહન પરમાર, લોકપ્રિય પ્રકાશન, પ્ર.આ.૧૯૯૧, પૃ.૨૪૪

૨૩૧. એજન, પૃ.૨૪૪

બબડી ઊઠે છે, જોનઅ આ કૂતરા કશું હાંભળવા દેતાં નથી ! અંતે કૂતરા ગયા પછી ચુનાને ઘેર કોઈના ખિખિયાટા સંભળાતા નથી તેથી તેની ધીરજ ખૂટી પડે છે. ચુનાને ત્યાં ઢાળેલો ખાટલો ખાલીખમ્મ છે આથી ભીતરમાં વ્યાપેલાં ખાલીપાથી બેચેની અનુભવતી જીવી હિરવણું લઈને ચુનાના ઘર સામે ફરીને બેસે છે! હિરવણાનો આખો ચોકો જ બદલી નાંખે છે અને વાસ સુનો ભાસતા તેને કશું ગમતું નથી પણ પછી જાણે 'કોઈક'ના આગમનની ઝંખના ઉત્કટ બની ગઈ હોય તેમ પછીથી થોડી આગળ-આગળ ચાલીને વાસના નાકે પૂરા થતાં રસ્તા પર એ 'ઊંચી ઊંચી થઈને જોવા લાગે છે' પણ કમનસીબે કોઈના જોડાનો અવાજ સુદ્ધાં ન આવ્યો એટલે કંટાળીને એ લીમડા નીચે આવી અને ચુનાની વહુ ધનીને મનોમન પૂછી બેસે છે 'કે'ન અ'લી ધની ! ગલબોજી હમણાંથી ચ્યમ આવતા નથી ?!'[૨૩૨] જીવીને પોતાને પોતાની ગતિમતિથી ખબર ન પડી, ગલબાજીનો અભાવ જીવીને સતાવે છે, બેચેન કરી મૂકે છે, તે સુધબુધ ખોઈ બેસે છે આથી અજાણપણે એના પગ ચુનાના ઘર તરફ વળે છે. એ જ સમયે એટલે કે વાર્તાના અંતે ''કૂતરાનું ટોળું દોડતું લીમડા નીચે આવ્યું, ને પાછું ધમસાણ યુદ્ધ મચ્યું. હિરવણા પર કૂતરાં પડ્યાં. પીરતો અને પીરતી છૂટાંછવાયા પડ્યાં હતાં. બન્ને વચ્ચે અંતર હવે વધી પડ્યું હતું. જીવીએ પોતાની સગી આંખે પોતાનું હિરવણું રફેદફે થતું જોયું. કૂતરાંને હાંકવાની હામ પણ રહી નહોતી. સૂનમૂન ઓટલા પર આવીને બેઠી.''[૨૩૩] આપણા મનમાં સહજ રીતે જ પ્રશ્ન થાય કે જીવીનું સૂનમૂન થઈ જવાનું કારણ શું ? વાસમાં ગલબાજીની ગેરહાજરી જીવીને ખટકે છે ! કારણકે જીવીના મનમાં ઊંડે-ઊંડે પણ ગલબાજી પ્રત્યે લગાવ છે. આકર્ષણ છે. જીવીના મનમાં ઊંડે-ઊંડે પણ ગલબાજીને પામવાની તીવ્ર ઝંખના છે. વાર્તામાં કથાનાયિકા જીવીની મનઃસ્થિતિઓ હિરવણા સાથે આદિથી અંત સુધી સહજપણે જોડાયેલી રહે છે. અંતે જોયુ તેમ ગલબાજી ઠાકોરની ગેરહાજરી જીવીની સ્વસ્થતાને એના હિરવણાની જેમ રફેદફે કરી નાખે છે. જીવીના મનની અકળ ગતિવિધિને લેખકે સરસ રીતે નિરૂપી છે. ઘટનાનું વાર્તાન્તરણ સાધવામાં લેખકની આ પ્રયુક્તિ વાર્તાની શરૂઆતથી જ સક્રિય થાય છે તે આસ્વાદ્ય બની રહે છે.

વાર્તાનો અંત સહજ લાગે છે કારણ કે વાર્તાના અંતે જીવી જે સ્થિતિમાં મૂકાઈ છે એ સ્થિતિને અનુરૂપ વાર્તામાં આરંભથી જ જીવીના પાત્રની રેખાઓ લેખકે ઉપસાવી આપી છે. જીવીના મનમાં ગલબાજી પ્રત્યે આકર્ષણ છે તેના સંકેતો વાર્તામાં અનેક જગ્યાએ પડેલા જોઈ શકાય છે. વાર્તામાં બે-ત્રણ પ્રસંગો એવા છે કે જેમાં રફેદફે થઈ જતું હિરવણું જીવીના અચેતન-ચેતન સ્તરે ચાલ્યા કરતા આંતર સંઘર્ષને નિરૂપે છે. જેમકે : ''ગાયન કટ કરાવવા સીટીઓ મારતો'તો તાણઅ હસીનઅ ચલાઈ લીધેલું ઈનું જ આ ફળ છ.''[૨૩૪] એટલે કે તૂરીના ખેલ પ્રસંગે ગાયન કટ કરાવીને મૂછ પર હાથ ફેરવી જીવી સામે જોઈ રહેલા એ વંઠેલ ગલબાજીના ચેનચાળા જોઈને જીવી હસી પડેલી. ગલબાજી ચુનાના ઘેરથી નીકળીને ધીમો પડતા જીવીને કહે છે, 'ઉતરાંણ આવી છઅ. પતંગ ચગાવવા થોડા દોરા આલવા

૨૩૨. એજન, પૃ.૨૪૬
૨૩૩. એજન, પૃ.૨૪૭
૨૩૪. એજન, પૃ.૨૪૦

પડશી' ત્યારે મોં હસતું રાખીને જીવી બોલી હતી : 'તમનઅ ઉં દોરા નંઈ આલું તો કુનઅ આલીશ ! લૂમખેને ઝૂમખે લઈ જજો '[૨૩૫] આમ ગલબાજીએ પતંગ માટે દોરાની માંગણી કરી તે વખતે પણ જીવીએ હરખભેર એ માંગણી સ્વીકારી લીધી હતી. જીવીનું વાર્તામાં દ્વિવ્યક્તિત્વ ઊપસી આવ્યું છે. એક તરફ તે બાહ્યરીતે ગલબાજીની મશ્કરી સામે રોષ પ્રગટ કરે છે ને ચુનાના ઘર તરફ પીઠ કરી હિરવણું કરવા બેસે છે તો બીજી તરફ તેનાં મનમાં તો લબક લબક થતું હતું.... મનોમન બબડી પડે છે..... ''.......એ હોય ત્યાં હુધી તો ગલબાજીની નજર હાંમેથી હટી જા નઅ જીવલી !''[૨૩૬] જો જીવીના પેટમાં પાપ ન હોય તો નજર સાંમેથી હટવાનું કાંઈ કારણ ખરું ? અંતે તો જીવીના મનની પરાકાષ્ટા આવી જાય છે. ગલબાજી વિના વાસમાં ખિખિયાટો બંધ થઈ જતાં જીવીને જ એ અભાવ ખટકે છે ! કથનના સંકુલ આરોહ-અવરોહને કારણે વાર્તા આસ્વાદ્ય બની છે. વસ્તુની ગૂંથણી અસરકારક રીતે થઈ છે. વાર્તાનાયિકા જીવીની ગલબાજી પ્રત્યેના બાહ્ય તિરસ્કારમાંથી પ્રણયમાં ફેરવાતી લાગણીઓનું નિરૂપણ લેખક સંયમ અને કલાત્મક રીતે કરી શક્યા છે. 'હિરવણું' વાર્તામાં સરળતાથી સમજી ન શકાય તેવા મનરૂપી હિરવણાની સંકુલતા પ્રગટ કરી છે. હિરવણાનું વણાટ પ્રતીકાત્મકરૂપે અસરકારક રીતે નિરૂપાયું છે. બાબુદાવલપુરા વાર્તાના હિરવણાનાં પ્રતીક સંદર્ભે ઉચિત નોંધે છે : ''બહારથી ગલબાજીની છેડછાડથી ખિજાઈ ઊઠતી જીવીના આંતરમનમાં પડેલા તેના તરફના ગુપ્ત-સુખ આકર્ષણને કારણે ઉદ્ભવેલી સંકુલ તરલ સંવેદનાઓની અભિવ્યક્તિ અર્થે યોજાયેલ હિરવણાના વ્યંજનાગર્ભ પ્રતીક વિધાનમાં તેમજ ભાષાસંવિધાનમાં લેખકની કળાકીય સૂઝ-સજ્જતાની હૃદ્ય પ્રતીતિ મળી રહે છે.'' [૨૩૭]

'કોહ' વાર્તાની જેમ જ 'હિરવણું' વાર્તામાં પણ વણકર સમાજને નજીકથી ઓળખાવતા હોય એવી રીતે નહીં પણ એ સમાજમાંથી જ એક હોય એવી વ્યક્તિ આલેખી શકે એટલી ઝીણવટથી પરિવેશનું નિરૂપણ લેખકે કર્યું છે. હિરવણાનું ઝીણી-ઝીણી વિગતોનું તેમજ વણકરોની જીવનશૈલી, એમના મનોભાવોનું સરસ નિરૂપણ કર્યું છે. ડૉ. ભરત મહેતા નોંધે છે તેમ 'હિરવણું'માં પરિવેશનો વ્યંજનાગર્ભ વિનિયોગ થયો છે.'[૨૩૮] વાર્તામાં તળબોલીનો વિનિયોગ પણ સમર્થ રીતે થયો છે. સંવાદો ધારદાર, અર્થસભર અને વ્યક્તિત્વ દ્યોતક છે. જીવી અને ગોવિંદનો સંવાદ જોઈએ. ગોવિંદ બહાર નીકળતા બોલ્યો,

> 'ચ્યાં જાય છ ?'
> 'તમારાથી હવઅ કશું નઈ થાય. 'મારઅ જ પાંણી પે'લા પાર બાંધવી પડશે.'
> 'પણ ફજેતો થાહઅ !'
> 'શોનઅ થતો. હું સાબૂત છુ પછઅ.....'
> 'પણ......'

---

૨૩૫. એજન, પૃ.૨૨૬
૨૩૬. એજન, પૃ.૨૩૦
૨૩૭. બુદ્ધિપ્રકાશ, માર્ચ, ૨૦૦૧, પૃ.૩૧
૨૩૮. પ્રતિબદ્ધ, ભરત મહેતા, રાવલ પ્રકશન, પ્ર.આ.૨૦૦૫,પૃ.૮

'પણબણ કશું નઈ. એ ચુનિયાનઅ કઈ દઉં કઅ આજ પછઅ જો ગલબાનઅ આંય પેહવા દીધો છ તાણઅ તારી વાત છઅ.'

'હાથે કરીનઅ લોકોનઅ શું કામ જણાવઅ છ ?'

'હવઅ ચ્યાં અછોનું રે'વાનું છ.'

'જીવી....!'[૨૩૯]

ગ્રામજીવનનો પરિવેશ રચવામાં અને પાત્રોના મનોભાવો આલેખવામાં તળપદી ભાષા પાસેથી સર્જકે કુશળતાપૂર્વક કામ લીધું છે. ટૂંકમાં નિરૂપણ રીતિ,પાત્રના આંતર મંથનો, મૂંઝવણો, ભાવો ને પ્રતીક દ્વારા નિરૂપવાની સૂઝ,ગ્રામ્ય જીવન પરની લેખકની પકડ અને ભાષાસૂઝને કારણે વિષયવસ્તુ જાણીતું હોવા છતાં પણ વાર્તાને કલાત્મક બનાવે છે.

મોહન પરમારની *'નકલંક'* વાર્તામાં ગામના મંગળદા મુખીને ત્યાં રસ્તો બનાવવા માટે કામે રહેલાં વાર્તાનાયક દલિત કાંતિ અને સવર્ણ મુખી મંગળદાની પત્ની દીવા વચ્ચે એક અકસ્માત કેવી રીતે રોકાય છે એનું વર્ણન ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા થયું છે.

શહેરમાં મિલ બંધ પડી જવાને કારણે બેરોજગાર વાર્તાનાયક દલિત કાંતિ તેની પત્ની રાધા અને દીકરી રમા સાથે પાછા ગામડે આવીને રહે છે. વર્ષોથી છોડી દીધેલું બાપદાદાનું વણાટકામ ફરી પાછું હાથમાં લે છે પણ શહેરની મિલમાં કામ કર્યા પછી વણાટકામમાં એનો જીવ પરોવાતો નથી. ગામનો મુખી મંગળદા કાંતિનો સહાધ્યાય મિત્ર છે. મુખી સાધનસંપન્ન છે, તેના ખેતરો છે ઉપરાંત તેને રોડનું કામ પણ મળ્યું છે. કાંતિને મુખી રોડના કામની દેખભાળ માટે રાખે છે. આથી મુખીના ઘરે કાંતિની અવરજવળ વધે છે. મુખીની પત્ની દીવા પણ કાંતિની સાથે ભણતી હતી. દીવા અને કાંતિની જૂની મિત્રતા ફરી પાછી જીવંત થાય છે. દીવા ધીરે-ધીરે કાંતિથી આકર્ષાય છે. બીજી તરફ કાંતિ પણ દીવા પ્રત્યે આકર્ષાય છે. ધીરે-ધીરે કાંતિ અને દીવાના પ્રણય સંબંધો વિકસતા જાય છે. મુખીની ગેરહાજરીમાં બંને એકબીજાને મળતા રહે છે પણ તે બંને જણ જે રીતે મજાક-મસ્તી અને અડપલા કરતા તે મુખીના ભાઈ સેંધાને ખૂંચે છે ! તેના સુંવાળા સંબંધોની સેંધાને ઈર્ષ્યા આવે છે. આથી સેંધો મંગળદા મુખીની પણ અનેકવાર કાનભંભેરણી કરે છે પણ મંગળદાને તો કાંતિ પર વિશ્વાસ છે, એના કામથી પણ સંતોષ છે. કાંતિ પણ મુખી સાથે વિશ્વાસઘાત કરવા નથી ઈચ્છતો પણ એકાંતનો લાભ મળતા જ દીવા કાંતિને કહે છે, 'તમારઅ હવારઅ વે'લાં ભરભાંખળે આંય આવવાનું છે'[૨૪૦] દીવાનું નિમંત્રણ સાંભળીને કાંતિ મૌન ધારણ કરે છે. થોડી ગડમથલ પછી તે 'હા' પાડી દે છે પણ એજ રાત્રે ખોડાને ત્યાં ભજનમાં જવાનું હતું પણ કાંતિ તો દીવા સાથે બનાવેલ પ્લાન પ્રમાણે સવારે વહેલા દીવાને મળવા માટે જવાનું હોવાથી ભજનમાં જવાને બદલે ખાટલો ઢાળીને ઊંઘવા લાગ્યા, એટલે પત્ની રાધાએ કહ્યું, 'અત્યારથી ઊંઘવા માંડ્યા ? ભજનમાં નથી જવું ?' કાંતિએ ના પાડી ત્યારે

---

૨૩૯. નકલંક, મોહન પરમાર, પૃ.૨૪૦

૨૪૦. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, આર.આર.શેઠની કંપની, પુનર્મુદ્રણ,૧૯૯૩, પૃ.૫૧

રાધાએ કહ્યું : 'અરે, એમ ચાલતું હશે, નહિ જાઓ તો લોકો શું ધારશે ? વાંક મારો જ ગણાશે ?' પણ કાંતિ તો રાધાની વાતને અવગણીને સવારે વહેલું જવાનું હોવાથી ઊઠી ન શકાય એવું બહાનું બતાવે છે, ત્યારે રાધા તેને વહેલા ઉઠાડવાનું કહે છે. આથી કાંતિ મૂંઝવણમાં મુકાઈ જાય છે. કાંતિ વિચારે છે કે ભજનમાં ગયા પછી રાત્રે બે –ત્રણ તો સહેજે વાગી જશે, જો મોડું થયું તો આખો પ્લાન બગડી જશે. ઘરમાંથી નીકળતાં કોઈ જોઈ ન જાય એટલાં માટે તો દીવાએ મને વહેલી સવારે બોલાવ્યો છે. એવું વિચારતા હતાં તે જ ઘડીએ એના મનમાં બીજો પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે 'ભજનમાં નહિ જવાય તો નહિ ચાલે?' પણ પાછો મનમાં પ્રત્યુત્તર વાળ્યો 'ભજનમાં નહિ જાઉ તો લોકો મને નાસ્તિક ગણી કાઢશે અને ખોડો પણ ઠપકો આપશે. કાંતિ બરાબરનો ભીંસમાં મુકાય છે. એક તરફ ભજનમાં જવાનું મન થતું હતું તો બીજી તરફ દીવાનો ચહેરો નજર સામે અલપ-ઝલપ થયા કરતો હતો તો ત્રીજી તરફ અતીતમાં રાધાએ આપેલ સધિયાણાનું સ્મરણ થાય છે: ''મિલમાં ચઢયોય નહોતો અને પોતાનાં લગ્ન થઈ ગયાં હતાં. એ વખતે તો માબાપ જીવતાં હતાં. છતાં બન્ને વૃદ્ધ હોવાથી એમની સેવા કરવાની, દિવસે વણવાનું, તેમાંથી પરવાર્યાય ન હોય ને રાત્રે પાછી સાંધણી સાંધી રાખવાની. આ બધામાં રાધાએ પોતાને કેવો સધિયારો આપ્યો હતો ? મિલમાં જોડાયો ત્યારે બદલીઓ ય ક્યાં મળતી હતી ? મહિનામાં વીસ-વીસ દિવસ પાછા આવવાનું બનતું. ઘરે રાધા મજૂરી કરીને માબાપને સાચવતી હતી.......''[૨૪૧] અહીં કાંતિની કંગાળ સ્થિતિનું વર્ણન થયું છે. કાંતિ રાધાને સુખી રાખવા ઈચ્છતો હતો. અંતે ખૂબ જ મૂંઝવણને અંતે તે દલા સાથે ભજનમાં જાય છે. ભજનના કાર્યક્રમમાં ચા-પાણી વખતે અનામત આંદોલનની વાત નીકળી. રતિલાલ માસ્તરે અમદાવાદમાં ચાલતા તોફાનોની વાત કરી ને કહ્યું કે, 'સારું છે કે આપણા ગામમાં શાંતિ છે. પેલા એક ગામમાં તો હરિજનોના ઘર બાળી નાંખ્યાં. આ વાત સાંભળતાં જ કાંતિને થયું કે, 'કદાચ આ ગામની શાંતિ હણાય તેનાં કારણરૂપ હું તો નહિ બનું ને ?' ગઈ કાલે દીવા જોડે હું ઊભો હતો ત્યારે પટેલોનાં બેચાર બૈરાં શંકાભરી નજરે જોતાં હતાં ને સેંધો તો મારા પર કાળઝાળ છે જ. ન કરે નારાયણને સેંધો અમારા સંબંધોની વાત વહેતી કરે તો તો અહીં પણ અશાંત પરિસ્થિતિ સર્જાય એવો ભય કાંતિને લાગ્યો. ચા-પાણી પીને ફરી હરજી ભગતે ભજનો શરૂ કર્યાં. ત્યાર પછી દલાએ પણ ભજનો ગાવા માંડ્યા. દલાના ભજન સાંભળીને તો કાંતિ દિંગ થઈ ગયો. દલાનું છેલ્લું ભજન 'મેરું રે ડગે પણ જેનાં મનડાં ડગે નૈ પાનબાઈ.....''[૨૪૨] સાંભળીને કાંતિને પોતાની મક્કમતા યાદ આવી ગઈ. આ ભજનથી વાર્તામાં નવો વળાંક આવે છે. ભજન સાંભળતાં જ કાંતિને ભૂતકાળનો પ્રસંગ યાદ આવી ગયો. મિલમાં જતાં ઘણીવાર એ બસમાં જતો ત્યારે એક કોલેજિયન યુવતીની મીઠી નજરનો ભોગ બનેલો પણ મક્કમ મન રાખીને એ યુવતીના સકંજામાંથી આબાદ બચી ગયેલો. આથી અત્યારે ઢીલા પડી ગયેલા મનને એણે ખૂબ ટોક્યુ ને પછી તો તે દલાના ભજનમાં લીન થઈ ગયો. ભજન પછી ભક્તિની વાતોમાં બધાની સાથે કાંતિ એટલો બધો લીન થઈ ગયો કે સવારે છ વાગી ગયા તોય ખબર ન રહી. ભરભાંખળા તરફ નજર કરતા તેને દીવા સાંભળી આવી છતાં પણ તે દીવાને મળવા જવાને

---

૨૪૧. એજન, પૃ.૫૩,૫૪

૨૪૨. એજન, પૃ.૫૬

બદલે પોતાના ઘેર જાય છે ને સાળમાં ગોઠવાયને વણવાનું શરૂ કરી દે છે ! આભી બનીને રાધા ઘર વચ્ચોવચ્ચ ઊભી-ઊભી કાંતિ સામે જોઈ રહી હતી ત્યાં બેની દોડતી આવી અને રાધાને કહ્યું કે 'ભરભાંખળે સેંધાભૈએ મુખીની વહુની લાજ લીધી.'[૨૪૩] આ સાંભળતાં જ કાંતિનો પગ જોરથી પાવડી પર પછડાયો અને રાચની દોરી તૂટી જાય છે. રાચ વેજા પર લબડી પડે છે. એ સાથે વાર્તા પૂરી થાય છે. વાર્તાના અંતે કાંતિની સામાજિક નૈતિકતા એને કલંકિત થતાં બચાવે છે. મુખીની પત્ની અને કાંતિની પ્રેમિકા દીવાની લાજ એના દિયર સેંધા દ્વારા જ લૂંટાય છે. એ રીતે કાંતિ વાર્તાના અંતે નકલંક રહે છે.

વાર્તાના અંતે વાર્તાનાયક કાંતિ નકલંક રહે છે એ સંદર્ભે રઘુવીર ચૌધરી જણાવે છે કે''....એમાં ઔચિત્ય છે. એક આશ્વાસન પણ છે. કાંતિ દીવાનો બોલાવ્યો ગયો હોત તો બંનેનું પતન થાત. સેંધાના બળાત્કારે માત્ર એનું એકલાનું જ પતન થયું.''[૨૪૪] હું રઘુવીરભાઈના આ અભિપ્રાય સાથે સહમત થતો નથી. કારણકે, અહીં માત્ર સેંધાનું જ નહીં દીવાનું પણ સામાજિક રીતે પતન થાય છે. કાંતિ જેને ચાહે છે તે દીવાને સામાજિક બદનામી વહોરવી પડે છે, તેને અસહ્ય યાતના સહેવી પડે છે તેનું શું ? દીવાની આ સામાજિક બદનામી સામે કાંતિનું નકલંક રહેવું કેટલે અંશે યોગ્ય ગણાશે ?

સગા દિયર સેંધા દ્વારા દીવા પર થતો બળાત્કાર વાર્તાની મહત્ત્વપૂર્ણ ઘટના છે. વાર્તાકારે આ ઘટનાના સંકેતો વાર્તામાં વેરી દીધા છે તેથી આ સહજ લાગે છે. પરંતુ આ બનાવ અંગેની માહિતી થોડીક જ વારમાં વાયુવેગે આખા ગામમાં પ્રસરી જાય તે મેલોડ્રામેટિક લાગે છે. ડૉ.ભરત મહેતા આ સંદર્ભે ઉચિત નોંધે છે : ''દિયર સેંધા દ્વારા દીવા પર બળાત્કાર થયો અને વળી વાત વાયુવેગે પ્હો ફાટતા ફેલાઈ ગઈ ! આવી આત્યંતિકતાથી દૂર રહીને વાર્તા વધુ નમણી બની હોત,''[૨૪૫] તો ડૉ.જયંત ગાડીતે વાર્તાના અંત સંદર્ભે ઉઠાવેલ પ્રશ્ન પણ અત્યંત માર્મિક છે.''સેંધાએ દીવાની લાજ લૂટી એ ઘટના કોઈ જાહેર વસ્તુ નથી કે તરત બને ને તરત ફેલાઈ જાય. કદાચ આવી ઘટનાઓ ગુપ્ત જ રહેતી હોય છે. ફેલાય તો પણ ધીમે-ધીમે લાંબે સમયે અને અફવાની જેમ. ભરભાંખળે દીવાની લાજ લૂંટાય ખેતરમાં અને થોડીવારમાં વાત ગામમાં પહોંચી જાય ! મને તો લાગે છે કે આ ઘટસ્ફોટ વાર્તામાં જરૂરી જ નથી. એનાથી કંઈ વિશેષ સિદ્ધ થતું નથી. 'પોતાની જાત સાથે પટાબાજી ખેલતો હોય તેમ એણે વણવા માડ્યું' એ વાકય પાસે વાર્તા પૂરી થઈ ગઈ હોત તો ત્યાં વાર્તાનું કથયિતવ્ય બરોબર સૂચવાઈ જાય છે.''[૨૪૬]

વાર્તાની કેટલીક મર્યાદાઓ છતાં પણ વાર્તાના આરંભે આવતું વણકરવાસનું આબેહૂબ વર્ણન પાત્રોના મનોભાવોને વ્યકત કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. વણાટકામ, ખેતમજૂરીની પાર્શ્વભૂમિકા જીવંત પરિવેશ રચી આપે છે. વણાટકામના સંદર્ભો વાર્તાના કેન્દ્રસ્થ સંવેદનને ધારદાર બનાવતા વસ્તુલક્ષી સહસંબંધકો નીવડે છે. કાંતિના વણાટકામનું દશ્ય જોઈએ –

---

૨૪૩. એજન, પૃ.૫૭

૨૪૪. એજન, પૃ.૧૪૬

૨૪૫. પરબ, ૧૯૯૨, પૃ.૫૨

૨૪૬. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૨૭

"એણે ફળું ભર્યું, ને પછી વણવાનું શરૂ કર્યું. વણતાં-વણતાં રાચમાં એક તાર ભરાયો, ને કાંઠલો ઉછળ્યો સીધો જ દીવાલે ભટકાયો. માટીની દીવાલમાં ખાસ્સો એવો ગોબો પડ્યો. 'હત તારી....' બબડીને ટુવાલ કમર પર લપેટીને એ ઊભો થયો. રાધા એકદમ દોડી આવી. કાંતિ સામે જોતા બોલી:

'આજ આમ કેમ થાય છે ?'

'બસ, હવે એવું જ થવાનું,' કહીને કાંતિ મૌન રહ્યો.

કાંઠલો લઈને પાછો સાળમાં ગોઠવાયો. તૂટેલા તારને વેજા પર મૂકીને એણે વણવા માંડ્યું, જે જગ્યાએ તાર તૂટેલો હતો ત્યાં ચીરું દેખાતું હતું, ઊંચાનીચા થતા રાચ અને કાપડ પર ઠોકાતી ફણી કાંતિને અત્યારે અળખામણાં લાગી રહ્યાં હતાં. એનો એક પગ જોરદાર રીતે પાવડી પર ઠોકાયો. ફટાક કરતી રાચને બાંધેલી દોરી તૂટી ગઈ. રાચ વેજા પર લબડી પડ્યાં એક હાથ હાથા પરથી છટકી ગયો. બીજા હાથે પકડેલી ગિલોલી પર હાથના આંગળાની છાપ ઊપસી આવી. ઘડીભર તો એણે લમણે હાથ મૂકી દીધો."[૨૪૭] વાર્તાના આરંભે આવતું ઉપરોક્ત વર્ણન વાર્તાના અંતે પણ આવે છે. વાર્તાના આરંભે તૂટી ગયેલી 'દોરી' વાર્તાના અંતે ફરી એકવાર તૂટી જાય છે. એ પ્રતીકાત્મક બની રહે છે. એ પ્રતીક વડે વાર્તાની સરસ ગૂંથણી થાય છે. આ દોરી રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે તેમ 'ભ્રાંતિનું પ્રતીક બની રહે છે.' લબડી પડતા વેજા, ગિલોલી, રાચ, વગેરે કાંતિના આંતરજીવનની મથામણ, મુંઝવણને વાચા આપનારા બની રહે છે. અહીં 'સાપ' યૌવનવૃત્તિનું પ્રતીક હોવાની સાથે-સાથે સેંધાની પાશ્વી વૃત્તિના પ્રતીક તરીકે પણ પ્રયોજાયેલું છે. 'પાક માથોડાં-માથોડાં લચી પડ્યો હતો 'માં ચસીચસીને ખીલેલા દીવાના યૌવન તરફ સંકેત કરે છે. વાર્તામાં આવતા અનામત આંદોલનની વાત કે મિલોનું બંધ પડી જવું વગેરે તત્કાલીન સંદર્ભ લટકણિયા ન બની રહેતા વાર્તાના ચાલકબળ બની રહે છે. અનામત આંદોલન-ગામની શાંતિ હણાઈ જવાનો ભય અને ભજનની રમઝટ કાંતિને નકલંક રાખવામાં પત્ની રાધા પ્રત્યેના પ્રેમ જેટલો જ જવાબદાર છે. વરુડોહાની વાત સિવાયના બધા વર્ણનો વાર્તાના વિષય-વસ્તુથી જુદા પડ્યા વિના વાર્તાની ગતિશીલતા જાળવી રાખીને વાર્તાના મુખ્ય ધ્વનિને સ્ફૂટ કરી આપવા માટે ઉપકારક નિવડે છે.

વાર્તામાં પરિવેશનો પણ વ્યંજનાગર્ભ વિનિયોગ થયો છે. વણકરવાસની પ્રવૃત્તિઓનું, એમના રીત-રિવાજોનું, વ્યવસાયનું, એમની આગવી બોલી વગેરે દ્વારા અસરકારક પરિવેશનું નિર્માણ થઈ શક્યું છે. વાર્તામાં પાત્રમુખે ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો સમર્થ વિનિયોગ થયો છે. લોકબોલીના રોજબરોજના વ્યવહારમાં બોલાતા શબ્દો જે સુધરેલા સમાજને અશ્લિલ લાગે પણ તેવી બોલી વાસ્તવિકતા દર્શાવે છે સંવાદ કે કથન વર્ણન બેઉ સ્તરે ભાષાનો સઘન-સભાન વિનિયોગ થયો છે પણ લેખકે પ્રયોજેલ ક્રિયાવિશેષણનો અતિરેક કઠે છે. જેમ કે-

'એનો એક પગ જોરદાર રીતે પાવડી પર ઠોકાયો'

---

૨૪૭. એજન, પૃ.૨૮

'ત્રાક પર બોબીન ઘાલવા મથતી પીઠ જોરદાર રીતે ઉપસી આવી હતી.'[૨૪૮]

'રાધાને હેરાન કરતી રમાની પીઠમાં એણે જોરદાર ધબ્બો લગાવ્યો.'[૨૪૯]

'પછી જોરદાર ભેંકડો તાણ્યો.'[૨૫૦]

આમ આવા કેટલાક શબ્દોનું વળગણ લેખકને થયું છે જે કઠે છે.

'નકલંક' વાર્તા રચનારીતિને કારણે પણ ધ્યાનપાત્ર છે. તેમજ ફ્લેશબેક ટેકનિકનો કરેલ વિનિયોગ વિષયવસ્તુને ઉપકારક બની રહે છે. પાત્રોના આંતરસંબંધોની વાત ખૂબ જ સૂક્ષ્મ રીતે મુખર બનાવ્યા વિના ઉપસાવી છે. લેખકે મુખર બનીને એવુ દર્શાવ્યું નથી કે મંગળદા મુખીથી દીવાને જાતીય અસંતોષ હોય પણ એ નિઃસંતાન છે એ હકીકત વગર કહ્યે પામી શકાય છે. મુખીનું પાત્ર ગૌણ રહીને પણ સંકુલતા સાથે ઉપસી આવે છે. સેંધાનું પાત્ર ખલનાયક તરીકે ઉપસી આવે છે. કાંતિ નીતિ-અનીતિ વચ્ચે સતત ઝઝૂમ્યા કરે છે. લેખકે કાંતિને સંસ્કારી, માનવતાવાદી અને સર્વગુણ સંપન્ન દર્શાવ્યો છે જે અસહજ લાગે છે છતાં પણ વાર્તામાનાં બધા જ પાત્રો વાર્તાને ગતિશીલ રાખવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

'નકલંક'માં દલિત નાયક સાથેના સવર્ણ સ્ત્રીના સંબંધનું નિરૂપણ થયું છે. અહીં દલિત કાંતિની બેકારીની સમસ્યા છે પણ તે પૃષ્ઠભૂમાં રહી જાય છે. અહીં દલિતોની સમસ્યા કરતા કાંતિના મનોભાવો વિશેષ વ્યક્ત થયા હોય એવું લાગે છે.

ધરમાભાઈ શ્રીમાળીની *'ભવાઈ'*માં દલિત પુરુષના સવર્ણ સ્ત્રી સાથેના સંબંધની વાત ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા આલેખાઈ છે. વાર્તાના આરંભે સાતમ-આઠમના મેળામાં કાંસળિયો થઈને જવાનું વિચારતો કથાનાયક દલભો માળિયા પરથી જૂની પતરાની પેટી ઉતારી ને તેમાથી ભવાઈનો જૂનો અસબાબ બહાર કાઢે છે અને વાર્તાના અંતે આંખોના ખૂણા સાફ કરતાં-કરતાં એ ભવાઈનો અસબાબ પેટીમાં પાછો રાખવા માંડ્યો -આ બે કેન્દ્રિય બિંદુ વચ્ચે દલભાના જીવનની કેટલીક વેદનામય સ્થિતિ પીઠઝબકારની પ્રયુક્તિથી અભિવ્યક્ત થઈ છે. દલભા વીર માંગળાવાળો બને છે ત્યારે રૂપકુવરબા તેના પર ઓળઘોળ થઈ જાય છે. એક રાત્રે ભવાઈ ચાલતી હતી તે સમયે પેટ્રોમેકસનું મેન્ટલ તૂટી પડતાં અંધારામાં રૂપકુવરબા તેનો હાથ પકડી લે છે ને કહે છે, ''દલભા....ચ્હાં હુધી આવું ચાલસે ? તારા માટે કરીન્ તો મું બાર મઈનાથી પિયર બેઠી સું. જવાબ આલ....તારા ઘરમાં બેહવા હુધી...તિયા...ર....''[૨૫૧] એક તો બીમાર પત્ની ધૂળીને ખૂબ ચાહે છે ને બીજુ એ કે સમાજના ભયને કારણે તેનું મન માનતું નથી, તે રૂપકુંવરને સમજાવતા ધ્રુજતા સ્વરે બોલ્યો : ''ના....,ના....એવું ના થાય, મું તો તૂરીનો દીકરો સું

૨૪૮. એજન, પૃ.૨૮

૨૪૯. એજન, પૃ.૨૮

૨૫૦. એજન, પૃ.૬૩

૨૫૧. સાંકળ,ધરમાભાઈ શ્રીમાળી, પ્રથમ આવૃત્તિ,૧૯૯૭, પૃ.૪૩

મારી બૂન ! છોડ્ મનઅ.... આ ગામમંઅ મીં ભવાઈ રમી ખાધી સઅ.....એવું વિચારવુંય મારા માટઅ પાપ સઅ મારી બૂન.....તું તો..... મારી બૂન બરોબર.....ભવાઈનો મોહ ન હોય.....એને તો જોઈનઅ જ રાજી થવાય.......''[૨૫૨] એજ વખતે રૂપબાના પિતા ભાભો ત્યાં આવી પહોંચે છે. રૂપકુંવરબાને ઢોર માર મારે છે ને દલભાને પણ અપશબ્દો બોલે છે. રૂપકુવરબાનાં મૃત્યુના સંયમપૂર્વક આલેખનમાં સર્જકની સર્જક પ્રતિભાની પ્રતીતિ થાય છે. ઘણાં વર્ષો પછી મેળામાં બે પૈસા મેળવવાની આશાથી ભવાઈની પેટી ખોલી છે. ત્યારે દલભાને રૂપકુવરબાનો લોહીયાળ રંગ દુઃખી કરી દે છે ને તેને ભવાઈ વેશથી અળગો કરી મૂકે છે. 'ભવાઈ' ધર્મભીરું દલભા પર ભવાઈ દરમિયાન વીતેલા વીતકની કથા છે. વાર્તામાં વસ્તુની ગૂંથણી કલાત્મક રીતે થઈ છે. ડૉ. જયેશ ભોગાયતા નોંધે છે કે–

''દલભાનો વર્તમાન, ભૂતકાળ ને ફરી વર્તમાન તેવો વાર્તાસમય પાત્રની વ્યથાના એક બિંદુએ સ્થિર થતો અનુભવાય ને ફરી ગતિશીલ બનતો અનુભવાય છે. વાર્તાના આરંભે પેટી ખોલી ભવાઈના વેશની જણસોને કાઢીને રાજી થતો ને ઘૂઘરાને પ્રેમથી સ્પર્શતો દલભો વાર્તાને અંતે સૂનમૂન ચહેરે અવળું ફરીને આંખોના ખૂણા સાફ કરતાં-કરતાં ભવાઈનો અસબાબ પેટીમાં ભરવા માંડે ત્યાં સમયની તીક્ષ્ણ ચક્કાર ગતિનો સ્પર્શ થાય છે.''[૨૫૩] વાર્તા તેના ગદ્ય અને વર્ણનને કારણે પણ ધ્યાનપાત્ર બને છે. દલભાની બીમાર પત્ની ધૂળીની ખાટલા નીચે મૂકેલી ગળફા ભરેલી ઠીબની આસપાસ બણબણતી માખીનું વર્ણન જુગુપ્સા જન્માવે છે.- ''ઓસરીના ખૂણામાં સૂતેલી બીમાર ધૂળી હજુયે ખાંસી ખાતી હાંફી રહી હતી. એના ખાટલા પાસેના ગોખલામાં દવાની ખાલીખમ શીશીઓ આડી-અવળી પડી હતી. વારંવાર થૂંકવાને કારણે ખાટલા નીચે પડેલી ઠીબની રેત-ગળફાથી ઢંકાઈ ગઈ હતી. એના પર માખીઓ બણબણી રહી હતી.''[૨૫૪]

## સંપન્ન થયેલા નવા દલિતને સાંખી નહીં શકતો સવર્ણ સમાજ

હજારો વર્ષોથી દબાયેલો રહેલો દલિત સમાજ આર્થિક રીતે સદ્ધર થતાં સવર્ણોની જીવનશૈલીનું, રીતભાતનું, પહેરવેશનું અને દેખીતી સભ્યતાનું અનુકરણ કરવા જાય ત્યારે કહેવાતા સુધરેલા સમાજનાં કેટલાંક પાત્રો કેવા અણધાર્યા પ્રતિભાવો આપે છે, તેને કેવી વીતાડી છે તેનું નિરૂપણ દલપત ચૌહાણની 'ચાંલ્લો', 'ઘર', ધરમાભાઈ શ્રીમાળીની 'વરઘોડો', 'ડંખ', એમ.વી. પરમારની 'ઢોલ વાગ્યો', હસમુખ વાઘેલાની 'ઝાળ', જયંતીલાલ પી. દાફડાની 'બે વીઘા જમીન' અને અનિલ વાઘેલાની 'લોભ' વગેરે વાર્તાઓમાં થયું છે.

---

૨૫૨. એજન, પૃ.૪૩,૪૪
૨૫૩. પરબ, ડિસેમ્બર, ૧૯૯૮, પૃ.૫૪
૨૫૪. સાંકળ,ધરમાભાઈ શ્રીમાળી, પ્રથમ આવૃત્તિ,૧૯૯૭, પૃ.૪૩

દલપત ચૌહાણની *'ચાંલ્લો'* વાર્તામાં દલિતોના બ્રાહ્મણ શિવો પંડયો કપાળે ચાંલ્લો, પગમાં જોડા અને બ્રાહ્મણશાહી પાઘડી પહેરીને પત્ની શાંતા સાથે એકવાર ગામના સવર્ણ બ્રાહ્મણોના મહોલ્લામાંથી પસાર થયાં ત્યારે સવર્ણ કરસનના ડંગોરાનો ઘા કપાળ ઉપર ભેટમાં પ્રાપ્ત કરે છે. જીવનના પોતાના અંત સમયે શિવો પંડયો દીકરાઓને ભેગા કરી આ કપાળ પર પડેલા ઘાનું રહસ્ય ફ્લેશબેકની પ્રયુક્તિથી ઉઘાડે છે અને આ ઘા કપાળ પર નહિ પણ હૃદય પર કેવો ઘેરો પડયો હતો તેની વ્યથા ઠાલવે છે. ભૂતકાળમાં એકવાર શિવો અને શાંતા બનીઠનીને મેળે ગયાં હતાં. મેળામાંથી શાંતાએ ભાટવાડે જવાની રઢ પકડી. શિવાએ એને બહુ સમજાવી પણ તે માની નહિ. ચાંલ્લો, કેડિયું ને પાઘડી ધારણ કરી ભાટવાડે ના જવાય એમ કહી બાળપણમાં પિતા સાથે ભાટવાડામાંથી નીકળ્યા ત્યારે તેની કેવી વલે થઈ હતી તેની યાદ અપાવે છે કે, પાઘડી ઉતારવી પડે, જોડા હાથમાં લેવા પડે, પોહ–પોહ બોલતા જવું પડે, ચાંલ્લો ભૂહવો પડે! આટલી સમજાવટ છતાં પણ શાંતા તો જીદ પકડે છે અને કહે છે કે કોઈ નહીં ઓળખે, હેંડોને. અંતે શિવો પંડયો ઝૂકી જાય છે. આખરે તો જે થવાનું હતું તે જ થયું. ભાટવાડામાં પહોંચતાં જ ગામના લોકોએ તેમને ગામ, નાત, જાત, પૂછી. ભાટવાડાના લોકોને જ્યારે ખબર પડે છે કે તે તો ગરોબ્રાહ્મણ છે ત્યારે ભૂદેવ અને અન્ય બ્રાહ્મણો ગુસ્સે થાય છે અને કહે છે,

''દિયોર ગરોડો થઈનઅ ચેવા ચૂપચાપ વાહમાં પેઠા સ અ? 'પોહ પોહ બોલતાય નહીં, ચેવા હેંડ્યા આવે સે હાંમી સાતીએ?' 'જુવો કે ચેવા ફૂલફટાચિયા થઈને નેહર્યા સઅ?' અલ્યા ચ્યાં જ્યો તરભો? મારો જેડિયો લાય, મારાં ખાહડાં લાય, દિયોર ઢેઢું ચાંલ્લો કરીનઅ ભાટવાડામાં પેઠું ?''[૨૫૫]

જેવા અપશબ્દોથી શિવાનું અપમાન કરે છે અને પછી ભૂદેવ તેના માથા ઉપરની પાઘડીને ડંગોરો મારીને પાડી દે છે ને કહે છે, 'શિવ.....શિવ....મારો ડંગોરોય અભડાઈ જ્યો. ઈનઅ સાંટ નાખવું પડશે.'[૨૫૬] પછી તો શિવા સાથે પશુવત વ્યવહાર આચરે છે. ત્યાં ઊભેલા ટોળામાંથી કોઈએ તેની પાઘડીને લાત મારી તો કોઈએ તેના પર પગ મૂકયો. ઘડીવારમાં તો પાઘડી ધૂળધાણી થઈ ગઈ. ... કોઈકે દડાને લાત મારે એમ લાત મારી, પાઘડી ગબડતી– ગબડતી કૂતરાંને એઠવાડ નાખવાની ચાટ પાસે જઈને પડી. શિવાની હિંમત પાઘડી તરફ જોવાની રહી નહોતી. એ તો નીચે જોઈને ચૂપચાપ ઊભો રહ્યો. એજ ક્ષણે કરસન મહારાજે એમનું ખાસડું કાઢી ઊંધુ કરી એના પર થૂકી શિવલા પાસે ફેંક્યું, ''દિયોર, વાંકા પડીનઅ ખાહડા પર કપાળ ઘસીનઅ ચાંલ્લો ભૂહી નાખો, નકર!''[૨૫૭] ખાહડાને હાથ અડાડયા વિના કપાળ નીચે પડી ભૂંસવાનું પણ આમ છતાં ચાંલ્લો બરાબર નહીં ભૂંસાવાથી 'દિયોર ચાંલ્લો માંડતા આવડઅ સઅ, નઅ ભૂંહતા નહીં આવડતું લે આમ ભૂંહાય...!'[૨૫૮] કહીને કરસને ડંગોરો શિવાના કપાળમાં જોરથી ફટકાર્યો. જેનાથી શિવો લોહીલુહાળ થઈ જાય છે ને તેના કપાળ પર ઊંડો ઘા પડી જાય છે. શિવાને કરસનના ડંગોરાનો ઘા આજીવન સ્મૃતિમાં રહી જાય છે. શિવો મનોમન

૨૫૫. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૧૫
૨૫૬. એજન, પૃ.૧૧૬
૨૫૭. એજન, પૃ.૧૧૬
૨૫૮. એજન, પૃ.૧૧૭

રીબાયા કરે છે અને મૃત્યુ નજીક આવતા તે તેના દીકરાઓને ભેગા કરીને તેની વાત કરે છે અને તેને ખાસ વિનંતી કરે છે કે, "આ મારા કપાળે વાજ્યાનો ડાઘો સઅ..... એ ઘા સનઅ મું ના હઉ તાણું, ઢંકાઈ ના જાય, કપાળમઅ ચાંલ્લો ના કરશો, બસ !"[૨૫૯] આ કેટલી મોટી કરુણતા કહેવાય. સોયની અણી જેટલું સુખ દલિતો પામી જાય એ સવર્ણોથી જીરવાતું નથી એ વાતની પ્રતીતિ આ વાર્તા શું નથી કરાવતી ?

આમ, ઊંચનીચના ભેદ હજુ આજે પણ સંપૂર્ણ નાબૂદ થયા નથી. વાર્તામાં શિવો કપાળે ચાંલ્લો કરે છે જે પેલા ક્રૂર સમાજને પોષાતું નથી. ગરોડો બ્રાહ્મણ અને વળી એના કપાળમાં બામણસાઈ ચાંલ્લો? હરીશ મંગલમ્ સવર્ણોના કુવ્યવહારને વર્ણવતા ઉચિત નોંધે છે કે, "ખાસડાથી ચાંલ્લો ભૂંસવાની રીતરસમ સવર્ણ સમાજના લોકોને ભૂંડની હરોળમાં લાવી મૂકી દે છે!"[૨૬૦] વર્ષોથી સબડતા રહેતા સમાજનો શિવો પ્રતિનિધિ છે. શિવાના કપાળ ઉપરનો ચાંલ્લો ભૂંસવાની પ્રક્રિયા સવર્ણ વર્ગની જોહુકમીનો, આભડછેટનો અને ધાર્મિક અંધશ્રધ્ધાનો કાળો ભૂતકાળ છે.

સવર્ણો પોતાનું એકચક્રી શાસન અને પોતાનો માન-મોભો જાળવી રાખવા માટે દલિતોને વાંકગુના વિના સતત કનડયા કરે છે, તેની સાથે અમાનવીય વ્યવહાર કરે છે. દલિતો માથે બાંધે તો પણ સહન કરવું પડે અને ન બાંધે તો પણ સહન કરવું પડે! દલપત ચૌહાણની 'દરબાર' વાર્તામાં વાર્તાનાયક મફતલાલ ગામમાં ઉઘાડું માથું રાખીને જાય છે તો તેને કેવી વીતાડે છે તે જોઈએ,

> "ઈમ ! તાણઅ તો ખિસ્તાન અશો નઈ? એકઅ ટોપી મેલી નઈ? ખરુંકઅ....?"
> ".......વણકોર......ઈમ્મ.......ઈન્નૌ.....હું........આ છાબડું અ્યમ ઊઘાડું રાસ્યું સઅ ! ધૂળ ભરાઈ જહઅ ઓમ ફૂલ ફટાચ્યા થઈનઅ ગોંમ્મ વચ્ચે નેહર્યા સો."[૨૬૧]

વાર્તાનો અંત સહજ છે. શિવાને કપાળે ચાંલ્લો કરતાં કરસને ડંકોળો માર્યો એ પ્રસંગ ફ્લેશબેક ટેકનિકથી લેખકે વાર્તામાં વણી લીધો છે. વાર્તા વર્તમાનમાંથી ભૂતકાળ અને ફરી વર્તમાન તરફ ગતિ કરે છે. પાત્રોચિત્ત બોલી પ્રયોગો વાર્તાકારે કરવા ધારેલા ભાવકના મર્મસ્થાને ઘા કરે છે અને આજનો સવર્ણ શરમિંદો થઈ જાય એવા સત્યની ઝાંખી કરાવે છે. વાર્તામાં ઉત્પ્રેક્ષા અલંકારની પધ્ધતિએ કરુણ કેવો ઘૂંટાતો જાય છે તે જોઈએ,

> "જાણે આખું ગામ રુદ્રમાળ થઈને એમના પર ધસી આવતું હોય એમ લાગ્યું."[૨૬૨]
> "જાણે આખું શરીર બિંદુ સરોવરમાં ધીમે-ધીમે ઓગળતું જતું હોય તેમ મૂંઝારો થયો."[૨૬૩]
> "જાણે બલી માટે બકરાને બાંધવામાં આવ્યો હોય એમ."[૨૬૪]

---

૨૫૯. એજન, પૃ.૧૨૦
૨૬૦. એકવચન, હરીશ મંગલમ્, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ.૨૦૦૩, પૃ.૩૨
૨૬૧. મૂંઝારો, દલપત ચૌહાણ, પૃ.૨૧
૨૬૨. એજન, પૃ.૧૦૬
૨૬૩. એજન, પૃ.૧૦૬
૨૬૪. એજન,પૃ.૧૦૭

વાર્તામાં સંવાદો પણ વ્યક્તિત્વદ્યોતક અને વ્યંજના સભર છે. આમ, 'ચાંલ્લો' વાર્તા એની ચોટદાર સંવાદોસભર ગદ્યશૈલી, ગ્રામ્ય પરિવેશ, તત્કાલીન સામાજિક કુપ્રથાઓ પરના પ્રછન્ન પ્રહારો અને પીઠઝબકારની પ્રયુક્તિને કારણે માત્ર દલિત સાહિત્યની જ નહિ પણ સમગ્ર ગુજરાતી વાર્તા સાહિત્યની યાદગાર રચના બની રહે છે.

ધરમાભાઈની '*ડંખ*' વાર્તામાં ભગત અને જવલ ડોશીની પુત્રવધુ રતન રાજસ્થાની હોવાથી સંજાપ નાખેલો વીસ હાથનો ઘાઘરો પહેરે છે. સાસુ જવલી અને વાસના અન્ય લોકોએ કહેલું કે ગામ લોકો આ સાંખી નહીં લે ને અંતે તો એવું જ બન્યું. એક દિવસ દારૂના નશામાં ચકચૂર થઈ તખોજી વાસમાં આવી પહોંચ્યો. ગુસ્સામાં ભગતના ઘરનું ભીંતડુંય તોડતો ગયો. તેની ત્રાડથી વાસમાં સૂનકાર વ્યાપી ગયો. રતન તો તખોજીને જોઈને એટલી ગભરાઈ ગઈ કે એને ખેંચનો રોગ ઘર કરી ગયો! વર્ષો પછી આ જ તખાજીની ત્રીજી વારની પત્ની (ઉંમરમાં તેનાથી અડધી) ને વીંછીએ ડંખ દેતા કોઈ સવર્ણ વીંછી ઉતારતો હોવાથી લાચારીથી ભગત પાસે જ આવવું પડ્યું. ભગત વિધિ કરે છે પણ ડંખ ઉતરતો જ નથી. પત્નીની પીંડીઓ પર ફરતો ભગતનો હાથ તખોજી સહી શકતો નથી. અંતે વીંછીના ડંખથી તરફડતી પત્નીને ખભે નાખી ગાળો ભાંડતો વાસ છોડીને ચાલી નીકળે છે. વાર્તાના સંકેતો વિસ્તાર પામતા નથી પણ તળબોલીનો પ્રયોગ પરિવેશને સાંઘત જીવંત બનાવે છે. એકાદ દૃષ્ટાંત તપાસીએ:

''અરઅ..... ઈનું પિયોર રાખઅ્ ઈના બાપના ઘરે..... આ હાહરું સઅ....... મારાં બેટાં વહવાયાંની જાતનાં! શું હજમી જ્યાં સો લ્યા બધા? ગોમમઅ્ કોઈ કે'નાર જ નથી? ચીરી નાંશે જો ફેરવારકું પે'રીન્ બા'ર નેહરી સઅ તો!''[૨૬૫]

પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી ધરમાભાઈ શ્રીમાળીની '*વરઘોડો*' માં દલિત કથાનાયક જ વાર્તાનો કથક છે. જે કથામાં કયાંય સીધે સીધો સંડોવાયેલો નથી. પરમાર સાહેબ તેમના ઉપરી અધિકારી છે. ઉચ્ચઅધિકારી હરીભાઈ પરમાર પોતાના દીકરાના લગ્ન શહેરમાં ઘર હોવા છતાં વતનના ઘરે રાખે છે. પરમાર સાહેબને દીકરાના લગ્ન ધામધૂમથી કરવાનો ઉત્સાહ છે. વાજતે ગાજતે વરઘોડો કાઢવાનું નક્કી કર્યું. મોટા-મોટા અધિકારીઓ ને સંસદસભ્યો પણ હાજર છે. જબરા ઉત્સાહ અને તરવરાટથી પરમાર સાહેબ મહેમાનોને આવકારે છે. ભાવપૂર્વક જમાડે છે ને વિડિયો શૂટિંગ કરાવે છે પણ ગામના સવર્ણ આગેવાન 'ના ચાલે, હીરાભાઈ.... અહીં ગોમમાં તો ગોમના રિવાજ મુજબ રે'વું....''[૨૬૬] કહે છે ત્યારે એકવીસમી સદીમાં આવું બધું હવે ના ચાલે એવી દલીલ કરી સ્વમાની પરમાર સાહેબ ગામ લોકોના વિરોધ વચ્ચેય વરઘોડો કાઢવાની હિંમત કરે છે. પોલીસ બોલાવવાની ધમકી પણ આપે છે છતાં હજીકણ આ ગોમમાં આવું નથી થ્યું..... તમે પે'લ કરશો તો અવળું થાહે.....[૨૬૭] ની મનોવૃત્તિ ધરાવતા સવર્ણો આખરે લગ્ન મંડપમાં રમખાણ મચાવી દે

૨૬૫. નરક, ધરમાભાઈ શ્રીમાળી, ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, પ્ર.આ. ૨૦૦૩, પૃ.૪૩

૨૬૬. એજન, પૃ.૨૧

૨૬૭. એજન, પૃ.૨૧

છે ને બધુ રફેદફે કરી દે છે. વાર્તાકથક કહે છે: ''નાકામાં તૈયાર કરેલું પ્રવેશદ્વાર અને લાઉડ સ્પીકર ભોંય ભેગાં થઈ પડ્યાં હતાં. શણગારેલો મંડપ રમણભમણ થઈ ગયો હતો. એના લીરેલીરા હવામાં ઝોલા ખાઈ રહ્યા હતા.''[૨૬૮] થોડીવાર પહેલા સજ્જ થઈ દેખાતા કેમેરા ને વિડિયાવાળાય દેખાતા નહોતા! ''તમેય ભઈ..... ગૉમની રજા તો લેવી પડેન્!''[૨૬૯] કહેતો ઘોડીવાળોય ઘડી પહેલાં ગોઠવેલ અસબાબ ફેંકીને કૂદકો મારીને ઘોડી પાછલે રસ્તેથી મારી મૂકે છે! વી.આઈ.પી. પણ ભાગી જાય છે. વગદાર, મોટા અધિકારી ને સ્વમાની પરમાર સાહેબ ટોળાની સામે થાય તો છે પણ તેનું કશું ઉપજતું નથી. એ તેમની વિડમ્બના છે. વાર્તાન્તે પરમાર સાહેબનો દીકરો મ્યાનમાંથી તલવાર ખેંચી ''છોડો મને.... કહેતો વિડમ્બનાને વળ ચઢાવે છે.

દલિતો ગમેતેટલા પ્રતિષ્ઠિત હોદ્દો ધરાવતા હોય છતાં સામાજિક મોભો પ્રાપ્ત કરવો તેમના માટે મુશ્કેલ છે એવો ધ્વનિ પ્રગટે છે. સવર્ણોની વરઘોડો ન કાઢવા દેવાની ઈર્ષ્યાવૃત્તિનું સંયત આલેખન થયું છે. વરઘોડો કાઢવા દે તો એમના વટનું શું રહે? આવી ઘટના આજે પણ ઘણાં ગામડાઓમાં છાશવારે બનતી રહે છે. આજેય સામંતશાહી મનોવલણો દેખા દે છે એ વિચાર દુ:ખદ છે.

એમ.વી. પરમારની '*ઢોલ વાગ્યો*' વાર્તામાં દલિતો લગ્ન જેવા અવસરે પણ ઢોલ ન વગાડી શકે ! ગામ વચ્ચેથી જાન પણ ન કાઢી શકે! ધના ભગતને ભૂતડી ગામના ભગા ભડવીર પાણી ચડાવે છે ત્યારે તે ઢોલ વગાડે છે ને એજ વખતે વરસંગ ત્યાં આવી પહોંચે છે. લગ્ન મંડપમાં ઘડીભર સ્મશાનવત શાંતિ છવાઈ જાય છે. ત્યાં ધનો ભગત અને વરસંગ વચ્ચે થતો સંવાદ જોઈએ.

ધનો ભગત આજીજી કરતાં બોલ્યો, બાપા ! લગનનો અવસર ચ્યાં વારે ઘડીએ આવસઅ. આયખામાં એક વાર આવં એટલે જરા છોકરા રાજી....

વરસંગ તુચ્છકાર ભર્યા શબ્દોમાં કહે છે, હું બોલ્યો અલ્યા ભગતડા ! લગન ! તમારં વળી લગન હેનું નં અવસર ચેવો? કનં પૂસીનં ઢોલ વગાડ્યો....?[૨૭૦] બોલ ! ભોયં ભેગા થઈ જવું સંઅ. અંતે તે વરરાજા મંગળને ભોય ભેગો કરીને જ જંપે છે. અંત કરુણ છે. વાર્તાન્તે લેખક બિનજરૂરી રીતે મેલોડ્રામાંભણી ખેંચી જતા વાર્તા પ્રસંગકથા બની રહે છે.

દલપત ચૌહાણની '*ઘર*' વાર્તામાં દલિત કાળુ અને પનીએ પૈસાની થોડી વ્યવસ્થા થતાં કૂબામાંથી પાકી ઈંટોનું 'મકાન' ગામના સવર્ણોની પરવાનગી લઈ સવર્ણોએ નક્કી કરેલા ઢાંચા પ્રમાણે જ અનેક મુશ્કેલીઓ વેઠીને બનાવ્યું પણ પાકું મકાન અને તે પણ દલિતનું? ડગલે ને પગલે સતત અવહેલના, અવગણના. પરસેવાની કમાણીમાંથી મહામુસિબતે કાળુએ તૈયાર કરેલું ઘર મુખી પથુ રાત્રિના અંધકારમાં સળગાવી નાખે છે ! અહીં સવર્ણોની દ્વેષવૃત્તિ પ્રગટ નથી થતી શું? પાકી ઈંટોનું ઘર બનાવવાની મુખી દ્વારા અપાતી પરવાનગી સુખનું નહીં દુ:ખનું ઈંગિત છે અને એ જ વાર્તાને વાર્તા બનાવે છે. વાર્તામાં મકાન બનાવવાની પરવાનગી લેવા ચોરા પર જાય છે ત્યારની સ્થિતિનું સઘન

૨૬૮. એજન, પૃ.૨૨
૨૬૯. એજન, પૃ.૨૧
૨૭૦. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૫૭

આલેખન પૃ.૫૦,૫૨ થયું છે. છગનનું પાત્ર ભીરુ છે પણ કાળુ અને પનીમાં સ્વમાની છે, મનુષ્ય તરીકેના અધિકારને સમજવા માટેની સંવેદના તેનામાં જોવા મળે છે.

હસમુખ વાઘેલાની '*ઝાળ*' માં હોળીના તહેવારમાં હોળી માતાનું નાળિયેર કાઢી લેવાનો દરબારોનો વરસો વરસનો ગરાસ અને હક્ક હતો. આમ તો આ નાળિયેર કાઢવાનો મુખીનો ઈજારો હતો ને મુખી વૃધ્ધ થતાં તેનો વારસો, એ જ કળા, પારંગતતા એના પુત્ર કાળુભાએ જાળવી રાખી હતી. તે દરબારોનું નાક હતો. કાળુભાના કહેવાથી દલિત દલભાએ હોળીમા પ્રગટાવ્યા ને મુખીયે હોળીમાનો જયનાદ કરી નાળિયેર હોળીમાં પધરાવ્યું. નાળિયેર પધરાવતાની સાથે જ દરબારો કડિયાળી ડાંગોથી અગ્નિ ઉપર નીચે કરી, નાળિયેર કાઢવાની હરીફાઈમાં લાગી ગયા. આ દરબારોની વચ્ચેથી દલિયો નાળિયેર કાઢી આંખના પલકારામાં તો અદશ્ય થઈ ગયો ! આથી દરબારો ક્રોધથી સળગી ઉઠયા ને તાડુંકયા- મારું હારુ વહવાયું આપણો ગરાસ લઈ ગયું તેય આપણી આંખો આગળથી, વાઢી નાખો સાલ્લા ને! સૌથી વધારે ગુસ્સો તો કાળુભાને આવ્યો. એક વહવાયાના હાથે પોતાનું નાક કપાયું તેથી કાળુભાએ દરબારોને હાંક મારી: ''સળગાવી મારો સાલ્લાનું ઘર, એનેય ખબર પડે કે દરબારની સામે પડતાં શી વલે થાય છે!''[૨૭૧] કાળુભાના હુકમથી દરબારોએ દલિયાનું ઘર જ સળગાવી દીધું. એટલું જ નહીં તેણે દલિયાની બેજીવી પત્ની કંકુ પર વાસની વચ્ચે જ અમાનુષી અત્યાચાર કર્યો ને વાસના લોકોને પણ ધમકી આપતા કહ્યું કે- ''જો કોઈ કંકુડીને લૂગડું આખુંઅ ઓઢાડયું છે તો તેનાય આવા જ હાલ થશે. ''[૨૭૨] કંકુ ઉપર થૂંકતા બોલ્યો: 'તારા, દલિયાને કહેજે તારા નાળિયેરનું આ ઈનામ!' અહીં એક તરફ દલિયાનું ઘર ભડકે બળે છે તો બીજી તરફ દલિયાની કંકુનું ડિલ. વાસની કોઈ પણ વ્યકિત કંકુની વહારે આવતી નથી ! અંતે દલિયો આવે છે ત્યારે કંકુ બોલી કે દલિયા આપણા કિસ્મતને ઝાર લાગી ગઈ... વાર્તાન્તે દલિયો કંકુને લઈને સળગતી ઝાળમાં કૂદી પડે છે ને જીવનનો અંત આણે છે. ટૂંકમાં દરબારના ગરાશમાં વહવાયો દલિયો હાથ નાંખે તો તેની કેવી વલે થાય છે તેની અનુભૂતિ વાચકને થાય છે. દલિતો દરબારોથી કેટલા બધાં ફફડે છે તે અહીં જોઈ શકાય છે.

વાર્તાકારે અલંકારોનો વિનિયોગ કર્યો છે. બે-ત્રણ દષ્ટાંતો જોઈએ.

'સાંજ અંધારું ઓઢીને નવોઢાની જેમ શરમાઈને ઊભી હતી.'[૨૭૩]

'હોળી મંગલપર્વ પૂનમના ચંદ્રમાં રહેલા ડાઘની જેમ કલંકિત બન્યું.'[૨૭૪]

'બાજરીના ડૂંડાની જેમ વાઢી ના નાખું....'[૨૭૫]

'વાસ હોલાની જેમ ફફડી ગયો.'[૨૭૬]

---

૨૭૧. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, પૃ.૨૩૨
૨૭૨. એજન, પૃ.૨૩૪
૨૭૩. એજન, પૃ.૨૩૦
૨૭૪. એજન, પૃ.૨૩૧
૨૭૫. એજન,પૃ.૨૩૨
૨૭૬. એજન, પૃ.૨૩૨

દલિત પાત્રના મુખે કયારેક સુધરેલી ભાષા સાંભળવા મળે છે ત્યારે ક્ષણેક અટકી જવાય છે. સર્જક ભાષા પ્રયોગો પરત્વે સભાનતા રાખે તો સાતત્ય જળવાઈ રહે.

અનિલ વાઘેલાની '*લોભ*' માં કરસનની ડાંગર ટ્રેકટરવાળા અશ્વિન પટેલ ઉપાડી લાવે છે ને તેના ઘરના ચા પાણી પીએ છે. અશ્વિનના આ વ્યવહારથી દોરવાઈને કરસન સાફસૂથરાં લૂગડાં પહેરીને દાઢી બાલ કરાવીને ગામને ચોતરે પહોંચી ગયો. ગામના ઓટલે પટેલોને હાઈસ્કૂલ બાંધવાની વાતો કરતા સાંભળી પછી તે પણ ફાળો નોંધાવવાની લાલચે પાટ પર બેસવા જાય છે ત્યારે રૂઢિચુસ્ત ઈશ્વરકાકા કહે છે- 'ઉઠય લ્યા ઉઠય, હાહરા અમારી પહંણ્ય બેહતાં લાજતો નથી?' આમ, સરપંચની ચૂંટણી વખતે સમાનતાની વાતો કરનારા સ્વામિનારાયણ ધર્મી ઈશ્વરે ફૂલીને ફાળકો થયેલા કરસનને એની વાસ્તવિક ભૂમિકા બતાવી દીધી. અંતે સવર્ણો જેવા થવાનો લોભ રાખનાર કરસન નિરાશ થઈ પોતાના વાસ તરફ જાય છે. તે મનોમન વિચારતો હતો કે "આવો લોભ મેં કર્યો જ શું કરવા? જેવા છીએ એવા પણ અમ બધાયની ગોદમાં રાખતી મારી વાસની ધરતી શું ખોટી હતી?"[૨૭૭] કરસનની મનઃસ્થિતિ તો આલેખાઈ છે પણ ખાસ સર્જકના શૈલીવિશેષો નજરે ચઢતા નથી તેથી આ વાર્તા માત્ર ઘટના બનીને રહી જાય છે.

જયંતીલાલ દાફડાની '*બે વીઘા જમીન*' માં મુખીને ત્યાં વેઠ કરતા દલિત કરસનની મા અને પિતાની યાદ સમી 'બે વીઘા જમીન' જમીનદાર પચાવી પાડે છે ને ત્યાં હોટલ બાંધી દે છે. એટલું જ નહીં કરસન પોતાની જમીન મુખીને આપવાની આનાકાની કરતા મુખી તેના પર પોતાના ખેતરમાં આગ લગાડ્યાનો આરોપ મૂકે છે ને તેની ધરપકડ કરાવે છે! લોકશાહી આવી છતાં સમય બદલાયો નથી તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. ડૉ.ભરત મહેતા વાર્તા સંદર્ભે કહે છે "લોકશાહીના યુગમાં દલિતોના હક્કો ચોપડે ચડાવાય પણ હકીકતે એમને ન મળે. ખેડે તેની જમીન પણ અંતરિયાળ ગામોમાં રાગદરબારી યથાવત."[૨૭૮] આ સાચી વાત છે. કરસનની સંવેદનાને અહીં વાચા અપાઈ છે પણ અંત મુખર બની જાય છે.

આમ, દલિતો સવર્ણો જેવા કપડા-સંજાપ નાંખેલો ઘાઘરો પહેરે, માથે પાઘડી બાંધે, જોડા પહેરે, કપાળે ચાંલ્લો કરે, લગ્ન પ્રસંગે વરઘોડો કાઢે, ઢોલ વગાડે, હોળીના તહેવાર વખતે નાળિયેર કાઢે કે પાકી ઈંટોનું ઘર બનાવે તો તેને કેવી- કેવી યંત્રણાઓમાંથી પસાર થવું પડયું તેનું ચિત્રણ આ વાર્તાઓમાં જોવા મળે છે.

### *વિદ્રોહકેન્દ્રી વાર્તાઓ*

દલપત ચૌહાણની '*દરબાર*' બદલાવૃત્તિની વિશિષ્ટ વાર્તા છે. પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાયેલી આ વાર્તામાં મુખ્ય બે પાત્રો છે એક દલિત શિક્ષક મફતલાલ અને બીજા કઠોર ગામનો ઉતાર એવા ગોબરસિંહ દરબાર.

૨૭૭. વણબોટી વારતાઓ, સંપાદન : દલપત ચૌહાણ, પૃ.૩૨
૨૭૮. પ્રતિબધ્ધ, ભરત મહેતા, પૃ.૫

વાર્તાનાયક દલિત શિક્ષક મફતલાલની સતત બદલીઓ થયા કરે છે જ્યારે તેની બદલી મોતીપુરા ગામે થાય છે ત્યારે ગામના લોકો ગુસપુસ કરે છે, ''સારું થયું આ ઢેડું ઠેકાણે આવશે. મોતીપુરાવાળા આ ગામ જેવા પોચા નથી. ચાર દા'ડામાં સીધુંદોર થઈ જશે...''[૨૭૯] નોકરી પર હાજર થતાં જ વાર્તાનાયકને ગામના સરપંચ અને વાસવાળા તરફથી 'ગામ માથાભારે છે. ગોબરજીથી સંભાળજો' ની ચેતવણી મળી જાય છે પણ તે શિક્ષિત અને શિક્ષક હોવાને નાતે બળને બદલે કળથી કામ લે છે. દરબાર કોમની નબળાઈને તે સારી પેઠે જાણે છે. આથી જયારે ગોબરજી પાનના ગલ્લે બેઠા-બેઠા જ હાક મારે છે ત્યારે પ્રથમ દૃષ્ટિએ પ્રેમપૂર્વક વાર્તાનાયક 'કેમ છો ગોબરસિંહ દરબાર' કહી કરડી આંખને પ્રેમથી જીતી લે છે ! તે ગોબરજીને 'દરબાર'ના માનવાચક સંબોધનથી બોલાવે છે એટલે તેનું જાતિગત અહમ્ સંતોષાય છે ને ગોબરજીની છાતી ગજ-ગજ ફુલાઈ જાય છે. ગોબરજીને માસ્તર પ્રત્યે માન ઊપજે છે. પછી ચતુર માસ્તરે લાગ જોઈને બીજું તીર છોડ્યું- ''દરબારને એક તાજછાપ આપો!'' વળી માસ્તરના નવાં લુગડાં ગોબરજીથી સહન ના થાય તો માસ્તર દરબારને કહે છે-

''દરબાર ! તમે આ ગામના એટલે આ ગામ તમારું ખરું કે નહીં!''
''ઓવ્વે''
''આ ગામમાં મોટા અને આબરૂદાર ગણાય તેવા માણસ તમે ખરા કે નહીં?''
''એય હાચું.''
''આ ગામ તમારું એટલે નિશાળ તમારી જ ગણાય ને?''
ગોબરજીએ હકારમાં માથું હલાવ્યું. તાજનો કસ ખેંચી ધુમાડો નાક વડે બહાર કાઢવા માંડ્યો.

''આ તમારા ગામની નિશાળ એક નંબરની. એનો માસ્તર ગાંડાઘેલો હોય તો તમારી આબરૂ શી? બોલો દરબાર?''[૨૮૦] ઉપરાંત 'તમારા જેવા સમજદાર માણસ' જેવી ખુશામત ગોબરજીના મનમાં ઠેકડા મારતા આભડછેટના ભૂતને કાબૂમાં લે છે. ગોબરસિંહના દરબારી સ્વભાવમાં પરિવર્તન આવે છે! તે ધીમેધીમે માસ્તરની વધુ નજીક આવે છે ને સંબંધ વિકસે છે. ગોબરસિંહની ધમકીથી ગામના મુખી પણ છાપું ઊંચેથી ફેંકવાને બદલે કથાનાયકના હાથમાં આપે છે. ગોબરસિંહ પથારીવશ થતાં કથાનાયક તેની ખબર કાઢવા ગયા. આમ, સંબંધ ગાઢ થતાં એકવાર માસ્તર ગોબરસિંહના કૂવે જાય છે. ગોબરજી પરાણે દારૂની પ્યાલી સામે ધરે છે. કથાનાયક કહે છે દારૂ પીવું તો ભાન રહેતું નથી ને ગાળો બોલાઈ જશે. છતાં પણ ગોબરસિંહ ધમકી આપતા કહે છે- ''ભોંડામઅ જઈ ગાળ, દિયોર હાંભળે, પિયાલી પાસી પડઅ તો ભોંડામઅ જઈ દોસદારી, આ ફરસી...... ઝટકો મેલતાં વાર નઈ કરું......''[૨૮૧] અંતે દારૂ પીતી વખતે ગોબરસિંહ સાથે સ્પષ્ટતા કરી લે છે કે, ચડી જાય તો વઢવાનું નહીં, એ શરતે દારૂપીને ગોબરસિંહને ગાળો સંભળાવી દે છે! ગોબરસિંહ અને માસ્તરનો સંવાદ જોઈએ

૨૭૯. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૭
૨૮૦. એજન, પૃ.૨૨
૨૮૧. એજન, પૃ.૨૮

'દરબાર !'

'બોલો માસ્તર !'

'મારે ગામમાં એક માણસને સીધું કરવું છે !'

'એ કુણ સઅ? મનઅ કો.'

'ના દરબાર, એને મારી જાતે સીધું કરવું છે. સાલ્લું માનતું નથી.'

'કુણ સઅ?'

'હાહરું પેલું ગોબરિયું, ગામમાં બહુ ધમાલ કરે છે, સાલ્લું મારી સામે આવે તો આમ મસળી નાખું દરબાર !'

કહેતાં બે હથેળી ભેગી કરી મસળવા માંડી. ગોબરજીનો ગુસ્સો સાતમા આસમાને હતો છતાં પોતે અભય વચન આપેલ હતું એટલે ચૂપચાપ સાંભળતો હતો.

'અલે માસ્તર, તમને ચઢી જ્યો સઅ. આંય ખાટલામઅ હુઈ રચો....' ભલા થઈ ખાટલામઅ હુઈ ર્યો! કહેતાં મને સાચવીને પકડી ખાટલામાં સુવાડ્યો.''[૨૮૨] અહીં ગામનો ઉતાર, કઠોર એવા ગોબરસિંહની કઠોરતા ઓગળી જાય છે ને તે માસ્તરને પાછા વાળી ન શકે એટલી આત્મીયતા, લાગણી ધરાવતા થઈ ગયા છે. કથાનાયકની બદલીના સમાચાર સાંભળતા જ ગોબરસિંહ ઢીલા થઈ જાય છે. ગોબરસિંહ અને માસ્તરનો સંવાદ જોઈએ-

'' માસ્તર, ભૂંડા આ ગાંમ છોડી જહો?'

'હા દરબાર, બદલી થઈ એટલે જવું તો પડેને?'

પણ હાહરું, ઑમ વેલાં વેલાં' એણે માથું ધુણાવ્યું. તેના અવાજમાં ભીનાશ હતી''[૨૮૩] વાર્તાના અંતે કથાનાયકે ગોબરસિંહનો દારૂ પીધેલો તેના બદલામાં દશ રૂપિયા આપે છે. ત્યારે ગોબરસિંહ લાગણીવશ થઈ કહે છે- ''આ હું.... ના માસ્તર; આ ના લેવાય. ....''[૨૮૪] ગોબરસિંહના અવાજમાં કંપ હતો. વાર્તાનો અંત નર્યો ભાવનાવાદી જણાય છે. ગોબરસિંહ અને માસ્તર બંને એકમેકને ચાહતા થાય છે. દલિત અને સવર્ણના સંબંધો અંતે સમરસ બને છે. વાર્તાન્તે ગોબરસિંહમાં ઘર કરી ગયેલ મલિનતા સામાજિક વર્ણવ્યવસ્થા પર આધારિત છે જેને માસ્તર યુક્તિપૂર્વક દૂર કરે છે. મોહન પરમારનો આ સંદર્ભે નો અભિપ્રાય જોઈએ. ''કહેવાતા ઉજળિયાતના મનમાં યુગોથી ઘર કરી ગયેલી ગ્રંથિઓને તોડવાની સમજ તે પણ દલિતોનું એક શસ્ત્ર છે. આ વાર્તામાં વાર્તાકારે કુશળતાપૂર્વક તે શસ્ત્રનો વિનિયોગ કરીને વાર્તાને ધારદાર બનાવી છે.''[૨૮૫]

---

૨૮૨. એજન, પૃ.૨૯

૨૮૩. એજન, પૃ.૩૧, ૩૨

૨૮૪. એજન, પૃ.૩૪

૨૮૫. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૧૫૭

ગોબરસિંહના રૂઢિજડ ખ્યાલોને તોડવા માટે માસ્તરે પ્રયોજેલી પ્રયુક્તિમાં સર્જકની સર્જકતાની અનુભૂતિ થાય છે. માસ્તર કુનેહપૂર્વક ગોબરસિંહના આભડછેટના ભૂતનું શમન કરે છે. એમાંજ સર્જકની સર્જક પ્રતિભા નિખળે છે. ગોબરસિંહની જોહુકમી સામે માસ્તરને વિદ્રોહ કરતો બતાવ્યો હોત તો સર્જકે નવું શું કર્યું એવો પ્રશ્ન થાત. દલિત વાર્તાનાયકની બદલો લેવાની વિશિષ્ટ આવડત ધ્યાનપાત્ર છે. ગ્રામ્ય બોલીનો અહીં સમર્થ વિનિયોગ થયો છે. સંવાદો પણ ધારદાર સ્પર્શી જાય તેવા છે. પ્રથમ પુરુષનું કથનકેન્દ્ર વિષયવસ્તુને ઉપકારક નિવડ્યું છે. વાર્તાનાયક માસ્તર બંને બાજુથી ફસાયા છે છતાં તેના કથનમાં હળવાશ છે. વિજય શાસ્ત્રીના વાર્તા અંગેના અભિપ્રાય સાથે સૂર પુરાવવાનું મન થાય. તે નોંધે છે કે: ''વ્યક્તિમાં પડેલી સારપને ઢાંકી દેતા કુસંસ્કારોનાં આવરણને એક પછી એક ઉખેળતાં જઈ, છેવટ જતાં તેની સારપને જ પ્રકાશિત કરવાનું કામ એ સાચા શિક્ષકની ફરજ છે. આ વાત- ઉપદેશાત્મક ન બની જતાં વાર્તામાં પરિણમે છે.''[૨૮૬] 'દરબાર' સંઘેડા ઉતાર વાર્તા બની છે.

દલિતોના શોષણ, દમન અને જોહુકમી સામે નવી પેઢીના પ્રભાવક પ્રતિકારને પ્રગટ કરતી હરીશ મંગલમ્‌ની 'પગદંડી' વાર્તા એક નવી કેડીનો સંકેત કરે છે.

'*પગદંડી*' વાર્તામાં ત્રણ દલિત મિત્રો ઈશ્વર, ધનજી અને શિવો ખેતરમાં મજૂરી કરવા જાય છે. શેઢે-શેઢે થઈને ખેતરે જવામાં રસ્તો લાંબો પડતો હતો. એથી રસ્તો ટૂંકો પડે અને જલ્દીથી કામ પર ચડી શકાય એ હેતુથી ત્રણે જણ બહેચર પટેલના ઊભા ખેતરમાંથી જતાં, આથી ખેતર વચ્ચે પગદંડી બની ગઈ. પગદંડી એટલે પગવાટ, કેડી. આ પગદંડીથી બહેચર પટેલના પાકને નુકસાન નથી થતું પરંતુ તેના વર્ષોથી ચાલ્યા આવતા અધિકારને પડકારે છે તેથી તેમને મારવા પાવડો લઈને પાછળ દોડે છે. આથી આ ત્રણે જણ જીવ બચાવવા દોડે છે. દોડતાં-દોડતાં ઈશ્વરની નજર કણજીના ઝાડ પાસે ખેતરમાં દાંતી ફેરવતા બાળપણમાં શાળામાં સાથે ભણતા માથાભારે મિત્ર ધૂળસિંહ દરબાર પર પડે છે, આથી એની મદદ માંગવા જાય છે. ધૂળસિંહ પરિસ્થિતિ કળી જતાં બહેચર પટેલને ડારો આપી હડધૂત કરી તગેડી મૂકે છે. અંતે બહેચર પટેલ ઝનૂની દરબારો આગળ આજ દિન સુધી કોઈનું ચાલ્યું નથી, એવું મનમાં વિચારતા- વિચારતા, લૂસ બનીને વીલા મોંએ પાછો ફર્યો. દરબાર આ ત્રણે જણને સામનો કરવા સલાહ આપે છે. આમ તો ત્રણે મિત્રોને દરબારની મદદથી બચ્યાનો આનંદ છે પણ શિવાના મનમાં ઘમસાણ મચી જાય છે. તેને જાણે આમાંથી પ્રેરણા મળી જાય છે. શિવામાં પ્રતિઘાતની ચિનગારી પ્રજ્વલિત્ થઈ જાય છે. ધનજી ને ઈશ્વર પણ ઊંડે-ઊંડે એવું જ ઈચ્છતાં'તા. શિવાની આંખો સમક્ષ લાલબમ્બ ગોળા જેવું કશુંક ચકળવકળ ઘૂમી રહ્યું હતું. એ ગોળામાંથી લાલ પીળી કેસરી જવાળાઓ લબકારા લેતી હતી... અંતે આ લાલગોળા ક્રોધ, બદલાનું પ્રતીક બને છે. યોજના ઘડીને એક દિવસ અંધારાનો લાભ લઈ એ બધા બહેચર પટેલને બરાબરનો ફટકારે છે. બહેચરની સ્થિતિ કફોડી થાય છે. આજુબાજુના વિસ્તારમાં 'નાગોટાટ' તરીકે પંકાયેલો બહેચર અંદરથી ઢીલોઢફ થઈ જાય છે. સવર્ણ સહજ અભિમાનને કારણે મેથીપાક ખાઈ ચૂકેલો બહેચર પોતાની કરુણ પરિસ્થિતિ વિશે કોઈને કહી

---

૨૮૬. શબ્દસૃષ્ટિ, જાન્યુઆરી, ૨૦૦૪, પૃ.૧૫૨

શકતો નથી– ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂવે એવો ઘાટ બહેચરનો થાય છે. બહેચરને વાગેલું જોઈ કોઈ પૂછે તો કહેતો– ચક્કર આવવાથી અચાનક પટકાયો ને આ પથ્થર વાગ્યો ! દલિતોએ માર્યો એવું કહેતા તો લૂલી ઉપડે જ કેવી રીતે? તો તો ઉજળિયાત કોમની આબરૂ જાય. વળી બહેચરની ગણતરી જબરામાં થતી એટલે તો જબરાપણું લાજી મરે! નામોશી થાય ને નાક પણ કપાય ! બહેચર ના કહેવાય કે ના રહેવાય જેવી પરિસ્થિતિમાં મૂકાયો. તે મૂંગે મોઢે સહન કરીને વાતને ધૂળ ચડાવે તેથી કોમી ધીંગાણું થતાં રહી જાય છે. અંતે નરમઘેંશ થઈ ગયેલો બહેચર શિવાને પગદંડીએ જતો જોઈ નમ્રતાથી, આજીજી કરતાં કહે છે: ''શિવા શેઢે શેઢે જતો હોય તો !'' શિવો બહેચર પટેલની વાતને અવગણીને હસતા-હસતા ખંભે કૂહાડી સરખી કરતા સડસડાટ ચાલતો થયો. વાર્તાના અંતે શિવો આંખો પહોળી કરી, દાઢો કચકચાવીને પાટાથી વીસ ડગલાં દૂરથી દોટ લગાવી સામે જમીનમાં ચોંપેલાં ગદેલિયામાં એને બહેચર ઊભેલો દેખાયો. પૂરા જોશથી ગદેલિયું ગદગદાવ્યું જે રમરમાટ કરતું ગદતું-ગદતું જઈ રહ્યું હતું પેલી તરફ.....

આપણી સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક વ્યવસ્થાને કારણે દલિતોને ખૂબ જ વેઠવું પડ્યું છે. આથી સવર્ણોની જોહુકમી સામે અવાજ ઉઠાવતા તે ડરે છે, જેમકે- ''ઉજળિયાતને મારીને પછી ગામમાં રહેવાનું છે કે નહિ? ગામ એ લોકનું ને સરપંચ પણ એમનો જ. વાંક એમનો હોય તો પણ વેઠવાનું તો દલિતોને જ ! વળી, વાતનું વતેસર થાય તો વાત બહિષ્કાર સુધી પહોંચી જાય. કોઈ સાથ આપે નહિ. સવાર પડે ને રોજ ઑલું લઈને છાશ તો એમના ઘરે જ લેવા જવું પડે. મજૂરીએ ના બોલાવે તો બે ટંક ખાઈએ શું? ભૂખે વલવલાટ વેઠવો પડે. વાસનાં ઘરડાં માણસો દબડાવે તે જુદું !''[૨૮૭] દલિતોએ જીવવું હોય તો અન્યાયના ઘૂંટડા પીવા જ પડે પણ આવા અન્યાય, અત્યાચારની પરાકાષ્ટા આવે છે ત્યારે તેના મન-અંતરમાં આક્રોશ, પ્રચંડ જવાળા ભભૂકી ઊઠે છે. સવર્ણો પોતાની શું વલે કરશે તેની જરા પણ પરવા કર્યા વિના તેનો પ્રતિકાર કરે છે. 'પગદંડી' માં બહેચર પટેલની જોહુકમી સામે ઈશ્વર, શિવો અને ધનજી ટકરાય છે ને તેના એકાધિકારવાદને પડકારે છે. આ વાર્તા વર્તમાન સમયના બદલાતાં પરિવેશને સૂચિત કરે છે. દલિત વર્ગનું પ્રતિનિધિ કરતા પાત્રો શિવો, ધનજી, ઈશ્વર ઉજ્જળિયાતોના એકાધિકારવાદને પડકારી સમાજમાં ક્રાંતિ લાવે છે ને સમાજમાં એક નવી કેડી કંડારે છે. આ વાર્તા સંદર્ભે ડૉ. કેસર મકવાણા નોંધે છે. '' 'પગદંડી' માં લેખકે દલિત સમસ્યાના ઉકેલનું પગેરુ ચીંધવાનો સર્જક ધર્મ બજાવ્યો છે. ''[૨૮૮]

વાર્તામાં અસ્પૃશ્યતાનો સંકેત પણ મળે છે. સહાધ્યાય મિત્ર ધૂળસિંહ જ્યારે વિકટ સંજોગોમાં મૂકાયેલા શિવા, ધનજી અને ઈશ્વરને બચાવે છે ત્યારે ધનજી ખુશ થઈને ધૂળસિંહને ભેટી પડે છે ત્યારે તેને છૂટો પાડતા સંકોચભાવે ધૂળસિંહે કહ્યું- ''આપણનં તો એવું કાંઈ નથી.... પણ અમારી કોમનું કોક જોઈ જાય તો?''[૨૮૯] અહીં ધૂળસિંહ દરબાર પણ સમાજથી કેટલો ડરે છે તે ખૂબ વેધક રીતે દર્શાવ્યું છે.

૨૮૭. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૧૫
૨૮૮. હયાતી, માર્ચ-જૂન, ૨૦૦૫, પૃ.૫૧
૨૮૯. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૦૭

'પગદંડી' વાર્તામાં બોલીનો અસરકારક વિનિયોગ થયો છે. બોલી દ્વારા પાત્રો જીવંત બની ઉઠયા છે ને તેની વ્યક્તિગત લાક્ષણિકતાઓ પણ ઉપસી આવે છે. સવારે કામ પર જતાં મહોલ્લાનાં ખેતમજૂરોનાં સંવાદમાં તેમની લાગણીઓ- ભાવનાઓ રજૂ થઈ છે. 'રાંડ ચેટલી વાર?' ''ચ્યમ રાજરાણી આજ કૉય રાતરાણી બન્યાં તા તે....'' ''રૂખલી! તું તો ઉબેઠી સઅ... હરખી રીતે મોઢુંય ધોવા દેતી નથી! તારો ઘરાક કૉય એવો મોટો જબરો સઅ તે ગાળ્યો બોલશે? મૉયથી લેકું જ લઈ લઉં! જબરો હોય તો ઈના ઘરનો, હું હમજી?''[૨૯૦] વાર્તામાં પ્રયોજાયેલ કહેવતો, રૂઢિપ્રયોગો ને શબ્દો જે તે સમાજની બોલી પરત્વેની ખાસિયતો સર્જકે સભાનતાથી નોંધી છે. 'ચૂલામાંનું પ્રજળતું છાણું જેમ ધીમે ધીમે ઓલવાઈ જાય તેમ આ વાત પર ઠંડું પાણી રેડાયું, દશ્ય ખાંગુ થઈને ત્રાટકતું.' 'જોડો કાદવામાં કુંસ,' 'લાકડાનો ઘોડો દોડવામાં કુંસ,' 'બામણ ના'વામાં કુંસ,' વાણિયો અને કણબી લડવામાં કુંસ ! ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂવે. નાગોટાટ, ઢીંલોઢફ, લેકું, ટાંટિયાનું તોરણ, બુંહો, અડબંગ વગેરે તેમજ વાસ, ખેતી, સીમ, ખેતર, પ્રકૃતિના તત્ત્વો વગેરે દ્વારા વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ લેખક રચી શકયા છે. પાત્રોના મનોભાવોને પણ કલાત્મક રીતે આલેખી શકયા છે. દલિત મજૂરોનું માનસ ને મહોલ્લાનો માહોલ ચિત્રાત્મક રીતે પ્રગટ થયાં છે. જનમાનસને અંકે કરતી આ વાર્તા કૃતક ન બનતા સહજ આરોહ- અવરોહ રચતી ગતિ કરે છે ને એના ગર્ભિતાર્થ ને સાહજિકતાથી તાકે છે. 'પગદંડી' દલિત ચેતનાને પ્રકટ કરતી વાર્તા છે.

ભી.ન. વણકરની '*ધારાવઈ*' માં સદીઓથી ચાલી આવતી દશેરાના દિવસે ગામને ધારાવઈ બાંધવાની પરંપરાનો નકાર છે. વૃદ્ધ કરસન ડોસા અને તેમનો M.B.A. કરતા દીકરા મેઘનાથની આસપાસ વાર્તા ગતિ કરે છે.

દશેરાના દિવસે માતાજીના મંદિરે દલિતો દ્વારા ધારાવઈ બાંધવાનો રિવાજ છે. દલિત કરસન ડોસાને દર વર્ષે ધારાવઈ બાંધવી પડે છે પણ હવે તે ઘરડા થયા છે. ગયા વર્ષે તો તેના દીકરા મેઘનાથે ધારાવઈ બાંધી હતી પણ હવે આ બધુ એને ફારસ જેવું લાગ્યું હતું. મેઘનાથને દેવોને દારૂ ચઢાવવાની પ્રથા સામેય નફરત છે, ગામના વિકાસ અને સંરક્ષણની કાનૂની જવાબદારી જેને શીરે છે એવા લોકોના પ્રતિનિધિઓ દ્વારા જ રૂઢિને નામે દારૂના જાહેર પ્રદર્શન સામે શા માટે ધારાભંગનો ગૂનો દાખલ નથી થતો? એવો વિચાર પણ તેને આવે છે. ગામના આ કુરિવાજો સામે મેઘનાથને ભારોભાર ઘૃણા છે. એથી વિશેષ તો ધારાવઈ બાંધતા ગામના લોકોએ તેની મશ્કરી કરી. ટોળામાં દૂર ઊભેલા બળદેવ ડેલાવાળાએ વ્યંગમાં કહ્યું: ''લ્યા કરસન ડોહાને બદલે, આ કોણ સામુંસઅ બાલેટન બનીને?'' બીજાએ કહ્યું, ''હલકી વરણ ને..... આછકલાઈ ઘણી....'' અને ટોળાએ ઠીઠીયારો કર્યો 'મેઘનાથ સામે જોઈ' ''આ મગલો ન હું નેના હતા ત્યારે ભેગા ભણતા. અમે હઉ એને રેંગણિયો કહેતા.... પણ અવઅ.... જુઓને ઓળખાય શઅ..... કોઈ કે'કે સોકરો.....''[૨૯૧] ગયા વર્ષે ધારાવઈ બાંધતા થયેલા આ અપમાનને કારણે મેઘનાથ આ દશેરા ઉપર આવ્યો નથી. તેનું ન આવવાનું કારણ પિતા કરસન

૨૯૦. એજન, પૃ.૧૦૮
૨૯૧. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૧૦૦,૧૦૧

ડોહા પામી જાય છે. જાણે મેઘનાથ પોતાને ''બાપા, હવે છોડો આ બધું, આ કામ આપણું નથી, કહી દો એ લોકોને !''[૨૯૨] કહેતાં હોય એવું લાગે છે. ધારાવઈ બાંધવાનો સમય થતાં વશરામ વાળંદ તેને બોલાવવા આવે છે. કરસન ડોસાને ધારાવઈ બાંધવા ન જવાનાં કેવાં માઠાં પરિણામ આવશે એની જાણ છે છતાં ત્યાં જવાનું ટાળે છે અને સાળમાં ગોઠવાઈ કામગીરીમાં લાગી જાય છે. કરસન ડોસો પરંપરિત કુરિવાજને તોડવાની હિંમત કરે છે. આમ, પરંપરામાં આવેલા પરિવર્તનની આ વાર્તા છે. મોહન પરમાર નોંધે છે તેમ ''કરસન ડોસાના મનનું આ પરિવર્તન સામાજિક જાગૃતિનું સૂચક બની રહે છે.''[૨૯૩]

માય ડિયર જયુની 'પ્રવેશ' વાર્તાની યાદ અપાવતી ધરમાભાઈ શ્રીમાળીની '*સામૈયું*' વાર્તામાં ગામની ભાગોળે વાસમાં રહેતી દલિત બહેનોને ગામ કૂવે પાણી ભરાવવાનાં સરકારી નાટકનું આલેખન થયું છે.

'પ્રવેશ'માં શાળામાં દલિત બાળકોને પ્રવેશ આપવાનો સરકારી હુકમ છે તેમ અહીં પણ સરકારના હુકમથી ગામમાં પ્રધાનનું સામૈયું કરવાનું હતું, એમાં દલિત સ્ત્રીઓને પણ સામેલ કરવાની હતી. જે પગથારેથી ક્યારેય પગ નહોતો મુકી શકાતો તે પગથારેથી પાણીના બેડા ભરીને દલિત બહેનોએ પ્રધાનનું સામૈયું કરવાનું હતું. આથી આખો દલિતવાસ ખુશ હતો. સજીધજીને સામૈયું કરવા ગયેલો વાસ ત્યાં જઈને જુએ છે તો સવર્ણવર્ણની સ્ત્રીઓને દલિતબહેનો તરીકે રજૂ કરીને આખુ નાટક પુરું થઈ ગયેલું! અંતે આભારવિધિ કરતા સરપંચ સિફતપૂર્વક જણાવે છે કે પ્રધાનશ્રીને બીજા કાર્યક્રમમાં જાવાનું હોવાથી દલિતવાસમાં જઈ શકાય એમ નથી! લોકોને આઘાત લાગે છે. આથી દલિત સ્ત્રીઓ તાંબા- પિતળના બેડાનો છૂટો ઘા કરીને પોતાનો આક્રોશ વ્યક્ત કરે છે. વર્ષોથી રાજકારણીઓ દ્વારા રમાતા નાટકનો અહીં પર્દાફાશ થયો છે. વાર્તા નાની બાળકી ચંપાના દષ્ટિકોણથી મુકવામાં સર્જકની કુશળતા જોઈ શકાય છે. વાસની અતિ ઉત્સાહી ચંપા કાર્યક્રમમાં મોડી પહોંચે છે. કાર્યક્રમસ્થળે બધાને ઉદાસ જોઈ તેને નવાઈ લાગે છે ને કહે છે, ''ચ્યમ, આ બધાં આંય ઊભાં સી? મા તો કે'તીતી કઅ ગૉમકૂવેથી હોમૈયું કરીન હઉવ આપડા વાહમઅ્....! ને આ શું? આ શારદી, સવલી, પરભા, હંસાફઈ.... હઉવ ગૉમલોકોના ચેડી ચ્યમ બેઠી સી.... નઅ્ આ જોવોભા ! એને હસવું આવી ગયું, મનમાં થયું, ''હંઅ.... અમણાં મારી હંગાથ બોલ્યા ન'તા ન્ ભજન ગા ગા કરતા'તા..... હારું થ્યું....હઉના ચેડી ઊભા રે'વાનો નંબર લાજ્યો તે.....''[૨૯૪]

સામૈયા અંગે વધારે સમજણ ન પડતા ચંપા પિતાને પુછી બેસે છે 'હે.. બાપા, હોમૈયું ચ્યારે થાશે?' આ પ્રશ્ન માત્ર ચંપા દ્વારા જ નહીં પણ સમગ્ર દલિત સમાજ દ્વારા પૂછાતો પ્રશ્ન બની રહે છે. સામૈયું સંઘેડા ઉતાર વાર્તા છે.

---

૨૯૨. એજન, પૃ.૧૦૩

૨૯૩. એજન, પૃ.૧૫૩

૨૯૪. નરક, ધરમાભાઈ શ્રીમાળી, પ્ર.આ. ૨૦૦૩, પૃ.૬૦

બી. કેશરશિવમ્‌ની '*મંકોડો*' દલિત ચેતનાની પ્રતીકાત્મ વાર્તા છે. સવર્ણ જમીનદાર રણછોડ દલિત સંતોકનું જાતીય શોષણ કરે છે. શોષણથી વાજ આવી ગયેલી સંતોક અંતે ચંડીરૂપ ધારણ કરીને કામવાસના લોલુપ એવા રણછોડની ઈન્દ્રી મંકોડાના આંકડાની જેમ કાપી નાખે છે. સંતોક કહે છે- 'લે આ તારું ડેંટુય લેતો જા.'[૨૯૫] અહીં આધુનિક સમયની ફુલનદેવી યાદ આવ્યા વિના રહેતી નથી. હિન્દી સાહિત્યકાર કુસુમ મેઘવાલની 'અંગાર' વાર્તાની જમના પણ અંગારા બનીને પોતાના પર બળાત્કાર કરનાર સુમેરસિંહની ઈન્દ્રી કાપી નાખે છે. દલિત સ્ત્રીમાં જાગેલી ચેતનાને સર્જકે વાચા આપી છે. વાર્તામાં મંકોડાનું પ્રતીક દલિત નારીની વ્યથિત મનોદશાની પરાકાષ્ટાનું સૂચન કરતું હોય એવું અનુભવાતું નથી.

બી. કેશરશિવમ્‌ની '*જેલના રોટલા*' બદલાવૃત્તિની વાર્તા છે. વાર્તાનાયિકા કમુ મંદિરમાં કામ કરવા જાય છે. મંદિરમાં સરપંચનો દીકરો જીવણ કમુની લાજ લુટવાનો પ્રયાસ કરે છે પણ કમુ જગદંબા બનીને ત્રિશૂળ વડે તેને ઢાળી દે છે. આ હત્યા પાછળનું એક દેખીતું કારણ તો પોતાની આબરૂ બચાવવાનું છે અને બીજુ કારણ તો તે મગનને જે વાત કરે છે તેમાથી સ્પષ્ટ થાય છે: ''મનઅ પેલો મારી માનો બનાવ યાદ આઈ જ્યો. ઈના બાપે મારી માના આવી રીતે વાર ઝાલ્યા તા, નાગી કરી આખા શેતરમઅ ફેરવી'તી.''[૨૯૬] આક્રમક બની અને બીજા અંતિમે જઈ જીવણની હત્યા કરે છે ત્યારે વાચકને આ અંતમાં કશું અજુગતું લાગતું નથી પણ એનો સ્વીકાર કરવાનું મન થાય છે. વાર્તામાં નવીન તત્ત્વ એ છે કે દલિત અને તે પણ નારી રણચંડી બની સમાજમાં વ્યાપકપણે પ્રવર્તમાન દૂષણોને કેવી રીતે પડકારે છે અને એનાં પરિણામો કંઈપણ આવે તે ભોગવવાની તૈયારી રાખે છે પણ આવી નારીશકિત અપવાદરૂપે જ જોવા મળે. લેખકની આ નબળી વાર્તા છે.

બી. કેશરશિવમ્‌ની '*જોગણી*' વાર્તાની વિધવા નાયિકા વાલી સસરા રૂપાજી સાથે હાથલારી ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. 'રાતી રાંયણની રતાશ'ની કેશલીની જેમ વાલી પણ ખુમારીથી સભર છે. વાલી એક દિવસ એકલી ચોપડીઓનાં બંડલ મૂકવા પાંચમાં માળે ગઈ. તેની એકલતાનો લાભ લઈને દુકાનદાર તેનો હાથ પકડે છે. તે દુકાનદારનાં બે પગ પકડી તેને ઊંચો કરી બાલ્કનીમાંથી નીચે ફેંકી ઘેર પાછી આવી જાય છે. વાલી પોતાનો દેહ વેચીને પૈસા કમાઈ શકત પણ તે એવું નથી કરતી. તે જીવનની ક્ષણભંગુરતા વચ્ચે પોતાના ગૌરવને ટકાવી રાખે છે. સહેજ પણ મચક આપતી નથી ને સ્વમાનભેર જીવન જીવે છે. ગામડા જેટલી આભડછેટ શહેરમાં પણ છે તેની પ્રતીતિ વાર્તામાંથી પસાર થતાં થાય છે. 'જેલમાં રોટલા'ની જેમ આ વાર્તા પણ વસ્તુસંકલના, ભાષાકર્મ વગેરેની દષ્ટિએ નબળી છે.

બી. કેશરશિવમ્‌ની '*શે'રની વહુ*' માં બહેન-ભાઈનો પ્રેમ અને એની ભીતર અનામત આંદોલનની ઝાળ છે. અનામત વિરોધી ટોળું કરસન પર આક્રમણ કરતાં વાર્તાનાયિકા કમું જોગણીનું

૨૯૫. રાતી રાંયણની રતાશ, બી. કેશરશિવમ્, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૨૪૦
૨૯૬. એજન, પૃ.૨૪૬

રૂપ ધારણ કરી એ હિંસક ટોળાના પંજામાંથી કરસનને તો મુકત કરાવે જ છે પણ સાથે- સાથે ટોળાના આગેવાન ગરબડદાસને પણ તેની છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી આપે છે. "એણે ગરબડની ફેંટ પકડી ને તે કાંઈ વિચારે તે પહેલાં એણે ગરબડના નાક પર બચકું ભર્યું. એવું બચકું ભર્યું કે ગરબડનું નાક કમુંના મોંમા આવી ગયું, કમુંનું મોઢું લોહી- લોહી થઈ ગયું. ત્યાં એણે પેલાના કાન મોંમાં ઘાલી દીધા ને કરડીને તોડી નાંખ્યા. કમું જાણે હડકાઈ થઈ હતી. ગરબડને જાણે ફાડી ખાવો હોય એમ તે વાઘણની જેમ બચકાં ભરવા માંડી...."[૨૯૭] અહીં કમુંના આ પ્રતિકારની ભીતર કરસનની રક્ષા માટેની બેચેની તો છે જ પણ સાથે-સાથે પિયરમાં અનામત વિરોધી ટોળાના હાથે પોતાના નાના ભાઈની થયેલ હત્યા પણ કારણભૂત છે. કમું કહે છે- "મા, મારા ભઈનઅ અનામતિયા ટોળાએ આવી રીતે જ મારી નાશ્યો'તો."[૨૯૮] કમુંનું ચરિત્ર જોતા વાર્તાનું શીર્ષક સમૂચિત છે. કરસન અને કમુના ગોપનીય સંબંધોનું રહસ્ય વાર્તાન્તે પૂંજી પામી જાય છે.

ભી.ન. વણકરની '*વંટોળ*' વાર્તામાં દલિત જીવલી એકલે હાથે ફતેસંગ- શંકરીયા જેવા સવર્ણોની હવસખોરીનો મુકાબલો કરે છે. અંતે સવર્ણો દલિતવાસને આગ ચાંપી દે છે... 'ગરીબ છું, અછૂત છું ને અબળા છું એટલે કોઈના પગ નીચે પીસાઈ નહીં જાઉં! હમજ્યાં! તમ તમારે જાઓ, જીવતર લાજે એવું જીવવા કરતાં તો હું લડી લઈશ.'[૨૯૯] આવો પડકાર ફેંકતી જીવલીને વાર્તાન્તે લપકારા લેતી જવાળાઓ વચ્ચે હોમી દેવામાં આવે છે જે અપ્રતીતિકર લાગે છે. વાર્તાનો અંતિમ ફકરો 'સૂરજ સાક્ષી છે પણ એ ય હમણાં ક્ષિતિજે આથમી જશે અને સર્વત્ર...' બિનજરૂરી છે. ભવિષ્યમાં શું થશે તેની ફોડ પાડવાની કાંઈ જરૂર છે ખરી?

'વંટોળ' પ્રતીકાત્મક વાર્તા છે. અનેક અર્થો નિષ્પન્ન થાય છે. એક તો પ્રકૃતિમાં વગડે ઉઠતો વંટોળ તો ખરો જ. આ ઉપરાંત જીવલીને જોતા ફતેસંગ શંકરીયામાં ઉઠતો વાસનાનો વંટોળ, જીવલીમાં આ નરાધમો સામે ઉઠતો ગુસ્સાનો વંટોળ, દલિત વાસમાં આગ લગાડી એ ઘટનાથી જીવલીમાં ઉઠતો પ્રતિકારનો વંટોળ. ડૉ. શરીફા વીજળીવાળાએ નોંધ્યું છે કે, "વગડે ઘૂમતો વંટોળ અંતે જતા આગના તાંડવરૂપ વંટોળમાં ફેરવાય છે."[૩૦૦]

૧૯૫૯માં 'ચાંદની'માં પ્રગટ થયેલી બી. કેશરશિવમ્‌ની '*રાતી રાંયણની રતાશ*' વાર્તા એક સત્ય ઘટના આધારિત છે. લેખક નોંધે છે કે વાર્તાનું બીજ "આજ તો સ્ટેશન પર જોવા જેવી થઈ. એક બાઈએ પોતાની મશ્કરી કરનારની ફેંટ પકડી હતી ને કહેતી હતી 'મને ધાઈને મા કહે અથવા તારી વહુ બનાય.'"[૩૦૧] ઘટનામાં રહેલું છે. ગામડામાં સુંદર સ્ત્રી માટે રાતી રાંયણ શબ્દ પ્રયોજાય છે. સુંદર સ્ત્રીનો ગુસ્સો એટલે 'રાતી રાંયણની રતાશ'. અહીં દલિત કેશલીનો ગુસ્સો ધ્યાનપાત્ર છે. કેશલી વાસના

---

૨૯૭. એજન, પૃ.૫૮,૫૯
૨૯૮. એજન, પૃ.૫૯
૨૯૯. વિલોપન, ભી.ન. વણકર, પૃ.૨૨
૩૦૦. વાર્તાસંદર્ભ, ડૉ. શરીફા વીજળીવાળા, પૃ.૮૫
૩૦૧. રાતી રાંયણની રતાશ, બી. કેશરશિવમ્, 'વાતોની વાત', પૃ.૧૪

-લોલુપ દીપાને ઊભી પૂંછડીએ કેવી રીતે નસાડી દે છે તેનું રસપ્રદ આલેખન છે. વાર્તા સંવાદ ને બોલીને કારણે પણ ધ્યાનપાત્ર બને છે.

''મારા ફાડ્યા, તારી માએ હવાશેર હૂંઠ ખાધી હોય તો મનઅ તારી વઉ બનાય. નેકર જો તું બાયલાનું બી હોય તો મનઅ ધાઈને, પજે લાજીને મા કઈને હેંડતો થા.'' (શવલી)

''મને માફ કર કેશલી, મારી ભૂલ થઈ અવ પસઅ હું તારું નામ કદી નંઈ લઉ.'' (દીપો)

''તારામાં સાંણ નહીં તો પસઅ મનઅ શું કા હેરાંન કરઅ સઅ? અવ કાંતો તારી વઉ બનાય ક મારું ધાવણ મુઢામઅ લે. (કેશલી)''[૩૦૨]

કેશલીનું સ્વમાની ને નીડરતાભર્યું વ્યક્તિત્વ ઉપસી આવ્યું છે. રમણલાલ જોશી કેશલીના પાત્ર સંદર્ભે નોંધે છે કે, ''....... રાતી રાંયણ જેવી કેશલીનું પાત્ર જીવંત છે. તે રાતી રાયણ જેવી છે તો એનામાં ઉગ્રતા- રતાશ પણ છે. બીજી રીતે પણ રાતી રાંયણ જેવી કેશલીના જાજરમાન સૌન્દર્યની રતાશ પણ છે.''[૩૦૩] હરીશ મંગલમ્ પણ લખે છે કે, ''યથાતથ વાસ્તવનું સંયત નિરૂપણ બળુકી ભાષાના સમુચિત વિનિયોગથી તેજના ચમકારાની જેમ ચમકી ઉઠે છે અત્ર-તત્ર. દલિત નારી કેશલીની ખુમારીનો ક્યાંય જોટો જડે તેમ નથી.''[૩૦૪]

હરિ પારની '*સોમલી*' વાર્તામાં દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજની વાત છે. સરપંચ દ્વારા થતું સોમલીનું શોષણ કેન્દ્રમાં છે. સોમલી ભરી કોર્ટમાં પોતાની વીતકકથા કહે છે..... ''મારી હાતે બળજબરી કરી. આખી રાત મારા ધણી ન હોય તેવું વર્તન કીધેલું... હું ખૂબ રડેલી પણ હું થાય? એણે કેયલું: આ કંઈ નવું નથી. આ તો પેઢી દર પેઢીનો નાતો સે અમારો તમારી હાતે. આવો જ. ત્યારે જ મને ભાન થૈલું કે ઉં કોની હાતે પરણી તે.''[૩૦૫] પણ વાર્તાન્તે સોમલી સરપંચ દ્વારા થતા જાતીય શોષણ સામે બિચારી- બાવડી ન બની રહેતા તે અન્યાયનો પ્રતીકાર કરે છે. તે પોતાની પુત્રવધુને સરપંચની કુદૃષ્ટિનો ભોગ બનવા દેવા માગતી નથી ને સરપંચને દાતરડા વડે વધેરી નાખે છે. વાર્તામાં સોમલીની એક બળવાન, વિદ્રોહી નારીની છબી આલેખાઈ છે પણ લેખકે ન્યાયધીશનો ફેસલો ''ગરીબ સોમલીને ઉગારી ન્યાયતંત્રનું ત્રાજવું સમતોલ રાખ્યું !''[૩૦૬] વાર્તાને મુખર બનાવી દે છે. વિષયવસ્તુ સુરતી બોલીમાં સબળપણે અભિવ્યંજિત થયું છે, પરિણામે પાત્રો જીવંત લાગે છે. પોલીસ ખાતાની સરપંચ સાથેની સાંઠગાંઠ વર્ષોથી ચાલી આવે છે એમ આ વાર્તા વાંચતાં જણાય છે. સત્તા સાથે રહેતું પોલીસતંત્ર કેટલું સડેલું હોય છે તેની પ્રતીતિ અહીં થયા વગર રહેતી નથી. વર્તમાન પરિસ્થિતિનું પ્રતિબિંબ ઝિલાયું છે એમ નથી લાગતું ?

---

૩૦૨. એજન, પૃ.૨
૩૦૩. એજન, 'સ્વાગત'
૩૦૪. પ્રતિધ્વનિ, હરીશ મંગલમ્. પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬, પૃ.૧૬૦
૩૦૫. ગુજરાતી દલિત વાર્તા, સંપાદક, મોહન પરમાર, હરીશ મંગલમ્, આર. આર. શેઠ, પુનર્મુદ્રણ, પ્ર.આ.૧૯૯૩, પૃ.૧૬,૧૭
૩૦૬. એજન, પૃ.૨૦

મોહન પરમારની '*થળી*' વાર્તામાં દલિત નારીની સંવેદનાનું અનોખી રીતે વર્ણન થયું છે. વાર્તામા સવર્ણ માનસિંહ દલિત પરણેતર રેવીનું જાતીય શોષણ કરે છે ત્યારે રેવી કેવી ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ જાય છે ને એ પરિસ્થિતિમાંથી રેવી કેવી રીતે મુક્તિ મેળવે છે, એ સમયના રેવીના મનોબળને લેખકે કુશળતાથી નિરૂપણ કર્યું છે.

વાર્તાનાયિકા રેવી ખૂબ જ રૂપાળી છે. રેવીનો પતિ ચમન તૂરી હોવાને લીધે મોટે ભાગે ખેલ કરવા માટે બહારગામ જતો હોય છે, ત્યારે માનસિંહ તેની એકલતાનો લાભ લઈ રેવીને પોતાની સાથે શરીર સંબંધ બાંધવા માટે મજબૂર કરે છે. માનસિંહ પોતે ઠાકોર હોવાને કારણે જ રેવીને પોતાની ભોગ્યા સમજે છે. તે રેવીને પોતાની સાથે અનૈતિક સંબંધ બાંધવા માટે મજબૂર કરે છે.માનસિંહ દારૂ પીને ગુસ્સામાં રેવીના વાસમાં બધા લોકોની વચ્ચે લેવા માટે આવે છે ને રેવી મૂંઝાઈ જાય છે ને તેને હાથજોડીને આજીજી કરે છે– ''તમનઅ પગે લાગું છું. આંયથી જાવ ભૈસાબ!

તું આગળ થા !''

રેવી કાળઝાળ થઈ ઊઠી હતી પણ શું કરે? દયાજનક સ્થિતિમાં એ ઓઝપાઈ ગઈ. બોલે તોય દુ:ખ ને ના બોલે તોય દુ:ખ. ધૂળો એના બે પગ વચ્ચે આવીને ભરાઈ ગયો. એના માથાપર હાથ ફેરવતાં– ફેરવતાં રેવીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતા. એ ધીરેથી બોલી–

'કાલ હું સેતરમાં આયે'
'વચન આલ !'
'આલ્યું.'
'અનઅ નઈ આય તો......'[૩૦૭]

આમ, માનસિંહ રેવીના વાસમાં આવીને રેવીને બેઈજ્જત કરે છે. રેવી કુટુંબમાં– સમાજમાં હતી ન હતી જેવી પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. લેખકે રેવીની ત્રસ્ત મનોદશાને 'ભીંતની તિરાડોમાં પોતે ફસાઈ ગઈ છે', એવા કથન દ્વારા પ્રગટ કરી છે. રેવીને પણ આરંભે તો માનસિંહનો સંગ કંઈક અંશે ગમે છે પણ અંતે તેને સમાજના મૂલ્યો સમજાય છે. રેવી મનોમન વિચારે છે કે પોતાનો જેઠ ભગો અને જેઠાણી તખી પોતાના ખૂબ જ વખાણ કરે છે. સમાજ– કુટુંબ શું છે તેની જાણ થતાં તે સમાજમાં પોતાનું માનભર્યું સ્થાન ટકાવી રાખવા ઈચ્છે છે. ફજેતો થવાના ડરે ચુસાતી રેવી અંતે રોજના ફજેતાથી વિફરી બેસે છે. સમાજમાં પોતાની બેઈજ્જત કરનાર માનસિંહને પાઠ ભણાવવાનો દઢ સંકલ્પ કરે છે. પતિ ચમન અને પુત્ર ધૂળાના વિચારે ઘણાં વખતથી માનસિંહના ત્રાસને સહન કરતી રેવી એમાથી મુક્ત થવા થળી ઓળંગી લોકલાજ છોડીને દાતરડું લઈને નિકળી પડે છે– ''મારા ભાના હાળા ! તુંય જો હવઅ... તનઅ તાબોટા પાડતો ના કરી મેલું તો જો જે..''[૩૦૮] એવું દાંત ભીસીને વિચારતી રેવીનો આક્રોશ જો ખરેખર દાતરડે વ્યકત થયો હોત તો લેખકે નવું શું સિધ્ધ કર્યું હોત? એવો

૩૦૭. કુંભી, મોહન પરમાર, રન્નાદે પ્રકાન, બીજી આવૃત્તિ,૨૦૦૫, પૃ.૧૧૩
૩૦૮. એજન, પૃ.૧૧૮

પ્રશ્ન કોઈ પણ ભાવકને થાત પણ રેવી યુક્તિપૂર્વક માનસિંહને કહે છે– 'મારઅ તમારું ઘર માંડવું છઅ એટલે !'.... આમ બીતાં– બીતાં રઈયે ઈના કરતાં કાયમ હંગાથે રેવું હારું... પછઅ તમે અનઅ હું.... કોઈની કશી બીક જ નૈ! ..... ના હો! આ રોજના હડમાલા મારાથી નહિ વેઠાય. હેંડો તમારા દરબારવાહમાં જ આવું છું. મનઅ તમારા ઘરનું પોણી ભરવાના અભરખા જાગ્યા છઅ.''[૩૦૯] કહીને રેવી માનસિંહને બરાબર ભીંસમાં લે છે. રેવીની વાત સાંભળતાં જ બાપુ માનસિંહ ગભરાઈ જાય છે ને ઢીલાઢફ થઈ જાય છે. હોશકોશ ઉડી જાય છે. તે મૂંઝવણમાં મુકાઈ જાય છે. હવે સમાજથી ડરવાનો વાળો રેવીનો નહિ પણ માનસિંહનો આવે છે. માનસિંહ મનોમન વિચારે છે કે ''મી ઈની ફજેતી કરવામાં કાંય બાચી રાશ્યું નથી. હવઅ એય રઢે ભરોણી છઅ. આજ મારો ધજાગરો કર્યા વના એ નઈ જંપઅ... ધારોકઅ હૈડી ચાલી આયીનઅ મારા ઘરમાં જ બેહી જાય તો... પછઅ બધુંય થાય પણ એકવાર આબરૂ જાય એટલે આખા મલકમાં થૂ-થૂ થઈ જવાની. પછઅ નાતમાં માથા જેવડી છોડીઓનાં હગાં કુણ બાંધશી.''[૩૧૦] આવું વિચાર્યા પછી માનસિંહ ટાઢોબોર થઈ જાય છે. માનસિંહ સમાજ-કુટુંબ- ગામમાં પોતાની આબરૂની ચિંતામાં ભીરુ, ઓશિયાળો બની જાય છે. અંતે માનસિંહ રેવીને તેના વાસમાં નહિ આવવાનું અને પોતે તેને પરેશાન નહિ કરે એવું વચન આપે છે. 'થળી' વાર્તામાં રેવી મુકત– સ્વતંત્ર માનવ બનવા થળી ઓળંગવા સુધીની હિંમત કરે છે. વાર્તાના અંતે એક બાબત સ્પષ્ટ થાય છે કે રેવીના જાતીય શોષણના મૂળમાં તો વર્ણવ્યવસ્થા જ છે પણ રેવી ખૂબ જ હોશિયાર અને બુદ્ધિશાળી છે. પરિસ્થિતિ પ્રમાણે કામ કરવામાં કુશળ છે. વાર્તાના અંતે રેવી વર્ણવ્યવસ્થાનો જ ઉપયોગ કરીને માનસિંહને ભીંસમાં લે છે અને તેને પરાજય કરે છે. શોષણખોર માનસિંહ સામે વિદ્રોહ કરતી રેવીનો વિજય વિશિષ્ટ રીતે આલેખાયો છે. આ સંદર્ભે ડૉ. શરીફા વીજળીવાળએ ઉચિત જ નોંધ્યું છે કે– ''બાપુના જોડા એમના જ ગળામાં પહેરાવી આપતી રેવીનો વિદ્રોહ અનોખી, અણધારી અને અકલ્પ્ય રીતે વ્યકત થયો છે.''[૩૧૧]

'થળી' વાર્તામાં રેવી અંતે મુકત પંખીની જેમ કિલ્લોલ કરી ઉઠે છે. તે આધુનિક નારીનું સ્વરૂપ ધારણ કરે છે. વાર્તામાં રેવીનો આક્રોશભર્યો પ્રતિકાર બુદ્ધિપૂર્વકનો હોવાથી વાચકની દાદ માગી લે છે. અન્ય સ્ત્રીપાત્રો કરતાં રેવી જુદી તરી આવે છે છતાં પણ રેવીના પાત્રમાં જે પરિવર્તન આવ્યું છે (વાર્તાના આરંભે માનસિંહનો સહવાસ ઝંખતી અને અંતે તેને તિરસ્કારતી, ધુત્કારતી) તે પરિવર્તન અણધાર્યું લાગે છે પણ તેમાં જ લેખકની ખરી કલાસૂઝ પ્રગટ થાય છે. 'થળી'માં રેવીનો આંતર આક્રોશ કળાત્મક રૂપ પામ્યો છે. રેવીના વિદ્રોહને મહાશ્વેતાદેવીની 'દ્રોપદી' વાર્તા જોડે તુલના કરી શકાય. રેવીના પાત્રની સામે બાપુ માનસિંહનું પાત્ર ફિસ્સુ લાગે છે. માનસિંહનું સ્વાર્થી, દંભી, નિરસ વ્યક્તિત્વ ઉપસી આવે છે. રેવીનું જાતીય શોષણ કરતા માનસિંહને જ્યારે રેવી પોતાની સાથે લગ્ન કરવાનું કહે છે ત્યારે તે કહે છે– 'તું રચી હરિજન અનઅ અમે રયા બાપુ! છી છી છી મારા ઘરમાં તું ના શોભે....'[૩૧૨] માનસિંહને દલિત રેવી સાથે શરીર સંબંધ રાખવામાં વાંધો નથી પણ લગ્ન કરવામાં વાંધો છે!

---

૩૦૯. કુંભી, મોહન પરમાર, પૃ.૧૧૯

૩૧૦. એજન, પૃ.૧૨૦

૩૧૧. ફા.ગુ.સા. ત્રૈમાસિક, જાન્યુઆરી, માર્ચ, ૧૯૯૮, પૃ.૬૩

૩૧૨. એજન, પૃ.૧૨૦

'થળી' વાર્તામાં પરિવેશ, પરિસ્થિતિ, પાત્ર ને પ્રસંગોચિત્ત ઉત્તર ગુજરાતની તળબોલીનો સમર્થ વિનિયોગ થયો છે. બોલી અને માર્મિક સંવાદોથી દલિત સમાજની વાસ્તવિક છબી ઝીલતી વાર્તાશૈલી આપણા ચિત્તમાં એકમાંથી અનેક સંબંધોનો સેતુ રચી આપે છે. વળી ત્રીજા પુરુષના કથનકેન્દ્રને કારણે પણ બધા જ પાત્રોની વિશેષતા– મર્યાદાઓ લેખક નિરૂપી શકયા છે. તેમજ સર્જકે દલિતવાસ, ઘર, ઘરની થળી અને ખેતર સ્થળ તરીકે પસંદ કર્યા છે. તે પણ સૂચિતાર્થ છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ નિર્માણ કરવામાં સર્જકની સર્જક પ્રતિભાની પ્રતીતિ થાય છે. વર્ણનો પાત્રના મનોભાવ સાથે જોડાતી ક્રિયાઓ– ઘટનાઓ જોડી આપે છે. જેમ કે– 'રેવીનું ખાંડણિયામાં ડાંગરનું ખાંડવું.' વાર્તાનું શીર્ષક 'થળી' પ્રતીકાત્મક છે. 'થળી' એટલે 'ઉંબરો'. વાર્તાનાયિકા રેવી થળી જેવું અસ્તિત્વ ધરાવે છે. જેવી રીતે ઘરની થળી આગળ ઓસરી પથરાયેલી છે અને પાછળ ઘરનો ઓરડો છે. એવી જ રીતે રેવી થળીને અડીને ઊભી છે અને એક બાજુ નિર્દોષ પતિ ચમન છે અને બીજી બાજુ પુત્ર ધૂળો છે. પુત્ર અને પતિની જે કરુણદશા થઈ છે તેમાં જવાબદાર રેવી પોતે છે, એ બાબત રેવી સમજી શકે છે અને આથી તે દુર્ગારૂપ ધારણ કરીને આક્રોશાત્મક પણ બુદ્ધિપૂર્વક સવર્ણ માનસિંહના શોષણમાંથી મુકત થાય છે. પતિ, પુત્ર અને કુટુંબની આબરૂ બચાવે છે. ઘરના બારણાના બારશાખનો બધો જ આધાર જેવી રીતે 'થળી' હોય છે તેમ આ વાર્તામાં પણ પતિ ચમન, પુત્ર ધૂળો અને કુટુંબ તથા વાસની આબરૂનો આધાર રેવી છે. રેવી થળીની જેમ મક્કમ બને છે અને પોતાની તો ખરી જ પણ સાથે– સાથે આખા કુટુંબ, સમાજની આબરૂ– ઈજ્જત બચાવે છે. 'થળી' વાર્તામાં 'થળી' મર્યાદાનું પ્રતીક છે એવું આપણે કહી શકીએ.

'થળી' વાર્તામાં લેખક વાસ્તવિકતાનું કલામાં રૂપાંતર કરવામાં સફળ રહ્યા છે. વાર્તાના અંગરૂપ બનેલી બોલી, પ્રતીકયોજના, પાત્રોના મનોભાવો વ્યકત કરતાં વર્ણનો, કથનકેન્દ્ર, પરિવેશ, પ્રસંગને અનુરૂપ પાત્રનિરૂપણ વગેરેને કારણે વાર્તા સંતર્પક બને છે. ડૉ. અરૂણા બક્ષી વાર્તાને આવકારતા જણાવે છે કે, " 'થળી' વાર્તા નારીના જાતીય શોષણની કુપરંપરાને કલાત્મક મોડ આપતી નારીવાદની કીર્તિદા કૃતિ છે."[૩૧૩]

દલપત ચૌહાણની '*ન્યાય*' માં વાર્તાનાયક કાળાએ બાજરીવાળા ખેતરમાં ખૂબ કામ હોવાથી હઠોજી ઠાકોરને પેલી ધારનો દારૂ કાઢી આપવાની ના ભણી. આથી હઠોજી ઠાકોરનું અહમ્ ઘવાયું ને ગુસ્સે થતાં કહ્યું કે, "બવ ચરબી નઈ હારી. મુ જોવોય તમે ચેવા વાઢી વાઢીનઅ બાજરી ખાવોય?"[૩૧૪] અંતે તેણે રાત્રે જ પચ્ચીસ મણ બાજરી વાઢી લીધી. તો બદલાની ભાવનાથી કાળુએ ઉકરડે પડેલાં દારૂના માંટલા ડાંગથી ફોડી નાખ્યા. રાવણું બેઠું, કાળુને એકલાને જ બોલાવવામાં આવ્યો. પંચે કાળુને બે મણ બાજરી ચબૂતરે નાખવાની સજા કરી! આવા ભારોભાર અન્યાય કરતા ન્યાય સામે કાળું બંડ પોકારે છે. પંદર દિવસની ગૂંગળામણથી કાળુંનું આળું થયેલું મન પોકારી ઊઠે છે, "દિયોર!

૩૧૩. નિમિત્ત, અરૂણા બક્ષી, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૩, પૃ.૧૪૩
૩૧૪. મૂંઝારો, દલપત ચૌહાણ, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૮૨

ગોમનઅ જે નાગલા વાઢી લેવા હોય એ વાઢી લે, વાહનય કરવું હોય એ કરઅ? જા દાણાં નહીં નાખવાં.''[૩૧૫] કાળુનો વિદ્રોહ સ્પર્શી જાય છે. કાળુની મનોવેદના, મૂંઝવણ અહીં વર્ણવાઈ છે. ન્યાયપંચ અને પોલીસતંત્ર કેટલા અન્યાયી હોય છે તે પણ અહીં અનુભવી શકાય છે. વસ્તુની અભિવ્યક્તિની કોઈ નવી તરાહો નજરે ચઢતી નથી.

દલપત ચૌહાણની '*ના ખપે*' વાર્તા 'હું'ના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. વાર્તાકથક શહેરમાં નોકરી કરે છે. તે પોતાના ગામમાં ઘર બનાવે છે. તેને કામે જ મળવા આવેલો સવર્ણ બાળમિત્ર રામજી પૂછે છે કે, 'તમે તમારા ઘરાકને ચણતરકામ ના આલ્યું?' સાંભળતાં જ કથાનાયકને એ પ્રસંગ યાદ આવી ગયો. ડાહ્યાભાઈ ઘર બનાવવા માટે તૈયાર છે પણ શરત મૂકે છે– ''તમારે બીજા શહુકારના ઘેર ચા બનાવવી પડશે, તમારી... તમારા ઘરની ચા ના ખપે.''[૩૧૬] વાર્તાકથક ડાહ્યાભાઈ પર અકળાય છે પણ તેની અકળામણ સમજી ગયેલો ડાહ્યાભાઈ કહે છે: ''તમે શેરના એકઅ આટલું કુંસુ. રોટલા માટઅ થોડો ધરમ સોડી દેવાય, આ તો તમારી સગવડ હાતર ચાનું ગોઠબ્બાનું કીધું બોલો.''[૩૧૭] ડાહ્યાભાઈની આ વાત સાંભળી ડાહ્યાલાલ કથકને ઘર મફત બનાવી આપે તોય એની પાસે ન કરાવવાનું નક્કી કરે છે. એ સમય દરમિયાન બંધાતા મકાનના કારીગર માટે ચા આવે છે ને એક રકાબી રામજી સામે ધરી પણ તે ફિક્કુ હસતા બોલ્યો, 'મને તમારી ચા ના ખપે.'[૩૧૮] આગળ રામજીએ ઉમેર્યું, 'તમારી ચા તો ના પિવાય, કાલે મારી ઈંયા સાસવારો સઅ, તમે તો મેમાન જેવા. કોકનઅ સાસ લેવા મોકલજો, મું દૂણી ભરી સાસ આલોય!'[૩૧૯] આ સાંભળતાં જ વાર્તાકથક વ્યથિત થઈ જાય છે ને ગુસ્સામાં આવી તેને ધિક્કારે છે– ''જાને દિયોર તારી છાશ અમને ના ખપે.''[૩૨૦] વાર્તાકથકનો આ રોષ સહજ છે, કારણ કે કથક જુદા જ વાતાવરણનો અનુભવ લઈ ચૂકેલો છે. સવર્ણોના વિચારો, માનસ નથી બદલાયું એવો ધ્વનિ વાર્તાન્તે પ્રગટ થાય છે.

મંગળ રાઠોડની '*મારે ચા પીવી નથી !*' માં દરબાર વજેસંગ પોતાના દીકરાના વેવિશાળના માનમાં વાસના લોકોને પોતાના ઘરે નહીં પણ વાસના જ ભીખાને ત્યાં ચા પીવડાવવાનું નક્કી કરે છે. શહેરી હવા લઈ આવેલા સ્વમાની જીવાભાઈ ગામના દરબાર વજેસંગે પોતાના દીકરાના વેવિશાળ નિમિત્તે વાસના જ ભીખાના ઘરે ગોઠવેલા ચા-પાણીના પ્રસંગે આવવાનો બહિષ્કાર કરે છે. તે પોતાના નાતભાઈઓને દરબારના આ કાર્ય પાછળ રહેલી જાતિભેદની દુર્વૃત્તિનો અનુભવ કરાવતા કહે છે: ''તમારા દીકરાના વિવાહ, વેવિશાળનો શુભ પ્રસંગ હોય ત્યારે તમે બધાને તમારે ઘેર ચા પાણી માટે તો બોલાવો છો કે સૌને પોત પોતાને ઘેર ચા પી લેવાનું કહો છો ?.... દરબારના દીકરાના વેવિશાળ થયાનો પ્રસંગ હોય ને આખા ગામના લોકોને વાણિયા, બામણ, રાજપૂત, સઈ, સુથાર, સોની, મોચી,

૩૧૫. મૂંઝારો, દલપત ચૌહાણ, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૯૧
૩૧૬. એજન, પૃ.૧૭૮
૩૧૭. એજન, પૃ.૧૭૯
૩૧૮. એજન, પૃ.૧૮૦
૩૧૯. એજન, પૃ.૧૮૦
૩૨૦. એજન, પૃ.૧૮૦

લુહાર, કુંભાર, કડિયા, કારીગર એ સૌને પોતાને ત્યાં બોલાવીને ચા પીવડાવી ને મોં મીઠાં કરાવ્યાં ને આપણને જ કેમ ના બોલાવ્યા? શું આપણે માણસ નથી? શું આપણે હિંદુ નથી? આપણી જ સાથે આવો ભેદભાવ કેમ?''[૩૨૧] અંતે જીવાભાઈના ચાબખાથી વાસના બધા લોકો ચા ઢોળી નાખે છે. વાર્તા બોલકી બની જાય છે. શીર્ષક પણ બોલકું છે. વિષય વસ્તુની ગૂંથણી થઈ નથી, છાપામાનો અહેવાલ બની રહે છે. છતાં સવર્ણોની વર્ણભેદીવૃત્તિ સામે જીવાએ કરેલો વિરોધ દલિત સંવેદનાને વાચા આપે છે.

અમૃત મકવાણાની '*શેકેલી બોટી*' વાર્તામાં દલિત બાળકને અડબોથ માર્યાના કારણસર ઉગમબાપુને હાથકડી પહેરાવી ચમારવાસના નાકે જીપ ઊભી રાખીને પી.એસ.આઈ. અજીત ઊભો છે ને તેને બાળપણનું સ્મરણ થાય છે. બાળપણમાં શાળામાં તે ભણતો હતો ત્યારે આ જ ઉગમબાપુની દીકરીને શેકેલી બોટીઓ ખવડાવીને વટલાવેલી. તેથી ઉગમબાપુ વિફર્યા હતા ને અજીતની માના ઘરનાં નળિયાં ભાંગી નાંખ્યા હતા. અંતે ઉગમસિંહને હાથકડી પહેરાવીને કવિન્યાય તોળે છે. સવર્ણોના વ્યવહાર પ્રત્યે વ્યંગ કર્યો છે. મરેલા ઢોરની ચીર ફાડ, માંસની વહેંચણી વગેરેનું જુગુપ્સા પ્રેરક આલેખન થયું છે પણ વાર્તામાં વર્તમાનની ઘટના સાથે બાળપણની ઘટનાનું અનુસંધાન શિથિલ બન્યું છે.

અમૃત મકવાણાની '*ભોથા વકર્યાં*' વાર્તામાં વાર્તાનાયક ડાયો લાંબી બીમારીમાં ફસાય છે ને આર્થિક રીતે ભીંસમાં મુકાઈ જાય છે. ડાયો પત્ની ભૂરીને જોરૂબાપુના ઘરેથી રૂપિયા લાવવાનું કહે છે પણ ધરાર ના પાડે છે. કારણ કે એકવાર જાતીય શોષણનો ભોગ બનેલી ભૂરી જીવ આપવા તૈયાર છે પણ તેના ઘેર જવા તૈયાર નથી. વાસ્તવિકતાનો ખ્યાલ આવતાં કથાન્તે વૃધ્ધ વસ્તાભાઈ કહે છે કે– ''એઈ નૈડા, આ કોવાડો લાય, જોરીયાની માનું નાતરું કરું, એને ઊભો ચીરીને મેઠુ ભરી દઉ, નાના હાહરા ઢેઢ- ચમારના બૈરા તમારી રખાત સઅ, જેલના રોટલા ખાવા પડશે ને?...''[૩૨૨] વસ્તાનો બદલો લેવાની વૃત્તિને જોઈને મધુ ડોશી કહે છે, 'જવાનીમાં ખાધેલા ભોથા વકર્યાં ખરા.'[૩૨૩] આમ લેખકનો સવર્ણો પ્રત્યેનો આક્રોશ પ્રગટ થાય છે. સમાજમાં વ્યાપેલી અસ્પૃશ્યતા અને સવણો દ્વારા થતુ દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ આલેખાયું છે. તળ બોલીને કારણે પાત્રો જીવંત લાગે છે. ભૂરીનું નીડર વ્યક્તિત્વ ઉપસી આવે છે પણ વાર્તાઘાટ આપવામાં સર્જક તટસ્થ રહી શકયા નથી એમ લાગે છે.

દશરથ પરમારની '*જાત*' વાર્તા ભાદરવી નોમના રોજ રામદેવપીરના મંદિર પર નેજા ચઢાવવાના ધાર્મિક પ્રસંગની આસપાસ ગૂંથાયેલી છે. વાર્તા કથક શહેરમાં રહેતો વણકર કનુભૈ છે. વાર્તાના આરંભે ચમારવાસ અને વણકરવાસ વચ્ચે આંતરિક અથડામણો આલેખાઈ છે. ચમારો અને વણકરો વચ્ચે મનમેળ નથી. આ વર્ષે રામદેવપીરના મંદિર પર નોમનો નેજો ચઢાવવાની વણકરોની ઈચ્છા છે. પણ દરબારોને પરવાનગી લીધા વિના એ થઈ શકે એમ નથી, અમ તો એ આ મંદિરના ધણી થૈ જ્યા સ ! પેલો નેજો ઈયાંનો ચડઅ્. પસ જ આપડા વાહનો...[૩૨૪]

૩૨૧. દલિત ગુજરાતી વાર્તા, ૧૯૯૫, સંપાદક, અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા, પૃ.૬૮
૩૨૨. લિસોટો,અમૃત મકવાણા, પૃ.૭૪
૩૨૩. એજન, પૃ.૭૪
૩૨૪. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૯

વાર્તાકથક પહેલા દરબારો નેજો ચડાવે પછી ચડાવવાનું કહે છે પણ તેની મા તૈયાર નથી, કારણ કે- 'મું રામાભા આગબ્ય, ખોળો પાથરીન બોલી જૈ સુંકઅ્ જે દન મારી સંપત આવશેં એ દન તનં પે'લો નેજો મું ચડાયે! અમ બોલીન ફરી ના જવાય, બા !'[૩૨૫] વાર્તાની ચમાર-વણકર બંને જાત વચ્ચેની આંટીઘૂંટી, પ્રશ્નો ઉકેલીને, મનમેળ સાંધીને અમથાભા ચમારના પાત્ર દ્વારા વણકર- ચમાર બંને એક જ જાત છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન સર્જકે કુશળતાપૂર્વક કર્યો છે. વાર્તાકથક તેની મા, કાકા ને વાસના લોકોને લઈને દરબારોની પરવાહ કર્યા વિના નેજો ચઢાવવા જાય છે ને તેની પાછળ અમથાભા પણ વાસના લોકોને લઈને ત્યાં આવે છે ને કહે છે-

'લ્યોં હેંડો, તમતમારઅ્ નિરાંત્યે ચડાવો નેજો! આજ ચિયો દિયોર આંય પગ મેલઅ્ સઅ્ એ જોઉં છું મું! મંદિર આપડું ન નેજો એ હાહરા હેંના ચડઈ જોય....'[૩૨૬] અહીં સર્જકની સામાજિક પ્રતિબદ્ધતા જોઈ શકાય છે. દલિતોના આંતરિક જાતિભેદનું અંતર ઘટાડવાની નેમ સ્પષ્ટ જોઈ શકાય છે. મોહન પરમાર પણ નોંધે છે કે-''આ બન્ને જાત વચ્ચેનું અંતર ઘટે તેવી કથાસંયોજના લેખક કરી શકયા છે, તે ખરેખર દાદપાત્ર છે.''[૩૨૭] અહીં પાત્રોચિત ભાષા પ્રયોજાઈ છે.

'ભાદરવાની ધીમે-ધીમે ઓલવાતી જતી સાંજમાં બાજરીનાં છૂટાછવાયાં ખેતર, ભરજવાનીમાં રાંડેલી કો'ક સ્ત્રીની માફક કશાક આધારની આશામાં ટળવળતાં હતાં.'[૩૨૮]

'બાવળના સુક્કા ડાળખા જેવો હાથ મેં મારા હાથમાં લીધો.'[૩૨૯]વાર્તાનો અંત અણધાર્યો છે એ રીતે પણ ગમે છે.

દલપત ચૌહાણની '*ભૂખ*' વાર્તામાં સવર્ણો દ્વારા દલિતો ઉપર થતાં અમાનવીય વ્યવહારનું આલેખન સહધ્ય ભાવકને કંપાવી દે તે રીતે થયું છે. વાર્તામાં ધોમધખતા તાપમાં ભૂખ્યો, તરસ્યો, કથાનાયક પાંચ ગાઉનો પંથ કાપીને દોઢમણ બાજરીની ગાંસડી મુખીના કહેવાથી રામપરા મુખીની બહેન રતનફઈને દેવા નીકળ્યો છે. તેને રસ્તામાં તરસ લાગે છે, સામે પાણીનું માટલુંય પડ્યું છે છતાં પાણી પીવાના બદલે બૂમ મારે છે ! એક ડોશી અધરથી પાણી પીવડાવે છે ત્યાર બાદ તે રતનફઈ સાથે વાતોએ વરગે છે. રતનફઈ તેની સાથે સારો વ્યવહાર કરે છે જે રૂઢિચુસ્ત સાસુ સાંખી શકતી નથી ને તેને ટોકે છે, ''અમઅ ચૂંટવાવાળી.... મું કું ઈમ કરોય, એ વેઠીયાં નઅ કુતરાં હરખાં હા... મું તો હારીસું તે વાટકો રાસ્યો સઅ, નકર ઈનઅ ચાટમઅ ખાવાનું આલોય....''[૩૩૦] આવો પશુવત વ્યવહાર કથાનાયકને પીડે છે. અંતે તેના આવા વ્યવહારથી કકડીને લાગેલી ભૂખને સાતમાં પાતાળે ધરબીને રતનફૂઈ રોટલો લઈને આવે એ પહેલાં જ કથાનાયક ત્યાંથી ચાલ્યો જાય છે. કથાનાયક અને રતનફૂઈના સંબંધની સંકુલતાને કારણે વાર્તા રસપ્રદ લાગે છે. નાયકનું સ્વમાની વ્યક્તિત્વ ઉપસતું જોઈ શકાય છે. '*ભૂખ*' સંયત નિરૂપણના કારણે યાદગાર રચના બની રહે છે.

---

૩૨૫. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, પૃ.૧૯
૩૨૬. એજન, પૃ.૨૨
૩૨૭. હયાતી, જૂન, ૨૦૦૧, પૃ.૩૩
૩૨૮. વણબોટી વારતાઓ, સંપાદક, દલપત ચૌહાણ, પૃ.૧૬
૩૨૯. એજન, પૃ.૧૭
૩૩૦. મૂંઝારો, દલપત ચૌહાણ, પૃ.૧૬૯

મૌલિક બોરિજાની '*રાવણું*' નો નાયક સવો મુખીના ખેતરની રખેવાળી કરે છે. એકવાર ગમોન દેસાઈના ઢોર સવાના ખેતરમાં ઘૂસી જાય છે ત્યારે સવો બળપૂર્વક ઢોરને બહાર કાઢે છે ને દેસાઈને પણ બરાબરનો ફટકારે છે. મુખીને પણ આ ઘટનાની જાણ સવો કરી દે છે. મુખી તેની મર્દાનગી પર વારી જાય છે. આથી સવાની છાતી ગજગજ ફુલી જાય છે ને તેનું સ્વાભિમાન જાગે છે. પછી તો જમાદારોને પણ તે વેઠ કરવાની ના પાડી દે છે પણ એક શરત રાખે છે કે જો સવો લીમડાના ઝાડની ટોચ પરથી નીચે ભૂસકો મારે તો વેઠ બંધ કરીને આખા દલિત વાસને જમીન આપવાનું જમાદાર સાહેબ હા પાડે તેમ છે. સવો તો પોતાના સમાજ ખાતર આ આકરી શરત પાળવા તૈયાર થઈ જાય છે ને તે ઝાડ પર ચડી જાય છે. આથી જમીનદાર સાહેબ સાથે ભળેલો દલિત અમલો પોતાની બાજી ધૂળમાં મળી ગયાથી દુઃખી થઈ જાય છે. જમાદાર સાહેબ પણ સવાની ખુશામત કરે છે ને ઉપરી અધિકારીને વેઠ બંધ કરવાનું ને જમીન આપવાની ભલામણ કરશે એવું તેને સમજાવે તો છે પણ જમાદાર બીજી તરફ ષડ્‌યંત્ર ગોઠવે છે. રાવણું બોલાવે છે ને અમલાનાં જ હાથે સવાનું કાસળ કાઢી નાખવાના પેંતરા ઘડે છે પણ સવો જાણી જોઈને ઝેરવાળું પાનનું બીડું ખાઈ જાય છે. પોતાના મૃત્યુથી પોતાના સમાજના લોકોની વેઠ બંધ થશે અને તેમને જમીન મળશે એ આશાએ સવો જાણીજોઈને શહીદી વહોરે છે. વાર્તાન્તે સવાના મૃત્યુથી મુખીના મોં પર મિત્રદ્રોહ, અમલાના મોં પર બંધુદ્રોહ અને જમાદારના મોં પર માનહાનિનો બદલો લપકારા લે છે. કથન અને વર્ણનમાં બોલીની સેળભેળ થઈ ગઈ છે. અહીં ધીરજ બ્રહ્મભટ્ટની '*તમે પબાને જોયો?*' વાર્તાનું સ્મરણ થાય છે. વાર્તામાં વાર્તાનાયકના આંગણામાં કૂતરું મરી ગયું છે. પબો સફાઈ કામદાર છે. પબાને આવતો જોઈને પતિ-પત્ની હાશકારો અનુભવે છે. પછી તો વાર્તાનાયકની પત્ની પબાને કૂતરા વિશેની બધી જ માહિતી આપે છે પણ પબાના મન પર તેની કોઈ જ અસર પડતી નથી કારણ કે થોડા સમય પહેલાં જ અનામત આંદોલને ચકચાર જગાવી હતી જેની અસરમાંથી પબો હજુ બહાર આવી શકયો નથી. પબો વાર્તાનાયકને કહે છે, ''અમે વહેંચીને ખાવામાં માનીએ છીએ, આપ સાહેબ, આ કૂતરાને ફેંકી આવો. આખી શેરીમાંથી તમને વાટકી વાટકી દાળા મળશે.''[૩૩૧] પતિ-પત્ની તો પબાના આ વાક્યો સાંભળીને સમસમી ઊઠે છે પણ કરે શું? જાતે જઈને કૂતરું ફેંકી આવવા જેટલી બેમાંથી એકમાં પણ હિંમત છે ખરી? પબાને વાર્તાનાયકની પત્ની કૂતરું ઉપાડવા માટે વિનંતી કરે છે પણ પબો માનતો નથી અને કહે છે, એ તો અમે આ કામ સવર્ણો માટે અનામત રાખ્યા છે. વાચકના મનમાં સહજ રીતે જ પ્રશ્ન થાય કે સવર્ણો શા માટે પોતાનું મેલું પણ ઉઠાવતા નથી? શા માટે આ પ્રકારના કાર્યમાંથી અનામતની જગ્યાઓ કાઢી નાંખવા માટે આંદોલનો કરતા નથી? સવર્ણોની માનસિકતા બરાબર પારખી ગયેલો પબો તો સવર્ણો માટે મેલુ ઉઠાવવાના કામ માટે અનામત રાખવાનું જાહેર કરતા કહે છે, ''સુધરાઈમાં વીસ કામદારો સફાઈ કામ માટે લેવાના છે. એમાંથી સાત સીટો બ્રાહ્મણો માટે અનામત. તાત્કાલિક જગ્યા ન પુરાય તો કેરી ફોરવર્ડની પણ છૂટ. ખુલ્લા સંડાસનું મેલું ઉપાડવા માટે પચીસ જગ્યાઓ પૂરવાની છે. એમાં પણ પાંચ જગ્યાઓ પટેલો

૩૩૧. ચાંદની, ૮૧, પૃ.૨૭

માટે અનામત.''[૩૩૨] યુગોથી ચાલી આવતી પરંપરાને પબો પડકારે છે. વાર્તામાંથી પ્રગટતો વ્યંગ ઘણો ધારદાર છે. આક્રોશની પરાકષ્ઠાએ વાર્તા વિરમે છે.

સવર્ણ દ્વારા સવર્ણનું થયેલું અપમાન, અવહેલના સામાન્ય ઘટના છે. દલિત દ્વારા સવર્ણની થયેલી માનહાની કેવા રંગેરૂપે વેરભાવ ધારણ કરે છે તે મોહન પરમાની *'રઢ'* અને ધરમાભાઈ શ્રીમાળીની *'તરસ'* વાર્તામાં અનુભવાય છે. આ બંને બદલાની અતૃપ્તિની વાર્તાઓ છે.

'રઢ' વાર્તામાં રણવીર વાર્તાકથક છે. જે જશુભાનો સાગરિત પણ છે. દશેરાના દિવસે ઘોડાદોડની સ્પર્ધા છે. જેમાં જેઠા મેઘવાળે ભાગ લીધો છે અને તેણે જશુભાને હરાવ્યા! જશુભા જેઠાને ચોરે બોલાવીને ઢોર માર મારે છે, જેઠો એ મારને ભૂલી શકતો નથી આથી એક દિવસે જંગલમાં લાગ જોઈને જશુભા પર આક્રમણ કરે છે ને તે ગુમ થઈ જાય છે પણ એક હરિજન પોતાને મારે એ જશુભાથી સહન થતું નથી. આથી એકવાર જંગલમાં ફરસી સાથે જેઠો મળી તો આવ્યો ને તેને મારવાનો સારો મોકો હતો પણ કમનસીબે ચિત્તો વચમાં આવી જતાં જશુભા અને રણવીર ઝાડ પર ચડી જાય છે. જશુભા ચિત્તાને મારે એ પહેલાં જ ચિત્તો જેઠાને મારી નાંખે છે ને જશુભાની બંદૂકની ગોળીથી ચિત્તો પણ મરી જાય છે. અંતે ચિત્તાને કારણે જ જશુભાની બદલાની ઈચ્છા ન સંતોષાતા તે ચિત્તાનાં પગલાં પર તૂટી પડે છે! 'રઢ' બદલાની અતૃપ્તિની વાર્તા છે. વાર્તાની વિશેષતા એ છે કે તેમાં બાહ્ય ઘટનાની સમાંતરે જશુભાના મનોસંચલનોને સારી પેઠે નિરૂપ્યા છે. જશુભાના આંતરમનની છટપટાહટ ઉત્તમ રીતે આલેખાઈ છે, જેઠાને મોતને ઘાટ ઉતારવાની ઝંખના રાખતા જશુભાની રીતરસમ વિશે વાર્તાકથક રણવીર જણાવે છે– ''મેં એમના મોનું નિરીક્ષણ કર્યું, એ એકદમ નારાજ હતા. જાણે સનેપાત થયો હોય તેમ પગ પછાડતા હતા. મોં પર દેખાતા કડપની જગ્યાએ અહ્‌મ ગૂંચળું વળીને પડ્યો હતો. જે તરફ ચિત્તો ગયેલો તે તરફ જોઈને એ ઘુરકિયાં કરતા હતા.''[૩૩૩] કથાનાયક રણવીર કથક છે. તે માત્ર મૂક સાક્ષી બનીને બેસી નથી રહેતો પણ સૂક્ષ્મ નિરીક્ષણો પણ કરતો રહે છે જે વાર્તાને કલાત્મક બનાવવામાં સહાયક બને છે. જેઠાએ જશુભાને માર્યા ત્યારે તેનો સાક્ષી બનેલ રણવીર જણાવે છે– ''મેઘવાળ થઈને જશુભાને મારી ગયો! સાચે જ સાલાએ જશુભાને દુભવ્યા છે. જશુભાથી એ અપમાન કેમ કરીને સહ્યું જાય....''[૩૩૪]

'રઢ' માં વિગતદોષો અને ભાષા પરત્વેની અસજ્જતા સજાગ ભાવકને કઠે છે. જેમકે, દલિતજન એક દરબાર સાથે ઘોડાની હરીફાઈ કેવી રીતે કરી શકે ? ! હિન્દુસ્તાનનાં મોટાભાગનાં ગામડાંમાં દલિતો લગ્નપ્રસંગે પણ ઘોડેસવારી કરી શકતા નથી. વળી, તે સમયના દલિત પાસે જો ઘોડો હોય તો આજનો દલિત ક્યાંયનો ક્યાંય પહોંચી ગયો હોત. લેખક નેરેટર તરીકે ઘોડાને 'ટટ્ટુ' તરીકે પણ વર્ણવ્યો છે. ઘોડા અને ટટ્ટુનો ભાવાર્થ ભિન્ન છે. એજ રીતે, 'કુહાડી જેવું પાતળું અણીદાર હથિયાર'[૩૩૫]

---

૩૩૨. એજન, પૃ.૨૮

૩૩૩. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક, મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૫, પૃ.૧૩૩

૩૩૪. એજન, પૃ.૧૩૨

૩૩૫. એજન, પૃ.૧૩૩

વાકયમાં હકીકત દોષ રહેલો છે. કુહાડી ધારદાર હોય છે. અણીદાર નહિ! એજ રીતે 'અણીદાર કુહાડી'[૩૩૬] 'કુહાડી ઊંચકી' અને 'ઊચી થયેલી કુહાડી' માં ભાષાદોષ રહેલો છે. 'કુહાડી ઊગામી' અને 'ઊગામેલી કુહાડી' હોવું જોઈએ. જેથી ઉચિત અર્થ સરે. કુહાડી એટલી કંઈ વજનદાર હોતી નથી કે એને ઊચકવી પડે. વાક્યમાં આવતા અલ્પવિરામ પછી 'પણ' સંયોજનના ઉપયોગનો અતિરેક કૃતક લાગે છે.રણવીર અને જશુભા બન્ને સાથે જેઠાના શબને જુએ છે, છતાંય લેખકનો હસ્તક્ષેપ બિનજરૂરી અને થોપેલો દેખાય છે. જુઓ-

"એની આંખોમાં તને મોતની બીક દેખાય છે? સહેજ પણ મોતની ભીખ માંગતો હોય તેવું તેના મોં પર દેખાય તો મને જલદી કહેજે..."[૩૩૭]

અહી એક બીજો મુદ્દો વિચારણીય છે તે એ કે, ગામડાના માણસો આટલી કક્ષાની વાત કરી શકે? અને તે પણ શિષ્ટ ભાષામાં? અને બીજો મુદ્દો ખટકે છે તે એ કે, જશુભા રણવીરને જોવાનું કહે છે તે જ બાબત જશુભા પોતાને ના દેખાય?! વળી, 'શીર્ષક' સાર્થક કરવા 'રઢ' શબ્દનો એકાધિક વખત ઉપયોગ થયો છે! 'રઢ' શબ્દનો પ્રથમ અર્થ થાય છે 'લગની' જે અહીં યોગ્ય જણાતું નથી. આ વાર્તાનો આસ્વાદ લેખકે પોતે જ એમના સંપાદન 'દલિત વાર્તાસૃષ્ટિ'માં કરાવ્યો છે. એમણે બિનજરૂરી પ્રશંસાત્મક આત્મકથન કર્યું છે એવું લાગે છે.

ધરમાભાઈ શ્રીમાળીની '*તરસ*' માં જે રૂઢિજડ ચમનાજીએ નિશાળમાં કથાનાયકને સાર્વજનિક માટલામાંથી પાણી પીતા અટકાવેલો ને ઝાપટ મારેલી, હેડ માસ્તરે પણ જાંઘમાં ચીમટો ભરેલો એ જ ચમનાજી આજે કથાનાયકના દીકરાને બસ સ્ટેન્ડ પાસેના ગલ્લા નીચે પડેલાં પાણીના માટલાને અભડાવવા બદલ ઠપકો આપે છે. સમય બદલાયો છતાં આભડછેટ ટળી નથી! અહીં કથાનાયકને વર્ષો પહેલા ઝાપટ મારનાર ચમનાજીને મારવાની તીવ્ર ઈચ્છા થાય છે પણ કથાનાયક પોતે પોતાના કુંટુંબ સાથે હોવાથી, પત્નીના ઈશારાથી ને વળી બસ આવી જતાં ચમનાજીને મારવાની તીવ્ર તરસ અતૃપ્ત જ રહી જાય છે. મોહન પરમારની 'રઢ' ની જેમ 'તરસ' પણ બદલો લેવા જતાં મળેલી નિષ્ફળતાની વાર્તા છે. ધરમાભાઈની 'સડો', 'ડંખ' વગેરે વાર્તાઓના નાયકની જેમ 'તરસ'નો નાયક પણ મનોમન ચીડાય છે.

**અન્ય**

આ ઉપરાંત પણ બીજી કેટલીક વાર્તાઓ મળી છે. જેને વિગતે તપાસીએ.

દલપત ચૌહાણની '*મૂંઝારો*' અપરાધબોધ અને નૈતિકતાની વાર્તા છે. વાર્તાનાયક દલિત રણછોડ છે. મરેલાં માની લીધેલા પાડાને સાથરી ઉપર પૂંછડા પર કાપો મૂકતા ખબર પડે છે કે પાડામાં તો જીવ છે અને જીવતા પાડાનો પોતાના હાથે અજાણતાં વધ થઈ ગયો તેથી થતાં 'મૂંઝારા' ને જીરવતા રણછોડની મનોસ્થિતિનું સૂક્ષ્મ આલેખન વાર્તામાં થયું છે.

૩૩૬. એજન, પૃ.૧૩૭
૩૩૭. એજન, પૃ.૧૪૧

વાર્તા ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. મણિ પટલાણી પાડાના છેલ્લા શ્વાસો ચાલુ છે છતાં તે મરી ગયો છે કહી જીવીને ઉપાડી જવા પાંચ કિલ્લો બાજરીની લાલચ આપે છે. આમ તો તેનું કામ માત્ર મરેલાં ઢોરને ઉપાડવાનું છે પણ અંતે મણિ બાજરીની લાલચે પાડાને સાથરી ઉપર ઉપાડી લાવે છે. સાથરી પર રણછોડ પાડાને મરેલો માની તેના પૂંછડાં પર કાપો મૂકે છે ત્યારે પાડો જીવે છે તેની જાણથી તેને આઘાત લાગે છે. તે સાનભાન ખોઈ બેસે છે ને મૂંઝારો અનુભવે છે. તે વખતે રણછોડ કેવી માનસિક યાતના અનુભવે છે તે જોઈએ– ''રણછોડના હાથમાંથી છરી પડી ગઈ. એના શરીરે પરસેવો વળી ગયો. એ ફાટી નજરે પાડાને જોઈ રહ્યો. પાડાના પગ હજી ધીમે-ધીમે ધ્રુજતા હતાં, પાંસળીઓ વચ્ચે એકાદ વાર પેટ ઊંચુ થયાનો આભાસ રચાયો. પછી બધું શાંત થઈ ગયું, હક્કબક્ક થયેલો રણછોડ ભાનમાં આવ્યો.... હત્તારી બુનના ધણી ! લવજીડા; તીં મારા માથઅ પાપ ઘાલ્યું. કે'વું તું કઅ પાડું જીવઅ સઅ. આ કભારની જીવલીનય ભાન ના પડયું.''[૩૩૮] આ ઘટના રણછોડને જ નહીં કોઈપણ જીવરક્ષક મનોવૃત્તિવાળા મનુષ્યને હચમચાવી મૂકે એવી છે. તે એક તરફ પત્ની જીવી જીવતું પાડું ઉપાડી લાવી એટલે તેના પર ગુસ્સે થયો તો બીજી તરફ લવજીડા ઉપર ગુસ્સે થયો. અપરાધબોધથી પીડાયેલો રણછોડ લવજીડા પટેલ અને મણિને કહેવા ઉપડે છે પણ કંઈ જ કહ્યા વગર પાછો ફરે છે. એક બાજુ લવજીડા અને મણિમાને કંઈ જ ન કહી શકવાનો રઘવાટ, પાડો માર્યાનો અપરાધ, એમાં વળી જીવીએ એજ પાડાનું શાક તાંસળામાં નાખ્યું ત્યારે તેના મનમાં કેવી ઉથલપાથલ મચી જાય છે. તે તપાસીએ,

''ચોપડી ખાવા શેનું કર્યું સઅ ?'' રણછોડે તાંસળામાં જોતાં કહ્યું.

''પાડાનું ચ્યમ ભૂલી જયા?''

''હે.....!'' રણછોડ ચમકયો.

એ આગળ બોલવા ચાહતો હતો, છતાં બોલી ન શકયો. એણે તાંસળામાં નજર નોંધી રાખી, એને તાંસળામાં શાક ઉપરતળે થતું લાગ્યું, ધીમે-ધીમે તાંસળામાં હલચલ વધતી ગઈ, તાંસળામાં પાડાની ખરીઓ, પગ..... પછી પાડું દેખાવા માંડ્યું. એણે આંખો મસળી..... ત્યાં,

''ધબ્બાક..... ધબ્બાક.....''

જાણે પાડું તાંસળામાં પછડાતું હોય એમ લાગ્યું. એણે તાંસળામાં નજર નોંધી. તાંસળામાંથી મોટો લોહીનો ટશિયો ફૂટતો હોય એમ..... ટશિયો મોટો ને મોટો થવા માંડ્યો. ધ્રુજતું પૂંછડું.... એકાએક ધબ્બાક...... પાડો તાંસળામાં પટકાયો...... આખા ઘરમાં પાડાના બોટા જ બોટા...... દરેક બોટું લાલ..... લાલ...... લોહી જેવું..... એણે આંખો મીંચી દીધી.[૩૩૯]

જીવતા પાડાને માર્યાનો અપરાધબોધ એ પાડાની જેમ જ ઉછળે છે. કળકળતી ભૂખ લાગી હોવા છતાં રણછોડ શાકનું તાંસળું ધકેલી દે છે. તેનાથી 'જાણે મન પરથી બોજ દૂર થઈ ગયો હોય એમ નિરાંત' અનુભવે છે માં તાંસળાનું રણછોડના મનના બોજ સાથે થતું સમાન્તરીકરણ

૩૩૮. મૂંઝારો, દલપત ચૌહાણ, હર્ષ પ્રકાશન, પ્ર.આ. ૨૦૦૨, પૃ.૧૯૪
૩૩૯. એજન, પૃ.૨૦૧

વાર્તાના અંતને વેધક બનાવે છે. નૈતિક રીતે રણછોડનું ચારિત્ર્ય કેટલું ઊંચુ છે તે તરફ લેખકે સંકેત કર્યો છે. રણછોડ અજાણતા થયેલી ભૂલ માટે પણ અપરાધભાવ અને વસવસો અનુભવતો હોવાથી એનું માનસ ધર્મભીરુ છે તેની અનુભૂતિ થાય છે. ટૂંકમાં વાર્તામાં ગરીબ રણછોડના હૃદયમાં સાચી જીવદયા સંઘરાયેલી પડી છે તેની પ્રતીતિ થાય છે તો સામે પક્ષે લવજીડા, મણિ વગેરેમાં જીવદયાનો છાંટો પણ નથી તેની અનુભૂતિ થાય છે. વિષયવસ્તુની દષ્ટિએ માય ડિયર જયુની 'જીવ' વાર્તાનું સ્મરણ કરાવતી આ વાર્તા જીવદયાની બુમરાણ મચાવનારાઓને પડકારે છે. અજાણતા જ થયેલી ભૂલ માટે મૂંઝારો અનુભવતા રણછોડની વેદના- સંવેદના ધારદાર રીતે વ્યકત થઈ છે. વિજય શાસ્ત્રી નોંધે છે કે- ''પાત્રના મનોવ્યાપારોને સૂક્ષ્મતા- સંકુલતાઓનાં તમામ પરિમાણો સાથે આલેખતા- ઉઘાડતા જવાની વાર્તાકળા દલપતભાઈને હસ્તગત છે.''[૩૪૦]

અનિલ ન. વ્યાસની *'ખીણમાં ફંગોળાયેલું અસ્તિત્વ'* વાર્તામાં બ્રાહ્મણ યુવાન કૌશિક ઘરના હરિજન હાળીની દીકરી કુંદલી પર બળાત્કાર કરી બેસે છે. કૌશિક અપરાધભાવથી આત્મહત્યા કરી લે છે. સગર્ભા થયેલી કુંદલી પિતા રવજીને સાચી હકીકત બતાવે છે ત્યારે પિતા તેનો બદલો લેવા તલપાપડ થઈ નીકળી પડે છે પણ જ્યારે તેને જાણવા મળે છે કે કૌશિકે અપરાધભાવથી પીડાઈને આત્મહત્યા કરી છે એ જાણતાં જ ફસડાઈ પડે છે. સવર્ણ કૌશિકના બાપને અનાથ થઈ જતો જોઈ તે સમસંવેદન અનુભવે છે. વાર્તાનો અંત સહજ છે. ક્રોધ સાથે ભળેલી લાચારી શરીર પર પડતા સાટકા અને લોહીના ટશીયાથી વ્યંજિત થઈ છે. કૌશિકનો અપરાધભાવ એને ગળા ફાંસો સુધી લઈ જાય એથી વાર્તામાં સંકુલતા પ્રવેશે છે. ભૂંડના પ્રતીક દ્વારા કૌશિકના કામાવેગનું વર્ણન, બળાત્કારની ઘટના, કૌશિકને 'શુ થશે?' નો ફફડાટમાં દેખાયેલા દશ્યો વગેરેમાં સર્જકની સજર્ક પ્રતિભાની અનુભૂતિ થાય છે પણ વસ્તુની ગૂંથણી અસરકાર પ્રભાવ છોડી શકતી નથી. વાર્તા લાંબી હોઈ શકે પણ બિનજરૂરી શૈલીવેડાનો પ્રસ્તાર ખટકે છે. અજિત ઠાકોર નોંધે છે કે- 'ખીણમાં ફંગોળાયેલું અસ્તિત્વ' જેવું ચપટું શીર્ષક ધરાવતી, કયારેક ફંટાઈ જતી આ વાર્તામાં કૌશિક, રવજી અને કુંદલીના અલગ- અલગ ભાવો વચ્ચે પ્રધાન ગૌણ કે પોષ્યપોષક ભાવ ન રચાતા ભાવ સંયોજનની નબળાઈને કારણે કેન્દ્રસ્થભાવ બરાબર ઉઘડતો નથી.'[૩૪૧]

હરીશ મંગલમ્‌ની *'વરપડું'* વાર્તામાં 'વરપડું' નો અર્થ ઝોડ, ઝપટ, ભૂત એવો થાય છે. વાર્તામાં મુખ્ય ત્રણ પાત્રો છે. માધાભાઈ-વણકર કુટુંબના મોવડી છે. માધાભાની પુત્રવધુ હંસા અને ભૂવો જુગો રબારી. અહીં સવર્ણ સામે દલિતોની વાત કેન્દ્રમાં નથી પણ ગ્રામ્ય સમાજમાં ઘર કરી ગયેલ અંધશ્રધ્ધા કેવા દારૂણ પરિણામો સર્જે છે તે કેન્દ્રમાં છે. અંધશ્રધ્ધા અને વહેમોનો શિકાર બનીને અસહ્ય દુ:ખમાં સબડતાં ને અંતે મોતને ભેટતાં દલિતોની વેદના અને આક્રોશને આ વાર્તામાં દર્શાવવાનો લેખકનો આશય જણાય છે અને કંઈક અંશે ગામડાના ભોળા, અભણ દલિત લોકોનો ધૂર્ત, દંભી, ધંધાદારી ભૂવાઓ, ધર્મગુરુઓ કેવી રીતે લાભ ઉઠાવે છે તે તરફ પણ અંગુલિનિર્દેશ કરવાનો લેખકનો હેતુ હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

૩૪૦. શબ્દસૃષ્ટિ, જાન્યુઆરી, ૨૦૦૪, પૃ.૭૮

૩૪૧. દલિત ગુજરાતી વાર્તા: ૧૯૯૫, સંપાદક: અજિત ઠાકોર, રાજેન્દ્ર, જાડેજા, પૃ.૮

વાર્તાનો પરિવેશ ગામડાનો છે. ગામડાના છેવાડે વસતા દલિત વાસની સ્થિતિ કંગાળ, બેહાલ છે, અનેક અભાવો વચ્ચે જીવે છે જેની પ્રતીતિ આપણને વાર્તાના આરંભના બે વાક્યોમાં થાય છે: 'તૂટ્યાં ફૂટ્યાં ઘર ને લોકો પણ ચીંથરેહાલ, ગામથી આ વસાહત તદ્દન અતડી'[૩૪૨] આ જ વાસમાં વણાટકામ–સાળનો વ્યવસાય કરતાં માધાભાનું કુટુંબ રહે છે. વાર્તામાંથી પસાર થતાં તેનું ઘર તો ખૂબ જ ગરીબ જણાય છે પણ પારાવારિક સંબંધો મધુર છે. સુખી ને સંપીલુ કુટુંબ છે. માધાભા અને મંછીમાનો અભણ પુત્ર ધર્મેન્દ્ર અમદાવાદની હાડકા મિલમાં નોકરી કરે છે. તે રજાના દિવસે ઘેર આવતો રહે છે. શહેરથી વતનમાં આવે છે ત્યારે ઘરના બધા જ સભ્યો માટે કંઈ ને કંઈ વસ્તુ લાવે છે ને નાનાથી મોટાનો ખ્યાલ રાખે છે. ધર્મેન્દ્રની પત્ની હંસા પણ ભણેલ- ગણેલ ને સંસ્કારી છે. હંસા ગામડામાં જ રહે છે. મંછીમાના કહેવા છતાં પણ ધર્મેન્દ્ર તેને શહેરમાં પોતાની સાથે લઈ જઈ શકતો નથી ! ધર્મેન્દ્રને બીક હતી કે જો હંસાને શહેરમાં લઈ જવામાં આવે તો પોતાની છેલ્લી પાલીની નોકરી હોવાથી હંસા ઘરમાં એકલી પડે જે ધર્મેન્દ્રને મંજૂર નથી. હંસાને ન લઈ જવાનું કારણ આ કહેવતમાં સ્પષ્ટ થઈ જાય છે- ''ભોથાના ઉઘાડા વાસણ પર સમડી તરાપ ના મારે તો જ નવાઈ !''[૩૪૩] ટૂંકમાં શહેરમાં એકલી છોકરીની સલામતીનો પ્રશ્ન સતાવતો હોવાથી ધર્મેન્દ્ર મંછીમાના કહેવા છતાં હંસાને અમદાવાદ બતાવવાની વાતને ટાળી દે છે. વાર્તાના પૂર્વાર્ધમાં તો માધાભાના સુખદ સંસારનું વર્ણન જોવા મળે છે પરંતુ ઉતરાર્ધ કરુણ જણાય છે.

બે-ત્રણ આણાં પછી હંસાને સારા દિવસો જવા લાગ્યા. ખોળો ભરાયા પછી સુવાવડ કરવા સમાજના રિવાજ મુજબ પિયરમાં છે. તત્કાલીન સમાજના જડ રીતરિવાજો પર પણ પ્રકાશ પાડવાનું સર્જક ચૂક્યા નથી. સમાજના રીતરિવાજો પ્રમાણે જો ન વર્તવામાં આવે તો તેની કેવી વલે થાય- ''.... ખોળો ભરાવ્યા પછી જો સુવાવડ માટે પિયરમાં તેડી ના જાય તો લોકો જાતજાતની ને ભાતભાતની વાતોનાં વડાં કરતા.: ભૂખરો... સઅ્ ના ના ઓમ તો ઘર હારું ચાલઅ સઅ..... પૈશે ટકે નૈ, પણ મનનો ભૂખરો...સઅ ! મેશી સઅ...મેશી....''[૩૪૪] હંસા પુત્રને જન્મ આપે છે. હંસા અને પુત્ર હેમખેમ હતાં એટલે બધાને નિરાંત થઈ. માધાભાય ખુશ થયા. શહેરમાં નોકરી કરતો ધર્મેન્દ્ર રજામાં ઘરે આવે છે પણ કાલગ્રસ્ત રૂઢિઓ અને લોકલાજ મર્યાદા પાલનને કારણે પત્ની અને પુત્રીની ખબર કાઢવા જઈ શકતો નથી ! થોડા દિવસ પછી હંસાના પિયર ચેનુપુરથી એક ભાઈ માધાભાના ઘેર આવે છે અને જણાવે છે કે, ''હંસાને છઠ્ઠીના દા'ડે કો'ક વરપડું વરગ્યું સઅ ! બૌજ ધૂણઅ સઅ......''[૩૪૫] આ સાંભળતાં જ માધાભા હાયકારા સાથે બેબાકળા બની ગયા. 'ના હોય!' અને 'હાય, હાય ! હું થૈ જ્યું ઓશિંતુ ?' કહી મંછીમાના હૈયે મોટી ફાળ પડી. આવેલ અણધારી આફતથી માધાભાને કશું સૂઝતું નહોતું. ચેનપુરથી આવેલા ભાઈનું કહેલું માની માધાભા તો ભૂતપ્રેતના જાણકાર સવર્ણ જૂગા રબારીને

૩૪૨. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૨૧
૩૪૩. એજન, પૃ.૧૨૪
૩૪૪. એજન, પૃ.૧૨૫
૩૪૫. એજન, પૃ.૧૨૫

લઈને હંસાના પિયર પહોંચી જાય છે. ત્યાં ભૂવો ધૂણતો હોય છે. ભૂવા ધૂણવાની ક્રિયા આબેહૂબ વર્ણવાઈ છે ને ત્યાં વાર્તાકારની સર્જક પ્રતિભા પણ ઉપસી આવે છે. "હૂ.... હૂ..... શિકોતર સું.... વંતરી સું...... હારું ખાવા આયી'તી..... પણ ઘેંશ સિવાય કશું ભાર્યું નૈ.... હૂ......હૂ......ઉ......ઉ......" હંસાની આંખો ફાટી ગઈ. સાડલો સરક્યો. વાળનાં લટિયાંથી ચહેરો ઢંકાઈ ગયો. જૂગા રબારી થરથરવા માંડ્યો. એનાં મોંમાંથી એક મોટી હાક્ નીકળી ગઈ. જોવા ભેગાં થયેલાં લોકો હાક્ સાંભળી આઘાંપાછાં થઈ ગયાં. જૂગા રબારીએ બીજી હાક મારી. ધૂણવા માંડ્યો: "મારી ઈહલ મા...... ડાંગની ટોચે રમનારી મારી માડિયો, હાચનો પરચો આલ જે અનં આ ઝાળાં ધરબતી વંતરીં-ફંતરીં, મેલડી-ફેલડી, શિકોતર-ફિકોતર, સધિ-ફધિ, વાડ્યનું વરપડું-ફરપડું ભગાડી મૂકજે...."[૩૪૬] જૂગા રબારીના દોરા-ધાગા છતાં પણ હંસાનું શરીર તો ધીમે-ધીમે ફિક્કું પડી જવા માંડ્યું. છતાં પણ જુગાએ માધાભાને વિશ્વાસ રાખવાનું કહ્યું- "માધાભા, હારુ મેલું દેવ લાગઅ સઅ પણ ચિંતા કરશો નૈ"[૩૪૭] પણ માધાભા તો હંસાની હાલત જોતા ભૈ, જૂગા, મનં તો હુવાવડનો રોગ થયો હોય એવું લાગઅ સઅ ![૩૪૮] એવું બોલે છે ત્યારે સાંપ્રત વાતાવરણમાં પ્રવર્તતી જતી જાગૃતિનો અણસાર આપણને સહેજે મળે છે પણ માધાભા ભૂવા સિવાય બીજો કોઈ ઉપાય કેમ કરતા નથી? એ આપણને વિચાર કરતા કરી મૂકે છે. વાર્તાના અનુસંધાનમાં કુટુંબના મોવડી માધાભાની અવઢવ બહુ ઈચ્છનીય હતી પણ એ લેખકે બતાવી નથી! અંતે માધાભા જૂગા રબારીની વાત "શિકોતરી સઅ.....શિકોતરી જ આવાં જાળાં ધરબ સ......" માની લે છે. જૂગા રબારીએ ઈહલમા એને ભગાડી મૂકશે એવી આશા આપી થોડી રાહ જોવાનું કહ્યું પણ જૂગા રબારીની બાધાની અવધિ પૂરી થઈ ગઈ તોય હંસાને સારું થયું નહીં ને બાધાપૂરી થઈ એના બીજા જ દિવસે સમાચાર આવ્યા- "આખરે હંસાનો જીવ લઈને જ જંપી......"[૩૪૯] હંસાના અપમૃત્યુથી માધાભા, મંછીમા, ધર્મેન્દ્ર અને ઘરનાં બધાં ગૂમસૂમ થઈ ગયાં. આખોવાસ અંધકારમાં ઓગળતો રહ્યો. સતત રોક્કળ ને 'હાય', કૂટવાથી બધાનાં શરીર ડોડીના વેલા જેવા થઈ ગયા. હંસાના મૃત્યુ પછી જ માધાભાને જૂગા રબારીની ધૂર્ત વિધાનો, પ્રપંચલીલાનો ખ્યાલ આવે છે. હંસાના મૃત્યુ પછી આશ્વાસન આપવા આવેલા જૂગા રબારીને માધાભા પૂછે છે, "ભૈ, જૂગા ! તારી ઈહલ મા ચ્યાં જૈ ?" માધાભાનું રૌદ્ર રૂપ જોઈને ગભરાઈ ગયેલો જૂગો પોતાની નિષ્ફળતા છાવરવા આભડછેટની વાત યાદ કરે છે અને બધી જ ફોડ પાડતાં નફટાઈપૂર્વક જણાવે છે કે, "માધાભા, મેં ઈહલ મા આગળ વેણ વધાવો નાખી જોયો....પણ.....મા, માડિયો ઈહલમા, અરિજનની દેયમાં ચેવી રીતે પરવેશ કરઅ? અનં જ્યાં હુંધી, પરવેશઅ નૈ ત્યાં હુધી માયલું વંતરું બ્હાર ચેવી રીતે નેકળઅ?"[૩૫૦] અહી અસ્પૃશ્યતા તરફનું મૌન ઈંગિત છે. સવર્ણ સમાજના કહેવાતા ભૂવાઓની નફટાઈ, દંભી, બનાવટી ચાલ, ધંધાદારી વૃત્તિ છતી થાય છે. સાથે સાથે સવર્ણ સમાજના દેવદેવીઓ પણ દલિતોને સ્પર્શવામાં પાપ માને છે તેની ગૂંથણી પણ સર્જકે કરી છે.

---

૩૪૬. તલપ, હરીશ મંગલમ્, પૃ.૧૨૬

૩૪૭. એજન, પૃ.૧૨૬

૩૪૮. એજન, પૃ.૧૨૬

૩૪૯. એજન, પૃ.૧૨૭

૩૫૦. એજન, પૃ.૧૨૮

પ્રપંચી ભૂવા જૂગા રબારીના વિધાન ''મા, માડિયાં.....'' માં વાર્તાનો TURNING POINT રચાય છે. જૂગા રબારીનું આ વેણ સાંભળતાં જ માધાભાનું ચેતાતંત્ર હચમચી જાય છે. તંદ્રાવસ્થામાં માધાભા જૂગાનો પીછો પકડીને તેને લાકડીના પ્રહારથી ભોંય ભેગા કરી દે છે. એટલું જ નહીં, ઈહલમાની દેરીની ધજાના લીરેલીરા કરી દેરીને રફેદફે કરી નાખે છે. માધાભાનો ભભૂકતો વિદ્રોહ, આક્રોશ દલિત સમાજમાં ઘર કરી ગયેલા સદીઓ જૂના વરપડા સામે છે. 'વરપડું' અંધશ્રધ્ધાનું પ્રતીક બનીને વાર્તામાં વિસ્તરે છે.

દલિત સાહિત્ય સમાજ પરિવર્તનની દિશામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. આખરે તો દલિત સાહિત્ય ક્રાંતિ અને સામાજિક બદલાવનું સૂચક છે, વાચકમાં ચેતના જન્માવે છે. હરીશ મંગલમે્ એમના 'તલપ' વાર્તાસંગ્રહનાં 'નિવેદન'માં દલિત સાહિત્યની વિભાવના નોંધી છે. 'પરંપરિત સાહિત્યમાં ભરપેટ ઉપયોગમાં આવતી અંધશ્રધ્ધાને જાકારો- રૂઢિચુસ્તો, પંડિતો અને અસમાનતા સામે જંગ' જે આ વાર્તાના અંતે માધાભાના મનોલોકના પ્રતીકાત્મક નિરૂપણમાં ચરિતાર્થ થતી જોઈ શકાય છે. ડૉ. કેસર મકવાણા નોંધે છે કે ''...... વાર્તાનું હાર્દ-ગામડામાં ઘર કરી બેઠેલી અંધશ્રધ્ધા કે ઠોકી બેસાડાયેલા વહેમોને ખુલ્લા પાડવાનું ને તેની સામે જેહાદની ચિનગારી પ્રજ્વલિત કરવાનું છે.''[૩૫૧] અરવિંદ વેગડાનો પણ અભિપ્રાય ''વરપડું અંધશ્રધ્ધા સામે તકાયેલું તાતું તીર તો ખરૂં જ.....''[૩૫૨] યથાર્થ છે. ટૂંકમાં 'વરપડું' ભૂતથી મોટા ભૂતના પ્રતિકારની વાર્તા છે.

આપણો ગ્રામ્ય સમાજ આ અંધશ્રધ્ધાના કુંડાળામાંથી આજે પણ બહાર નીકળ્યો છે ખરો ? એટલે મને લાગે છે કે આ વાર્તામાં અસ્પૃશ્યતા કેન્દ્રમાં નથી પણ અંધશ્રધ્ધા કેન્દ્રમાં છે. વાર્તાનો અંત ગમે છે પણ માધાભાનો મનોસંઘર્ષ બતાવ્યો હોત તો કદાચ વાર્તા વધુ આસ્વાદ્ય બની હોત. ધર્મેન્દ્ર પત્ની હંસાને ખૂબ જ ચાહે છે પણ પત્નીના મૃત્યુ વિશેનો કોઈ પ્રતિભાવ ધર્મેન્દ્ર તરફથી બતાવ્યો નથી ! ધર્મેન્દ્રની મનોદશા, મનઃસ્થિતિ વર્ણવી હોત તો કદાચ વાર્તા વધુ ઊંડાણોને માપી શકત 'વરપડું' માં દલિત સમાજના રીતરિવાજો, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ, વાસનું વર્ણન, વણાટકામ, બોલી વગેરે દ્વારા વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચી શકાયો છે. ગદ્યને કારણે પણ વાર્તા ધ્યાનપાત્ર બને છે.

શૈલેશ એમ. પરમારની '*ઢોલની દાંડીએ*' વાર્તા વિષયવસ્તુની દષ્ટિએ ઉમાશંકર જોશીની 'ઢેડના ઢેડ ભંગી' એકાંકીનું સ્મરણ કરાવે છે. અહીં ગામમાં સફાઈનું કામ કરતો નેં લગ્નની સિઝનમાં ઢોલ વગાડી બે પૈસા રળી લેતો મંગો ચમાર ગ્લાસ ઉપાડીને વણકર અમરતને પાણી આપવાનું કહે છે ત્યારે અમરત તાડૂકયો, 'મારા હાળા ઓળગણા, જાત-કજાત જોયા વગર ગ્લાસને અડયો.' પછી તો આજુબાજુ કામ કરતા માણસો પણ ઘૃણાભરી નજરે જુએ છે. વર્ષોથી પટેલ, બ્રાહ્મણોના મોઢાની ગાળો ખાવા ટેવાયેલો મંગો આજે પોતાના જ સમાજના અમરત વણકરના અપશબ્દો સાંભળી ઉદાસ થઈ જાય છે. આજ વણકરો વરઘોડા વખતે ફટાકડા ફોડે છે ત્યારે સવર્ણો તાડૂકે છે, ''અલ્યા નવી

૩૫૧. હયાતી,માર્ચ,જૂન, ૨૦૦૫, પૃ.૫૪
૩૫૨. હયાતી, સપ્ટેમ્બર, ૨૦૦૫, પૃ.૩૭

નવઈના તમારા છોકરા પૈણે છે તે આ ફટાકડા ફોડો છો? .... બધાને ભંઠાવવા પડશે, નાહતાં નહીં આવડે દિયોરો.''[૩૫૩] ટોળામાં સન્નાટો પડી જાય છે ને બધા સમસમી જાય છે. અમરતના પિતા તો કરગરવા માંડે છે કે ''ભઈસા'બ- માબાપ, ભૂલ થઈ ગઈ. ફેરથી નહીં થાય, જવા દો માબાપ, આ તો છોકરા હતાં. એમને ક્યાંથી ખબર પડે?''[૩૫૪] અહીં વણકર ચમારને અપમાનિત કરે છે તો ચૌધરી વણકરોને! મંગાને ગમે તે બોલીને અપમાનિત કરનાર અમરત વણકરને જ્યારે ચૌધરી અપમાનિત કરે છે ત્યારે મંગો ખુશ-ખુશ થઈ જાય છે. પોતાના જ સમાજનો માણસ પોતાને ધમકાવતો એ અસહ્ય બની ગયું પણ ચૌધરીએ અમરતને અપશબ્દો કહ્યા ત્યારે મંગાને લાગ્યું કે એ જ દાવનો છે, લેતો જા. આ ભાવ મંગો હરખાતો-હરખાતો બમણા જોરથી ઢોલ પર દાંડી પીટવા માંડે છે ત્યાં વ્યકત થાય છે. શારીરિક ચેષ્ટા દ્વારા માનસિક અવસ્થાની અદ્દ્ભુત અભિવ્યકિત અહીં જોવા મળે છે.

વિયોગી બાદલની '*નેડો*' માં લાલજી ઉર્ફે લાલો અને રેશમનો પ્રેમ આલેખાયો છે. અહીં લાલજીનો પિતા લખો કાનજી પટેલનો 'આંબો' કેરીની સીઝન પૂરતો ભાડે રાખે છે, લાલજી આંબાની દેખભાળ માટે ખેતરમાં જ રહે છે. કાનજી પટેલની દીકરી રેશમ પણ ખેતરમાં કામ કરવા આવે છે ને તે પોતાના ભાતમાંથી 'નારી' (ઘેંસ) ની વાટકી લાલજીને આપે છે. ધીમે-ધીમે બંનેમાં પ્રેમનાં અંકુર ફૂટે છે પણ અંતે જે થવાનું હોય તે થઈને જ રહે છે. કાનજી પટેલ રેશમના લગ્ન બીજા યુવક સાથે કરવાનું નક્કી કરી દે છે. પિતાના આ નિર્ણયથી બંને ખૂબ દુ:ખી થઈ જાય છે. લાલજી હામ હારી જાય છે ત્યારે તેના કાકા વેલજી તેને ધરપત આપતા કહે છે, 'દલડામાં દવ લઈન પણ જે હસતાં હસતાં જીવી જાણે, ઈનું નામ મરદ. હાંમાવાળું જ્યાં પણ રેઃ ત્યાં બેઉ સુખી રે, એવી પારથના કરીએ, ત્યારઅ...... જ પ્રીતનું હાચું મૂલ આંક્યું ગણાય. રોઈ રોઈન..... રણ ભરતા કઅ..... કૂવો હવાડો કરતાં માનવીઓ હાવ હવારથી હોય સ.... હવારથનું જ્યાં રતિભાર પણ થાંન (સ્થાન) ન હોય ઈનું નામ નેડો.'[૩૫૫]

ભી.ન.વણકરની 'લક્ષ્મણરેખા'ની જેમ '*નેડો*' પણ વર્ગ ભેદ-વર્ણભેદની કથા છે. દલિત પાત્રોને ઉન્નત, સર્વગુણ સંપન્ન બતાવવાની લાલચમાં વાર્તા અંતે ભાવુકતામાં સરી પડે છે. અંત મેલોડ્રામેટિક લાગે છે.

'*રોકડી*' નાં લેખિકા ચંદ્રાબહેન શ્રીમાળી પોતે ધારાસભ્ય હતાં. વાર્તામાં તેનો રાજકીય અનુભવ ખપમાં લેવાયો હોય એવું લાગે છે. વાર્તાના કેન્દ્રમાં રંભામા અને જશોદા છે. સ્ત્રી અનામત આવતા સવર્ણ રંભામાને ટીકિટ મળે છે. માધાગોરે તેને ટોપલા ભરી-ભરીને મત અપાવે છે. ચૂંટણી પ્રચારમાં લોહી-પાણી એક કર્યા. રંભાબહેન ચૂંટણી જીતી ગયા પણ રંભાબહેનની જીપનો ડ્રાઈવર જશોદાનો પતિ બબો અકસ્માતમાં મૃત્યું પામે છે ને જશોદાને રહેમરાહે પંચાયતની એક શાળામાં

---

૩૫૩. વણબોટી વારતાઓ, સં. દલપત ચૌહાણ, પૃ.૨૧૨

૩૫૪. એજન, પૃ.૨૧૨

૩૫૫. પ્રતિનિધિ દલિત વાર્તા, સં. હરીશ મંગલમ્

પાણી પાવાવાળાની જગ્યાએ નોકરી મળે છે પણ એકતો આવવા જવામાં તકલીફ ને બીજું ગંગારામની બદદાનતથી કંટાળીને પોતાના જ ગામમાં બદલી કરાવી આપવાની ભલામણ રંભાબહેનને જશોદા કરે છે પણ તે દાદ આપતા નથી.

અંતે રંભાબહેન જશોદાની બદલી તો કરી આપે પણ હજાર બે હજાર રૂપિયાની 'રોકડી' કરી લેવાની તેના મનમાં બદદાનત હતી! રંભાબહેનના જીપનો નવો ડ્રાયવર ગંગારામ જશોદા નોકરીએથી ઘરે જાય છે ત્યારે રસ્તામાં તેને જીપમાં બેસાડી 'લાભ' લઈ રોકડી કરવા માંગે છે. તો રંભાબહેનનો પતિ પણ જશોદાથી આકર્ષાય છે ને ત્યાંથી વાર્તાને નવો વળાંક મળે છે. તે રંભાને જશોદાની બદલી કરાવી આપવાનું ને પોતાના ઘેર કામે બોલાવવાનું કહે છે, તેની પાછળનું મૂળ કારણ તો તે કહે છે તેમ "....જોરૂકી બાઈ આપણાં ઘરમાં આવતી જતી થાય તો કોક દાડો મારાય કામમાં આવે."[૩૫૬] આ સાંભળી રંભાબહેનને પશાની બદદાનતની ગંધ આવી જાય છે. રંભાબહેન મનોમન વિચારે છે કે જશોદાની બદલી કરી દે તો તે નજરથી દૂર રહે ને તેથી ન રહે બાંસ ન બજે બાંસુરી. ચતુર રંભાબહેન પાણી વહે એ પહેલાં જ પાળ બાંધી દેવાનું વિચારે છે. બીજું એકે વિધવા જશોદાનું કામ થઈ જાય તો એની આંતરડી ઠરે. વાર્તાન્તે જે વિધાન છે તે ખૂબ જ માર્મિક છે ને વાર્તામાં નવું પરિમાણ આપે છે. રંભાબહેન કહે છે- "એ સુખેથી રહે તોય મને તો પુણ્ય મળવાનું છે. કોકનું ભલું થતું હોય તો બળ્યા રૂપિયા ! કોકના મૂંગા આશિષ મળે એ એક 'રોકડી' જ ગણાય ને !"[૩૫૭]

'રોકડી' શબ્દમાં રહેલો વ્યંગ વાચક સાહજિકતાથી પામી જાય છે. અકસ્માતમાં રંભાબહેનનો કાચો નખ પણ ઉતર્યો ન હતો છતાં લોકો તેની ખબર અંતર પૂછવા જાય પણ બબાના બેસણામાં તો કોઈ સવર્ણ આવતું નથી! જવાન મોતનો મલાજો જાળવવામાંય આભડછેટ? જશોદાની પરબે કોઈ સવર્ણ પાણી પીવા આવતું નથી! રાજકારણીઓનાં પોલ અને દંભને તો ભગવાને ય ન પહોંચી શકે. આજે આવા જ રાજકારણીઓ સમાજની અને રાજ્યની ધુરા સંભાળે જ છે ને !

ચંદ્રાબહને શ્રીમાળીની 'ચકુનો વર' દીર્ઘ નવલિકા છે. આ વાર્તા ચકુના લગ્નની આસપાસ ગૂંથાયેલી છે. ચૌદ- પંદર વર્ષની ચકુ, રમલી અને પનડી બાળલગ્નના કુરિવાજથી બેપરવા હતી. નાનકડા ઢીંગલા- ઢીંગલીને જૂના કપડાની રંગીન ચિંદરડીઓના કપડાં પહેરાવતી અને પાંચીકાના પત્થરોને ફ્રોકના ખિસ્સામાં ભરીને ખજાનાની જેમ સાચવતી આ કન્યાઓને લગ્નની ભારે સાડી કેમ પહેરવી? અને કેમ કરીને લાંબો ઘૂમટો તાણવો ? એની કશીયે ગતાગમ ન હતી. બાળલગ્નની વિરુધ્ધ કાનૂન હોવા છતાં તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન બાળલગ્ન તેના વરવા સ્વરૂપ બાબતે લેખિકાએ વેધક વ્યંગ કર્યો છે. ચકુના ચતુરકાકા શિક્ષક હોઈ બાળલગ્નના વિરુધ્ધ હતાં પણ તેઓ નાતના ભયને કારણે કશું કરી શકતા નથી. સારી બાબત તો એ છે કે દલિત સમાજે દહેજપ્રથાના દુષણને પ્રવેશવા દીધું નથી. વાર્તામાં આ સમાજના કેટલાંક આગવા રિવાજો છે. જેમ કે, લગ્ન પ્રસંગે વરપક્ષ તરફથી

૩૫૬. ચકુનો વર, ચંદ્રાબહેન શ્રીમાળી, રન્નાદે પ્રકાશન, પ્ર.આ.૨૦૦૩, પૃ.૧૦૪
૩૫૭. એજન, પૃ.૧૦૪

કન્યાના પિતાને રોકડામાં થોડા નાણા આપવાનો રિવાજ છે જેને 'દેજ' કે 'દાપુ' કહેવામાં આવે છે. આ ઉપરાંત લગ્નમાં પીઠી ચોડવી, પીઠી રમવી, ફટાણા, ઓઠા અને બાળલગ્નના દુષણથી બેખબર ચકુ અને તેની ટીખળખોર સખીઓની નિર્દોષ ચેષ્ટાઓને સરળ શૈલીમાં અભિવ્યક્ત કરી છે. વાર્તામાં એકના એક પ્રસંગના પુનરાવર્તનને કારણે વાર્તા પૂરી કરતાં તો હાફી જવાય છે.

## ૩.૩ દલિતેતર સર્જકોની વાર્તાઓમાં દલિતચેતના (૧૯૭૫ થી ૨૦૦૬)

ઈ.સ ૧૯૭૫ થી આવેલી ગુજરાતી અનુઆધુનિક સર્જકોની પેઢીએ આધુનિકતાના પ્રતિકાર સ્વરૂપે સામાજિક વાસ્તવને કેન્દ્રમાં લાવવાનો પ્રયાસ કર્યો પરિણામે આધુનિક ગુજરાતી સાહિત્યમાં અવગણાયેલી નારીચેતના, દલિતચેતના કે ગ્રામચેતના સાહિત્યમાં પ્રવેશે છે. એક તરફ શિક્ષિત થયેલો દલિત પોતાના સમાજની વાત કરતો થાય છે તો બીજી તરફ ગાંધીયુગના સર્જકોની જેમ બિનદલિતો પણ દલિત સંવેદનાને વાચા આપે છે. આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતી સાહિત્યમાં જેને સંપૂર્ણપણે દલિત વાર્તાસંગ્રહ કહી શકાય તેવો પ્રથમ વાર્તાસંગ્રહ 'અંતરવ્યથા' (૧૯૯૬) પ્રવીણ ગઢવી જેવા બિનદલિતની કલમે મળે છે ! જ્યારે અન્ય બિનદલિત વાર્તાકારો દ્વારા પણ વખતો વખત દલિત વાર્તાઓ મળતી રહી છે. જેમાંથી કેટલીક પસંદ કરેલી વાર્તાઓનો અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે. મેં સવર્ણો દ્વારા થતા દલિતોના શોષણના વિવિધ પ્રકારોને ધ્યાનમાં રાખીને વસ્તુવિધાન (theme)વાળી વાર્તાઓને એક સાથે તપાસવાનું રાખ્યું છે. એટલે શકય છે કે એક જ સર્જકની જુદા-જુદા પ્રકારનાં શોષણની વિષયકેન્દ્રી વાર્તાઓ પ્રકાર પ્રમાણે આમેજ કરી છે. એક જ સર્જકની બધી દલિત વાર્તાઓને એક સાથે મુકવાને બદલે શોષણના વિવિધ પ્રકારોનાં અભિગમથી જોવાનું મને વધારે ઉચિત લાગ્યું છે.

માય ડિયર જયુની *'પ્રવેશ'* વાર્તામાં વાચકના ચિત્તમાં બાલમાનસમાં સહજભાવે ઉગતા સવાલોને સમાજ સામેનાં પડકારરૂપે લેખકે મૂકી આપ્યા છે. વાર્તાકથક (વડોનિશાળિયો) અને વાર્તાનાયક (દલિત બાળક શિવો) જુદા છે. ગામડાની શાળાઓમાં દર વર્ષે પરીક્ષા વખતે ઈન્સ્પેકટર સાહેબ આવે અને જે વર્ષ દરમિયાન અસ્તિત્વ ધરાવતું નથી તે બધુ જ બતાવવાનું નાટક રચાય છે. અહીં આવું જ એક નાટક કેન્દ્રમાં છે.

વાર્તાના આરંભમાં જ સર્જક ભાવકના ચિત્તમાં અનેક શંકા-કુશંકાઓ જન્માવે છે. આમ તો ઈન્સ્પેકટર સાહેબ વર્ષમાં એકવાર પરીક્ષાના સમયે શાળામાં આવે પણ આ વખતે શાળા ખુલતાં જ કેમ ? વળી એમાંય જયારે રમજુ પસાયતાને 'પોટકી' લઈને આવતા જોયા એટલે બધા જ વર્ગોના નિશાળિયાનું કૌતુક વધવા માંડ્યું કે વાર્ષિક મેળાવડા વખતે નિશાળના હોશિયાર વિદ્યાર્થીઓને ઈનામો અપાતાં એવું તો કાંઈ નહિ હોય ને ! બીજી તરફ રામભાઈના રાજીનામું આપી દેવાના નિર્ણયથી મોટા માસ્તર પણ ઘડીભર તો ચૂપ થઈ રહ્યા, તેને સમજાવતા કહ્યું કે હમણાં થાણદાર, મુખી અને

દરબાર સાહેબ આવશે એટલે કંઈક રસ્તો કાઢશે પણ દલિતોના સખત વિરોધી રામભાઈ ઉગ્ર થઈ તાડૂકયા: ''હવે શું રસ્તો કાઢવાના ? થાણદાર મોટા કે સરકાર મોટી ? સરકારે નક્કી કર્યું છે ને એક પછી એક ગામમાં ઢેઢાને શાળા-પ્રવેશ કરાવવાં માંડ્યાં છે એ તમારાથી અજાણ્યું છે ?''[૩૫૮] રામભાઈના કહેવાથી વડા નિશાળિયાઓને વાતનો ત્રાગડો મળ્યો અને તેઓનું કૌતુક તંગ થયું. એક તરફ સરકારના હુકમની ભીંસ અને બીજી તરફ ગામના મૂંછાળા દરબારોની ભીંસ, એટલું પૂરતું ન હોય તેમ શાળાના રામશંકર માસ્તરની રાજીનામું ધરી દેવાની ધમકી ! આ બધાની વચમાં આચાર્યની કેવી કફોડી સ્થિતિ સર્જાય ? શું કરવું શું ન કરવું એ મોટામાં મોટો યક્ષપ્રશ્ન એમને મૂંઝવે છે. સરકારનો હુકમ છે, સુધારા લાવવાના છે, સમાનતા લાવવાની છે, હરિજનોને પણ શિક્ષણ મેળવવાનો અધિકાર છે એ વાતને સમર્થન આપવાનું છે તો બીજી તરફ સવર્ણ સમાજની જડ માનસિકતાનો સામનો કરવાનો છે. દરબાર સાહેબે તો વિશુભાને આદેશ આપી દીધો છે કે મેતરને કહે જે : ''રાતોરાત ઢેઢવાડો ખાલી કરીને બધા વગડામાં ભાગી જાય ને બાર પંદર દિ'દેખાણાં તો ખેર નથી''[૩૫૯] દરબાર સાહેબની આ આજ્ઞા સાંભળતાં જ શાળામાં દલિત બાળકોના પ્રવેશના વિરોધી રામભાઈ પણ ખુશ થઈ જાય છે પણ થાણદાર તો આ નિર્ણય સાંભળતા જ હાંફળા-ફાંફળા થઈ ગયા અને ગભરાઈને એમણે જણાવ્યું કે : ''અરે, અરે, એ શું કર્યું તમે ? સરકારશ્રીનો હુકમ છે, પંદર દિવસથી ઓર્ડર આવીને પડ્યો છે, ગામના દરેક હરિજનને હાજર રહેવાનું છે,બહારગામ જવાનું નથી ને ગયા હોય તો આજ બોલાવીને હાજર રાખવાની જવાબદારી આપણી છે.''[૩૬૦] થાણદારની જેમ મુખીને પણ ચિંતા થાય છે કે, આવું કરીએ તો તો બધાને આંખે ચડી જવાય ને મુશ્કેલીમાં પડી જવાય. મોટા માસ્તર પણ આ વાતમાં સૂર પુરાવતાં જણાવે છે કે જ્યારે આખા દેશમાં ક્રાંતિ થઈ રહી છે, ત્યારે આપણે હરિજન બાળકોને શાળામાં આવતાં કેવી રીતે રોકી શકીએ ? સઘન ચર્ચા-વિચારણાના અંતે થાણદાર સાહેબ સાપ મરે નહિ ને લાકડી ભાંગે નહિ એવો રસ્તો બતાવે છે અને એ રીતે દલિતોના બાળકોને શાળામા પ્રવેશ આપવાનું 'નાટક' ગોઠવાય છે! આયોજન પ્રમાણે હરિજન વાસના બધા જ દલિતોને શાળા-પ્રવેશના કાર્યક્રમમાં આવવાનું જણાવવામાં આવે છે. તે બધાં બીતાં-બીતાં આવે છે. છોકરાઓને સૂતરની આંટી અને ચાંલ્લો ચોટાંડીને ખુશ કરવામાં આવે છે. ઈન્સ્પેકટર ભાષણ આપે છે. મોટા માસ્તર પણ હરિજન બાળકોની પાટીમાં કંઈક લખીને એને ઘૂંટવાનું કહે છે ને મોટા માસ્તરના કહેવાથી જ શિવો સરસ્વતી માતાની છબી સામે શ્રીફળ વધેરે છે. એ રીતે પ્રવેશ વિધિ સંપન્ન થતાં વાર્તામાં ભજવવાના નાટકનો આરંભ થાય છે. જાંબાળા ગામમાં પણ આવું જ ઈન્સ્પેકશન કરવાનું હોવાથી ઈન્સ્પેકટર સાહેબ જતા રહે છે. ઈન્સ્પેકશન કેવાં થાય છે તેના તરફ લેખકે અંગુલિનિર્દેશ કર્યો છે. ઈન્સ્પેકટર સાહેબ જતાં જતાં થાણદાર સાહેબે ફળિયામાં ઉભેલા હરિજનોને ઈશારો કર્યો, 'હવે ઉપડો,' આથી મોટા ભાગના છોકરા ઊભા થઈને જતા રહ્યા પણ હરિજન વાસમાંથી આવેલ શિવો તો પાટી-પેન લઈને જડબેસલાક ચિત્રામણ કરવા ત્યાં બેસી જ ગયો. જવાનું

૩૫૮. જીવ,માય ડિયર જયુ, પાર્શ્વ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૧, પૃ.૬૯
૩૫૯. એજન, પૃ.૬૯
૩૬૦. એજન, પૃ.૭૦

નામ જ લેતો નથી ! મોટો માસ્તર લાંબો બેલ જ છૂટીનો પડાવી દે છે. આથી વાસના છોકરાઓ ઊભા થઈને દોડ્યા પણ શિવાએ ઊંચુ ના જોયું, ઘણાં બધાના સમજાવ્યા છતાં એ તો પોતાની પાટીમાં જ ચિતરામણ કરી રહ્યો હતો કારણકે શિવો તો આ નાટકને નાટક સમજતો નથી પણ તે તો શાળાએ નિયમિત ભણવા જવાનું જ છે એવી સમજણ ધરાવે છે, શિવો તો બનાવટી ઘટનાને સાચી જ સમજે છે. એને દુનિયાદારીની શી ખબર ? અબુધ, અજાણ, અવ્યવહારુ, અભણ શિવો તો ભણવાની તાલાવેલી લઈને આવ્યો છે. એને તો બસ ભણવું છે, એને કોણ, કેવી રીતે સમજાવે કે વિદ્યાભ્યાસ તો સવર્ણો માટે હોય, હરિજનોને ભણવાનું શું કામ? પણ શિવો તો આપણી આ જડ સામાજિક વ્યવસ્થાથી અજાણ જ છે અને એટલે એ સહજતાથી માસ્તરને પૂછી બેસે છે કે, ''કાલ કંઈ આવવાનું સા'બ ?'' શિવાની આ સ્વાભાવિક જિજ્ઞાસાસભર ઉક્તિ કેવાં પરિમાણો સર્જે છે ? નિર્દોષ, નિર્મળ શિવા દ્વારા મોટા માસ્તરને સહજ રીતે જ પૂછાયેલ પ્રશ્ન સહ્દય ભાવકને તીરની જેમ ભોંકાઈ જાય છે, વાચકને સ્પર્શી જાય છે ને વાર્તાને ચોટદાર બનાવે છે.

વાચક તરીકે આપણે પ્રત્યુત્તરની રાહ જોઈએ કે મોટા માસ્તર પણ શું કહેશે ? અને આપણને જાણીને આશ્ચર્ય થાય કે તંગ સ્થિતિમાં પણ માસ્તરે એની એક જવાબદારી અને આચાર્યપદને શોભાવે એવો જવાબ આપ્યો, 'અગિયાર વાગે'ને શિવો 'કાલ્ય આવીશ.....' કહીને ચાલ્યો જાય છે. ત્યાં જ વાર્તા પૂરી થઈ જાય છે. વાર્તાના આરંભે લેખકે જે રીતે પરિસ્થિતિ સર્જી છે એ જોતાં વાર્તાનો અંત અણધાર્યો લાગે છે. જાણે હવે પછીના વર્ષોમાં ગાંધીજી દ્વારા ઉપાડવામાં આવનારા અભિયાનના અણસાર-એના બીજ 'અગિયાર વાગે' માં મળી જાય છે. મને તો લાગે છે કે હજારો વર્ષોથી ઘર કરી ગયેલી જડ પ્રથામાં, અજાણતાં ચિનગારી મૂકતા શિવાની આ કથા છે. જાણે હવે પછી સમાજમાં શરૂ થવાના સળવળાટનું અને પછી આક્રોશનું ઉદ્ભવબિંદુ આ પ્રકારની વાર્તાઓમાં પડેલું છે.

મનોજ જોશીનો અભિપ્રાય છે કે 'પ્રવેશ' પણ દલિત ચેતનાને વ્યકત કરતી છતાં મુખર ન બની જતી સુંદર વાર્તા છે. ''[૩૬૧] દલિત ચેતનાની અભિવ્યક્તિ તો અહીં છે જ પરંતુ શિવાના અંતિમ પ્રશ્ન સાથે વાર્તા પૂરી થઈ હોત તો કલાત્મકતા જળવાઈ હોત પણ શિવાના 'કાલે કંઈ આવવાનું સા'બ ?'[૩૬૨] પ્રશ્ન સાંભળતાં જ વાર્તાકથકના મનમાં ઊઠતા સવાલો મૂકીને લેખકે વાર્તાને મુખર બનાવી દીધી છે : ''ને, મારા મગજમાં બેલની ઘણઘણાટી ચાલી રહી, કાલે ? કાલે દરબાર સાહેબ શું કરશે ? કાલે મેરાભાઈ શું કરશે ? કાલે રામભાઈ શું કરશે ? કાલે મોટામાસ્તર શું કરશે ? કાલે આ હરિજનો શું કરશે ? કાલે ઈન્સ્પેકટર સાહેબ રાઉન્ડમાં નીકળશે તો ? કાલે આખો ઢેઢવાડો જ ભડભડ સળગાવી દેશે તો ? – મારા મગજમાં લાંબો બેલ.......''[૩૬૩] લાંબો બેલ કંઈક લાંબુ સૂચવી જાય છે. બાળકથકના મુખે મૂકેલા આ પ્રશ્નો જોતાં આપણા મનમાં સહજ રીતે જ પ્રશ્ન ઉદ્ભવે કે સવર્ણ બાળકથક આટલો બધો

---

૩૬૧. અધીત-પચ્ચીસ-છવ્વીસ, પૃ.૧૫૧

૩૬૨. જીવ, માય ડિયર જયુ, પૃ.૭૮

૩૬૩. એજન, પૃ.૭૮

પરિપકવ mature ક્યાંથી ? એના મનમાં આટલા બધા પ્રશ્નો ક્યાંથી ઊભા થયા ? સર્જકે એની ઉંમરનો ખ્યાલ રાખ્યા વગર પોતાના પ્રશ્નો એના ચિત્તમાં મૂકી નથી દીધાને ? આ વાર્તાના આરંભ અને અંતનું અનુસંધાન આચાર્યની 'અગિયાર વાગે' ઉક્તિમાં મળી જાય છે. વાર્તાના અંત પછી વાચકના ચિત્તમાં બીજી નવી વાર્તાનું બીજ અંકુરિત થતું હોય છે. ખુલાસા આપીને લેખક વાર્તાના અંતને શિથિલ શા માટે બનાવી દે છે ? બીજે દિવસે સવારે શું થશે ? તે અંગે વાચકને જ વિચારવા દે તો કેવું ?

આ વાર્તામાં ધ્યાન ખેંચનાર બાબત એ છે કે ગામડાની શાળામાં હરિજનોના બાળકોને પ્રવેશ આપવાની ઘટના એ જ શાળાના સવર્ણ વડા નિશાળિયાના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. સવર્ણ બાળક દ્વારા દલિત સંવેદનાનું નિરૂપણ કરવામાં આવ્યું હોવાથી વિશિષ્ટ પરિમાણ રચાય છે અને એને કારણે જ વાર્તા વધારે અસરકારક લાગે છે. કિશોર કથક હોવાને કારણે એનામાં સવર્ણ–દલિત એવો ભેદ–ભાવ દઢ થયો નથી, સવર્ણપણાનો ભાર નથી એના કારણે જ શાળામાં દલિત વિદ્યાર્થીના પ્રવેશ અંગેની ઘટના તટસ્થપણે જુએ છે., એ શાળાના કાર્યક્રમમાં ભળે છે. શિક્ષકોનો વ્હાલો હોવાથી નાનામાં નાની બાબતોની પણ તેને ખબર છે. કથક રૂઢિજડ સવર્ણોની આપખુદશાહીથી ડરે છે, મૂંઝાય છે છતાં પણ એના હ્રયના કોઈ ખૂણામાં ભણવા માંગતા હરિજન શિવા માટેની સહાનુભૂતિ પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે એજ તો આ વાર્તાની ખૂબી છે.

'પ્રવેશ'માં પરિસ્થિતિજન્ય કરુણતા છે પણ કરુણ કેન્દ્રમાં નથી. અહીં સવર્ણ વર્ગની સામે દલિતવર્ગની સંવેદનાને લેખકે સન્નિધિકૃત કરી છે જેને કારણે વાર્તાનું વસ્તુ રૂઢ હોવા છતાં પણ આસ્વાદ્ય બની રહે છે. દલિતો માત્ર દલિત રહે, પીડા ભોગવે, એમની કોઈ આશા, અરમાનો ન હોય તેવી મનોગ્રંથિ સવર્ણોની છે. બીજી તરફ સમાજના અસ્પૃશ્ય, ઉપેક્ષિત, બહિષ્કૃતવર્ગને પણ વર્ષોથી આ સામાજિક પરિસ્થિતિ કોઠે પડી ગઈ છે. એ બિચારા કરે પણ શું ? દલિતો પ્રાચીન કાળથી જ સવર્ણોની સ્વાર્થીવૃત્તિ, જોહુકમીનો, એની પાશવીવૃત્તિનો એટલો બધો ભોગ બનતા આવ્યા છે કે પોતાના હક્કનો લાભ લેતા પણ થરથર કંપે છે. પોતાના હક્કોની એને જાણ જ નથી. એ સવર્ણસમાજથી ભયભીત છે. અહીં હરિજન દેવો મેતર બોલે છે કે.....''અમારે ક્યાં ભણવું સ, મા બાપ ! .....અમીં ક્યાં-ક્યાં કઈઈ સઈ, માબાપ ! ..... ગામ અમારું માઈ બાપ સ, ગામને અભડાવીને ક્યાં જાવાનાં, માબાપ !.....અમીં અટાણે જ શીમમાં વયાં જઈ.....સરકાર કયે તો તમારે માબાપે કઈ દેવાનું કે કા'રે વયાં ગ્યાં ઈની અમનેય ખબર્ય નથ્ય, માબાપ !.....''[૩૬૪] વૃદ્ધ દેવા મેતરના આ શબ્દોમાં વ્યકત થતી લાચારી ભાવકને પણ થરથરાવી દે, હૃદય દ્રવી ઊઠે, રૂવાડાં ઊભા થઈ જાય એવી છે. આમ, દલિતોને એમના અધિકારનું લેતાંય કેવો ફફડાટ થતો હોય છે ? અહીં વાત કહેતા સવર્ણ બાળમાનસના શબ્દોમાં આની ગંભીરતા કેવી ઘૂંટાઈને આવી છે તે જોઈએ– ''આવડા મોટા–મારા દાદા જેવડા (દેવા મેતરને) માણસને આમ રડતો મેં પહેલી વાર જોયા''[૩૬૫] ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપિત સમગ્ર દલિત સમાજની લાચારી અહીં ચોટ ઉપજાવી શકી છે.

૩૬૪. જીવ, માય ડિયર જયુ, પૃ.૭૨
૩૬૫. એજન, પૃ.૭૨

વાર્તામાં રામશંકર માસ્તરની જડતાને પણ વેધક રીતે પ્રગટ કરી છે. સવર્ણ બાળકોના શાળા પ્રવેશનો વિરોધ કરતા રામશંકર માસ્તરે આક્રોશમાં કહ્યું – ''હા, તો તો આજ નિશાળમાં ઘાલશે ને કાલ મંદિરમાં ને પછી ગામ વચમાં રહેવા દ્યો એમ કહેશે, ખરુંને ?''[૩૬૬] થાણદાર સાહેબે કહ્યું, શાળા પ્રવેશનો બે કલાકનો કાર્યક્રમ છે ત્યારે રામભાઈએ જણાવ્યું કે 'ભલે બે કલાક કે બે મિનિટ..... પણ જમ ખોરડું ભાળી જાય એનું કેમ ?'[૩૬૭] દરબાર સાહેબ પણ દલિતો પ્રત્યે ભારોભાર આભડછેટ રાખે જ છે. તે જણાવે છે કે, ''અટાણે જીવા મેતરને આંહી બોલાવીને સમજાવી દઈએ, ઈમણેય નાટક તો કરવું જ જોહેને, બે કલાકમાં બધી વાતનો ગોટો વાળી દઈએ. બધો કાર્યકરમ ફળિયામાં રાખવાનો પછી આખી નિશાળ ધોવરાવી નાખવાની''[૩૬૮] ઉપરાંત વિશુભા કે મેરાભાઈ જેવા વાર્તાના ગૌણ સવર્ણ પાત્રોની માનસિકતા લીટીના લસરકે વેધક રીતે ઉપસી આવી છે. મેરાભાઈએ કહ્યું કે, ''કાંઈ ટણપાશ કરે તો રાતે આખા ઢેઢવાડાને ડૂંભાણું મેલી દઈ....વારતા પૂરી.....હાળા ઢેઢા ફાટ્યા સ.......'' મેરાભાઈના આ અપમાનજનક શબ્દો દેવાના કાને પડતા તેનો રાગ ફાટી જાય છે અને વાર્તાકથક પણ કહે છેં, મને પણ મનોમન હેબત લાગી.' વાર્તાકથક વ્યથિત થઈ જાય છે. મુખી થાણદાર વગેરે આવા નાટકો રચવામાં માહેર જણાય છે.

ભારત સ્વતંત્ર થયાને પંચાવનથી વધુ વર્ષ થયાં હોવા છતાં અનેક શિક્ષણ સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ અને ઈતર સંસ્થાઓ, સત્તાધીશોની આંખોમાં ધૂળ નાખીને આવાં જ નાટકો ભજવીને રેઢિયાળ તંત્ર ચલાવતા હોય એવું નથી લાગતું શું ? 'પ્રવેશ' વાર્તાનો મુખ્ય ધ્વનિ તો આભડછેટની પરાકાષ્ઠાનું દર્શન કરાવે છે પણ પેલો નાનકડો અબુધ, અજાણ, અવ્યવહારું છોકરો શિવો સહજભાવે પૂછી બેસે અને મોટા માસ્તરને બીજે દિવસે આવવાનો સમય બતાવવાની ફરજ પડે આ સહજ સંવાદ વાર્તાને કરુણગર્ભ બનાવે છે.

'પ્રવેશ' વાર્તા તેની નિરૂપણ રીતિને કારણે પણ કલાત્મક બની રહે છે. ગામડાની શાળામાં ભણતો, શાળાના વાતાવરણથી પરિચિત એવો બાળકથક સભાનપણે આખી ઘટનાને જોતો હોય- ગોઠવતો હોય એવું લાગે છે. ઘટના સાથે કથકની પૂરેપૂરી નિસબત્ત અને કુતૂહલ પણ છે. આજે આવું બન્યું તો આવતીકાલે શું બનશે ? અને છતાં શૈલી તો લેખકની જ છે. બાળકથકની નજરે ઘટનાને લેખકે તપાસી છે. ડૉ. ભરત મહેતાએ 'પ્રવેશ' સંદર્ભે ઉચિત જ નોંધ્યું છે: ''આ બે વિરોધી બળોથી વાર્તા બંધાતી જાય છે. વાર્તામાં સવર્ણોનું દલિત વિદ્યાર્થી પ્રવેશ સામેનું દબાણ એક બળ છે. એની સામે હરિજનોની શરણાગતિ એ તુલ્યબળ નથી તેથી વાર્તા કયાં ગતિ કરશે એ ખબર પડતી નથી. શિવાના ભણવા માટેની બાળહઠ, કથાનાયક કિશોર સામે એનું ખુમારીથી પેશ આવવું, દોસ્તીની દાવત આપવી કથાનાયક માટે નહીં તો ભાવક માટે તો દષ્ટિ પરિવર્તનનું પરિબળ બની રહે છે. અત્યંત ઓછી ક્રિયાઓ, શબ્દો શિવાના ભાગે આવે છે છતાં સર્જક એને આપેલું Special Thematic

---

૩૬૬. એજન, પૃ.૭૦
૩૬૭. એજન, પૃ.૭૧
૩૬૮. એજન, પૃ.૭૨

Importance ઘણું રસપ્રદ છે. ટૂંકમા શિવો લગરીક પણ વ્યક્તિત્વસભર આલેખન પામ્યો છે. પ્રવેશની એ આંતરિક જરૂરિયાત હતી.''[૩૬૯]

સંવાદો દ્વારા દરેક પાત્રનું પોતીકું વ્યક્તિત્વ ઉપસી આવતું જોઈ શકાય છે. પાત્રો મુખે મુકાયેલ બોલીમાં તિરસ્કાર, આક્રોશ, ધૃણા ભળેલાં છે. ગદ્ય જીવંત છે તેથી માણવું ગમે તેવું છે. પ્રકૃતિનાં તત્ત્વો અને સાંપ્રત પરિસ્થિતિ બંને એક બીજાના પૂરક હોય એવું વાર્તામાં આવતાં વર્ણનો પરથી લાગે છે. પરિવેશ, પાત્રનિરૂપણ, પાત્રોના મનના સૂક્ષ્મ મનોસંચલનો વગેરેને કારણે વાર્તા ધ્યાનપાત્ર બને છે. 'પ્રવેશ' દલિતચેતનાની સક્રિયતાની નોંધપાત્ર વાર્તા છે.

માય ડિયર જયુની *'જીવ'* અનુઆધુનિક યુગની દલિત ચેતનાનું નિરૂપણ કરતી વાર્તા છે. વાર્તામાં ક્ષય જેવા અસાધ્ય રોગથી પીડાતા પોતાના એકના એક યુવાન દીકરાને બચાવવા માટેના ભગા ચમારના આ પ્રયાસો અને જીબાપુના આંગણે મરણાસન્ન સ્થિતિમાં પડેલા પાડાનો જીવ જલદી જાય તો તેને સત્વરે ઉપાડી જવાની આતુરતા, તાલાવેલી આ બે પરિસ્થિતિઓ વચ્ચે ઝોલાં ખાતાં મૂંઝવણ અનુભવતા ભગા ચમારની દ્વિધાત્મક સ્થિતિનું ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા નિરૂપણ થયું છે.

દલિતવાસમાં ઝૂંપડામાં રહેતો ભગો ચમાર જીબાપુનું કામ કરે છે. તેને જીબાપુની ઓથ છે આથી તે ખાધેપીધે સુખી છે પણ તેના એકનાએક યુવાન દીકરાને ક્ષય રોગ થતાં એના સુખમાં ગાબડું પડે છે. આથી ભગો અને તેની પત્ની અનેક ઓસડ અને બાધા આખડી કરે છે. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતાં દીકરાને બચાવવા ગરૂડાએ મંત્ર ભણીને આપેલી રાખ દીકરાને કપાળે ઘસી છે. વળી ગરૂડાએ કહેલું કે, ''નારણ ઊગે તંઈથી બેય માણસે નિરજળા અપ્પા કરવાના. ખોટું કામ તો હું, ખોટા વિશાર પણ નંઈ કરવાનો. સોવીસ કલાક કાઢી નાખો ને બીજે દિ'એ નારણ ઊગે ઈની હારોહાર તારો ગગો બેઠો ના થાય તો મને ફટ કે'જે''[૩૭૦] ગરૂડાના આશ્વસનથી ભગા અને ડોશીના જીવમાં જીવ આવ્યો અને ગરૂડાની સલાહ પ્રમાણે જ ભગા અને ડોશીએ વર્તવાનું શરૂ કર્યું હતું પણ જીબાપુના આંગણે પાડો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો. બે દા'ડે કેડે જીબાપુના દીકરા ભઈલુભાઈનાં લગ્ન છે તેથી માંડવો રોપવાનો છે. પાડો એ રીતે આંગણામાં પડ્યો રહેવા દેવાય તેમ નહોતો. તેથી માંડવા પહેલા પાડો ખસેડવો ખૂબ જરૂરી છે. જીવતા પાડાને માંડવાના મૂરત પહેલાં જ ઉપાડી દેવાની જીબાપુના ચાકર જેસુભાની જોહુકમી સામે ભગો ચમાર ભારે મૂંઝવણમાં મૂકાઈ જાય છે. ભગો ચમાર કહે છે:

'પણ અમીં તો મેલું ઢહડી જાઈ; માબાપ કાંઈ જીવતે જીવ તો નો લઈ જાંઈન, બાપ!'[૩૭૧]

આમ, જેસુભાના હુકમ સામે ભગો ભારે દ્વિધામાં મુકાઈ જાય છે. ખરેખર તો ભગાનું કામ મરેલા ઢોર ઉપાડી જવાનું છે પણ જીબાપુના લીધે બે પાંદડે થયેલો ભગો જીવતા પાડાને ઉપાડવાની ના પણ પાડી શકતો નહોતો કે હા પણ પાડી શકતો નહોતો. તે બરાબર ભીંસ અનુભવે છે. એક તરફ

---

૩૬૯. પ્રતિબદ્ધ, ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૭૮

૩૭૦. જીવ, માય ડિયર જયુ, પૃ.૩૬

૩૭૧. એજન, પૃ.૪૦

દીકરાની સમાન સ્થિતિ દર્શાવી કરુણતાની તીવ્રતાને કેવી સઘતાથી આલેખી શકાઈ છે તે જોઈએ: "જીવ પર આવીને એણે પાડાને ઉંચકવા બળ કર્યું. એની કમરમાં સબાકો થયો. આંખો ઘબ્બ થઈ. એક ક્ષણ અંધારામાં તાકી રહી. બીજી ક્ષણે એ પાડા પર ધબ્બ દઈને ફસડાઈ પડ્યો. પાડો ચારે પગે ઊભો થયો લાગ્યો. પાડા પર સવાર થઈને જમરાજ એના ઝૂંપડા તરફ જતા દેખાયા. એના મોંમાંથી ફીણ ફીણ નીકળી પડ્યાં. મરેલા પાડાના મોં પર બાઝેલા ફીણ સાથે ભગાના મોંમાથી નીકળતા ફીણ મળી ગયા."[૩૭૫] વાર્તાના અંતે મરેલા પાડાના મોં પર બાઝેલા ફીણ સાથે ભગાના મોંમાંથી નીકળતા ફીણ મળી જતાં દર્શાવીને સમગ્ર દલિતસમાજ સાથે કેવો અમાનવીય વ્યવહાર થતો હતો તેનો કંપાવે તેવો ચિતાર અપાયો છે. માણસમાં માણસાઈને ક્યાં શોધવી? નઘરોળ નિર્દયતાની સાથે તિરસ્કાર ભળે છે અને તત્કાલીન સામાજિક સ્થિતિની વાસ્તવિક છબિ અંકિત થાય છે. વાર્તાના અંતે લેખકે જેસુભાની ક્રૂરતા દર્શાવી છે. "વહેલી પરોઢે જેસુભા વાડીએથી ઘેર જવા આ રસ્તેથી નીકળ્યો ત્યારે આછા ઉજાસમાં એણે રસ્તા વચ્ચે કંઈક પડેલું દીઠું. ઘોડી ઊભી રાખી નીરખીને જોયું અને ઘોડીને એડી મારી."[૩૭૬] અહીં આ રીતે અંતને બોલકો ન બનાવ્યો હોત તો વાર્તા વધુ આસ્વાદ્ય બનત. લેખકે "મરેલા પાડાને મોં પર બાઝેલા ફીણ સાથે ભગાના મોંમાંથી નીકળતા ફીણ મળી ગયાં" ત્યાં જ વાર્તાનો અંત લાવવા જેવો હતો કારણ કે એ દ્વારા જ દલિતસમાજ સાથે કેવો પશુવત વ્યવહાર થયો છે તે સ્પષ્ટ થઈ જાય છે. વાર્તાકારે જેસુભાના દુર્વ્યવહાર દ્વારા સામાજિક અસમાનતા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે પણ વાર્તાના આરંભે જેસુભાનો વ્યવહાર જોતા વાર્તાન્તે આ પ્રકારની નિષ્ઠુરતા બંધબેસતી નથી. જેમકે જેસુભાએ ભગાની મુશ્કેલી જાણી ત્યારે કહ્યું કે "હવે જોહું કાલ, ત્યાં હુંધીમાં ધીના ઠામમાં ધી પડી રે'હે"[૩૭૭] જેસુભાને પાડો મરી જાય તો ભગાના 'જીવતે જીવ' વાળા અપરાધભાવને આશ્વાસિત કરી શકાય એવુંય છે. ઉપરાંત જેસુભા જ કહે છે કે, "ભગો પોતાની રીતે બરાબર હતો. જેસુભા એ સમજતો હતો.... હજી બે દિવસ છે. ઠાકર મહારાજ સારાંવાનાં કરશે, એવા વિચારે જેસુભાએ મન વાળ્યું. ઠીક અટાણે તો જા તું તારે, સાંજકના આંટો મારજે, ઈપે'લા પતી જાહે તો બોલાવવા મોકલીશ"[૩૭૮] એવું પણ કહેલું. જેસુભાની આ વાણીમાં હળવાશ જોઈ શકાય છે. જેસુભાના વ્યક્તિત્વમાં પણ માનવીય ગુણો રહેલા છે તે જોઈ શકાય છે. જેસુભાને પણ ભગા પ્રત્યે સહાનુભૂતિ છે પણ ખુદ જેસુભા જ જુદા પ્રકારની પરિસ્થિતિમાં મુકાયેલા છે. તે બરાબરના ભીંસમાં છે. તેને પણ જીબાપુનું દબાણ છે. જેસુભા જીબાપુનો કહ્યાગરો ચાકર છે. આથી જીબાપુની વાત લાચારીથી માનવી પડે છે ને કમને જીવતો પાડો ભગા પાસે ઉપડાવવો પડે છે. જેસુભના સારા પાસાને ધ્યાનમાં રાખીએ તો વાર્તાના અંતે જેસુભાને એડી મારીને છૂટો પડતો ન બતાવ્યો હોત તો સારું થાત. છેલ્લી ક્રિયામાં જેસુભાને સામેલ કરીને લેખકને જેસુભાની નિષ્ઠુરતા, ભગાના અસ્તિત્વ માટેની તેની નિર્લેપતા દર્શાવવાનો છે. લેખકના આ આશયને વાર્તા ગાંઠતી નથી. જેસુભાનો અમાનવીય વ્યવહાર વાર્તાને Melodramatic બનાવે છે. વિવેચક

૩૭૫. જીવ, માય ડિયર જયુ, પૃ.૪૮

૩૭૬. એજન, પૃ.૪૮

૩૭૭. એજન, પૃ.૩૭

૩૭૮. એજન, પૃ.૪૦

ડૉ.ભરત મહેતા જણાવે છે તેમ ''પાડાના મોંના ફીણમાં ભગાના મોંના ફીણ ભળી જતાં બતાવીને વાર્તાન્તે તાટસ્થ્યપૂર્ણ કરુણ પ્રગટાવ્યો હતો એમાં અંતિમ દશ્ય કાઢી નાખીએ તો કશું ખુટતું નથી. બલકે શોષણમુલક સમાજના માનવીય પાસાનેય વાર્તા સ્પર્શી શકી હોત. સર્જકે ઘટનાને માની મમતાથી અને નિષ્ઠુર ટીકાકારની રીતે એક સાથે જોવી જોઈએ.''[૩૭૯] અલબત્ત વાર્તાના અંતે જેસુભાને ભગાની સ્થિતિ જોઈને ઘોડીને એડી મારવાને બદલે ભગાની પત્નીને ભગાની સ્થિતિની માહિતી આપી હોત તો પણ વાર્તાનો અંત તરડાઈ ન જાત અને વાર્તા વધુ આસ્વાદ્ય બની શકી હોત. એક બાજુ જીબાપુની બંગલીમાં મરણાસન્ન પાડો અને બીજી બાજુ ભગા ચમારની ઝૂંપડીમાં મરણાસન્ન દીકરો બંને સ્થિતિને સન્નિધિકૃત કરીને લેખકે ભગા ચમારના જીવનની કરુણતા પ્રગટાવી છે પણ આ સ્થિતિ વધારે પડતી સ્પષ્ટતાથી કરવામાં આવી હોવાને કારણે વાર્તાની સઘનતા જળવાતી નથી અને વાર્તાનું પોત શિથિલ બની જાય છે પણ વાર્તામાં આવતાં વર્ણનો અર્થસભર અને અસરકારક જણાય છે. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા પુત્ર તથા મૃત્યુથી દૂર ભાગતા પાડા વચ્ચે ભીંસાતા ભગા ચમારની મૂંઝવણ ભાવકને પણ વ્યથિત કરી દે એ રીતે ચિત્રાત્મક ગદ્ય શૈલીમાં નિરૂપાઈ છે. અહીં વાર્તાનાયક ભગો ચમાર જે મૂંઝવણ અને અપરાધભાવ અનુભવે છે એવી જ મૂંઝવણ, અપરાધભાવ દલપત ચૌહાણની 'મૂંઝારો' વાર્તાનો નાયક રણછોડ પણ અનુભવે છે કારણ કે પટલાણી ચાલાકીપૂર્વક પોતાનો જીવતો પાડો મરેલો કહીને આપી દે છે ને વધ કરાવી નાખે છે પરિણામે તેનો અપરાધભાવ રણછોડને પીડે છે. જીવતા પાડાને માર્યાનો અપરાધબોધ એ પાડાની જેમ કેવો ઉછળે છે તે જોઈએ, ''એણે તાંસળામાં નજર નોંધી રાખી- એને તાંસળામાં શાક ઉપરતળે થતું લાગ્યું. ધીમે-ધીમે તાંસળામાં હલચલ વધતી ગઈ. તાંસળામાં પાડાની ખરીઓ, પગ, પછી પાડું દેખાવા માંડ્યું જાણે પાડું તાંસળામાં પછડાતું હોય એમ લાગ્યું.''[૩૮૦] ભૂખે જીવ જતો હોવા છતાં રણછોડ થાળી ઠેલી દે છે અને મૂંઝારો અનુભવતા ખીસામાંથી અડધી બળેલી સિગારેટ કાઢી બોલી ઊઠયા- 'આજ તો અપ્પા.' કહીને ઊભા થઈ જાય છે.

'મૂંઝારો'ના રણછોડની જેમ 'જીવ'માં ભગાના મનોભાવો, તેની બાહ્ય અને આંતર પરિસ્થિતિને તેની સંકુલતાઓ સમેત નિરૂપણમાં સર્જકની સર્જક પ્રતિભાની અનુભૂતિ આપણને થાય છે. 'જીવ' સંઘેડાઉતાર કૃતિ છે. વાર્તાનાયક ભગો આશા-નિરાશામાં સતત ઝોલા ખાતો રહે છે. 'હજુ જીવસ' ના કરુણ ઉદ્‌ગારથી વાર્તાનો આરંભ થાય છે અને એ કરુણતાની પરાકાષ્ઠા વાર્તાના અંતે આવે છે.

વાર્તામાં વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચાયો છે. ગોહિલવાડી બોલીના અસરકારક વિનિયોગથી પાત્રો જીવંત લાગે છે. સંવાદો પણ અર્થસભર અને વ્યક્તિત્વદ્યોતક છે. ગદ્યને કારણે પણ વાર્તા ધ્યાનપાત્ર બને છે- ''જાણ કે, માટી ઠરતી જતી હોય એવી આશંકાથી ભગો ખાટલી પાસે બેઠો-બેઠો વારેઘડીયે હાથ લંબાવીને છોકરાના શરીરનો તપારો માપ્યા કરતો હતો.''[૩૮૧]

---

૩૭૯. પ્રતિબદ્ધ, ડો.ભરત મહેતા, પૃ.૭૩
૩૮૦. મૂંઝારો, દલપત ચૌહાણ, પૃ.૨૦૧
૩૮૧. જીવ, માય ડિયર જવું, પૃ.૪૪,૪૫

PITh
11422

''ભગો બહાર નીકળ્યો ત્યારે હેઠવાસનાં બીજા ઝૂંપડાં ટાઢ અને અંધારું ઓઢીને લપાયેલાં પડ્યાં હતાં. અજવાળી આઠમનો ચંદ્ર એમાં પ્રવેશી શકે તેમ નહોતો.''[૩૮૨]

વાર્તાનું વિષયવસ્તુ રૂઢ હોવા છતાં પણ ભાષા પાત્રચિત્રણ, રચનારીતિને કારણે તાજપનો ઠીક-ઠીક અનુભવ કરાવે છે. સન્નિધિકૃત અને સમાન્તરીકરણની ટેકનિક વડે વાર્તાને એક નવું જ પરિમાણ સાંપડે છે. ઉપરાંત વાર્તાનું શીર્ષક પણ સાર્થક ઠરે છે. શીર્ષક ભાવસંવેદન કેન્દ્રી છે. ચમાર ભગાની વ્યથાકથા કરુણ રીતે ઉપસી આવી છે. ક્ષય રોગથી પીડાતા પુત્રની મરણાસન્ન સ્થિતિ જીબાપુના આંગણામાં પડેલા પાડાની મરણાસન્ન સ્થિતિ અને ભગા ચમારની કરુણ સ્થિતિનું, તેમની અવઢવ, દ્વિધાનું સંયમપૂર્વક લેખકે નિરૂપણ કર્યું છે પરિણામે વાર્તા આસ્વાદ્ય બની રહે છે.

સુમંત રાવલની *'કોઠો'* વાર્તા ગદ્યપર્વ- ૧૯૯૧ના અંકમાં પ્રગટ થઈ હતી. આ વાર્તા કેવી રીતે, ક્યાંથી સ્ફૂરી? તે અંગે તેમના તા.૧૩-૦૩-૨૦૦૪ના મારા પર આવેલા પત્રમાં નોંધ્યું છે: ''હું ૧૯૯૦માં લખતર તાલુકામાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હતો, ત્યારે ગામે વીઝીટ ગયેલ અને ત્યાં તળાવ કાંઠે પાદરમાં ગાય કાપવાનું દશ્ય ચાલતું હતું. હું એ લોકો વચ્ચે ગયો, પૂછપચ્છ કરી અને 'ઓપરેશણ' મૃત ગાય ચીરવાની પધ્ધતિનો રૂબરૂ અભ્યાસ કર્યો. આ વિષય પર કૈંક લખવું તેવું નક્કી કર્યું અને કલમ ઉપાડી ઘટના આપોઆપ મનમાં આવતી ગઈ અને લખાતી ગઈ.''

વાર્તા પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. વાર્તાનાયક દલિત કાનિયો છે. તે મરેલ પશુને ચીરવાનું, ચામડું પકવવાનું કામ કરે છે. 'કોઠો' મનુષ્યના બાહ્ય વ્યવહારના દંભ અને આંતરિક વ્યવહારના સ્વાર્થ પ્રત્યે અંગૂલીનિર્દેશ કરતી વાર્તા છે. દલિત હોય કે સવર્ણ હોય માનવીય નિર્બળતા બધાયમાં હોય છે એ વાત પર ભાર મૂક્યો છે.

ગાયના કોઠામાંથી મળેલ 'ગોમટ'ને વાર્તાનાયક કાનિયો એ (ગોમટ) માટે કરગરતી સૂરજવહુને આપવાનું વિચારતો નથી કે મરણ પથારીએ પડેલા પોતાનાં પિતાને પણ એ એનાથી બચાવવા માંગતો નથી. પોતાની થનાર પત્ની જવલી માટે એ ગોમટ સંતાડી રાખે છે. પિતા જ્યારે પૂછપચ્છ કરે છે- 'ગોમટ મળ્યું?'[૩૮૩] ત્યારે કાનિયો 'ગોમટ' મળ્યું હોવા છતાં ઈન્કાર કરી દે છે ! ત્યાર બાદ પિતા અનાયાસ જ એમ કહે છે કે 'કોઠો સાફ કર્યો?' 'કોનો ?' ત્યારે પિતા બોલે છે- 'ગાયનો, દીકરા..... માણહના કોઠા ઓછા સાફ થવાના છે?'[૩૮૪] આ પ્રશ્ન માર્મિક છે. મનુષ્યના હદ્ય ( કોઠા)માં પડેલી ઈર્ષ્યા, સ્વાર્થ, અહ્‌મ જેવી વૃત્તિઓ અસંસ્કૃત પશુમાં પણ હોતી નથી તેનો નિર્દેશ કરતી આ વાર્તા અંતે કટાક્ષ વ્યકત કરે છે.

જે 'ગોમટ' વડે વાર્તાનાયક કાનિયાને બાળપણમાં પિતાએ મરણતોલ આંચકીમાંથી બચાવ્યો, એવું જ 'ગોમટ' મળી આવ્યું છતાં કાનિયો જવલી સિવાય કોઈને આપવા રાજી નથી એ પણ વક્તા છે ''....મને સાંભરી ગયું, મારા બાપે આખ્ખો જન્મારો હજારો ગાયોના કોઠા ચીર્યા હતા. માંડ એક

૩૮૨. જીવ, માય ડિયર જયુ, પૃ.૪૫
૩૮૩. ગદ્યપર્વ-૧૯૯૧, પૃ.૫
૩૮૪. એજન, પૃ.૫

ગાયના પેટમાંથી ગોમટ નીકળ્યુ'તું. બાપે એને ચીંથરે વીંટીને દાબલીમાં મુકી રાખેલું. નાનો હતો ને એકવાર આંચકી આવેલી તાણે ગોમટ ઘસીને પીવડાવેલું, હાથે- પગે, કપાળે, છાતીએ ઘસેલું... ''[૩૮૫]

વાર્તામાં વણ ખેડાયેલા વિષયને આવરી લઈને એક ગામડાની ચમાર જાતિની સૃષ્ટિ ખડી કરી છે. માથે મોસલો ઓઢીને બેઠેલી ચંદનગવરી, થીંગડાવાળા માંગેલા ખાખી પાટલૂન પર મેલા હાથ ગોઠવીને બેઠલો વભો ઢોલી, બીડીના ધુમાડા ફેંકતો રામલો ભંગી, માથા પરની મેલી ટોપી વધુ નમાવી બેઠેલો ચુનીકાકો, પીળા દાંત પર બજર ઘસી થુંક થુંક કરતી મણીડોશી, રંગબેરંગી બંગડીવાળા હાથ ને હાથમાં મૂકેલી મેંદીને જોતી રૂડકી. આ બધા વચ્ચે પોતાના ત્રણ નાગોડિયા છોકરાં લઈને બેઠેલી સૂરજવવ આ આખુ વર્ણન દશ્યાત્મક છે અને ઘટના- માનસિક ઘટના- 'હું' રૂપે કાનજીના મનમાં મનોસંચલન થતાં વિચારો દશ્યાત્મક છે. પાત્રસૃષ્ટિ જીવંત લાગે છે, પાત્રોની પ્રતિક્રિયાનું સૂક્ષ્મ નિરૂપણ થયું છે. : ''ભામનો ઈજારો કુનો સે ?'' મરેલ પશુના માંસને વહેંચીને લેવાની રસમની ભાવના સૂચવે છે. આ વર્ગના લોકો ગાયના પેશાબની કોથળી ચીરવાને પાપ માને છે.''.....બાપાએ કીધેલું કે ગોમટ ગાયની પેશાબની કોથળીમાં થાય. ઈના પૈહા ના લેવાય, ઈ ઓહડ કે'વાય.... આજ લગણ મેં ગાયનાં પેશાબની કોથળી ક્યારેય ચીરી નહોતી. મારો જીવ આવું પાપ કરવામાં ન'તો માનતો''[૩૮૬] વાર્તાકાર બિનદલિત હોવા છતાં મરેલ પશુને ચીરવાની ક્રિયાનું કરેલ વર્ણન દલપત ચૌહાણની 'ગીધ' નવલકથા જેવું તો નથી છતાં હૃદયસ્પર્શી છે. : ''ગાયના પેટ પર દાતયડીથી લીટી દોરી બરાબર અધવચ્ચે ખુતાડી દીધી અને સીધી લીટીમાં ખેંચવા લાગ્યો. ચામડી ચીરતી દાતયડી હળવે હળવે આગળ વધતી ગઈ. કેડ પણ હાડકાં ઓછાં હતાં એટલે એ સોંસરી નીચે ઉતરી ગઈ. મેલું લોહી દાતયડીના કાપામાંથી બહાર ધસી આવ્યું...... એક હાથે મેં ગાયનું ચામડું પકડ્યું. સામેથી રામલાએ બીજો કપાયેલો ભાગ ઝાલ્યો. મેં ડોકું ધુણાવી ખેંચવાનો ઈશારો કર્યો. બંને ક્રિયા એક હારે થાવી જોઈએ....''[૩૮૭] દલિતોની આર્થિક સ્થિતિનું પણ અહીં નિરૂપણ થયું છે. વાર્તામાં દલિત પરિવેશ સુપેરે ઝીલાયો છે. વસ્તુની ગૂંથણી પણ અસરકારક રીતે થઈ છે. ટૂંકમાં ભાષા, ઘટના, પરિવેશ બધું જ સર્જક ચેતનાએ રસાઈને આલેખાયું છે.

દલિત સ્ત્રી સંવેદનાની વાર્તાઓ પણ બિનદલિત સર્જકો દ્વારા લખાઈ છે જેમાં ડૉ.કેસુભાઈ દેસાઈની *'બોટેલી વસ'* નોંધપાત્ર છે. માય ડિયર જયુની 'પ્રવેશ' વાર્તાની જેમ 'બોટેલી વસ'માં પણ દલિત સંવેદનને સવર્ણ કથાનાયક દ્વારા વાચા અપાઈ છે. વાર્તા વાર્તાકથક (વાર્તાનાયક શેઠ) અને કામવાળી બાઈ સોમલીની આસપાસ ગતિ કરે છે. અહીં વાર્તાકથક એ જ વાર્તાનાયક છે. કથાનાયક સોમલીથી આકર્ષાયેલો છે ને તેને ભોગવવાની તક શોધતો હોય છે. એક દિવસ દીકરી રીટાનો દીકરો બીમાર પડયો હોવાથી પત્ની તેને મળવા બહારગામ જાય છે ત્યારે તે તક ઝડપી લે છે. તે સિગારેટ ને ચા સોમલીને પીવડાવીને બાહુપાસમાં લે છે. ભોગવવા જતાં તેની ઓશિયાળી આંખો જોઈને કથાનાયકને પોતાની દિવંગત માનું સ્મરણ થાય છે. ''.... અને એની ઓશિયાળી આંખોમાં

---

૩૮૫. ગદ્યપર્વ-૧૯૯૧, પૃ.૪
૩૮૬. એજન, પૃ.૪
૩૮૭. એજન, પૃ.૩

મને મારી મૂએલી મા ડોકાતી દેખાઈ. અમને ચાર ભાઈબહેનોને એણે કેટકેટલાં દુઃખ વેઠીને મોટાં કર્યા હતા! .....એણે પેટે પાટા બાંધીને, લોકોના દળણાં દળીને અમને ઉછેરેલાં, કોઈએ કયારેક એને પણ !''[૩૮૮] આમ, વાર્તાનાયક મનોમન વિચારે છે કે પોતાની માએ પણ ઘણી બધી જગ્યાએ કામ કરીને અમને મોટા કર્યા છે તો શું તે પણ આમ જ ભોગવાઈ હશે ? ટૂંકમાં પોતાની માનું સ્મરણ થતાં તે સોમલીને ભોગવી શકતો નથી ત્યારે સોમલી 'વાળવાવાળાનું બોટેલું શેઠિયાલોકને શેનું ભાવે ? મું તો બોટેલી વસ....![૩૮૯] એટલે તમે આમ જ વર્તો એવો કટાક્ષ કરી ચાલી જાય છે. વાર્તા અહીં જ પૂરી થઈ હોત તો વધુ ચોટદાર બની શકત પણ સોમલીને ગાંડી દર્શાવે છે. તેની અવગણનાથી તે ગાંડી થઈ જાય એ હદની આ ઘટના નથી. વાર્તાનો અંત મેલોડ્રામેટિક લાગે છે.

ભરત મહેતાની *'તાળો'* સવર્ણના કથનકેન્દ્રથી દલિત સંવેદના નિરૂપતી વાર્તા છે. દલિત ડૉક્ટર હોય તો તે નબળો જ હોય એ જે લોકમાન્યતા છે તેના ઉપર આઘાત કરતી આ વાર્તા છે. કારણ કે આ લોકમાન્યતાનો બીજો અર્થ એવો થાય કે બધા જ સવર્ણો હોશિયાર છે, હકીકત આવી નથી. તેથી એક દલિત યુવાનના દવાખાનામાં સવર્ણ સ્ત્રીનું ઈલાજ દરમિયાન મૃત્યું થાય તો એ વખતે ચાલતાં અનામત આંદોલનમાં એ વાતને અફવારૂપે ફેલાવી એનું દવાખાનું સળગાવી મૂકવામાં આવે છે ! દલિતોની સિદ્ધિઓ પ્રત્યે તેજોદ્વેષથી પીડાતા સવર્ણને આ વાર્તા સવર્ણના કથનકેન્દ્રથી જ નિરૂપે છે.

પ્રવીણ ગઢવીએ સવર્ણો દ્વારા દલિત નારીના જાતીય શોષણની વાર્તાઓ, મીથ,મહાભારતના પ્રસિદ્ધ કથાનકને નવીન અર્થઘટન સાથે રજૂ કરતી વાર્તાઓ, દલિતોની દયનીય સ્થિતિને આલેખતી વાર્તાઓ આપી છે. તેમની *'સપાટુ પેરવાનું મન'* દલિત નારીના જાતીય શોષણની વાર્તા છે. વાર્તા ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. વાર્તાનાયિકા દલિત ગગી ભોળી છે, તેનું ભરત ભરેલી સપાટું પહેરી ભર બજારે હાલવાનું સ્વપ્ન છે. સુથારી કામ કરતો ગણતરીબાજ ને વાસના ભૂખ્યો પ્રહલાદ ગગીના ભોળપણનો લાભ લઈ તેને મુંબઈ શહેરમાં લઈ જઈ, તેની સાથે પરણશે અને તેના બધા જ કોડ પૂરા કરશે એવું કહીને પોતાની જાળમાં ફસાવે છે અને એક દિવસ તેને ભોગવે છે. વાર્તાન્તે ગગી પ્રહલાદ સામે વિરોધ કે આક્રોશ વ્યકત કરવાને બદલે 'આજે એ અભડાઈ હતી' માની માના ખોળામાં આંસુ સારીને બેસી રહે છે. આપણા સમાજમાં યુગોથી સ્ત્રીઓમાં પણ ગગી જેવી અનેક દલિત સ્ત્રીઓ પતંગ બનીને જીવી રહી છે. સવર્ણ પુરુષોએ તેને યુક્તિપૂર્વક ફોસલાવી, લલચાવીને સંબંધોની દોરીથી બાંધીને મનફાવે તે રીતે ખેંચી, ઉડાવી, ગોથા ખવડાવી, નચાવી અને કાપ્યા કરી છે.

અહીં ગગીનો દાહક આંતર આક્રોશ કલાત્મકરૂપ પામી શકતો નથી. વાર્તામાં આંતર કે બાહ્ય નક્કર સંઘર્ષ, આક્રોશ કે વિદ્રોહ જોવા મળતો નથી. વાર્તા મુખર બની જાય છે કારણ કે વાર્તાના અંતે આવતો ઉદ્ગાર ''એકાએક એને લાગ્યું કે ગામનો દુકાનવાળો જેમ ગોળ જોખતાં છેતરતો હતો એમ એ છેતરાઈ ગઈ હતી. પ્રહલાદ લુચ્ચો હતો. એણે ભોળવી હતી. લૂંટી લીધી હતી. મોલ્લાની ઘણી

---

૩૮૮. વણબોટી વારતાઓ : સંપાદક, દલપત ચૌહાણ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦, પૃ.૪૧

૩૮૯. એજન, પૃ.૪૨

છોડિયુંને આમ જ છેતરી હતી''[390] વાર્તાના આરંભે આવતા વિધાનમાં પણ આવો જ ભાવ રહેલો છે. જુઓ- ''પહેલાદભૈ પણ આમ પકડી રાખે છે પછી છોડી મૂકે છે.''[391] અંત ચોટદાર બનતો નથી. લેખક ગગીના મનોભાવને બરાબર ઉપસાવી શક્યા છે. ગગીનું ચંચળ, નિર્દોષ વ્યક્તિત્વ છતું થાય છે. ડૉ.પ્રવીણ દરજી ગગીના પાત્ર સંદર્ભે ઉચિત જ નોંધે છે. ''સમથળ પ્રવાહે વહેતી આ સામાન્ય વાર્તામાં ગગીના પાત્રની ખિલવણી તેનું જમા પાસું છે.''[392] લેખકે દલિત અને સવર્ણ વર્ગના પાત્રોના સન્નિધિકરણ દ્વારા દલિત ગગીની નિર્દોર્ષતા, લાચારી અને સવર્ણ પ્રહલાદનાં દંભી ને ચતુર વ્યક્તિત્વને નિરૂપ્યું છે. ગગીનું પહેલા પ્રહલાદ પ્રત્યેનું આકર્ષણ અને અંતે સામાજિકતાની ભીંસ, એની તાણ વાર્તાને છાપારવી ઘટનામાંથી તો બચાવી લે છે પણ અસરકારક પ્રભાવ છોડતી નથી. છતાં પણ સવર્ણ વર્ગના લોકો કેવી યુક્તિપૂર્વક અભણ, ભોળી, ગરીબ દલિત સ્ત્રીઓની લાચારીનો લાભ લઈ તેને ઊગતા કિરણોના સ્વપ્નો દેખાડી તેનું જાતીય શોષણ કરે છે તેનું આલેખન અહીં જોવા મળે છે. વાર્તાની બીજી એક નોંધપાત્ર વિશેષતા એ છે કે વાર્તાનું આરંભનું અને અંતનું ગદ્ય વર્ણન પ્રતીકાત્મક બને છે તેમજ લેખકે પ્રયોજેલ અલંકાર પાત્રના વ્યક્તિત્વને અસરકારક રીતે ઉપસાવી આપે છે. દા.ત. ''....કૂતરું કબૂતરને મોંમાં પકડે ને તેની પાંખોનો થાય તેવો ફફડાટ છાતી નીચે થતો હતો.''[393]

''પોતાની છાતી ઉપર આંખો માંડે : જાણે બોર બેઠાં છે.''[394]

''એ જાણે છલોછલ ભરાયેલું એક વલુસર હતી''[395]

''એનો શ્વાસ એના ઉપર જેઠ મહિનાના ગરમ વાયરાની જેમ ફેલાતો હતો''[396]

પ્રવીણ ગઢવીની *'ગાંઠાળ'* વાર્તામાં દલિત ગાંઠાળની પત્ની જીવી પર પીરૂજી બળાત્કાર કરે છે પણ ગાંઠાળ તે જાણી શકતો નથી ! આ વાર્તા સંયત નિરૂપણનો નમૂનો છે. ભૂવા ધૂળવાનું ચિત્ર, ભૂવાઓ ગાંઠાળ પાસેથી મરઘું, નાળિયેર, અડદના દાણા લે પણ પાણી છાંટીને. વાર્તામાં સમાજજીવનની વરવી વાસ્તવિકતાનું બયાન છે. વાર્તામાં જાતીય શોષણનું ચિત્રણ છે પણ અંતે શુ ?

પ્રવીણ ગઢવી *'વશીકરણ'* વાર્તા માં પુરીનો ધણી નમાલો હોવાથી તે દાડિયા હમીરના આકર્ષણથી મૂર્છિત થાય અને એના કારણે વહુને 'વહવાયાની નજર' લાગી માનીને હમીરા સાથે સવર્ણ નાયિકા પુરી દલિત હમીરાને વશમાં લેવાનો પ્રયાસ કરે છે. અહીં અમાનવીય વ્યવહારનું સંયત આલેખન થયું છે. સવર્ણ સ્ત્રીની વેદનાની વાત અહીં સર્વજ્ઞના કથનકેન્દ્ર દ્વારા આલેખાયેલી છે. એક શક્યતાની ભૂમિકા પછીની રજૂઆત વાસ્તવિકતાથી પરિપૂર્ણ છે. પુરીને હમીરા સાથે સંબંધ બાંધવો કે નહીં તેની દ્વિધા છે. અહીં દલિત સમાજના આગવા રિવાજો પણ છે. જેમ કે સાટાપેટુનો રિવાજ, હળની પર વહવાયાએ આપેલો ધાગો બાંધવાનો રિવાજ વગેરે. સામાજિક વિષમતા પણ જોવા મળે છે. બળદોને

૩૯૦. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પ્ર.આ,૧૯૯૬, પૃ.૬૫

૩૯૧. એજન, પૃ.૬૪

૩૯૨. પ્રતિનિધિ દલિત વાર્તા: સંપાદન, હરીશ મંગલમ્, પ્રસ્તાવના લેખ.

૩૯૩. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૬૪

૩૯૪. એજન, પૃ.૬૪

૩૯૫. એજન, પૃ.૬૫

૩૯૬. એજન, પૃ.૬૫

કંકુ-ચાંદલાં થાય અને વહવાયાને ના થાય ! વહવાયા માટેનો કંસાર ભેંસને ખાણ મૂકવાના તબડકામાં મુકે ! હમીરાને ચાહતી પુરી પણ એક પળે તો બોલી ઉઠે છે - ''મોઈ મોઈને હલકા વરણમાં મોઈ.....'' ગદ્યને કારણે પણ વાર્તા માણવી ગમે છે. એકાદ દષ્ટાંત જોઈએ.

''બાકી વરણ ઉનાળું બાજરી જેવો ઊજળો''[૩૯૭]

પ્રવીણ ગઢવીની *'દરૂપદી'* વાર્તા હરિપારની 'સોમલી'ની જેમ એકોક્તિમાં ચાલે છે. અહીં રાજકારણની ગંદી ચાલનો ભોગ બનતી એક દલિત સ્ત્રી દરૂપદી છે. તેના પતિનું નામ અરજણ છે. તેને સયાજીરાવ ગાયકવાડના વખતથી નરસી પટેલના ખોરડા હારે દાડિયા વેવાર છે. દરૂપદી પણ ત્યાં દાડિયે જાય છે. પતિ અરજણ તો નંપુસક છે તેથી દરૂપદી શેર માટીની લાલચે વિધુર નરસી પટેલ સાથે લપેટાય છે ને તે જગસીની વહુ જોઈ જાય છે. આ વાત ચૂંટણીમાં નરશી પટેલના હરીફ જીવુભાના કાને પહોંચે છે. તેણે હાપ મરે નૈને લાકડી ભાગે નૈની નીતિ અપનાવી. દારૂ પીને આવેલા ટપુભાઈ અને અન્ય લોકોએ ખેતરેથી આવતી દરૂપદીને આંતરીને ગડદાપાટુ કરી. એટલું જ નહીં પણ તેને નિવસ્ત્ર કરી બજાર વચ્ચે ફરાવી. દરૂપદી કહે છે : ''પટેલનું નાક વાઢવા મને નવસ્તરી કીધી. હું દરૂપદી, કાળમુખી ગીધડાંની જ્યમ સૌ ચાંચું મારતાતા મારા નવસ્તરા દેહ પર.''[૩૯૮] આમ, તો દરૂપદીના ચીરહરણ એ કાંઈ નવી વાત નથી. મહાભારતની દરૂપદી અને આ વાર્તાની દરૂપદીમાં ફરક એ છે કે મહાભારતની દરૂપદી સાથે કૃષ્ણ હતા જ્યારે આ દરૂપદીનું વસ્ત્રાહરણ થાય છે ત્યારે કાળો કાગડોય આવતો નથી. નરસી પટેલ આબરૂ બચાવવા ચૂંટણી છોડીને દ્વારકાની જાત્રાએ જતાં રહ્યા ને જીવુભા ચૂંટણી જીતી ગયા પણ અભાગી દરૂપદી તો ઝૂંપડામાં રહી જાય છે. અહીં દરૂપદીએ સહજભાવે એ સંબંધ સ્વીકારી લીધો હતો પરંતુ ડૉ. ભરત મહેતા નોંધે છે તેમ, ''રાજકાજનાં આટાપાટામાં એકસપોઝ તો નારીચરિત નિમિત્તે જ પુરુષોને કરવાનાને !''[૩૯૯] 'દરૂપદી' સ્ત્રી-પુરુષના સંબંધની સંકુલ વાર્તા છે. આ વાર્તા તેની ભાષાને કારણે પણ સ્મરણીય બની છે.

પ્રવીણ ગઢવીની 'એકલવ્ય' અને 'મત્સ્યગંધા'માં પુરાકલ્પનનો વિનિયોગ થયો છે. લેખકે પુરાણ પ્રસિદ્ધ પાત્રોને નવા સંદર્ભ સાથે આલેખ્યા છે. 'એકલવ્ય' વાર્તામાં સિત્તેર વર્ષનો એકલવ્ય ભગવાન કૃષ્ણને પતાવી દેવા જ અનુયાયીને મોકલે છે. કૃષ્ણના પગે પડી માફી માગતા પારધીને બતાવતી, દઢ કરતી mythને આ કલ્પના જ રફેદફે કરી દે છે. વાર્તામાં એકલવ્યની દષ્ટિએ આલેખાયેલ ભૂતકાળ ભાવકને ખળભળાવી દે છે. વર્ણનોમાં સર્જકની સર્જકતા ખીલી ઊઠે છે. વાર્તાનો આરંભ જ તપાસીએ.

''એકલવ્ય મહાયોદ્ધો, જર્જરિત વટવૃક્ષ, સૂતા છે પર્ણકુટિમાં શીપ્રાને તીરે. વિંધ્યાચળનાં દક્ષિણ અરણ્યો હજી અજાણ છે, આર્યોની ફરસીઓ થકી. નૈઋત્ય પવનમાં કાંપે છે પલાશ વનની પાંદડીઓ, ભાલાઓ જેવી ઊંચી સાગ વૃક્ષોની ટોચો પર બોલે છે લીલા લીલા પત્રીંગા. ગઈ રાત્રે ઉન્માદી વાવાઝોડું આવ્યું હતું અને સમગ્ર આરણ્યકને વલોવી ગયું હતું. ચોતરફ વૃક્ષોનો લીલો વિનાશ,

૩૯૭. એજન, પૃ.૮૭
૩૯૮. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૧૩
૩૯૯. પ્રતિબદ્ધ, ભરત મહેતા, પૃ.૮

સંસાર, આકાશ હવે ધીરગંભીર થઈ ખુલ્લું થતું જતું હતું. પાગલ પવનની પાછળ જ મત મેઘધારા થતું હતું જાણે જળપ્રલય થવા બેઠો હતો. આર્યોનું મહાભારત અને આ જળપ્રલય. એકલવ્ય પંખીના માળા જેવી ઝૂંપડીમાં આખી રાત મટકું માર્યા વિના જાગતા હતા....''[૪૦૦]

પુષ્પા માધડની *'ગોમતી'* વાર્તામાં પણ વરવી વાસ્તવિકતાનું કપોળકલ્પના સંદર્ભે આલેખન થયું છે. દલિત ગોમતીનું ગામના મંદિરના પૂજારીએ શિયળ લૂંટયું છે. કરુણતા તો એ છે કે આખુ ગામ ગોમતી ને તેના પરિવારનો બહિષ્કાર કરે છે !! ''હાળ્યો...તમે હલકુવરણ બોવ ફાટી ગયા સો......ઉજળિયાતની આબરૂ માથે હાથ મેલવા મંડ્યા સો ........દિ'ઊગ્યો .....ગામ સોડી જાજ્યો નકર હારાવાટ નથી હમજ્યા!'[૪૦૧] ગોમતી પોતાને લીધે આખા વાસને ભૂખે મરવાનો વારો ન આવે, તેના પર કોઈ આફત ન આવે તે માટે પૂજારીનું નામ લેતી નથી ને વચલા માર્ગ તરીકે એ આત્મવિલોપન કરે છે. ગોમતીના મૃત્યુ પછી ઈન્દ્રના દરબારમાં તેના અપરાધ અને ગુણોની ચર્ચા થાય છે. ચંદ્રગુપ્ત અને અન્ય દેવો ગોમતીને નરકમાં ધકેલી દેવાનું ઈન્દ્રને જણાવે છે પણ ગોમતીની વીતકકથા સાંભળીને ઈન્દ્રને દયા આવે છે. ઈન્દ્ર તેને વરદાન માંગવા કહે છે. ત્યારે ગોમતી પોતાનું લૂંટાયેલું શિયળ પાછું માંગે છે પણ દેવાધિદેવ ઈન્દ્ર તેની માંગણી સંતોષી શકતા નથી. શોષક અને શોષિત આ બે વચ્ચેની ખાઈ પૂરવાનું ગજુ ઈન્દ્રનું પણ નથી તેવો ધારદાર કટાક્ષ વાર્તાન્તે પ્રગટ થાય છે. વાર્તા સાદી-સરળ ભાષામાં ત્રીજા પુરુષના કથનકેન્દ્ર દ્વારા કહેવાઈ છે. સંવાદો વેધક છે. જયંતી દલાલના 'સોયનું નાકુ'ની નાટ્યાત્મકતાની યાદ અપાવતી આ વાર્તા છે. રચનારીતિની દષ્ટિએ કોઈ નાવિન્ય જોવા મળતું નથી.

દલિતોની દયનીય સ્થિતિનો ચિતાર પ્રવીણ ગઢવીની 'ઘર', 'સંપ', આણું, 'દૂરના એ સૂર', 'ટેસ્ટ-ટ્યુબ બેબી', યોગેશ જોષીની 'બડી દૂર નગરી', બળદેવ પટેલની 'સરનામું', મફત ઓઝાની 'ભૂરિયો કૂવો', પ્રવીણ દરજીની 'મારા ગામ-વચાળે....'' નાઝીર મન્સુરીની 'ઝરખ' વગેરે વાર્તાઓમાં પણ જોવા મળે છે.

દલપત ચૌહાણની 'ચાંલ્લો', 'ઘર' વાર્તાનું સ્મરણ કરાવતી પ્રવીણ ગઢવીની *'ઘર'* વાર્તા છે. 'ઘર'નો નાયક દલિત ગોવો છે. સરકારે ઈન્દિરા આવાસ યોજના હેઠળ દલિતોને પ્લોટ આપવાનું નક્કી કર્યું પણ દલિતો 'ઘર' બનાવે તે સવર્ણોથી સાંખી શકાય ખરું ? લેખક નોંધે છે કે, ''શિયાળો અધવારે પંચાયતે ઠેરાવ કર્યો, પટેલના વાડા પાસે ગામતળ આલવાનો. ભાવાજીની પંચાયત, પટેલોએ હોબાળો મચાવી મૂક્યો ને ઠેરાવ કરેલી જગ્યાએ વાડતાણી બાંધ્યા ! અમારી વસતી વધવાની. વાડા માટે જગ્યા તો રાખવી પડે ને ? અમારાં ઢોર ક્યાં બાંધવા ?''[૪૦૨] દલિતોને રહેવા ઘર નથી ને સવર્ણોને ઢોર બાંધવાની પડી છે !! પાંચ-પાંચ વરસ પછી પણ દલિતોને પ્લોટ મળતો નથી ને અંતે અનરાધાર વરસાદ પડતા ગોવાના ઘરમાં ચૂવા પડે છે ને જમીનદોસ્ત થઈ જાય છે. પછી તો આખા વાસના ઘર બેસી જાય છે. આ પ્રકારની વિષમ સમાજવ્યવસ્થાને કારણે ગોવા અને ઝેણીના દામ્પત્ય

૪૦૦. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ. ૧૩૬

૪૦૧. વણબોટી વારતાઓ: સંપાદક, દલપત ચૌહાણ, પ્ર.આ. ૨૦૦૦, પૃ.૧૨૦

૪૦૨. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૭૫

જીવનમાં ઘણીબધીવાર ચકમક ઝરે છે. લેખકે પંચાયતો, ટીડીઓ, મામલતદાર, કલેક્ટર, રાજકારણીઓ, પટેલો, દરબારો વગેરેને ઉઘાડા પાડ્યા છે. અહીં વાસ્તવિકતાનું સભાનતા પૂર્વકનું નિરૂપણ છે છતાં એક તણખો તો છે જ. નારી પાત્રમાં પણ એક શકયતા મૂકવામાં આવી છે. આર્થિક શોષણ પણ છે. પૃષ્ઠ ૬૬ પર દલિત વાસનું આબેહૂબ ચિત્રણ થયું છે.

પ્રવીણ ગઢવીની *'સંપ'* વાર્તામાં પણ સરકાર ગામના વખુભાની ફાજલ પડેલ જમીન દલિત લોકોને આપવા ઢંઢેરો પીટે છે. આથી વીરો વાસના લોકોની 'ના' છતાં તહેસીલદાર સાહેબ પાસેથી ઓર્ડર લઈ મહોલ્લામાં આવે છે. વખુભાથી ભયભિત આખો મહોલ્લો ફાનસો લઈ વીરાને ઘેરી લે છે ને કહે છે:

'અલ્યા, તારું ભમી ગયું છે ?'
'મદારસંગ ને ઝુઝારસંગને જોયા છે ?'
'વખુભાના ખેતરમાં તું પગ મેલીશ ?'
'તારા છોકરાં અનાથ થશે.'
'તું તો મરીશ પણ ભેળો મોલ્લાનેય બાળીશ'
'ગામ છોડવાનો વારો આવશે'
'કાલથી જ મોલ્લા પર ઢેખાળા પડશે.''[૪૦૩]

વીરો વાસમાં આગ લાગવાની બીકે, બાળકો અનાથ થવાની બીકે, પત્ની લીખીના વલોપાતથી અને ગામમાં સંપ રહે તે માટે જમીન મળ્યાનો 'ઓર્ડર' પાછો આપી દે છે ! દલિત ખેડૂત બને એ સવર્ણો સાંખી શકે ખરા ? અહીં સવર્ણોના ભયને કારણે દલિતો સરકાર તરફથી જરીક અમથા મળતા લાભને પણ લેવા તૈયાર થતાં નથી. દલિતોની લાચારી, નિરાધારતા પર ક્રૂર કટાક્ષ છે. વીરાનું મનોગત લેખક અસરકારક રીતે આલેખી શકયા છે. અહીં સામાજિક વાસ્તવિકતા છે ને આ વાસ્તવિકતામાંથી જ ધડો લઈ શકાય છે. સામાજિક વાસ્તવિકતાનો આવો જ કરુણ ચિતાર 'આણું' વાર્તામાં પણ છે. વાર્તાકારે પાત્રોના જ મુખે સામાજિક વિષમતાને આલેખી છે. તેનું એકાદચિત્ર જોઈએ :

''ગામમાં પાંચ વરહ પહેલાં નવી-નવી સલૂન ખૂલી. જસા રાતના છોકરાએ, હોટલ પાસે નવા-નવા મોટા અરધું માણહ દેખાય તેવા અરીસાં મૂકયા. કટકટ કાતર ને સંચા-એવું બધુ કાચની શીશીનું બટન દબાવે ને ફુવારો છૂટે..... પણ એ સલૂનમાં આપણા લોકોને તો બચુડો પેસવા શાનો દે ? કોચરીમાં આવું સલૂન ખૂલેલું. તે કહે છે શહેરમાં ભણેલો આપણી કોમનો છોકરો વાળ કપાવા ગયો અને બિચારાને શી ખબર કે આ તો ગામડાં કહેવાય. અહીં તો માન મર્યાદા સાચવવી પડે. સલૂનવાળાએ વાળ કાપવા શરૂ કર્યા. વાતોની ટેવ તો એ લોકોને હોય, કયાંના, કયાંથી આયા, કુના દીકરા, બિચારો શહેરનો તે સાચું બોલ્યો. અરે તારી જાતના બૂટ મારું એ તો અડધું મેલી ઊભો થઈ ગયો. બે-ચાર ભારાડી એટલામાં જ ટિચાટા'તા', તે આવી ચડ્યા. બિચારાને ગડદા-પાટુએ ઠમઠોર્યો.

૪૦૩. એજન, પૃ.૧૬૬

બુશર્ટ ફાડી નાંખ્યો. અડધા કાપેલાં ઝટિયાએ જ બિચારો એ તો રોતો રોતો મોલ્લામાં ગયો. સૌ કહે, 'ભૈ, આ શેર નથી.' આપણાથી સાવકાર લોકની જેમ ના રહેવાય, આપણે માન-મર્યાદા ન રાખીએ તો ના રહેવાય.''[૪૦૪] સમાજની આ વરવી વાસ્તવિકતાનું કલામાં રૂપાંતર થઈ શક્યું નથી. લેખક વાર્તાક્ષણ ખોળી શક્યા નથી છતાં પણ તેમણે પ્રયોજેલ ઉપમાઓ, ધારદાર છે. થોડા દૃષ્ટાંત જોઈએ :

'કુવાના પાણી શેષનાગ જાણે પી ગયા હતા !'[૪૦૫]

'ધૂળીના બાપા અસ્ત્રો ચલાવે જાણે ખેતરમાં દંતાળી'[૪૦૬]

'ભૈ, એ બધું તો પોથીમાંનાં રીંગણાં'[૪૦૭]

પ્રવીણ ગઢવીની *'દૂરના એ સૂર'*માં પંડયા સાહેબની અસલી જાતિ જાણ્યા પછી તેને ઘરમાંથી કાઢી મૂકે છે. અહીં ઉષાના પિતાએ ગામના આગેવાનો સાથે મળી હાઈસ્કૂલ શરૂ કરી હતી. તેમાં પંડયા સાહેબ પણ ભણાવતા હતા. તે ઉષાના ઘરમાં જ ભાડે રહેતા ને ઉષાને સંગીત શિખવાડતા, ધીમે-ધીમે ઉષાને તેમના પ્રત્યે ખૂબ જ લાગણી થાય છે. એક દિવસ પંડયા સાહેબનું બંધ ઘર જોઈને ઉષાને ચિંતા થાય છે. પરાકાષ્ઠા તો વાર્તાન્તે ઉષા અને તેની માના સંવાદમાં આવે છે. ઉષાએ બાને પૂછ્યું :

'પંડયા સાહેબ કયાં ગયા બા ?'

'મૂકને એનું નામ- એ તો ગયો ગામ છોડીને !'

'કેમ ?'

'અરે, એતો સારું થયું, તે હાઈસ્કૂલના કારકુને એના કાગળિયા જોયાં, ત્યારે ખબર પડી કે એ અસલ પંડયા નહોતા'

ઉષાને ખબર ન પડી 'તારા બાપાએ તો બધો સામાન બહાર ફેંકી દીધો. રોયાએ આખો મોલ્લો અભડાવ્યો'

ઉષાએ બાને પૂછ્યું, 'અસલ નહોતા, એટલે એ આપણા જેવા ઓદિચ્ય નહોતા બા ?'

'ના, એતો વહવાયું વરણ નથી ? એમના પંડયા હતા.'[૪૦૮]

પંડયા સાહેબની અસલ જાતિ જાણ્યા પછી ઉષાના માતા-પિતાનું વલણ જ બદલાઈ જાય છે. તેને હડધૂત કરી દે છે !! છતાં પણ ઉષાની પંડયા સાહેબ પ્રત્યેની સદ્‌ભાવના નોંધપાત્ર છે. પંડયા સાહેબને આંગળીમાં વાગ્યું હતું ત્યારે ઉષાએ તેનું લોહી ચૂસ્યું હતું ત્યારે તેને પોતાના ને પંડયા સાહેબના લોહીમાં કશો જ ફેર જણાયો નહોતો. અહીં વાસ્તવિકતાના બોધમાંથી સંતાનો પ્રતિ જુદો સંદર્ભ ઉઘાડવામાં પસ્તાવાની લાગણી મદદરૂપ થાય એ કોટીનું આયોજન છે. બાકી વાર્તાનો અંત

૪૦૪. એજન, પૃ.૨૯
૪૦૫. એજન, પૃ.૩૦
૪૦૬. એજન, પૃ.૩૧
૪૦૭. એજન, પૃ.૩૩
૪૦૮. એજન, પૃ.૧૫૪

મુખર બની રહે છે. અહીં મને વિષય વસ્તુની દૃષ્ટિએ બળદેવ પટેલની 'સરનામું' વાર્તા યાદ આવે છે. આ વાર્તામાં શિક્ષિકા આરતી પોતાના જ વિદ્યાર્થી અરૂણ પંડ્યાથી આકર્ષાય છે. જ્યારે અરૂણનું સરનામું લે છે ત્યારે આરતીને ખબર પડે છે કે અરૂણ તો દલિત છે. તે જ ઘડીએ આરતીનો રસ ઓસરી જાય છે !! વસ્તુ ગૂંથણીનો અભાવ આ વાર્તામાં જોવા મળે છે. ગદ્ય સપાટ છે. યોગેશ જોષીની 'બડી દૂર નગરી' નો કલાકાર દલિત હોવાને કારણે જ અવહેલના પામે છે. અસ્પૃશ્યતાનો ભોગ જીવતા જણને જ નહિ આધુનિક વિજ્ઞાનના આવિષ્કાર સમી ટેસ્ટ ટ્યુબ બેબીનેય કેટલો નડયો છે એનો ચિતાર પ્રવીણ ગઢવીની 'ટેસ્ટ ટ્યુબ બેબી' વાર્તામાં કલારૂપ પામ્યો છે.

દલિતોની અવારનવાર સવર્ણો મજાક મશ્કરી કરતા રહે છે! પ્રવીણ ગઢવીની *'ફજેતી'*માં સવર્ણો દલિતોની ફજેતી કરે છે. જીવુભા ફોજદારની ગામમાં ભારે રોફ છે. તે મનફાવે તેવા તુક્કાઓ કરે છે. હલકી વરણના તૂરી તભા ને જગો ગાંડો તેના તુક્કાનો ભોગ બને છે. ફોજદાર આ બંનેના લગ્ન એકબીજા સાથે કરાવીને તેને એક ઓરડીમાં પૂરી દે છે ને તેની ફજેતી થાય છે. સાબુત તભાની આંખમાં આંસુ આવી જાય છે ને તે જગાને કહે છે. 'હું ભવાયો, હલકા વરણનો ને તું ગાંડો જગા, એટલે આપણી આ જ સૌ ફજેતી કરે છે. જેવાં આપણા ભાગ્ય''[૪૦૯] જોસેફ મેકવાન કહે છે તેમ એમાં ફજેતી તો થાય છે પેલા મનખાવતારની, વાર્તામાં જીવુભા ફોજદારની વરવી ફોજદારીનું ચિત્રણ થયું છે.'' ફજેતીમાં વાર્તાતત્ત્વ નથી. હલકી વરણના બંને પાત્રો રમુજનાં સાધન બને છે તેનો સીધો અહેવાલ છે.

આ ઉપરાંત મફત ઓઝાની *'ભૂરિયો કૂવો'* પ્રવીણ દરજીની *'મારા ગામ વચાળે'* અને નાઝીર મન્સુરીની *'ઝરખ'*માં પણ દલિતોની દયનીય અવસ્થાનું આલેખન છે. 'ભૂરિયો કૂવો'માં માત્ર દલિત સ્ત્રીનું જ નહીં દલિત પુરુષની પણ જાતીય સતામણી થાય છે. વાર્તાના આરંભે દલિતોને પીવાના પાણી માટે કેવા ઝાંવાં, વલખાં મારવા પડે છે, તે સવર્ણો તેને કેવા મહેણા ટોણાં મારે છે, ધિક્કારે છે તેના વર્ણનથી થાય છે. તે વર્ણન તપાસીએ.

''.....પંદર ઘર ગામકૂવેથી પાણી ભરી ના શકે. 'હાળાએ....કૂવો અભડાયો, એમ કહેતા એ છલકાતે બેડે જાય. પેલાં અમથીમા ઊંચે ઘડે પાણી રેડે ને બબડે: ''મૂઆં નખ્ખોદિયાં આરો અભડાવતાં આઈ જ્યાં... જાંવન્...ચામડાં પકવવાના કૂંડમાં જૈન પડાંન્....' આ એમને ના ગમતું''[૪૧૦] દલિત સ્ત્રીઓને પાણી માટે અપમાનિત જ નથી થવું પડતું પણ કેશા માધા જેવાની જાતીય સતામણીનો ભોગ પણ બનવું પડે છે. કેશા માધા ભૂરિયાને દોઢું દાડિયું આપી હતલીને ખરીદી લેવાનાં પેંતરા ઘડે છે. લેખક લખે છે. ''એની પીઠ જોતાં કેશા માધા મનમાં ને મનમાં ચણભર્યા, 'હવ ચ્યાં જવાની છ ?' એમણે સળગાવવા માટે ગાડીમાંથી કાઢેલી બીડી મસળી નાખી''[૪૧૧] તો બીજી તરફ કેશા માધાની પટલાણી જ તેની ગેરહાજરીમાં ભૂરિયા સાથે જાતીય સંબંધ રાખે છે. આ સમાજનું વ્યાપક અનિષ્ટ છે પણ પટલાણીના સંબંધો ભૂરિયા એટલે કે હતલીના પતિ સાથેના સંબંધો એક નવું જ સમીકરણ રચી

૪૦૯. એજન, પૃ.૧૬૩
૪૧૦. હયાતી, સંપાદકઃ મોહન પરમાર, મધુકાન્ત કલ્પિત, માર્ચ, ૧૯૯૮, પૃ:૬૬,૬૭
૪૧૧. એજન, પૃ.૬૮

આપે છે. પટલાણીના અસંતુષ્ટ જાતીય આવેગોનો માર્ગ વાર્તાકારે ભૂરિયા સાથેના સંબંધ જોડીને જાણે કે સમાજની ન દેખાતી તાસીરને છતી કરવાનો પ્રયત્ન તો નથી કર્યો ને ? પટલાણીની મન:સ્થિતિનું તાદશ ચિત્રણ થયું છે :

પટલાણી આગળ થયાં ને ભૂરિયો પાછળ. એ જાણે એમની પાછળ ઢસડાતો હતો.... બાજરીના ખેતરમાં પવન વહેતો તેથી પાણઠમાંથી સરતી નાગણો જેવો સૂસવાટો આવતો હતો. ભીનાશથી નાક ભરાઈ જતું હતું. પટલાણીએ મોટું બાજરિયું ભાંગી ભૂરિયા સામે ધસી પૂછયું.

'કેવડું મોટું છન્?'

'હોય...... એતો.....'

'જોતો ખરો ભૂરિયા...... આવડું મોટું બાજરિયું મીં નથી જોયું. થાય છ ક.'

પટલાણી બાજરિયું બતાવવા ભૂરિયાની લગોલગ ગયાં ને એને બાજી પડ્યાં. ભૂરિયો પડતાં પડતાં રહી ગયો ને એ તો પટલાણીની કાયામાં ઢંકાઈ ગયો...''[૪૧૨] કામાતુરાણાં ન ભયમ્ ન લજ્જા એ પટલાણીને ભાન ભુલાવી દે છે.

અંતે તો દલપત ચૌહાણના 'ગીધ' ના નાયકની જેમ ભૂરિયાને જ માર ખાવી પડે છે. આખુ ગામ ભૂરિયાની પાછળ પડે છે! ભૂરિયો જીવ બચાવવા લાચારીથી કૂવામાં પડી જાય છે. દુ:ખની વાત તો એ છે કે હતલીની સતામણીની વાત દબાઈ જાય છે પણ નિર્દોષ ભૂરિયાની લાચારી અને વિવશતા ગુનો બની ફેલાઈ જાય છે ને તેની આકરી સજા ભોગવવી પડે છે!! લેખકે બીજો 'ભૂરિયો કૂવો' દાદીમાની આંખમાં આલેખ્યો છે. ભૂરિયાના નામ પરથી 'ભૂરિયો કૂવો' એવું નામ પડયું છે. ભૂરિયો કૂવામાં પડયો મર્યો ને ભૂત થયાની કલ્પનાથી એ કૂવાને દાટી દેવામાં આવે છે. અહીં મહત્ત્વની બાબત તો એ છે કે ભૂરિયો ભૂત બન્યો પણ એ ભૂત દલિતનું હતું એટલા માટે તે કૂવો પૂરી નાખવામાં આવે છે!!

''ભૂરિયો બપોરનું ખાણું, બાજરીનો રોંટલો ને છાશ ખાતો હતો ત્યાં કેશા માધા આવ્યોને જાણે 'દલની'વાત કરતા હોય એમ સરપંચની ચૂંટણીમાં પોતે ઊભા રહેવાના છે, એવી વાત કરીને સાથે નજર મળતાં હતલીએ ઢેફુ લઈ કૂતરાને મારતાં બોલી, મૂઆ કાળિયા.. ટળ આંયથી''[૪૧૩] આ વ્યંગ કોઈપણ ભાવક પામી જાય છે. વાર્તાનો અંત કરુણ છે. તળપદી બોલી અને શિષ્ટ ભાષાની સેળસળ થઈ ગઈ છે.

મફત ઓઝાની 'ભૂરિયા કૂવા'ની જેમ પ્રવીણ દરજીની *'મારા ગામ વચાળે'*માં પણ દલિતોની દયનીય સ્થિતિ આલેખાઈ છે. વાર્તામાં મેશરી નદીનો પટ છે. વાર્તાનો નાયક મંગળ પોતાની આપવીતી કહે છે. તે નાનો હતો ત્યારે પિતા સાથે જમવા જાય છે ત્યાં સવર્ણો દ્વારા બાપ-દીકરાની સાથે અમાનવીય વ્યવહાર આચરવામાં આવે છે. એક જુવાનિયો રોફભેર કહે છે: ''કૂબેરિયા અહીં

---

૪૧૨. એજન, પૃ.૭૧
૪૧૩. એજન, પૃ.૬૯

કોણે કહ્યું તે ઊભો છે! હાહરીના ખબર નથી પડતી કે વાણિયાં બામણ જ્યાં જમતા હોય તંઈ ઊભા ન રહેવાય? વહવૈયાનું તંઈ ઉકેડાની કોરે છે. જોવ નહિતર ફટકારું છું....''[૪૧૪]

આમ, દલિતોને સૌથી છેલ્લે ઉકરડા પાસે જ પતરાળામાં જમવાનું અને તે પણ એઠવાડ ! મંગળ કહે છે, ''અમારું અસ્તિત્વ મરેલા પાંદડાથી કશું વિશેષ નથી...... એવા પાંદડાને પગથી કચડવાનું હોય, વાળી ઝૂડીને સાફ કરી નાંખવાનું હોય, કચરા ટોપલીમાં જ એની જગા.''[૪૧૫] અહીં સામાજિક વિષમતા નિબંધ શૈલીમાં આલેખાઈ છે. વર્ણનો આસ્વાદ્ય છે.

દલિત વાર્તાઓમાં નાઝીર મન્સુરીની *'ઝરખ'* વાર્તા પરિવેશને કારણે જુદી પડે છે. વાર્તામાં દીવનો દરિયાઈ પરિવેશ છે. વાર્તાનાયક લાખો હાડી ચમાર છે. લાખાને વતન, પત્ની શા માટે છોડવા પડ્યાં એની આ વીતકકથા છે. ફતેખાં ગામનો જમાદાર છે. તેનો અગનઝાળ મિજાજ છે. ગામમાંથી નીકળે ત્યારે લાખાએ જોડા હાથમાં લેવાના, પાઘડી હાથમાં લેવાની, એની ચાની કિટલી, ચિનાઈ માટીનાં ચાના પ્યાલા કે ખાવાની તાંબાની થાળી નોખી રહેતી. ફતેખાં લાખાનું માનસિક શોષણ કરતો. આથી તેની સામે લાખાને ચીડ છે. ''ખેડૂને કોહ હારું સામડા નથ્ય મળતાં ને ઈ લગામું હારું બોકાહા નાંખેસ. લગામું બને નંઈ તાં લગી વાતે વાતે હડહડ ને સડસડ.... છો ઘાલી આણે તો...''[૪૧૬] એક તરફ પત્ની કુરાઈ સસા ગામના હમીરા સાથે હળી ગઈ છે તેનો સંતાપ, એમાં ફતેખાંનો ત્રાસ વધતા તે આખરે ફતેખાંને મારી નાખે છે. આથી પોલીસ તેને ખૂબ મારે છે. વતન ને પત્ની છોડીને લાખો નીકળી પડે છે. વાર્તામાં લાખા પાસેથી સસ્તા ભાવે હાડકાં ખરીદતો, પત્ની કુરાઈનો પ્રેમી હમીરો અને ઘોડીના પલાણ માટે લાખાને ત્રાસ આપતા ફતેખાંનું પ્રતીક 'ઝરખ' છે. રચનારીતિની દૃષ્ટિએ જોઈએ તો વાર્તા વર્તમાનમાંથી ભૂતકાળમાં ગતિ કરે છે. મુસ્લિમ પાત્ર દ્વારા એ વિસ્તારમાં બોલાતી મુસ્લિમ બોલી પ્રયોજી છે. ''એય રાંડકા યાં આવ. એલા કાં ઘાડ પાડને આવતા લાખા કુલાણી? હડેડાટ જાતા તી ઘરણસાયેય, નિમાન....''[૪૧૭]

વાર્તામાં પ્રયોજેલ બોલી અને પરિવેશ અરૂઢ હોવાને કારણે લેખકે વાર્તાના અંતે અરૂઢ શબ્દોની સમજૂતી આપી છે. બોલી દ્વારા પાત્ર જીવંત લાગે છે પણ વાર્તા પૂરી કરતાં તો હાંફી જવાય છે. બાકી દરિયાઈ પરિવેશ સુપેરે ઝીલાયો છે. બૂર, કારજ, ગોવાળા, ભૂથર, પટારી, કનેર, બેર, કુંકણા, મઘરા, સુરીયા મઘરા જેવી વૈવિધ્યપૂર્ણ દરિયાઈ જીવોની સૃષ્ટિ અહીં છે. ગદ્ય પણ ધ્યાનપાત્ર છે. એકાદ દૃષ્ટાંત જોઈએ:

''જર્મન બનાવટની દીવાદાંડીનું સાયરન એકધારું ગાજતું'તું જાણે કે દરિયાઈ દૈત્ય ગાંગરતો હોય.''[૪૧૮]

પ્રવીણ ગઢવીની *'જી, સાહેબ'* અને સ્વપ્નિલ મહેતાની *'કદાચ'* વાર્તાઓમાં દલિતોના રાજકીય શોષણની વાત છે. રાજકીય વ્યવસ્થા બદલાઈ ગઈ અને દલિતો ઉચ્ચ હોદ્દા પર આવ્યા તેમ

૪૧૪. હયાતી, સંપાદકઃ મોહન પરમાર, મધુકાન્ત કલ્પિત, માર્ચ, ૧૯૯૮, પૃ.૪૮

૪૧૫. એજન, પૃ.૫૮

૪૧૬. ઢાલ કાચબો, નાઝીર મન્સુરી, આર.આર. શેઠની કંપની, પ્ર.આ.૨૦૦૨, પૃ.૩૧

૪૧૭. એજન, પૃ.૩૦

૪૧૮. એજન, પૃ.૨૮

છતાં પણ દલિતો પ્રત્યે ઉપર છલ્લી સહાનુભૂતિ સિવાય સવર્ણો દલિતોની તરફદારી કરી શકતા નથી એવી લાચારીની 'જી, સાહેબ' વાર્તા છે. જે વાર્તાના શીર્ષકમાંથી પણ સ્ફૂટ થાય છે.

પ્રથમ પુરુષના કથનકેન્દ્ર દ્વારા વાર્તા કહેવાઈ છે. વાર્તાનાયક શિક્ષિત દલિત છે. તે જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને કલાસવન અધિકારી તરીકે પસંદગી પામે છે. તેના પહેલા પોસ્ટીંગથી વાર્તાનો આરંભ થાય છે. ''પહેલું પોસ્ટીંગ હતું. અમદાવાદથી ઘણું દૂર હતું પણ પહેલું પોસ્ટીંગ હતું એટલે આવ્યા વિના છૂટકો નહોતો.''[૪૧૯] આમ, તો એમની બેચના કેટલાક મિત્રો તો હાજર થયા નહોતા અને મંત્રાલયમાં જ રહેવાનો પ્રયત્ન કરતા હતા. વાર્તાનાયકે પણ ત્યાં રહેવાનું ઈચ્છયું હોત તો મંત્રીશ્રી એના જ્ઞાતિ મંડળની નજીક હતા પણ હવે એ અધિકારી બન્યો હતો એટલે નાત-જાતના ભેદભાવ ભૂલીને સર્વને એક સમાન ન્યાય દષ્ટિથી જોવાની ટેવ પાડવાની હતી. કલાસવન અધિકારી તરીકે હવે પોતે બાળપણમાં તેમજ શાળા-કોલેજમાં વેઠેલી યાતનાઓનો અંત આવશે અને સામાજિક દૂષણો અને અન્યાયોને હવે દૂર કરી શકશે એવી તેને આશા છે. લેખકે વાર્તામાં વાર્તાનાયકના અતીતને તેના વર્તમાન સાથે જોડીને તેના જીવનમાં જાતિને કારણે વેઠવી પડેલી મુશ્કેલી, વગેરેનું સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે. એ અહીં નોંધવું ઘટે''.....પરતું ડગલે ને પગલે મને મારી જાતની યાદ અપાવવામાં આવી છે. ધર્મે હિંદુ ને જાતે હરિજન, મ્યુનિસિપાલિટીની શાળામાં પાટી લઈ દાખલ થયા ત્યારથી સતત- તુ હરિજન- તુ અછૂત, શાળામાં રોજ વૈષ્ણવજન તો તેને કહીએ ગવાય પણ શિક્ષક-શિક્ષિકાઓ, સહાધ્યાયીઓ- સૌને એની સૂગ. કોઈ બહેન કદી એની પાટલી પર આવીને બેઠી નથી. બીજા બ્રાહ્મણ- પટેલ વિદ્યાર્થીઓ પેપર લખતા હોય, ત્યારે નીચા નમીને એના પેપરમાં માથુ ઘાલે, એને કદી સૂંઘવા નથી મળી વેણીના ફુલોથી મઘમઘતી કેશરાશિ.... સહાધ્યાયીઓ શાળામાં નાતજાતથી પર થઈ ગયા હોય પણ કદી કોઈ એને એમના ઘેર ન લઈ ગયા કે ન એની ચાલીમાં કદી આવ્યા. ન એની સાથે કદી નાસ્તો કર્યો કે ન એમના લંચ બોકસમાંથી એને કદી આપ્યો...''[૪૨૦] (શાળામાં શિક્ષકો અને સહપાઠી દ્વારા થતાં આવા અમાનવીય વ્યવહારે એના બાળમાનસને કેટલી ઠેસ પહોંચાડી હશે?) ''....પ્રોફેસરો પણ એની જ્ઞાતિને જોતા હતા..... સહાધ્યાયીઓ પણ ખુલ્લા મૂડમાં હોય ત્યારે કહે. 'તારે યાર, વધારે મહેનત કરવાની કયાં જરૂર છે ? મેડિકલમાં તને તો ૪૦% એ પણ એડમિશન મળવાનું છે.'[૪૨૧] ''...કોલેજના વિદ્યાર્થી સમુદાયમાં એ એકલો હતો. કોલેજની ચૂંટણીઓનું મોજુ ઘસમસતું આવતું હતું- કોઈ એને એક મત આપવા પણ કહેવા ન આવ્યું. એનું જાણે અસ્તિત્વ નહોતું...''[૪૨૨] ''....અંગ્રેજી સાથે એણે સંસ્કૃત વિષય રાખ્યો ત્યારે સંસ્કૃતના પ્રોફેસરનું મોં જોવા જેવું હતું, તમને ફાવશે, સંસ્કૃત ? એસ.એસ.સી.માં હતું ?''[૪૨૩] વાર્તાનાયકે મૂંગા રહી અપમાનો સહ્યા છે. અનેક સામાજિક, આર્થિક વિટંબણાઓ વચ્ચે પણ તેણે પોતાનું ઘડતર કર્યુ છે ને સરકારી અધિકારી બન્યો છે પણ તે તેનો અતીત ભૂલી શકયો નથી. કયાંથી, કેવી રીતે ભૂલે ?

---

૪૧૯. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૪૨
૪૨૦. એજન, પૃ.૪૩
૪૨૧. એજન, પૃ.૪૪
૪૨૨. એજન, પૃ.૪૪
૪૨૩. એજન, પૃ.૪૫

પણ હવે કલાસવન અધિકારી બન્યા પછી તેને વર્ગભેદની જંજાળમાંથી છૂટ્યા એવી અનુભૂતિ થાય છે. હવે તેના માટે સામાજિક વિષમતા, રાજકીય દુષણો અને અન્યાયોને દૂર કરવાની આશા બંધાય છે. કથાનાયકનો પોતાના સમાજ પ્રત્યેનો લગાવ અને એમની ખુમારીની પ્રતીતિ ટ્રેનિંગમાં થાય છે. ટ્રેનિંગ વખતે ચર્ચા દરમિયાન વકતાને એક બેચમેટે પૂછેલું- ''સાહેબ અનામત પ્રથા હોવી જોઈએ કે નહિ''[૪૨૪] ત્યારે સૌ એકી સાથે બોલી પડેલા ''એક ક્ષણ માટે પણ અનામતપ્રથા ન રહેવી જોઈએ''[૪૨૫] તે વખતે એના જાતભાઈઓ માટે એનું લોહી ઉકળી ઊઠયું હતું. તે બોલી પડેલો- ''અનામતની પ્રથા આવતાં હજાર વર્ષ સુધી ચાલુ રહેવી જોઈએ અને જો આપ ચર્ચા કરવા માંગતા હો તો તમો કહો એટલા દિવસ ચર્ચા કરવા તૈયાર છું''[૪૨૬] પણ કરુણતા તો એ છે કે કલાસવન અધિકારી એવા આ કથાનાયકની ખુમારી ઝાઝી ટકી નહી. ગામના હરિજનોને જમીન આપવાના પ્રશ્ને કથાનાયક સંપૂર્ણ તપાસ કરીને નાયબ અધિકારીને સૂચના આપી દે છે- ''હરિજનોને ગામની નજીક ગામતળ મળે એ રીતનો ડ્રાફ્ટ તૈયાર કરો.''[૪૨૭] પણ લોકસભ્યશ્રી ફોન પર હરિજનોને ગામથી દૂર ગામતળ આપવાનું દબાણ કરે છે. આ સંદર્ભે થોડી અવઢવ પછી કથાનાયક અનિચ્છાએ લોકસભ્યશ્રીના હુકમને વશ થઈને નિર્ણય બદલાવી નાંખે છે. તે નાયબ અધિકારીને હૂકમ આપે છે – ''હરિજનો માટે દૂરનું ગામતળ સારું રહેશે. ડ્રાફ્ટ એ મુજબ બદલી લાવો.'' ''જી,સાહેબ''[૪૨૮] ત્યાં વાર્તા પુરી થાય છે. આમ કથાનાયક હરિજનભાઈઓને કાયદેસરની જમીન અપાવી શકતો નથી, ત્યાં એની પ્રતિકારશક્તિ જ જાણે કે હણાઈ ચૂકી હોય એમ જરાય વિરોધ કરી શકતો નથી.. પોતાના ભાઈઓને અન્યાય કરી બેસે છે. જમીનના પ્રશ્ને તેના આદર્શોના, સાચો ન્યાય આપવાના હવાઈ કિલ્લા ઊડી જાય છે અને તે એક નક્કર વાસ્તવિકતાની ભોંય પર મુકાય છે. ટૂંકમાં વાર્તામાં કલાસવન અધિકારી બન્યા પછી પણ એનું માનસ ગુલામ જ રહ્યું છે. ડૉ. મોહન પરમાર આ સંદર્ભે ઉચિત નોંધે છે – ''ક્યારેક દલિતો દ્વારા જ દલિતોનું થતું નુકશાન ભયંકર હોય છે, તેવો આ વાર્તાનો સૂર છે. અધિકારી બન્યા પછી નાતજાતના ભેદ ભૂલી સર્વને સમાન ન્યાય દૃષ્ટિથી જોવાની કથાનાયકની ઈચ્છાઓનું મારણ એની સ્વભાવગત નબળાઈઓને કારણે થાય છે. લેખક આવી સઘળી બાબતોનું યથોચિત નિરૂપણ કરી શક્યા છે, તે ધ્યાનાર્હ બાબત છે.''[૪૨૯]

'જી, સાહેબ' માં કથાનાયકની દ્વિધા, મનોભાવો, મનોયાતનાનું સઘન અને સંયત નિરૂપણ થયુ છે. અનામત વ્યવસ્થા પ્રત્યેની સવર્ણોની સૂગ પણ વાર્તામાં અછતી રહેતી નથી. 'નવનિર્માણ'નો ઉલ્લેખ પણ અહીં સકારણ થયો છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ રચાયો છે. કોલેજ, વાસના વાતાવરણનું અહીં જીવંત નિરૂપણ થયું છે. ''....એ પૂર્વ વિસ્તાર તો યથાવત ગંદકી, ગરમી અને ગિરદી ગરીબાઈથી ખદબદતો હતો''[૪૩૦] ''...... કોલેજમાં આવ્યો ત્યાં સુધી ચાલીમાં લાઈટ

૪૨૪. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૪૯

૪૨૫. એજન, પૃ.૪૯

૪૨૬. એજન, પૃ.૪૯

૪૨૭. એજન, પૃ.૫૫

૪૨૮. એજન, પૃ.૫૭

૪૨૯. દલિત વાર્તાસૃષ્ટિ, સંપાદક: મોહન પરમાર, પાર્શ્વ પ્રકાશન, પ્ર.આ., ૨૦૦૫, પૃ.૧૪૫

૪૩૦. અંતરવ્યથા, પ્રવીણ ગઢવી, પૃ.૪૭

નહોતી. ઘરમાં નળ નહોતા, ચાલીનું પોતાનું સંડાસ નહોતું. હાઈસ્કૂલમાં ભણ્યો ત્યાં સુધી એ ચાલીની બહાર રોડ પર મ્યુનિસિપાલિટીના લેમ્પપોસ્ટ નીચે બેસીને ભણ્યો છે. ફૂટપાથ પર કંઈ કેટલાય લઘરવઘર લોકો, નાનાં કુમળાં બાળકો સૂતાં હોય, એકબાજુ કોલસાથી ચોકડીઓ પાડી શરીરે એકલા ટુવાલ વીંટી બળબળતી ગરમ લ્હાય હવામાં ખુલ્લા બદને કુકરી રમતા હોય, કોઈ વળી તીનપત્તી રમતા હોય, કોઈ સ્પિરીટ પીને બબડાટે ચડયા હોય........''[૪૩૧] આ વર્ણનો વાર્તામાં પ્રસ્તારી બની રહે છે છતાં પણ નિરર્થક નથી. કથન, સંવાદ બેઉ સ્તરે ભાષાનો પણ સમુચિત વિનિયોગ થયો છે. જુઓ-

''શહેરમાંય કિલ્લાની બહાર ચાલીઓમાં એ સૌ પડ્યા છે. ગાભાઓની જેમ''[૪૩૨]

''વસંતઋતુ જાણે કદી પાંગરવાની નથી એમની આંખોમાં''[૪૩૩]

ફ્લેસબેક ટેકનિકનો કરેલ વિનિયોગ વિષયવસ્તુને ઉપકારક નિવડ્યો છે. આ પ્રયુક્તિ દ્વારા કથાનાયકની વેદનાને ઓર વળ ચઢયો છે.

જોસેફ મેકવાન નોંધે છે તેમ ''...ઊંચામાં ઊંચો અધિકાર પ્રાપ્ત કર્યા પછી પણ સાંસદ કે ધારાસભ્યના ઈશારે સાચાં અમલીકરણ નહીં કરી શકવાની અને ભણતર ને પદ પછીયે 'જી, સાહેબ' ની મજબૂરીમાં ખેંચી જતી જનતાંત્રિક રીતિ-નિતિ પર આ વાર્તા વેધક પ્રકાશ પાડે છે''[૪૩૪] ટૂંકમાં 'જી,સાહેબ'માં દલિતનું ખમીર અળપાઈ ગયું એનું બયાન છે, એકદમ વાસ્તવિક્તા રજૂ કરતી આ વાર્તા છે.

ગગુભાનું પાત્ર રાજકારણી ખેલંદા માણસ તરીકેનું છે. ગગુભા ચૂંટણીમાં પોતાના હરીફ મનસુખલાલ માસ્તરને હરાવવા દાવપેચ રમે છે ને દલિત અમલાને હાથો બનાવે છે. ગગુભા પોતે જ અમલાની ઝૂંપડી બાળી નાખે છે ને મનસુખલાલ માસ્તર પર આળ ઓઢાડે છે. અમલાને ખુશ કરવા નવું ઘર બાંધી આપે છે. ચૂંટણીમાં જીતી ગયા પછી તે અમલાને અળગો કરી દે છે. મનસુખલાલ માસ્તર ચૂંટણીમાં હારી જતાં તેના મોટા દીકરા ગોવિંદને ખૂબ લાગી આવે છે. ચૂંટણીમાં હારનું કારણ તેને અમલો તૂરી લાગ્યો અને એ કારણે તે અમલાની ઝૂંપડી સળગાવી દે છે. અમલો ગગુભા મદદ કરશે એવું વિચારી તેને હવેલીએ મળવા જાય છે પણ ગગુભા તેની ઉપેક્ષા કરે છે ને ગગુભાનો ફૂઈનો દીકરો અમરા તેને પેટમાં લાત મરે છે !! વાર્તાન્તે એના મનમાં આશાનો ચમકારો થયો કદાચ....અંતે વાર્તા મેલોડ્રામામાં સરી પડે છે. 'છેહ'ની જેમ ગદ્ય અને શૈલી ચીલાચાલું અને ફિસ્સા છે. ભાષાકર્મની દષ્ટિએ પણ વિશેષ પ્રભાવ પાડતી નથી. ભૂતકાળમાં જડી ગગુભાની કુદૃષ્ટિનો ભોગ બની હતી અને અમલાને પણ ગગુભાના ભાઈના દીકરાના લગ્નમાં મે'માનોનું વતુ કરવામાં થોડો મોડો પડેલો ત્યારે માર ખાવો પડેલો છતાં પણ આ બંને ગગુભા પર વિશ્વાસ મૂકે એ થોડું ખટકે છે. દલિત પરિવેશ અને દલિત સમસ્યા છે પણ તેનું સંયોજન કલાત્મક જણાતું નથી કારણકે વસ્તુનું સંકલન થઈ શકયું નથી ને પાત્રોના મનના ઊંડાણ તાગ્યા નથી.

---

૪૩૧. એજન, પૃ.૪૩,૪૪
૪૩૨. એજન, પૃ.૪૬
૪૩૩. એજન, પૃ.૪૭
૪૩૪. એજન, પ્રસ્તાવના લેખ, પૃ.૧૧

પ્રવીણ ગઢવીની 'દીકરાની વહું' અને રમેશ ર. દવેની 'મોક્ષ' વિશિષ્ટ પ્રકારની વાર્તા છે. આ બંને વાર્તાઓમાં અત્યંત મહત્ત્વની બાબત એ છે કે સવર્ણોને દલિતો પ્રત્યે અનુકંપા,સદ્દ્ભાવના છે. 'દીકરાની વહું' માં બ્રાહ્મણની મનોદશાનું ચિત્રણ છે. ડોસાએ ઔદિચ્ય થઈને વિધવા દીકરીને પરણાવી એટલે સમાજ તેનો બહિષ્કાર કરે છે. એટલું જ નહીં તેમના સમાજના લોકો દીકરાને છોકરી પણ આપતા નથી પણ ડોસીને તો વહુના અભરખા છે. અંતે શિવશંકર નાતજાત જોયા વિના 'વહુ' નો સોદો કરી લાવે છે. પાંચ-છ માસ પછી પોલીસ તેમને પકડવા આવતા તેમને (ડોસાને) ખબર પડે છે કે વહુ 'હલકા વરણ'ની છે. હલકા વરણની વહુના હાથે રંધાયેલું ખાવાથી ડોસા દેહ અભડાયાના પાપે લાંઘણ આદરે છે. ડોશી ને દીકરો શિવશંકર તેને મનાવે છે છતાં માનતો નથી. અંતે લાંઘણે ઊતરેલા ડોસાને ડોસી તેમને ભાવતું રીંગણનું શાક પીરસે છે ને પહેલો કોળિયો મોંમા મૂકતા જ હલકી માનેલી વહુના હાથે બનાવેલા શાકનો સ્વાદ યાદ આવી જાય છે ને ધ્રુસકે રડી પડે છે. ડોસાના એ ધ્રુસકામાં હલકી વરણની વહુને માફ કરવાનું પ્રાયશ્ચિત છે. ડોસાની વ્યથા સુપેરે આલેખન પામી છે. રૂઢિજડ બ્રાહ્મણની દલિત સ્ત્રી પ્રત્યે ભાવ જાગે એ જ તો સૌથી મહત્ત્વની વાત છે. રચનારીતિને કારણે પણ આ વાર્તા ધ્યાનપાત્ર બની રહે છે, વાર્તાકારે જો ડોસાને રડતો બતાવવાને બદલે તેનો 'બદલો' લેતો દર્શાવ્યો હોત તો શું નવું સિદ્ધ કર્યું કહેવાત.

વિશ્વ આજે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યું છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને ઔદ્યોગિક ક્ષેત્રે પણ ખાસી એવી સફળતા હાસલ કરી છે પણ દુઃખની વાત તો એ છે કે આજે આ આધુનિક ટેકનોલોજીના જમાનામાં પણ પરંપરિત વર્ણવ્યવસ્થામાં કોઈ જ પરિવર્તન નથી આવ્યું. આજે પણ દલિત સમાજ પરંપરિત રુઢિ અને સંકુચિતતાના વાડામાંથી બહાર નીકળી શક્યો નથી. તેનું મૂળ કારણ તો સદીઓથી કચડાતો, શોષિત, પીડિત દલિત વર્ગ હિન્દુ વર્ણવ્યવસ્થા અને સવર્ણો દ્વારા અમાનવીય વ્યવહારોનો સતત ભોગ બનતો આવે છે તેમાં છે. વર્ણભેદ અને અસ્પૃશ્યતાનું ઝેર હજુ આજે પણ ઉતર્યુ નથી. માત્ર વર્ણભેદને કારણે જ દલિતોનું સવર્ણ લોકો દ્વારા સતત અપમાન થતું રહે છે પરિણામે કેટલાક દલિત લોકો ભણીગણીને સારી નોકરી, સત્તા-સંપત્તિ મેળવેલી હોવા છતાં પણ અમુક કામ પોતે કરી જ ન શકે એવી ગાંઠ મનોમન બાંધી લેતા હોય છે. તેઓ ઉચ્ચ હોદાની નોકરી કરતા હોવા છતાં સતત લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. આવી જ લઘુતાગ્રંથિ રમેશ ર. દવેની 'મોક્ષ' વાર્તાનો નાયક શનાભાઈ પરમાર અનુભવે છે. વાર્તાનાયક શનાભાઈ પરમાર આઈ.એ.એસ. ઓફિસર છે, તે સાહિત્યકાર પણ છે. તે સતત ભય, મૂંઝવણ અનુભવ્યા કરે છે પણ લેખકે આ વાર્તામાં વાર્તાનાયકને કેવી પ્રયુક્તિ દ્વારા લઘુતાગ્રંથિમાંથી ઉગારે છે તે રસપ્રદ છે.

'મોક્ષ' વાર્તા વાંચ્યા પછી તરત જ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે ભાગમાં વહેંચી નાખવાનું મન થાય. વાર્તાના પૂર્વાર્ધમાં વાર્તાનાયક તેના મિત્ર કે.કે સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરે છે. તે સવર્ણ સ્ત્રી સાથે શરીરસુખ માણવાની પોતાની ઝંખના વ્યક્ત કરે છે. કે.કે તેની સમસ્યાનું નિરાકરણ કરી આપે છે. બહું સંક્ષિપ્તમાં પૂર્વાર્ધને સમાપ્ત કરી દેવામાં આવ્યો છે છતાં આ પૂર્વાર્ધ જ વાર્તાના

શીર્ષકને સાકાર કરવા માટેનું ચાલકબળ બની રહે છે. કેમકે, વાર્તાનાયક પોતાની માનસિકતાને સ્પષ્ટ કરે છે અને તેનો સહજભાવે સ્વીકાર કરે છે. આરંભે કરેલી તેની આ સ્વીકૃતિ જ અંતમાં તેને પોતાના મનનો ઉકળાટ બહાર ધકેલી દેવામાં મદદરૂપ થાય છે. આ ઉકળાટની સાથે જ તેની લઘુતાગ્રંથિ કયા બહાર ધકેલાઈ જાય છે તેની ખુદ નાયકને પણ જાણ રહેતી નથી અને તે એકાએક જ કોલગર્લ નેન્સીને પાછી ચાલી જવાનું કહે છે અને ''હવે કશીજ કામનાશેષ નથી'' એવો એકરાર તેની સમક્ષ કરે છે. પોતાને આ લઘુતાગ્રંથિમાંથી મોક્ષ મળી ગયો છે તેનું એલાન કરે છે.

આતો થઈ પૂર્વાર્ધની વાત. વાર્તાના ઉત્તરાર્ધનો પ્રસંગ કથાના બળ સમો છે. વાર્તાના આરંભમાં નાયક પોતાની નબળાઈનો સ્વીકાર કરતો બતાવ્યો છે. વાર્તા નાયક હોટલમાં દાખલ થાય છે ત્યારથી માંડીને અંત સુધી સતત લઘુતાગ્રંથિથી પીડાતો આપણે જોઈ શકીએ છીએ. સુખી જીવન જીવવા ઈચ્છતા વ્યક્તિને જે ચીજવસ્તુઓ અનિવાર્ય છે તે બધું જ એ વાર્તાનાયક પાસે છે પણ પોતે દલિત છે તેનું તેને દુઃખ છે. એ દલિતપણું તેને કલંક સમાન લાગે છે અને એ કલંકને દૂર કરવા માટે સતત મથામણ કરતો રહે છે. વાર્તાનાયક પાસે સરસ નોકરી, ભાગ્યે જ મળે તેવી ભણેલી સંસ્કારી અને ઠીક ઠીક રૂપાળી પત્ની, ઘરનું ઘર, રાચરચીલું અને લોન મેળવી લીધેલી કાર, દેખીતી સઘળી બાબત સારા મા-બાપની જેમ વરદાનરૂપ મળ્યું છે. ટૂંકમાં ઘરમાં બધી જ સગવડો છે. એટલું જ નહીં તે સારો કવિ, વાર્તાકાર છે. તેના શોખના વિષય સાહિત્યમાં વાર્તાઓ થઈ, જુદા-જુદા સામયિકોમાં પ્રગટ થઈ. દિલ્હીનું કથા પ્રાઈઝ પણ મળ્યું અને દુરારાધ વિવેચક ચીમનલાલ જોશીએ એમની કોલમમાં દાયકાના વાર્તાકાર તરીકે એને વધાવ્યો. આમ, વાર્તાનાયકને ખ્યાતિ, નામના મળી પણ તેની કરુણતા તો એ છે કે ખૂબ જ નામના મેળવ્યા છતાં પોતે દલિત છે એનું એને ખૂબ જ દુઃખ છે. આ રીતે વાર્તાનાયકના જ સવર્ણ મિત્રો, ઓફિસમાં સહકાર્યકરો પોતાની ઊપેક્ષા-અવગણના કરતા હોય એવું વાર્તાનાયકને મનમાં સતત થયા કરે છે. લગ્નપ્રસંગ, કથા, વાસ્તુ-પુજન જેવા પ્રસંગોએ પોતે તિરસ્કૃત થતો હોય એવું તેને લાગે છે. તે સત્ય હકીકત જાણતો હોવા છતાં પણ તેમાંથી બહાર નીકળી શકતો નથી.

આમ તો વાસ્તવમાં એવું ભાગ્યે જ બનતું હોય છે પણ વાર્તાનાયકના મનમાં પરંપરાથી એક લઘુતાગ્રંથિ બંધાઈ ગઈ છે. વાર્તાનાયક સતત રૂઢ થયેલી પરંપરામાં રાચ્યા કરે છે. પોતે પોતાની ઈચ્છા પૂર્ણ કરીજ નહિ શકે એવી ગ્રાંઠ મનમાં બાંધી દે છે છતાં પણ પોતે જે લઘુતાગ્રંથિ અનુભવે છે એમાંથી છૂટવાની મથામણ તો તે કરે જ છે. દલિત વાર્તાનાયકની ઈચ્છા એક સવર્ણ કન્યા સાથે શરીરસુખ માણવાની છે અને આથી તે પોતાની આ ઈચ્છા પોતાના નિકટના મિત્ર કે.કે. પાસે વ્યકત કરે છે. વાર્તાનાયકને સમાજ કુટુંબની ખૂબ જ બીક છે. તે આ વાત કોઈને ખબર ન પડે તે માટે કે.કે. ને કોઈને ન કહેવાનું કહે છે. આમ અહિયા પણ વાર્તાનાયકની ભીરુતાનો સંકેત મળે છે. એક બાજુ તેને સવર્ણ છોકરી સાથે શરીરસુખ ભોગવવું છે તો બીજી બાજુ તેને સમાજનો ડર પણ છે. એટલું જ નહિ પોતે હરિજન છે એ વાતની પણ એ છોકરીને જાણ ન થાય તે માટે સાવચેતી રાખે છે.

કે.કે. વાર્તાનાયકને માટે એક સવર્ણ-રૂપાળી કન્યા નેન્સી શોધી આપે છે. સાથે સાથે હોટેલની પણ વ્યવસ્થા કરી આપે છે. આમ કે.કે. વાર્તાનાયકને ગુજરાતને જે જ્ઞાતિનું ગૌરવ છે તે વર્ણની એક કોલગર્લ શોધી આપે છે. નેન્સી તો એકદમ મુક્ત રીતે વાર્તાનાયક સાથે વ્યવહાર કરે છે. નેન્સીને વાર્તાનાયકના નામ કે જાત સાથે કોઈ જ લેવાદેવા નથી છતા પણ વાર્તાનાયક તો શરૂઆતથી અંત સુધી ભય જ અનુભવ્યાં કરે છે. જેમકે વાર્તાનાયક હોટેલમાં કોલગર્લ નેન્સીને મળવા જતાં પહેલા કે.કે. ને પૂછે છે 'પણ કે.કે. એક વાત, બસ છેલ્લી એક વાત પૂછું ?'

'વળી પાછી, છેલ્લી કઈ વાત બાકી રહી ગઈ?'

'તમે નેન્સીને મારું નામ.....એટલે કે.....આઈ મિન.....'[૪૩૫]

એજ રીતે હોટેલમાં નેન્સી વાર્તાનાયકને નાવાનું કહે છે ત્યારે વાર્તાનાયક ક્ષણવાર માટે તો વિચારમાં પડી જાય છે.

''એને થયું ! આમ મળતાં પહેલાં ન્હાવાનો રિવાજ હશે ? કે પછી આને મારું શરીર જોવું હશે- ક્યાંય, કશો રોગ તો નથી ? શું કરવું ? - એક ક્ષણ તો એ જવાબ ન દઈ શક્યો પછી કહે, 'કોણ પહેલાં તમે જાઓ છો ને''[૪૩૬]

ટૂંકમાં નાયકની ચિંતા છેક સુધી ચાલે છે. વાર્તાના પૂર્વાર્ધમાં કે.કે. જે રીતે વાર્તાનાયકને હિંમત આપે છે તેમ હોટેલમાં કોલગર્લ નેન્સી નાયકને મુક્ત રીતે રહેવા સુચવે છે. જ્યારે વાર્તાનાયક પોતે હરિજન છે એવું જણાવે છે ત્યારે નેન્સી જણાવે છે કે ''હું માત્ર પુરુષને જ ઓળખું છું અને પુરુષને જ ઓળખીશ. અમારા આ કામમાં નર્યા માણસો ક્યાં મળે છે ?'' નેન્સી વાર્તાનાયક સાથે અન્ય પુરુષોની જેમ જ વર્તે છે. નેન્સી માણસને માણસ રૂપે જ જુવે છે. તે કોઈ પણ જાતના કે વર્ણના ભેદભાવ રાખતી નથી. ઉપરાંત નેન્સી વાર્તાનાયકને શરીરના સત્યો એના વર્તન વડે સમજાવે છે. નેન્સીની સહજતા, સરળતા ને પહેલ છેવટે નાયકને ધન્ય કરી દે છે.....સ્પર્શ, ચુંબન ને તેય ભીના ગળે બસ, વધુ કંઈ નહિ.... શનાભાઈને થાય છે કે પોતે હરિજન છે તે જાણ્યા પછીય નેન્સીએ તેનો સ્વીકાર કર્યો ! આજ મોટી વાત...ના હવે બીજી વાસના જ ક્યાં રહી છે? હું જન્મોજન્મ તમારી કૂંખે... ભાવવિભોર નાયક નેન્સીને કહે છે નેન્સી ડાર્લિંગ હું ઉપકૃત થયો, હવે તમે પાછાં ફરી જાઓ તો પણ મને જીવનનો મૂળ મંત્ર મળી ગયો છે. આ વરદાન બદલ હું ઋણી રહીશ. ના હવે કશી જ કામના શેષ નથી....''[૪૩૭] એવો એકરાર તેની સમક્ષ કરે છે અને પોતાને આ લઘુતાંગ્રથિમાંથી મોક્ષ મળી ગયો તેનું એલાન કરે છે.

આમ શનાભાઈ પરમાર હરિજન છે, એ હકીકતથી પરિચિત હોવા છતાં નેન્સીએ દાખવેલી આત્મીયતાથી ખુશ થયેલ શનાભાઈ જન્મોજન્મ તેની કૂખે અવતાર લેવાની ઈચ્છા પ્રગટ કરે

૪૩૫. એજન, પૃ.૪૪
૪૩૬. એજન, પૃ.૪૫
૪૩૭. એજન, પૃ.૫૬

છે. તે ક્ષણોમાં ઉજળિયાત સમાજ પ્રત્યેની તેની ઘૃણા, તેના પ્રત્યેનો તિરસ્કાર અને રાતદિવસ પોતાને પીડ્યા કરતી લઘુતાગ્રંથિમાંથી મોક્ષ પામે છે. શનાભાઈને પ્રતીતિ થાય છે કે ''આ સ્ત્રી સાચ્ચે જ કુજન્મના કળણમાંથી તારી રહે છે ને છતાંય એની આંખોમાં પરિત્રાણાય સાધુનામની કશી સભાનતા કળાતી નથી''[૪૩૮]

પાત્રસૃષ્ટિ પર નજર કરીએ તો શનાભાઈ પરમાર, તેનો મિત્ર કે.કે. અને કોલગર્લ નેન્સી એમ ત્રણ પાત્ર આ વાર્તામાં છે. જીવનની વાસ્તવિકતાઓમાંથી જન્મે છે વેદના, વ્યથા અને એ જ વ્યથાની અકળામણમાંથી જન્મે છે મથામણ. આવી મથામણની અનુભૂતિ કરાવતું પાત્ર છે શનાભાઈ પરમાર. તે સરળ-સહજ સ્વભાવનો છે. વાર્તાનાયક પોતે ક્લાસવન ઓફિસર હોવા છતાં પોતાનો પરાજય-વિનાશ એમ બધી બાજુ જુએ છે. અલબત્ત આ વિનાશ ભૌતિક નહીં પણ માનસિક છે. વાર્તાનાયકના આવા ચરિત્રચિત્રણ પછી આપણા મનમાં અનેક પ્રશ્નો જરૂર ઉભા થાય છે. જેમ કે, પોતાને દલિત સમજનાર લોકોને તે પોતાના હોદ્દાના બળે શા માટે ચૂપ ન કરી શકે? સુંદર પત્ની હોવા છતાં તેને સવર્ણ જ્ઞાતિની કન્યા સાથે જ કેમ સંભોગ કરવો છે? વળી તેણે પોતાની ઈચ્છામાં સવર્ણ કન્યાની વાત કરી છે તે સુંદર હોવી જોઈએ કે નહીં તેનો કેમ ઉલ્લેખ નથી કર્યો? શું તેના મનમાં સવર્ણ લોકો પ્રત્યે ઈર્ષ્યા છે ? અત્યાર સુધી લોકોએ તેની ગણતરી અછૂતમાં કરી છે તો શું હવે તે આઈ.એ.એસ. ઓફિસર બની ગયા પછી આ રીતે તેનો બદલો લેવા માંગે છે? શું એટ્રોસિટીના પાવરથી તે લોકોને પોતાના કાબુમાં ન કરી શકત? આમ, આવા અનેક પ્રશ્નો આપણા મનમાં ઉભા થાય પણ તેનો ઉકેલ માત્ર એટલો જ છે કે ખુદ નાયક પણ કહે છે કે, આ લઘુતાગ્રંથિ નકામી અને નિરર્થક છે છતાં તે તેમાંથી મુકત થઈ શકતો નથી.

વાર્તાનાયકની આવી મનઃસ્થિતિ માટે તે ખુદ જવાબદાર છે એવું નથી આજનો આપણો સમાજ પણ કદાચ એટલો જ જવાબદાર છે એવું નિઃસંકોચપણે કહી શકાય. વર્ષોથી સવર્ણો દલિતોના સાથે અમાનવીય વ્યવહાર કરતા આવ્યા છે તેથી દલિતોના મનમાં ભુસું ભરાઈ ગયું છે કે હું દલિત છું, અછૂત છું. હું સમાજના ઉચ્ચ વર્ગના લોકોની બરાબરી ન કરી શકું. પરિણામે તેઓ લઘુતાગ્રંથિ અનુભવતા થયા. આ વાર્તાનો નાયક પણ આ વ્યવસ્થાનો જ ભોગ બન્યો છે તેથી તે આવા વિચારોથી લઘુતાગ્રંથિથી પીડાય તેમાં કોઈ નવાઈ નથી.

'મોક્ષ' વાર્તામાં કોલગર્લ નેન્સીનું પાત્ર અનોખું છે. વાર્તાનાયક નેન્સીને માળી સાથે સરખાવતા કહે છે કે, '' આને માળીને બધી જ ખબર પડી જાય છે મારા મનની'' અને અંતે સાચે જ નેન્સી વાર્તાનાયક માટે માળીનું કામ કરી જાય છે અને નાયકને લઘુતાગ્રંથિમાંથી મુક્તિ આપે છે. આ મુક્તિ જ ખરેખર મોક્ષ સમાન છે.

કે.કે.નું પાત્ર વાર્તામાં પ્રમાણમાં ઓછુ સ્થાન પામ્યું છે છતાં પણ તે અલપ-ઝલપ આવી વાર્તાનાયક અને નેન્સીનો મધુર સંયોગ કરાવી જાય છે.

---

૪૩૮. એજન, પૃ.૫૬

લેખકે પાત્રો, સંવેદન અને પ્રસંગને અનુરૂપ પરિવેશનું નિરૂપણ કર્યું છે. હોટલનો રૂમ, બાથરૂમ, શયનખંડ આદિ પરિવેશનો ઉપયોગ કર્યો છે. આ પરિવેશ વાર્તાના વિષયવસ્તુને ઉપકારક બને છે. લેખકે પાત્ર અને પ્રસંગને અનુરૂપ ગુજરાતી, સંસ્કૃત તો ક્યારેક અંગ્રેજી ભાષા પ્રયોજી છે. જેમકે,

'થેંકસ, લોટ ઓફ થેંકસ કે.કે !'
'વેલકમ માય યંગ બોય ! ઈટ, ડ્રીંક એન્ડ બી મેરી !'[૪૩૯]

'આ સ્ત્રી સાચ્ચે જ એને કુજન્મના કળણમાંથી તારી રહી છે ને છતાં એની આંખોમાં 'परित्राणाय साधुनाम्'ની કશી સભાનતા કળાતી નથી'[૪૪૦]

વાર્તાકારે વાર્તામાં કરેલ અલંકારનો વિનિયોગ વાર્તાને વધુ કલાત્મક બનાવે છે. જેમકે

'તુ કવિ છે ને વાર્તા પણ લખે છે એટલે તને લાગણીઓ તો સળવળ્યા કરવાની જ પણ તારી ભાષામાં જ વાત કરું તો આજે સળવળતું સાપોલિયું આવતી કાલે કદાચ ભોરિંગ પણ થઈ બેસે અને પછી વાત આપણા હાથમાં ન પણ રહે....'[૪૪૧] આ કથનદ્વારા કે.કે. પોતાના મિત્ર શનાભાઈને છોકરી સાથે શરીર સંબંધ બાંધવામાં રહેલા ભયસ્થાન અંગે ચેતવે છે. કે.કે. ની આ ચેતવણીનો અર્થ એ છે કે પોતાને રાતદિવસ પીડ્યા કરતી મનોગ્રંથિના નિવારણ માટે કોઈ ઉચ્ચ સવર્ણ જ્ઞાતિની યુવતીને ભોગવવા તલસી રહેલો આ આઈ.એ.એસ.ઓફિસર જો કોઈ સુંદરીના મોહપાશમાં ફસાઈને તેની કાયાનો બંધાણી બની જાય તો પછી વકરેલી કામવાસનાનો ભોરિંગ તેને કદાચ બરબાદ કરી મૂકે.

'કોઈકના લગ્નપ્રસંગે કે વસ્તુપૂજન ટાણે એ જ મિત્રો–પરિચિતો જાણે એનાથી જાણી-કરીને, દેખીતી સભાનતાપૂર્વક અલગ–અલગ રહેવા મથે છે ને એમ ન થાય ત્યારે એમના ચહેરે તૂટેલા, કરોળિયાના જાળા જેવી અનઈઝીનેસ ફરફર્યા કરે છે.'

'ધીરે, તમે માથું ક્યાં મૂક્યું છે ? ઊભા છો અડગ રણબાંકુરેની માફક !'[૪૪૨]

વાર્તામાં કેટલાક સંવાદો લાંબા છે પણ અર્થપૂર્ણ જણાય છે. કરુણ રસ અને શાંતરસમાં વહેતી આ વાર્તામાં તેણે હળવી શૈલીનો પ્રયોગ કર્યો છે. કોઈ નવી ટેકનિકનો ઉપયોગ કર્યો નથી. વાર્તાકારે કથનરીતિ દ્વારા જે કહેવા ધાર્યું છે તે ન કહ્યું હોત તો પણ વાર્તાનું કથાવસ્તુ સમજી શકાત. બાકી નાયકે પોતાનાં તિરસ્કાર થવાના બે–ત્રણ પ્રસંગો અહીં બતાવ્યાં છે ખરેખર તો તે બતાવવાની કોઈ જરૂરત ન હતી. દલિત હોવું એ વાત જ સ્પષ્ટ કરી આપે છે કે તેણે શું શું મુશ્કેલી અનુભવી હશે. નાયકની લઘુતાગ્રંથિ આગળ જણાવ્યું છે તે મુજબ તેના થયેલા તિરસ્કાર અને તેમાંથી જન્મેલ સવર્ણ લોકો પ્રત્યેની તેની ઈર્ષામાંથી જ જન્મી છે. લેખકે કે.કે. સવર્ણ વર્ણનો છે કે દલિત વર્ગનો તેની કશીજ સ્પષ્ટતા કરી નથી. ધારોકે કે.કે. સવર્ણ હોત તો પછી નેન્સીની વાર્તામાં જરૂરત જ ન હતી. કારણકે કે.કે. સ્વયં

૪૩૯. એજન, પૃ.૪૭
૪૪૦. એજન, પૃ.૪૭
૪૪૧. એજન, પૃ.૪૪
૪૪૨. એજન, પૃ.૪૯

નાયકની બીમારી દૂર કરવામાં ચાલકબળ બની શકત. વળી જો કે.કે. દલિત હોત તો પછી તેની સમક્ષ પોતાનું દુઃખ પ્રગટ કરવાનું કોઈ કારણ જ ન હતું. છતાંય અંતે તો એટલું જ કહેવાનું કે જો વાર્તાકાર આવા નાના-નાના સવાલો આપણી સમક્ષ ઊભા ન કરી શકે તો તે માત્ર વાર્તા જ રહે કલાકૃતિ ન બને.

વાર્તાનાયકની વેદના-સંવેદનાનું નિરૂપણ ચોટદાર રીતે કર્યું છે. માણસને માણસ રૂપે જ જોતી એક કોલગર્લ નેન્સી પાસેથી જીવન જીવવાનો મૂળ મંત્ર મળી જવાથી આઈ.એ.એસ. ઓફિસર શનાભાઈ પરમારને લઘુતાગ્રંથિમાંથી મુક્તિની સાથે-સાથે જાતિ, વર્ણ, લિંગના ભેદની બધી જ માન્યતાઓમાંથી છૂટકારો મળે છે. મોક્ષ મેળવે છે.

**તારણો :**

આ પ્રકરણમાં મેં ધૂમકેતુ, દ્વિરેફ, ઝવેરચંદ મેઘાણી, સુન્દરમ્, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, જયંત ખત્રી, માય ડિયર જયુ, કેસુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી, મફત ઓઝા, સુમંત રાવલ, ભરત મહેતા, રમેશ ત્રિવેદી, રમેશ ર. દવે, પ્રવીણ દરજી, ધીરજ બ્રહ્મભટ્ટ વગેરે બિનદલિત વાર્તાકારોની વાર્તાઓ ઉપરાંત જોસેફ મેકવાન, બી.કેશરશિવમ્, દલપત ચૌહાણ, મોહન પરમાર, હરીશ મંગલમ્, ધરમાભાઈ શ્રીમાળી, રાઘવજી માધડ, ભી.ન.વણકર, ચંદ્રાબહેન શ્રીમાળી, પુષ્પા માધડ, માવજી મહેશ્વરી, દશરથ પરમાર, મધુકાન્ત કલ્પિત, અરવિંદ વેગડા, હરિપાર, વિનોદ ગાંધી, અમૃત મકવાણા, મૌલિક બોરિજા, વિઠ્ઠલરાય શ્રીમાળી, વસંતલાલ પરમાર, રમણ વાઘેલા, જસુમતી પરમાર, અભય પરમાર, હસમુખ વાઘેલા, એમ.વી.પરમાર વગેરે દલિત વાર્તાકારોની વાર્તાઓની ચર્ચા કરી છે. દલિત સંવેદનાને નિરૂપતી કુલ્લે ૨૦૦ જેટલી વાર્તાઓ તપાસી છે. આ વાર્તાઓમાંથી પસાર થતાં નીચેના વલણો અગ્રેસર જણાય આવે છે.

ગાંધીયુગની વાર્તાઓમાં ઝવેરચંદ મેઘાણી જેવા સર્જક 'ભાઈ', 'કાનિયો ઝાંપડો' કે 'ચમારના બોલે' જેવી વાર્તાઓમાં સવર્ણ અને દલિત સમાજ વચ્ચે ભલે શારીરિક આભડછેટ હતી પણ હુફભર્યા સંબંધો પણ હતા તે બતાવે છે અને તેથી સામંતશાહી વ્યવસ્થાનું ક્રૂર રૂપ જે અસ્પૃશ્યતામાં પ્રગટ્યું છે એની વચ્ચે પણ આ અભણ માણસો ભલે પછી દલિત હોય કે બિન દલિત એમણે માણસાઈ ભર્યો વ્યવહાર અરસપરસ રાખ્યો છે એનો પુરાવો આવી વાર્તાઓ આપે છે. વળી આ વાર્તાના પ્રસંગો કાલ્પનિક નથી પરંતુ સાચોસાચ બની ગયેલા છે તેથી મેઘાણીની વાર્તાઓને દસ્તાવેજનો ટેકો છે. પરિણામે આપણે કહી શકીએ કે આપણી પ્રજાને ધર્મગ્રંથોના નામે, ઈશ્વરના નામે બ્રાહ્મણવાદે અસ્પૃશ્યતા પીવડાવી દીધી હશે. પરંતુ પ્રજાએ એમાંથી પોતાની રીતે રસ્તો પણ કાઢ્યો હશે. જ્યારે ઈશ્વર પેટલીકર જેવા ગાંધીયુગના વાર્તાકારે 'હવાડીનું પાણી'માં મેઘાણીના ભાવનાવાદથી વાસ્તવવાદ તરફ ગતિ કરે છે. જે રીતે સુન્દરમ્ ધૂમકેતુના 'જન્મભૂમિનો ત્યાગ' (વાઘજી મોચી) થી આગળ વધી 'માજા વેલાનું

મૃત્યું' આપે છે. પેટલીકરની વિશેષતા એ રહે છે કે એમણે દલિત સમાજનો આંતરદ્વંદ્વ પણ બતાવ્યો છે. 'વટ' જેવી વાર્તા તેનું ઉદાહરણ ગણી શકાય, એટલે જેને આજના અર્થમાં પ્રચુર વાસ્તવિકતાવાળી દલિત વાર્તા ગણી શકાય તેનો જન્મ પેટલીકરથી થયો હોય એવું માનવાનું મન થાય છે.

ગાંધીયુગથી આજ લગીમાં દલિત વાર્તાએ શિખરો એ રીતે સર કર્યા છે કે આજે તો સ્વતંત્રપણે દલિત વાર્તાઓનાં સંચયો પ્રગટ થવા માંડ્યા છે. ગુજરાતીમાં દલિત સાહિત્યનો પ્રારંભ કવિતાથી થયો હતો પરંતુ આશ્ચર્યજનક રીતે વાર્તામાં દલિત સંવેદન એ રીતે ઝીલાયું કે આજે દલિત વાર્તાઓ મુખ્ય પ્રવાહની સશક્ત ધારા બની ગઈ છે. ડૉ.ભરત મહેતાએ નોંધ્યું છે તેમ ''નવીન ધારાઓ શરૂશરૂમાં સામૂહિક ધોરણે પ્રચારના ઘેરા રંગે પ્રગટ થતી હોય છે. અભિનિવેશનો ઉભરો ઠરતાં નિર્મળ જળ સમી રચનાની સામે આપણે પહોંચીએ છીએ. દલિત સાહિત્ય પણ આવી પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલું છે. પ્રચારાત્મક અને કલાત્મક બેઉ નમૂનાઓ પૂરી માત્રામાં મળે છે. પ્રચારના ગાંગડા કલાના દ્રાવણમાં સમરસ થઈ ગયા હોય એવી રચનાઓ પણ હવે ઠીક-ઠીક સંખ્યામાં મળે છે.''[૪૪૩]

જો કે આટઆટલી વાર્તાઓ મળવા છતાં આ વાર્તાકારોમાં એક વલણ એ જોવા મળે છે કે મોટાભાગની વાર્તાઓનું વિશ્વ સામંતશાહી જમાનાનું છે. આજના દલિતે ભોગવવી પડતી યાતનાઓ પ્રમાણમાં ઓછી છે. જેમકે, 'પ્રવેશ',(માય ડિયર જયુ), 'ઝોળ' (હરીશ મંગલમ્), 'સામૈયું' (ધરમાભાઈ શ્રીમાળી) આવી વાર્તાઓ વધારે પ્રસ્તુત છે.

ખૂન, બળાત્કાર, આપઘાત જેવી ઘટનાના જોખમો ઉપાડી વાર્તા લખાય છે પરંતુ એની સરખામણીએ માનસિક આઘાતની જે વાર્તાઓ લખાય રહી છે તે વધારે સબળ વાર્તાઓ લાગી છે. 'ભૂખ' (દલપત ચૌહાણ), 'વળાંક' (માવજી મહેશ્વરી), 'કોહ' (મોહન પરમાર), 'એબોર્શન', 'પ્રેમ એજ સત્ય' (હરીશ મંગલમ્), 'મૂંગીચીસ' (હરીશ મકવાણા) વગેરે માનસિક આઘાતને નિરૂપતિ વાર્તાઓ છે. તો 'મેલી મથરાવટી' (રાઘવજી માધડ)માં બળાત્કારની ઘટના કળારૂપ પામી નથી.

દલિત સંવેદનાના માનસિક આઘાતને સવર્ણના કથન કેન્દ્રથી આલેખતું જૂથ પણ મળે છે. જેમાં 'પ્રવેશ' (માય ડિયર જયુ) 'તાળો' (ભરત મહેતા) 'બોટેલી વસ' (કેસુભાઈ દેસાઈ) 'રઢ', 'આંધુ', 'ખળી' (મોહન પરમાર), 'નવી' (ધરમાભાઈ શ્રીમાળી) વગેરે વાર્તાઓનો સમાવેશ થાય છે. આ પ્રયુક્તિના કારણે વાર્તા અતિરંજિત બનતા અટકે છે. આ પ્રયુક્તિ દલિત સંવેદના સંદર્ભે એક સદી પૂર્વે રવીન્દ્રનાથ ટાગોરે 'સંસ્કાર'નામની વાર્તામાં નિરૂપી છે.

દલિત વાર્તાઓમાં સ્ત્રી શોષણની જે વાર્તાઓ મળે છે તેમા બિનદલિતો દ્વારા થતું દલિત સ્ત્રીઓનું જાતીય શોષણ અસરકારક રીતે નિરૂપાયું છે. દલિત સ્ત્રીનો પ્રતિકાર કે શરણાગતિ પણ વર્ણવાયા છે. કેટલીક વાર્તાઓમાં સ્ત્રી પુરુષના સહજ આકર્ષણ સંબંધે જોડાય ગયા હોય પરંતુ ત્યારબાદ

૪૪૩. પ્રતિબદ્ધ, ડૉ.ભરત મહેતા, રાવલ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૫, પૃ.૧

સવર્ણ પુરુષ દલિત સ્ત્રીને છેહ દઈ દે છે. સવર્ણ પુરુષ તરફ આકર્ષિત થયેલી દલિત સ્ત્રીને સમયાંતરે જ્ઞાતિલક્ષી વલણનો પરચો મળે અને જેના કારણે પોતે છેતરાઈ હોવાનું ભાન થાય તેવી વાર્તાઓનું એક જૂથ છે જેમાં 'દાઝવું તે' (ધરમાભાઈ શ્રીમાળી) 'સપાટું પેરવાનું મન' (પ્રવીણ ગઢવી) વગેરે સમાવેશ પામી શકે. સવર્ણ પુરુષના સીધા આક્રમણનો ભોગ બનતી દલિત સ્ત્રીઓની વાર્તાઓનું એક જૂથ છે. પુરુષ પ્રધાન અને સવર્ણ સમાજના રીતભાત પારખીને જે દલિત સ્ત્રીએ સવર્ણ પુરુષના શોષણને સહજભાવે સ્વીકારી લીધું તેવી વાર્તાઓનું એક જૂથ છે. 'રાંડ', 'કાળીની રાણી' વગેરે વાર્તાઓ ઉદાહરણ તરીકે લઈ શકાય. પરંતુ એ શોષણ જ્યારે હદબહારનું થઈ જાય તો એ નાયિકાઓએ તેનો પ્રતિકાર પણ કર્યો છે. જેમકે 'સોમલી'ની સોમલી, 'થળી'ની 'રેવી', દ્રુપદીની 'દ્રુપદી', 'મંકોડો'ની 'સંતોક', 'જેટલા રોટલા'ની કમું, 'જોગણી'ની વાલી, 'શે'રની વહું'ની કમું, 'રાતી રાયણની રતાશ'ની શવલી વગેરે...

આપણો ભારતીય સમાજ પિતૃપ્રધાન સમાજ હોયને સ્ત્રીઓનું બેવડું શોષણ થાય છે. દલિત વાર્તાઓમાં સવર્ણથી શોષિત સ્ત્રી નિરૂપાય છે પરંતુ પતિથી શોષિત સ્ત્રી નિરૂપાય નથી. જે આપણને મરાઠી, હિન્દી દલિત સ્ત્રી આત્મકથાકારોની આત્મકથાઓમાં વિશેષ જોવા મળે છે. જેમકે, કૌસલ્યા બૈસંત્રીની 'દોહરા અભિશાપ', 'સમાજમિત્ર'ના દલિત 'આત્મકથા વિશેષાંક'માં જસુમતી પરમારની કે ચંદુ મહેરિયા સંપાદિત 'માંડી મને સાંભરે રે'માં નીરવ પટેલની સ્મૃતિઓની વાર્તાઓ રચાશે ત્યારે એ જાણવા મળશે.

સ્ત્રી-પુરુષના સંબંધની વાત કરીએ છે તો દલિત વાર્તાઓમાં એવું જૂથ પણ મળે છે કે જેમાં દલિત પુરુષ અને સવર્ણ સ્ત્રીના સંબંધો આલેખાયેલા હોય. અહીંયા પણ આપણા સમાજનો ભેદભાવ સ્પષ્ટ દેખાય આવે છે. દલિત સ્ત્રીનું જેમ સવર્ણ પુરુષ શોષણ કરે છે તેમ સવર્ણ સ્ત્રી દલિત પુરુષનું પણ શોષણ કરે છે. જે આપણને મફત ઓઝાની 'ભૂરીયો કૂવો' જેવી વાર્તામાં જોવા મળે છે. જ્યારે બીજી તરફ આવા સંબંધની સંકુલ વાર્તાઓ પણ લખાય છે ત્યારે પણ દલિત પુરુષે સંબંધમાંથી પાછા પગલા ભરવા પડે છે. જેમકે ધરમાભાઈ શ્રીમાળીની 'ભવાઈ'નો દલિત નાયક વીર માંગડાવાળો બને ને તેના પર સવર્ણ સ્ત્રી ઓળઘોળ થઈ જાય. સમાજથી ડરી નાયક સાચવીને ચાલે પણ દોષનો ટોપલો તો 'સમરથ' પર હોય જ નહીં ને! ધરમાભાઈ શ્રીમાળીની 'ભાત' વાર્તામાં ઈજુ પટલાણી દલિત રતનાને ભાવતું ભોજન ખવડાવે છે તેથી તે ખુશ-ખુશ થઈ જાય છે પણ તેના બદલામાં અફીણી પતિ ઘેમરથી અતૃપ્ત ઈજુ પોતાને ભોગવવા રતનાને આમંત્રણ આપે છે. મશીનવાળી ઓરડીમાં ઈજુથી ભોગવાઈને રતનો ઉતાવળે નીકળતો હોય છે ત્યાં રતનાની ઠેસથી ઘેમરનું ભાત અભડાતાં જેઠી ડોસી 'ઘેમરનું ભાત' અભડાયું ન્.....એવી રાડો પાડતી હોય છે. અહીં ભાત રૂપક બને છે. મોહન પરમારની 'નકલંક', પ્રવીણ ગઢવીની 'વશીકરણ' વગેરે વાર્તાઓને આ વર્ગમાં મૂકી શકાય.

દલિતો વિશેના જ્ઞાતિલક્ષી પૂર્વગ્રહો એ છે કે એ ગંદા ગોબરા રહે છે, ટૂંકમાં અસંસ્કારી લોકો છે ! તો એ જ દલિતો જ્યારે સવર્ણોના કહેવાતા સંસ્કારો ધારણ કરે તો પણ માર પડે ! એ સંસ્કારો ન હોવાથી ટીકાપાત્ર દલિત વર્ગ એ સંસ્કારો મેળવવાના પ્રયાસ કરે તો પણ ટીકાપાત્ર. આ પ્રકારનું સવર્ણ સમાજનું વલણ દલિત વાર્તાઓના જૂથમાં જણાય આવે છે. જેમાંથી એ સ્પષ્ટ થાય છે કે એકલવ્યકાળથી આવું ચાલ્યું આવે છે. જેમાં દલપત ચૌહાણની 'ચાંલ્લો', 'ઘર', ધરમાભાઈ શ્રીમાળીની 'વરઘોડો', 'ડંખ', એમ.વી.પરમારની 'ઢોલ વાગ્યો', હસમુખ વાઘેલાની 'ઝાળ', અનિલ વાઘેલાની 'લોભ' વિનોદ ગાંધીની 'પ્રસાદ' વગેરે વાર્તાઓનો સમાવેશ થાય છે.

સામંતશાહી દુષણ જેવી અસ્પૃશ્યતાના કારણે સર્જાયેલો અસ્પૃશ્યવર્ગ લોકશાહીમાં રાજકીય શોષણનો પણ ભોગ બન્યો છે. લોકશાહી યુગમાં ચાલતો આ સામંતશાહી રાગદરબારી કેટલીક વાર્તાઓમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. ઉ.દા. 'સામૈયું' (ધરમાભાઈ શ્રીમાળી), 'છેહ', 'સિક્કો', રાઘવજી માધડ, 'જી,સાહેબ', 'સંપ' (પ્રવીણ ગઢવી), 'ઉકરડા' (બી.કેશરશિવમ્), 'બે વીઘા જમીન' (જયંતી દાફડા), અને 'ફળીયું' (પ્રવીણ સરવૈયા) વગેરે...

એક વાર્તાઓનું જૂથ એવું પણ છે કે જેમાં બેહદ અન્યાય, અત્યાચારના કારણે દલિતોમાં બદલાની વૃત્તિ પણ જન્મે છે. ઉ.દા. દલપત ચૌહાણની 'દરબાર', 'ન્યાય','ના ખપે', હરીશ મંગલમ્‌ની 'પગદંડી', બી.કેશરશિવમ્‌ની 'જેલના રોટલા', 'મંકોડા', 'જોગણી', ભી.ન. વણકરની 'વંટોળ' પ્રવીણ ગઢવીની 'મરદ કસુંબલ રંગ ચડે', અભય પરમારની 'જેઠો ભણ્યો', હરિપારની 'સોમલી' મોહન પરમારની 'થળી', અમૃત મકવાણાની 'શેકેલી બોટી' મંગળ રાઠોડની 'મારે ચા પીવી નથી' વગેરે....દલપત ચૌહાણ પાસેથી બદલાવૃત્તિની સૌથી વધુ વાર્તાઓ પ્રાપ્ત થઈ છે. તો મોહન પરમારની 'રઢ' અને ધરમાભાઈની 'તરસ' બદલાનીઅતૃપ્તિની વાર્તાઓ છે.

કેવળ શોષણ નહીં પણ દલિત વાર્તાઓમાંથી દલિત સમાજના રિવાજોના ભાતીગળ નિરૂપણો પણ રસપ્રદ રીતે નિરૂપાયા છે. આ રિવાજોની આરપાર માનવમનને તાગવાનું પણ કેટલાક લેખકોને ફાવે છે. દા.ત. ચંદ્રાબહેન શ્રીમાળીની 'ચકુનો વર', દશરથ પરમારની 'પાટ', 'જાત', 'સાંધણી', 'રમત', દલપત ચૌહાણની 'કાતોર', મોહન પરમારની 'લાગ', શૈલેષ પરમારની 'ઢોલની દાંડીએ' વગેરે વાર્તાઓમાં આલેખાયા છે. દલિત સમાજની આંતરિક વિસંગતતાઓ 'પાટ' અને 'ડખો' જેવી વાર્તાઓમાં નિરૂપાય છે. દલપત ચૌહાણની 'હાશકારો' વાર્તામાં બહેનપણીના રવાડે ચડી જઈ શ્રમજીવી પતિની હૂંફ ગુમાવતી નારી આલેખાઈ છે. 'રમત','કાતોર' વાર્તાઓમાં શિકારની લઢણો, માંસ પકવવાની રીતો, નળિયાં સંચાવવાની રીતો રસપ્રદ રીતે આલેખન પામી છે. કુંડમાં ચામડાં પકવવાની રીતો, ઢોલ વગાડવાના વગેરે ઘણી વાર્તાઓમાં જોવા મળે છે. દલિત સમાજના વ્યવસાયો પણ આલેખન પામ્યા છે. મોહન પરમારની 'નકલંક' અને દશરથ પરમારની 'સાંધળી'માં વણાટકામના સંદર્ભો વાર્તાના મુખ્ય સંવેદનને ધારદાર રીતે અભિવ્યક્ત કરે છે.

દલિત વાર્તાઓમાં એક જૂથ એવું જોવા મળે છે કે જેમાં દલિત કથાનકને નિરૂપવા મીથનો સહારો લેવામાં આવ્યો છે. દા.ત. પુષ્પા માધડની 'ગોમતી', પ્રવીણ ગઢવીની 'એકલવ્ય', 'દરૂપદી', 'મત્સ્યગંધા', દિનેશ હડિયલની 'ચક્રવાત', યશવંત વાઘેલાની 'અંધ સૂર્યનારાયણ', રમેશ દેવમણિની 'મારણ' વગેરે.

ટૂંકમાં દલિત વાર્તાઓમાંથી પસાર થતાં આવા-આવા વલણો મને જોવા મળે છે. બોલી અને પરિવેશના કારણે આ વાર્તાઓએ ગુજરાતી ટૂંકીવાર્તાને નવું પરિમાણ પણ આપ્યું છે. કલાત્મક ન હોય તેવી વાર્તાઓ મોટી સંખ્યામાં છે પરંતુ દલિત વર્ગમાંથી આવતો લેખક જેમ-જેમ કળા અંગે વધુ સભાન થતો જશે તેમ-તેમ એ શોષણની વાર્તાને પણ મુખરના બદલે કલાત્મક બનાવશે. આ ધારાએ આપણને કેટલાક સક્ષમ વાર્તાકારો આપ્યા કે જે ગુજરાતી કથાસાહિત્યમાં સિમાચિહ્નરૂપ વાર્તાકારો ગણી શકાય.